શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૧મું
મે : ૨૦૧૭ • અંક : ૧૧
પાના નં. : ૧ • (કુલ પેજ : ૮૬)

૧૫ મે, ૨૦૧૭ • પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૫-૨૦૧૭ • કિંમત : રૂા. ૧૮/-




તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Girlie™

Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House, Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.

મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૪૦૦૯૬૯-૭૦

- ફિક્સ ડીપોઝિટ ઉપર આકર્ષક વ્યાજદરો
- બચત તથા કરંટ ખાતા માટેની યોજના
- રૂા. ૧ કરોડ સુધીની લોન ધિરાણની વિવિધ યોજનાઓ અને વ્યાજનો દર

FD ના ખાતેદાર માટે ૯૦ થી ૯૫% સુધી OD માત્ર ૧ % વધુ વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી OD માટે પણ માત્ર ૧% વધુ વ્યાજ.
વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડીપોઝિટથી



SILICON®
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

Navinbhai Patel
Director
Mob. : 9825034905

Ramjibhai Patel
Ratanshibhai Patel

PATIDAR

PATIDAR PACKERS PVT. LTD.

Wooden Boxes Crafts & Pallets.
Mfrgs. & Specialist in Seaworthy Packaging.

Opp. Ahmedabad Steel Craft, Near G.V.M.M., Odhav Road, Ahmedabad - 382 415.
Ph.: 079 - 22901233, 22902433, 22900933

Aashish Dinesh Mehta

Vikas Infrastructure
Land Developers & Investors

804, Aakridi Heights, Opp. Aangan Party Plot,
Nr. Prerna Tirth Derasar, Satellite, Ahmedabad-15.

(M) : 93741 31715, 94288 26997

Email : vikas_infra@rediffmail.com

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004

પ્રેરણા સ્રોત
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...

મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી™ દાબેલી સેન્ટર



Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower,
Uttamnagar, Maninagar, Karnavati - 380 008.
Drive-In-Road
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.
Bopal
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.
★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City,
B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

Mahendra Sangoi
Chairman, M.D.

RAMDEV GROUP

Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E), Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

**વર્ષ-૩૧ ● અંક - ૧૧**
**૧૫ મે, ૨૦૧૭**

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન : રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.



'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી


# આ અંકમાં....

## વિભાગ-૧ :-


### તંત્રી લેખ
- જોબ ક્રિએશન ........ **અશોક મહેતા**....૫

### પ્રાસંગિક
- મહાગુજરાત સ્થાપના દિન : ભવ્ય ઈતિહાસની ગાથા ... **મહાભાઈ આર. વોરા**....૭

### વાણિજ્ય
- GST કાયદાની સાદી સમજ........ **હર્નીશ પી. મોઢ, એડવોકેટ**....૮

### જીવન દર્શન
- ગાંધીજીનું ભારતમાં પ્રાગટ્ય ........ **નગીનદાસ સંઘવી**....૧૦

### અતીતમાં નજર
- અતીતની અટારીએથી – ૧
  ઈંગ્લેન્ડની હિંદ પ્રત્યેની ફરજ ........ **કેશવચંદ્ર સેન**....૧૧

### વિચાર વિમર્શ
- ધાર્મિક નહીં સાત્ત્વિક બનો........ **દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ**....૧૪

### સંસ્કૃતિ
- દિલ્હી આવી રહ્યું છે – મેડમ તુસાદ મ્યુઝિયમ ........ **ગોવિંદ ખોખાણી**....૧૬

### જ્ઞાન પિપાસા
- વાંચો અને વિચારો........ **પાર્થ બી. દવે, પત્રકાર**....૧૮

### સમાજની ક્ષિતિજો
- 'મા'ની મમતા........ **ડૉ. આશિષ ચોક્સી**....૨૦
- સંબંધો એટલે આયુર્વેદિક દવા – તેનાથી ફાયદો થઈ શકે...
  પણ નુકસાન તો નહીં જ થાય........ **ભોલાભાઈ ગોલીબાર**....૨૨
- કુરિવાજોને કાઢવા પડશે! ........ **ભીમજી નાકરાણી**...૨૩
  **તંત્રી : 'સરદાર જ્યોતિ', ઉમિયા દર્શન**

### વિચાર મંથન
- લેખક કે સાહિત્યકાર કેવી રીતે બની શકાય? ......... **ડૉ. મિહિર એમ. વોરા**...૨૫

### લઘુકથા
- અવઢવ ........ **નવીન ત્રિપાઠી 'અલ્પ'**...૨૭
- મોબાઈલ ........ **નિખિલ એચ. ઠક્કર**...૨૮
- ખોડ!! ........ **રજનીકાંત ઓઝા**...૨૯

## સ્વાસ્થ્ય


- માનસિક સ્ટ્રેસની શરીર પર અસર – ૩ ........ **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક...** .૩૦
  **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**
- હીપેટાઈટિસ 'સી' ........ **ડૉ. મયંક છાયા....** . ૩૨


## વાર્તા


- વ્યથા – દેવકી અને જશોદાની........ **બલવીરસિંહ જાડેજા....** . ૩૭


## સંસ્થા / વ્યક્તિ વિશેષ


- મુલાકાત... ગુજરાતના કૃષિના ઋષિ
  દિવ્યાંગ ગેનાભાઈ દરગાભાઈ પટેલને પદ્મશ્રી ........ **કિરણ ચાંપાનેરી 'સેતુ', ફ્રીલાન્સ પત્રકાર...** .૪૩


## માહિતી


- ધોરણ-૧૦ અને ૧૨ બાદના અભ્યાસક્રમો માટે યોગ્ય માર્ગદર્શન........ **ડૉ. મિહિર એમ. વોરા....** . ૪૫
- વિવિધ માહિતી ........ ... . ૪૭


## સાંપ્રત પ્રશ્ન (જાહેર આહ્વાન)


- સાંપ્રત વિચાર મંચ ........ **સંકલન : હસમુખભાઈ મહેતા...** . ૫૧
- ઓછા ખર્ચે વધુ સારા લગ્ન કઈ રીતે થઈ શકે? ........ **તુલસીદાસ કંસારા...** . ૫૧


## વિવિધતા


- પ્રતિભાવ ........ ૫૪
- વતનના વાવડ........ **સંકલન : ભરત ઓઝા.....** ૫૬
- શબ્દ શોધ : ક્રમાંક - ૬૧ ........ ૫૯
- પુસ્તક પરિચય : 'સ્વપ્ના સેવો'........ **નિખિલ એચ. ઠક્કર....** . ૬૦
- 'શબ્દના સૂરજમુખી' – કાવ્ય સંગ્રહનું લોકાર્પણ........ . ૬૧
- પુસ્તક આલોચના........ **દિનેશ આર. મહેતા....** . ૬૨


## મેઘધનુષ


- બસના કન્ડક્ટર થયા ........ **એન.જે. ગોલીબાર** ..... ૬૩
- આંસુ-વેરો ........ **અરવિંદ સોમૈયા** ..... ૬૩
- ચૂંટણી જંગ ........ **પ્રભુલાલ સિધ્ધપુરા** ..... ૬૩
- લઘુ કાવ્યો ........ **અરુણા અરુણ ઠક્કર** ..... ૬૩
- સફળતા ● તરેંતા ........ **હરિદાસ કે. ઠક્કર 'હરિ'....** . ૬૪

- વર્તમાનપત્રોના આધારે ........ ૬૫


## વિભાગ-૨ :-


- પરિવાર સમાચાર ........ ૭૧
- સમાજ સમાચાર ........ ૭૨
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ........ ૮૦
- 'સરસ્વતી સન્માન' : ૨૦૧૬-૨૦૧૭ ફોર્મ ........ ૮૩

તંત્રીલેખ

# જોબ ક્રિએશન


અશોક મહેતા

આજથી ૫૦ વર્ષ અગાઉ સમગ્ર ભારતવર્ષમાં મોટાભાગના વિદ્યાર્થીઓને એસ.એસ.સી. પાસ કર્યા પછી ઉચ્ચ અભ્યાસ માટે મુખ્યત્વે ત્રણ વિકલ્પ રહેતા હતા. બી.એ., બી.એસ.સી. અને બી.કોમ. એટલે કે આર્ટસ ગ્રેજ્યુએટ, સાયન્સ ગ્રેજ્યુએટ અને કોમર્સ ગ્રેજ્યુએટ. ત્યારબાદ ડૉક્ટર, એન્જિનિયર, આર્કિટેક્ટ કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના વિકલ્પો રહેતા હતા. આ સિવાયની શાખાઓ જૂજ હતી. મોટાભાગના વિદ્યાર્થીઓ સાયન્સ બ્રાંચમાં જઈ ‘એ’ ગ્રુપ કે ‘બી’ ગ્રુપ પસંદ કરી એન્જિનિયર કે ડૉક્ટર બનવા પ્રયાસ કરતા હતા. પરંતુ તે અભ્યાસક્રમ માટે જરૂરી સીટો ઉપલબ્ધ ન હોવાથી છેવટે સાયન્સ ગ્રેજ્યુએટ થઈ પોતાની જિંદગીની નાવ હંકારવા વ્યવહારિક દુનિયામાં દાખલ થઈ જતા હતા. એ સમયે ડૉક્ટર, એન્જિનિયર, આર્કિટેક્ટ કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ માટે સમાજમાં ઉચ્ચ સ્થાન રહેતું અને તેઓ સારું આર્થિક ઉપાર્જન પણ કરી શકતા હતા. પરંતુ આ વર્ગ ટોટલ વિદ્યાર્થીઓના ૫ ટકા જેટલો પણ ભાગ્યે જ હોઈ શકે. એ સમયે આર્ટસ, સાયન્સ કે કોમર્સ ગ્રેજ્યુએટ એ ઉચ્ચ કક્ષાનું ભણતર ગણાતું અને તેઓને ક્લેરિકલ જોબ અનેક જગ્યાએ મળી શકતી હતી.

જ્યારે આજે ૫૦ વર્ષ બાદ દરેક ક્ષેત્રે વિવિધ અભ્યાસક્રમો માટે અફાટ મેદાન ખુલ્લા પડ્યા છે. લગભગ સેંકડો પ્રકારના અભ્યાસક્રમોમાંથી વિદ્યાર્થી કોઈ એક અભ્યાસક્રમ પસંદ કરી શકે છે. ફેશન ડિઝાઇનિંગ, ગ્રાફિક્સ, મલ્ટી મીડિયા, ટેલિકોમ્યુનિકેશન, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, કોમ્પ્યુટર હાર્ડવેર - સોફ્ટવેર, સ્પેસ રીસર્ચ, આઈ.આઈ.ટી., આઈ.ટી.આઈ., મેનેજમેન્ટ, મેડિકલ ક્ષેત્રે તો પાછા ફિઝિયોથેરાપી, ડેન્ટલ, નર્સિંગ, બાયો મેડિકલ, પેથોલોજી જેવા સેંકડો અભ્યાસક્રમો ઉપલબ્ધ થઈ શકે છે. વિદ્યાર્થી પોતાની પસંદગીની લાઈનમાં જઈ જે તે ફેકલ્ટીમાં પારંગત થઈ બહાર આવી શકે છે. પરંતુ પ્રશ્ન એ છે કે આ બધા જ નિષ્ણાતોના અર્થોપાર્જન માટે આપણે તેટલા પ્રમાણના કાર્યક્ષેત્રનો વિકાસ સાધી શક્યા છીએ?

ઉત્તરોત્તર સંખ્યા વધતી જતી હોવાથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા હજારોનો આંકડો વટાવી જઈ લાખોમાં થવા જાય છે. અને ત્યારબાદ જે તે ફેકલ્ટીના અભ્યાસક્રમ પૂરા કરી, જે તે વિષયની ડિગ્રી મેળવી આ વિદ્યાર્થીઓ વ્યવહારિક દુનિયામાં પ્રવેશ કરે છે. પરંતુ કમનસીબે આ વિદ્યાર્થીઓને તેમના ક્ષેત્રમાં જોબ પ્રાપ્ત થઈ શકતી નથી કેમકે તેટલા પ્રમાણમાં જોબ મળી રહે તેવી પરિસ્થિતિનું આપણે નિર્માણ કરી શક્યા નથી. વર્તમાનપત્રોના અહેવાલ મુજબ અને કેટલાક સર્વેના તારણ મુજબ આજે ૬૦ ટકા એન્જિનિયરો જોબ માટે અહીંથી તહીં ધક્કા ખાઈ રહ્યા છે. આ પ્રકારની પરિસ્થિતિ અન્ય ફેકલ્ટીઓમાં પણ પ્રવર્તી રહેલ છે.

જેઓને તક મળી રહે છે તેઓ પોતાના નસીબને અજમાવવા ભારત છોડી અન્ય દેશમાં જાય છે. પરંતુ આ પ્રકારના વિદ્યાર્થીઓની સંખ્યા ૫ ટકા જેટલી પણ ભાગ્યે જ હોઈ શકે છે. બાકીના વિદ્યાર્થીઓ અહીં રહી પોતાના જ્ઞાનને અનુરૂપ નોકરી ના મળતાં, જીવન નિર્વાહ માટે કોઈ પણ કામ – રીક્ષા ચલાવવી, પટ્ટાવાળા તરીકે કામ કરવું કે ક્લેરીકલ જોબ સ્વીકારી લેવી – સ્વીકારી લે છે.

આપણે દર વર્ષે લાખો વિદ્યાર્થીઓને, તેઓ ઉત્તીર્ણ થયા બાદ, જે તે વિષયે પદવી આપી વ્યવહારિક જીવનમાં લાવીએ તો છીએ પરંતુ તેઓ માટે તેમના અભ્યાસને અનુરૂપ જોબ માટે વ્યવસ્થા કરી શક્યા નથી. અન્ય તરફ

ઉદ્યોગ ક્ષેત્રે, અન્ય મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે, વ્યાપાર ક્ષેત્રે કે ખેતી ક્ષેત્રે છેલ્લા ૫૦ વર્ષમાં આપણે પુષ્કળ વિકાસ સાધેલ છે. તેમ છતાં આ બધા જ પ્રતિષ્ઠાનો ડિગ્રીપ્રાપ્ત વિદ્યાર્થીઓનો સમાવેશ કરી શકે તેવા શક્તિશાળી બનાવી શક્યા નથી. જો આ ભણેલ ગણેલ અને સમજદાર વર્ગને આપણે યોગ્ય જોબ નહીં આપી શકીએ તો આવતા દિવસોમાં આ ક્ષેત્રે હતાશા પ્રવર્તી રહેશે કે જે કોઈ પણ ગંભીર પરિણામ લાવી શકે અને એ નુકસાન દેશને માટે એટલું સવિશેષ હશે કે તેને ભરપાઈ કરતા ખૂબ જ સમય લાગી શકશે.

દેશનું તંત્ર ચલાવનાર રાજકીય કાર્યકરોની અને પ્લાનિંગ કમિશન કે અર્થશાસ્ત્રીઓની જહેમત પછી પણ આપણે જોઈએ તેવા પ્રમાણમાં સરકારી કે ખાનગી ક્ષેત્રનો તેટલા પ્રમાણમાં વિકાસ સાધી શક્યા નથી. કદાચ તે માટે કાયદાકીય આંટીઘૂંટી અને સરકારી બાબુઓનું નકારાત્મક વલણ હશે. એક નાનો ઉદ્યોગ ચલાવવા પણ ઉદ્યોગકારે વર્ષે ૩૬ જેટલા ફોર્મ ભરવા પડે છે. આ પ્રકારના વ્યવહારો નકારાત્મક વલણ પેદા કરે છે અને વધુ રોજી ઉત્પન્ન કરવામાં આ પ્રકારના કાયદાઓ નડતરરૂપ પણ કદાચ હશે, પરંતુ જે પ્રમાણમાં આજે વિદ્યામાં પારંગત થઈ વિદ્યાર્થીઓ બહાર પડે છે, તેના પ્રમાણમાં સમગ્ર દેશમાં કાર્યના કે જોબના માળખાનો વિકાસ સાધી શકાયેલ નથી તે દીવા જેવું સ્પષ્ટ દેખાય છે.

ઓટોમેટિક મશીનના જમાનામાં સસ્તું પ્રોડક્શન બહાર પાડવા મેન પાવરને ઘટાડતા જવાના કારણો જ શોધાય છે. વિશાળ મેનપાવરને કેમ કામ આપવું તે દૃષ્ટિ જ નિર્મૂલન થઈ ગયેલ છે. પ્લાનિંગ કમિશનના પ્રયાસો વ્યર્થ સાબિત થતા જાય છે.

વધુ લોકોને રોજી મળી શકે તેવા ઉદ્યોગો કે મેન્યુફેક્ચરિંગ યુનિટો, કાયદાકીય આંટીઘૂંટી શક્ય સરળ બનાવવી, ખેતી ક્ષેત્રનો અપ્રતિમ વિકાસ સાધવો, એક્ષપોર્ટને હજુ પણ શક્ય વધુ પ્રમોશન આપવું વગેરે બાબતોથી આવતા દિવસોમાં ધાર્યા પરિણામો નહીં મેળવી શકાય તો ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે હતાશાનું સામ્રાજ્ય ફેલાઈ જાય તેવા દિવસો બહુ દૂર નહીં હોય.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

---

## જાણીતા વાર્તાલેખક તથા મૂળ કચ્છના શ્રી બલવીરસિંહ જાડેજાએ પોતાનું પ્રથમ વાર્તાસંગ્રહ “ગોઠિયા” પુસ્તક પ્રકાશિત કર્યું

### ‘કચ્છશ્રુતિ’ના વાચક વર્ગ માટે ખાસ વળતર યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર “કચ્છશ્રુતિ”ના સુપ્રસિદ્ધ વાર્તાલેખક મૂળ કચ્છના શ્રી બલવીરસિંહ જાડેજાએ “ગોઠિયા” નામનું પોતાનું પ્રથમ વાર્તાસંગ્રહ - કુલ પૃષ્ઠ ૨૪૦ સાથે તાજેતરમાં પ્રકાશિત કર્યું છે. તેમાં સમાવિષ્ટ ૩૬ રસિક વાર્તાઓ વાચકવર્ગને વાંચવી ગમે એવી છે. તેમની કલ્પનાશક્તિ તથા વાર્તાલેખન શૈલી હંમેશાં દરેકને પ્રભાવિત કરે છે. તેમની વાર્તાઓ “અખંડ આનંદ” જેવા જાણીતા સામયિકોમાં પણ પ્રસિદ્ધ થાય છે. પુસ્તકની કિંમત રૂા. ૨૦૦/- છે. ‘કચ્છશ્રુતિ’ના વાચક વર્ગ માટે તેમણે ખાસ યોજના જાહેર કરી છે. તે મુજબ, પુસ્તકની મૂળ કિંમત ઉપર ૩૫ ટકા તથા પાંચ કે વધુ નકલો મંગાવનારને ૪૦ ટકા ખાસ વળતરથી (પોસ્ટેજ સાથે) આપવાની જાહેરાત તેમના દ્વારા કરવામાં આવી છે. આશા છે કે, વાચકવર્ગ આ યોજનાનો જરૂર લાભ ઉઠાવશે.

*(પુસ્તક પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાનનું સરનામું આ અંકમાં અન્યત્ર છાપેલ છે.)*

પ્રાસંગિક

• મહાગુજરાત સ્થાપના દિન •

# ભવ્ય ઇતિહાસની ગાથા

• મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ •

જય જય ગરવી ગુજરાતમાં શૂરવીરોની ભૂમિ ને સંતોની જમાત
ગરવી ગુર્જર ધરાને કોટિ કોટિ વંદન આજ સ્થાપના દિને દીપે અરુણું પ્રભાત
મહી તાપી ભાદર શેત્રુંજી નદીના જળથી લીલા ખેતરોથી હરખાતું ગુજરાત ........................ ૧

સ્વરાજ લીધા વિના સાબરમતીના આશ્રમમાં પાછો નહીં ફરું
એવી ઐતિહાસિક પ્રતિજ્ઞા લેનાર હતા મહાત્મા ગાંધી બાપુ
ભારત માતાની રક્ષા કાજે ઝઝુમેલા સાબરમતીના સંતનું ગૌરવ લેતું ગુજરાત ...................... ૨

દેશી રાજ્યોનું ભારતીય સંઘમાં વિલીનીકરણ કરી અખંડ ભારતનું નિર્માણ કર્યું
સ્વમાન ખાતર મરવાની તાકાત હૃદયમાં રાખો સરદાર પટેલે ગુજરાતીઓને કહ્યું
કોઈ અંદરો અંદર લડાવી ન શકે એવી સમજ આપતાં સરદારનું ગૌરવ લેતું ગુજરાત............ ૩

ઈન્દુલાલ યાજ્ઞિકની આગેવાની હેઠળ મહા ગુજરાતનું આંદોલન થયું
ચાર વર્ષની લડાઈ બાદ પહેલી મે ૧૯૬૦માં મહા ગુજરાત સ્વતંત્ર રાજ્ય થયું
આટલું મોટું યોગદાન આપનાર ઈન્દુલાલ યાજ્ઞિકનું ગૌરવ લેતું ગુજરાત. ......................... ૪

ગુજરાત રાજ્યના સ્થાપના દિને સાબરમતી આશ્રમમાં મંગલ જ્યોત પ્રગટાવી
રવિશંકર મહારાજે મહાત્મા ગાંધીજીના માર્ગે ચાલવાની શીખ આપી
દીવાદાંડી રૂપ કથન ઉચ્ચારનાર ઋષિ રવિશંકર મહારાજનું ગૌરવ લેતું ગુજરાત. .................. ૫

મહાગુજરાત રાજ્યના સૌથી પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા હતા
તબીબી ડિગ્રી સુવર્ણ ચંદ્રક મળવા છતાં સ્વાતંત્ર્યની ચળવળમાં જોડાયા
જલિયાવાલાં બાગના હત્યાકાંડની તપાસમાં ગાંધીજીને મદદ કરતાં ગૌરવ લેતું ગુજરાત. ............ ૬

ગુજરાત રાજ્યના સૌથી પ્રથમ મોરારજી દેસાઈ ભારતના વડાપ્રધાન થતાં મેળવ્યું માન
આજે ગુજરાત રાજ્યના દ્વિતીય નરેન્દ્ર મોદી ભારતના વડાપ્રધાન તરીકે છે બિરાજમાન
રાષ્ટ્રના વિકાસ માટે ઉમદા કાર્યો કરતાં વિદેશમાં મોદીના થતાં વખાણથી ગૌરવ લેતું ગુજરાત. ... ૭

વેદ પુરાણોની પવિત્ર ગાથાઓમાં અગ્રસ્થાને દિપી ઉઠતું ગુજરાત વિશ્વમાં વિખ્યાત
નર્મદાના તટ પર સંત મહાપુરુષો ને ઉત્તરમાં અંબા પૂર્વમાં કાળીમાત દર્શન આપે સાક્ષાત
પાવન પાણી મીઠું મધ જેવું શાશ્વત આપતી દેવેશી નર્મદા માતાનું ગૌરવ લેતું ગુજરાત. .......... ૮

## દરેકના સત્ય અલગ

*તારું અને મારું સત્ય જુદું છે. રણનું અને નદીનું સત્ય અલગ જ હોય.આકાશનું અને પૃથ્વીનું સત્ય અલગ હોય. ભૂતકાળનું અને વર્તમાનનું સત્ય જુદું જ હોય ને છતાં બંને પોતપોતાના સત્ય પરથી ખસી શકતા નથી. મને તારું સત્ય દેખાય છે ને તને પણ મારું સત્ય દેખાય છે. એમ છતાં આપણે એકબીજાનાં સત્યોને સ્વીકારી શકવાનાં નથી.*

વાણિજ્ય

# GST કાયદાની સાદી સમજ



હર્નીશ પી. મોઢ, એડવોકેટ

*વ્હાલા મિત્રો,*

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નોટબંધી અમલ કર્યા પછી GST કાયદાનો અમલ કરાવવાનું લક્ષ્ય રાખેલ છે અને તેઓ કોઈપણ સંજોગોમાં અમલ કરાવીને રહેશે. પરંતુ શું આ GST કાયદો આવવાથી હાલની જે મોંઘવારી છે, શું તેમાં રાહત થશે??? વધુમાં શું GST ના અમલ થવાથી દેશની GDP માં વધારો થશે?? આના જવાબો તો આવનારો સમય જ બતાવશે. પરંતુ મારા અંગત મંતવ્ય મુજબ ભારત દેશના કોઈપણ રાજકીય પક્ષને ભારતની પ્રજાની તકલીફમાં કોઈ દિલચસ્પી નથી. હાલની વિરોધ પક્ષ કે અન્ય પક્ષ પણ કોઈના કોઈ કારણસર રાજકીય લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ કોઈપણ રાજકીય પક્ષે GST કાયદાથી ભારતની પ્રજાને ફાયદા કે ગેરફાયદા થશે તેની નોંધ લીધેલ નથી.

આજના આ લેખમાં હું GST કાયદો શું છે તેની ફક્ત સાદી સમજ આપી રહ્યો છું. GST કાયદો આવવાથી એક્સાઈઝ, સર્વિસ ટેક્ષ, વેટ, એન્ટ્રી ટેક્ષ જેવા અન્ય વેરાઓ નાબૂદ થઈ જશે અને ફક્ત GST કાયદા દ્વારા જ વેરો લેવામાં આવશે.

દેશના વડાપ્રધાન તથા નાણામંત્રીએ GST માટે એક સૂત્ર બહાર પાડેલ છે : "One Tax, One Nation."

જ્યારે નાણાં મંત્રીશ્રીએ સંસદમાં GST બીલ રજૂ કરવામાં આવ્યું ત્યારે One Tax ના બદલે અલગ અલગ વેરાનો દર GST તથા GST માં જ ચાર પ્રકારના અન્ય GST ના કાયદાની જોગવાઈ કરેલ છે જેવા કે SGST, CGST, IGST તથા UGST છે. આમ વડાપ્રધાન દ્વારા GST માટેનું બનાવેલ સૂત્ર તદન વિરોધાભાસી છે.

GST કાયદાને Goods and Service Tax તરીકે ઓળખવામાં આવે છે. એનો મતલબ કે કોઈપણ વ્યક્તિ જો ખરીદ વેચાણ કે Services આપતો હશે તો તેને GST કાયદા હેઠળ નોંધણી કરાવવી પડશે તથા તેમને GST વેરો વસૂલ કરીને સરકારી તિજોરીમાં જમા કરાવવાનો રહેશે. GST કાયદા અન્વયે જો કોઈપણ વેપારી ખરીદ વેચાણ કે Services પૂરી પાડતી રકમ જો રૂા. ૨૦,૦૦,૦૦૦/-થી વધી જશે તો તેમને ફરજિયાત GST કાયદા હેઠળ નોંધણી કરાવવાની રહેશે. તેનાથી નીચેના ટર્નઓવરવાળા વેપારીઓને નોંધણી કરાવવી ફરજિયાત નથી. GST રજિસ્ટ્રેશન એ Permanent Account Number (PAN) પરથી આપવામાં આવતો હોવાથી ઉપરોક્ત જણાવેલ ટર્નઓવરની રકમમાં પૂરા ભારત દેશની ખરીદ વેચાણ કે Services નો સમાવેશ કરી લેવાનો છે. એટલે કે પૂરા ભારત દેશની અંદર જો એક વેપારી દ્વારા ઉપરોક્ત રકમ કરતાં વધારેનું ખરીદ વેચાણ કે Services પૂરી પાડતા હશે તો GST કાયદા અન્વયે ફરજિયાત નોંધણી નંબર લેવાનો રહે છે.

જો કોઈ વેપારી ગુજરાતમાં ખરીદ વેચાણ કરતો હશે અને GST નંબર મેળવેલ હશે પરંતુ જો તે વેપારી મહારાષ્ટ્રમાં ખરીદ વેચાણ કરતા કે Services પૂરી પાડતા હશે તો તે વેપારીએ મહારાષ્ટ્રમાં પણ GST નોંધણી નંબર લેવાનો રહેશે.

હાલમાં જે વેપારીઓ વેટ, એક્સાઈઝ કે સર્વિસ ટેક્ષ કાયદા હેઠળ રજિસ્ટર થયેલ છે તેવા વેપારીઓએ સત્વરે GST PORTAL ની વેબસાઈટમાં જઈને MIGRATION તથા ENROLLMENT કરાવવું ફરજિયાત છે. જો કોઈ વેપારી MIGRATION કે ENROLLMENT માં નોંધણી નહીં કરાવે તો વેટ કે એક્સાઈઝ કે સર્વિસટેક્ષ કાયદા હેઠળ જમા રહેતી વેરાની રકમ GST કાયદા હેઠળ મજરે મળશે નહીં.

શું GST આવવાથી હાલમાં જે વેપારીઓ વેપાર કરી રહ્યા છે તેમની તકલીફ ઓછી થશે??? તો મારું સ્પષ્ટપણે માનવું છે કે વેપારીઓ પાસે કમ્પ્યુટરની Latest System તથા કોમ્પ્યુટર જાણકાર હશે તેવા જ વેપારીઓ થોડો રાહતનો શ્વાસ લઈ શકશે કારણકે GST માં સરકારે ભ્રષ્ટાચાર તથા વેપારીને પડતી હાલાકી ઘટાડવા સંપૂર્ણપણે ONLINE COMPUTER SYSTEM કરેલ છે. આમ જો તમારી પાસે Computer System નહીં હોય તો તમારે બીજા લોકો ઉપર નિર્ભર રહેવું પડશે. આમ મારા મત મુજબ હાલાકી વધવાની જ... ઘટશે ક્યારે એ તો ભગવાન જાણે...

GST કાયદાની તમામ માહિતી હું આ લેખમાં આપી શકું તમ નથી. છતાં પણ મારો પ્રયત્ન એવો રહેશે કે હવે પછીનો જ્યારે લેખ આવશે તેમાં થોડી વધારે GST માટેની સમજણ આપવાનો પ્રયત્ન કરીશ.

આપણે સૌ આશા રાખીએ કે GST અમલમાં આવે ત્યારબાદ વધી ગયેલી મોંઘવારી થોડી ઓછી થાય અને સામાન્ય માણસને તેનો લાભ જરૂર મળે... તે આશા સહ...

*ઇન્કમટેક્ષ તથા વેટ કાયદાના નિષ્ણાત*

***મો. ૯૯૨૫૦ ૩૯૫૪૦ • ઇ-મેઇલ : harnishmodh@yahoo.co.in***

***નોંધ : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આવતા દિવસોમાં GST કાયદાની વધુ સમજ આપવા ૨॥ થી ૩ કલાકના એક સેમિનારનું આયોજન ગોઠવવામાં આવી રહેલ છે કે જેની વિગતવાર જાહેરાત હવે પછી કરવામાં આવનાર છે.***

## દસ્તાવેજ ખોવાઈ જાય તો?

**આધારકાર્ડ, પાન કાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ અને વોટર આઈ.ડી. જેવા દસ્તાવેજ ખોવાઇ જાય તો શું કરવું?**

- સૌથી પહેલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવી. તેની ઓનલાઈન ફરિયાદ પણ થઈ શકે. જે બેંકમાં ખાતું હોય તેને પણ જાણ કરવી.
- દસ્તાવેજોના ખોટા ઉપયોગથી બચવા ગૂગલ એલર્ટનો ઉપયોગ કરો. તે માટે ગૂગલ સર્ચ પર જઈને -- લખો અને પોતાના નામનું એલર્ટ લખો. તેનાથી ઓનલાઈન ગમે ત્યાં તમારું નામ ઉપયોગમાં લેવાશે તો એક મેઇલ તમને આવી જશે.
- દસ્તાવેજોની તસવીર ખેંચીને સાચવી રાખો અથવા ડિજીટલ લોકર જેવી એપ્સ પર તેનો બેક-અપ રાખો.

★

## સ્ટુડન્ટ્સે અંગદાનના શપથ લીધા

એલ.ડી. કૉલેજ ઓફ એન્જિનિયરિંગ - અમદાવાદ ખાતે કાઈઝેન પ્રોજેક્ટ ફેર યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૬૫૦ સ્ટુડન્ટ્સ અને ૩૫૦ ફેકલ્ટીએ તાજેતરમાં એક સાથે અંગદાનના શપથ લીધા હતા. અંગદાન માટે એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગના એનએસએસના વિદ્યાર્થીઓ દ્વારા અંગદાન કરવા ઈચ્છતા લોકોને તેનું મહત્ત્વ સમજાવાયું હતું.

★

## બ્રેઇનડેડ ગુજરાતી યુવાનનું હૃદય વિદેશી યુવતીના શરીરમાં ધબકતું કરાયું

મૂળ અમરેલી જિલ્લાના સુરત રહેતા પરિવારના અમદાવાદ નોકરી કરતા ૨૨ વર્ષીય યુવાન પુત્રને બ્રેઈનડેડ જાહેર કરાયા બાદ તેના અંગદાન સાથે હૃદયનું દાન કરાતા તે યુક્રેનની વિદેશી યુવતીના શરીરમાં ધબકતું થયું છે. તેના અંગોના દાનથી ૭ વ્યક્તિને નવજીવન અને રોશની મળી છે. સુરતમાંથી હૃદય અન્ય રાજ્યમાં મોકલવાનો આ ૧૦મો કિસ્સો છે.

સુરતમાં કામરેજ ખાતે રહેતા ખાંભાના સાળવા ગામના મૂળ વતની ઠાકશીભાઈ બાલુભાઈ દેવાણીનો ૨૨ વર્ષીય પુત્ર રવિ અમદાવાદમાં ઇન્સ્યુરન્સ કંપનીમાં માર્કેટિંગ એક્ઝિક્યુટિવ તરીકે નોકરી કરતો હતો. સી.જી. રોડ પર પેઇંગ ગેસ્ટ તરીકે રહેતો હતો. તા. ૬ એપ્રિલે બપોરે તે બાઈક પર જમવા જતો હતો ત્યારે શારદામંદિર પાસે ગૌમાતા સાથે ભટકાતા જમીન પર પટકાતા માથામાં અને જમણા હાથ પર ગંભીર ઇજા થઈ હતી. અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં તેના માથામાં લોહીના ગઠ્ઠાની સર્જરી કરાયા બાદ તા.૯મીએ સાંજે સુરત ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જ્યાં તેને બ્રેઇનડેડ જાહેર કરાયો હતો. જેથી ડોનેટ લાઇફ સંસ્થા દ્વારા તેના પરિવારને અંગદાન અંગે સમજાવી સંમત કરાયા હતા.

બાદમાં તેના હૃદયને મુંબઈ ટ્રાન્સફર કરી વિદેશના યુક્રેનની ૨૭ વર્ષીય યુવતી નતાલીયા ઓમેલચુકને ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું.

સુરતથી હૃદય ટ્રાન્સફર કરવાનો ૧૭ મહિનામાં આ ૧૦મો કિસ્સો છે. તેનું લીવર સુરતના ઉમંગ બીમલભાઈ પટેલને અપાયું હતું. ચક્ષુઓ લોકદષ્ટિ ચક્ષુ બેંકને અપાયા હતા. જ્યારે કિડની અને પેન્ક્રિઆસનું ટ્રાન્સપ્લાન્ટ ચાલી રહ્યું છે.

જીવન દર્શન

# ગાંધીજીનું ભારતમાં પ્રાગટ્ય

ગાંધીજી ૨૨ વર્ષ પછી ૧૯૧૫માં આફ્રિકા છોડી ભારતમાં કાયમી વસવાટ માટે આવ્યા અને પોતાના ગુરુ સ્વરુપ ગોપાલકૃષ્ણ ગોખલેની સલાહ પ્રમાણે એક વરસ "જીભ બંધ, આંખ કાન ખુલ્લા" રાખીને ભારતમાં ચોમેર ફર્યા. મૌન વરસ પૂરું થયા પછી બનારસ હિંદુ યુનિવર્સિટીનું દીક્ષાંત પ્રવચન એ ગાંધીજીનું પહેલું દર્શન છે.

**અમદાવાદમાં બેઠેલા ગાંધીએ ખેડાની ચળવળ ઉપાડવાનો આરંભ કર્યો પણ ચંપારણ પહેલી ઘટના બની ગઈ.** અંગ્રેજોના ગણોતિયા ખેડૂતોએ ભોગવવી પડતી અગણિત વેદનાની જાત તપાસ માટે જુગલ કિશોરબાબુ જોડે ગાંધી ચંપારણમાં દાખલ થયા. ૧૯૧૭ના એપ્રિલની ૧૦ તારીખે ગાંધી બિહારના લાખો ખેડૂતોની વાત સાંભળવા માટે ચંપારણ જિલ્લામાં દાખલ થયા અને તેમના પ્રવેશથી ભારતના હજારો નવલોહિયા જવાનો જાગી ઊઠ્યા. **ચંપારણ પ્રવેશ ગાંધીજીનો પ્રાગટ્ય દિન છે. આ દિવસે ભારતમાં ગાંધીજી ખરેખર પ્રગટ થયા.** તમારા આગમનથી જિલ્લામાં અશાંતિ ફેલાવવાનો સંભવ દર્શાવીને કલેક્ટરે મોકલેલી નોટીસના જવાબમાં ગાંધીનો શાંત વિદ્રોહ પ્રગટ થયો. સરકારી હુકમોનો અનાદર કરવો, સજા ખમી ખાવાની તૈયારી બતાવવી, આ બધું યુવાન ભારતે પહેલી વખત જોયું અને આ માણસ માત્ર બોલનારો - માત્ર ભાષણિયો આગેવાન નથી પણ કરી બતાવનાર છે તેની પ્રતીતિ લોકોને કરાવીને ગાંધી એક છલાંગે ભારતના આગેવાનોની આગલી હરોળમાં પહોંચી ગયા. ચંપારણમાં લડત આપવાનો વખત જ ન આવ્યો. ગાંધીજીએ એકઠી કરેલી દાસ્તાનોથી સફાળી જાગી ઊઠેલી અંગ્રેજી રિયાસતે જરૂરી સુધારાઓ કર્યા અને ખેડૂતોએ અણકલ્પેલી રાહત મળી.

૧૯૧૭ અગાઉ પણ ભારતમાં આઝાદીની લડત શરૂ થઇ હતી. બાળ ગંગાધર ટીળક જેવા ઉગ્રપંથી આગેવાનો સભાઓ ગજવતા હતા અને જેલમાં પણ જતા હતા. ૧૯૦૫થી દેશમાં આંદોલનોની ભરતી સતત ચડતી હતી પણ આવા આંદોલનો, ભાષણો અને લખાણો પૂરતા મર્યાદિત હતા અને આમ જનતાએ માત્ર પ્રેક્ષક તરીકે જ ભાગ ભજવવાનો રહેતો. ગાંધીએ આ પલટાવી નાખ્યું અને **લડતમાં લખાણો અને ભાષણો ઉપરાંત લોકસમુદાય પણ સક્રિય ભાગ ભજવે તેવી નવી રણનીતિ ઘડી કાઢી અને તેનો અમલ શરૂ કર્યો.**

ભારતની જનતાનું ખમીર અલગ હતું અને લડતમાં જોડાયા પછી સામાન્ય લોકોએ પણ પોતાના સર્વસ્વનો ભોગ આપવામાં કદી પાછી પાની કરી નથી અને આઝાદીની લડતને નવું રૂપ અને નવું પરિમાણ આપવામાં ગાંધીજીને અભૂતપૂર્વ સફળતા મળી.

આ લડતનો વિરોધ કરનાર લોકોની સંખ્યા અને તેમના પ્રભાવની અવગણના કરવી યોગ્ય નથી અને તેમણે ગાંધી લડતના વિરોધમાં કરેલી બધી દલીલો ખોટી પણ નથી. તેઓ કહેતા કે 'મિ. ગાંધી, તમે આજે લોકોને ખોટા કાયદાઓનો વિરોધ કરવાનું શીખવો છો પણ આવતીકાલે લોકો સારા અને સાચા કાયદાઓનો પણ વિરોધ કરશે' તેવી એની બેસન્ટે આપેલી ચેતવણી સાચી ઠરી છે અને આજે 'ગાંધી ચિંધ્યા' માર્ગનું ઓઠું લેનાર લોકો સત્યાગ્રહના નામે જે જંગલી વર્તાવ કરે છે, બસો - ટ્રેઇનો બાળે છે, રસ્તાઓ રોકીને લાખો નિરપરાધ લોકોને જે ત્રાસ આપે છે, સરકારી કર્મચારીઓ પર પથરાબાજી કરે છે તેના નમૂના હરિયાણાનું જાટ આંદોલન અને ગુજરાતના પટેલ આંદોલનમાં જોઇ શકાય છે. આ વર્તાવ જવાહરલાલજીના જમાનામાં પણ જોવા મળેલો. જવાહરલાલજીએ અતિશય વેદનાપૂર્વક કહેલું કે **'આજકાલ તો પથ્થર ફેંકનાર દરેક જણ પોતાને સત્યાગ્રહી ગણાવે છે.'**

ગાંધીજીએ શોધેલી અને અપનાવેલી પદ્ધતિનો આજે અતિશય ભયંકર દુરુપયોગ થઈ રહ્યો છે અને અનેક વિઘ્નો અને વિટંબણાઓ પાર કરીને ટકી રહેલી લોકશાહી આપણા દેશમાં આમ જનતાની ગેરશિસ્તના પ્રવાહમાં ધોવાઈ જશે તેવો સંભવ ડોકિયા કરી રહ્યો છે.

સભાઓ, સરઘસો, મોરચાઓ, વિરોધ પ્રદર્શનો, વિરોધપક્ષો અને વિરોધ સંગઠનો લોકશાહીનો શ્વાસ અને પ્રાણ છે પણ આ બધું કાયદાની મર્યાદામાં રહીને અને શિસ્તબદ્ધ રીતે જ થવું જોઈએ. લોકશાહીના નામે હિંસાખોરી અને મવાલીગીરીનું આચરણ કરનાર લોકો લોકશાહીનાં સૌથી મોટા શત્રુ છે કારણકે હર પ્રકારની અરાજકતાના પરિણામે લોકશાહી મરી પરવારે છે અને

**(અનુ. : જુઓ પાના નં.-૪૨ ઉપર)**

અતીતમાં નજર

## અતીતની અટારીએથી-૧

# ઇંગ્લેન્ડની હિંદ પ્રત્યેની ફરજ

• કેશવચંદ્ર સેન •

*વર્ષ ૧૯૧૭ના મે મહિનામાં મહાત્મા ગાંધીજીએ આફ્રિકાથી આવી અમદાવાદને પોતાનું નિવાસ સ્થાન બનાવવા કોચરબ આશ્રમની સ્થાપના કરી.*

*એ સમયગાળો અથવા તો તેનાથી પણ ૫૦ વર્ષ અગાઉનો સમયગાળો એ ભારતીય ઈતિહાસનો તાજેતરના ભૂતકાળનો સમયગાળો. એ સમયે સામાજિક વ્યવહારો, પ્રથાઓ, માનતાઓ વગેરે શું હતા એ આજે પણ જાણીને અચરજ થાય. ઝડપથી બદલાતા જતા સામાજિક પરિપ્રેક્ષ્યમાં જ્યારે આપણે એ સમયની વિગતો જાણશું ત્યારે આપણને એવું લાગશે કે આપણે ભૂતકાળના કોઈ અન્ય સમયગાળામાં આપણું જીવન વ્યતીત કરી રહ્યા છીએ.*

*૧૮૭૦થી ૧૯૪૭ દરમિયાન રાષ્ટ્રવાદ અથવા તો અન્ય વિષયે જે સામાજિક ભાષણો પાર્લામેન્ટની અંદર કે બહાર કરવામાં આવ્યા એ બધા વક્તવ્યો એ સમયે પુસ્તક સ્વરૂપે સંગ્રહવામાં આવેલ છે. તેમાંના કેટલાક ભાષણોને 'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગ સમક્ષ મૂકવાથી તે સમયની સામાજિક તથા રાજકીય પરિસ્થિતિનો ચિતાર વાચકને ખ્યાલ આવી શકશે.*

*આ લેખોની સીરીઝ 'નયા માર્ગ'ની ૨૦૧૪થી ૨૦૧૬ના સમયગાળામાં પ્રસારિત કરવામાં આવેલી કલમ "અતીતની અટારીએથી"માંથી લેવામાં આવેલ છે. સાથે સાથે વક્તાનો પરિચય પણ આપવામાં આવેલ છે.*

*– તંત્રી મંડળ*

---

### વક્તાનો પરિચય અને સંદર્ભ :

૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામની નિષ્ફળતા બાદ પડેલા સોપા પછી આધુનિક ભારતીયતાની અસ્મિતાની પહેલી ઝાંખી થાય છે – કેશવચંદ્ર સેન દ્વારા.

કેશવચંદ્ર સેન ઓગણીસમી સદીના મહાન સમાજ સુધારક અને બ્રહ્મો સમાજના આગેવાન હતા. તેઓનો જન્મ ૧૯ નવેમ્બર, ૧૮૩૮ના રોજ કલકત્તા ખાતે થયો હતો. તેઓના પિતા પેરી મોહન કલકત્તા ટંકશાળના દીવાન હતા. તેઓના દાદા રામકલન સેન હિંદુ કૉલેજ અને સંસ્કૃત કૉલેજના સંસ્થાપકોમાંના એક હતા. ૧૮૫૬માં સ્નાતક થયા બાદ તેઓએ બ્રહ્મો સમાજની વિચારધારાને ફેલાવવામાં ઘણો જ મહત્ત્વનો ફાળો આપ્યો. પહેલી વખતે તેમાં સમાજ સુધારણાના કાર્યક્રમો સામેલ કર્યા. તેઓ જોરદાર પ્રેરણાદાયક વક્તા હતા. તેઓએ અંધશ્રદ્ધા, વહેમ, મૂર્તિપૂજા, જ્ઞાતિપ્રથા, અતાર્કિક પૂર્વગ્રહો, નિરક્ષરતા અને સ્ત્રીઓની દયનીય સ્થિતિ સામે લડત આપી.

૧૮૭૦માં તેઓ ઈંગ્લેન્ડ પહોંચ્યા. તે અગાઉ તેઓની કીર્તિ ત્યાં પહોંચી ગઈ હતી. તેઓનું ભવ્ય સ્વાગત થયું હતું. ૨૪મે, ૧૮૭૦ના રોજ લંડનમાં તેમણે જોરદાર ભાષણ આપીને ઈંગ્લેન્ડની ભારત પ્રત્યેની ફરજ પર ભારપૂર્વક રજૂઆત કરી હતી. હિંદમાં બ્રિટીશ શાસનની પ્રશંસા સાથે તેમાં રહેલી ખામીઓ વર્ણવીને તે દૂર કરવા તેમણે અંગ્રેજોને આહ્વાન કર્યું હતું. તેઓએ ખાસ મહિલાઓ સહિત સૌને માટે શિક્ષણ, શિષ્યવૃત્તિની યોજનાને ચાલુ રાખવા, શિક્ષિત હિંદીઓને શાસનના વહીવટી પદાધિકારી બનાવવા અને ઈંગ્લેન્ડથી વિદેશી દારૂની હિંદમાં નિકાસ બંધ કરવાની જરૂર પર સવિશેષ ભાર મૂક્યો હતો.

કેશવચંદ્ર સેનના ભાષણનો અભિગમ તત્કાલિન ઐતિહાસિક સંદર્ભમાં મૂલવવો જોઈએ. ભારતનો સામંતશાહી ગુલામ સમાજ હજી તો આળસ ખંખેરવાની શરૂઆત કરતો હતો. પોતાના વિદેશી શાસકને પોતાની વાત તાર્કિક રીતે રજૂ કરતા શીખી રહ્યો હતો. તેના એક શિક્ષિત અને કેળવાયેલા યુવાન પ્રતિનિધિ તરીકે કેશવચંદ્ર સેન ઈંગ્લેન્ડ જઈ ત્યાંના વગ ધરાવતા અંગ્રેજ સમુદાયને સંબોધન કરી રહ્યા હતા. શ્રોતાઓમાં ઈંગ્લેન્ડના સંસદ સભ્યો, સભાના પ્રમુખસ્થાને હિંદના ભૂતપૂર્વ ગવર્નર જનરલ અને અન્ય અનેક સન્માનિત મહાનુભાવો હાજર હતા. ૨૪મે, ૧૮૭૦ના રોજ અપાયેલા ભાષણનો ગુજરાતી ભાવાનુવાદ અહીં રજૂ કરેલો છે. તે વખતે કેશવચંદ્ર સેનની ઉંમર પૂરા બત્રીસ વર્ષ થઈ ન હતી.

## ઇંગ્લેન્ડની હિંદ પ્રત્યેની ફરજ

આજ સાંજે હું આ મંચ પર માત્ર એક શીખનાર તરીકે નહીં પણ મારા દેશના એક પ્રતિનિધિ તરીકે, તેના હિતોના એક નમ્ર હિમાયતી તરીકે ઉભો છું. મારા દેશના રક્ષક તરીકે તમારી સત્તાના દાયરામાં શક્ય તમામ પ્રયત્નોથી હિંદને પુનર્જીવન અને પુનરુત્થાનના માર્ગે વાળવા માટે હું તમને આહ્વાન કરું છું. આ સભાના પ્રમુખશ્રી સાથે હું સંપૂર્ણપણે સમહત છું કે બ્રિટીશ સરકાર હિંદ માટે શક્યતઃ ઉત્તમ સરકાર રહી છે. પરંતુ હિંદના વહીવટી શાસનમાં કેટલીક ચોક્કસ ખામીઓ - ત્રુટીઓ રહી છે, જેને સુધારવાની તાતી જરૂર છે. દુનિયામાં ખામી કે દોષરહિત કોઈ સરકાર હોઈ શકે? મારી ઇચ્છા છે અને નમ્ર ફરજ છે કે મારે આ ખામીઓ કે દોષોને તમારી સમક્ષ વર્ણવવા. પ્રબળ વિશ્વાસ સાથે હું ઉદાર મનના, અંતરાત્માને સાંભળનાર રાષ્ટ્ર સમક્ષ હું આ મારી વાત મૂકું છું. હિંદ અત્યારે બહુ મોટી કટોકટીભરી સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. અને મને શ્રદ્ધા છે કે મારા વિનમ્ર શબ્દો આપ સૌ ભલમનસાઈથી સાંભળશો.

આજે સાંજે હું સમગ્ર હિંદના લોકોના વિનમ્ર પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત થયો છું, નહીં કે કોઈ રાજકીય અથવા ધાર્મિક જૂથ / વાડા કે સંપ્રદાયના પ્રતિનિધિ તરીકે. મારું દ્રઢ માનવું છે કે તમે અંગ્રેજો હિંદમાં માત્ર ટ્રસ્ટી તરીકે હાજર છો. તમારો હિંદ પરનો કબજો ટ્રસ્ટ તરીકે છે. તમને કોઈ અધિકાર નથી કે જેથી તમે કહી શકો કે હિંદની મિલ્કત, સમૃદ્ધિ, સંસાધનો અથવા ઈશ્વરે બક્ષેલો કોઈ પણ એવા હક્કનો ઉપયોગ માત્ર તમારા પોતાના જ અભ્યુદય અને આનંદ - ઉપભોગ માટે છે. જે ઈશ્વરે તમારા હાથમાં હિંદ સોંપ્યો છે તેને જ તમારે જવાબ આપવાનો છે અને તમારા શાસનમાં જે કાંઈ પાપ છે, ખરાબ છે, તેને તાત્કાલિક દૂર કરવાની તમારી ફરજ છે. માંચેસ્ટરના હિતો ખાતર કે અહીંના કોઈપણ ચોક્કસ લોક સમુદાયના લાભ માટે અથવા જે વેપારી વર્ગને હિંદ માટે કોઈ ખાસ ભાવ નથી તેમના ફાયદા માટે તમે હિંદ પર કબજો ન જમાવી શકો. માત્ર હિંદના સારા અને ભલા માટે જ તમે હિંદ પર કબજો રાખી શકો.

બ્રિટીશ રાષ્ટ્રની હિંદ પ્રત્યેની પ્રથમ ફરજ બને છે - દૂરસુદૂરના વિસ્તારો સુધી શિક્ષણનો ફેલાવો. હિંદમાં તમારે રેલવે અને ટેલિગ્રાફનું નેટવર્ક સ્થાપવું જોઈએ, સિંચાઇ પરિયોજનાઓ બનાવવી જોઈએ અને એ રીતે હિંદમાં ભૌતિક સમૃદ્ધિ વધારવાના શક્ય તમામ રસ્તા અપનાવવા જોઈએ. બેશક આ બધું ઇચ્છનીય છે. પરંતુ આ બધું સભ્યતાના બહારી પાગરણ છે. જ્યાં સુધી રાષ્ટ્રના અંતર / હૃદયનો સુધારો નહીં થાય ત્યાં સુધી સાચી અને ટકાઉ સુધારણા શક્ય નથી. જો તમારે લોકોને વફાદાર બનાવવા હશે તો તમારે તેઓને શિક્ષિત કરવા જ પડશે. કિલ્લા કે ગઢ કરતાં શાળા કે કૉલેજ, શાસનને વધુ સારી અને શક્તિશાળી સલામતી પૂરી પાડશે.

શાળા પરથી તમારું ધ્યાન છાપકામ પ્રેસ પર દોરું છું. પ્રેસનો વિકાસ ઘણો જ સંતોષકારક રીતે થઈ રહ્યો છે. માત્ર મોટા શહેરોમાં મર્યાદિત ન રહેતાં, પ્રાંતોના નાના નાના ગામોમાં પણ પ્રેસની કામગીરી ચાલુ થઈ ગઈ છે. દર મહિને સાહિત્ય અને વિજ્ઞાનને લગતા નવા નવા પુસ્તકો - અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાઓમાં પ્રકાશિત થાય છે અને હિંદના લોકમાનસ પર સુધારણાનો પ્રભાવ પાડે છે. બહોળા વાચકવર્ગ સુધી પહોંચતા અનેક વર્તમાનપત્રો હજારો શિક્ષિત યુવાનો રસપૂર્વક વાંચતા થયા છે. ઠેકઠેકાણે અંગ્રેજી સાહિત્યમાં રસ વધી રહ્યો છે. તેથી જ, આ શિક્ષણ પામતા હિંદી લોકોને યોગ્યતા અનુસાર, અત્યાર સુધી, માત્ર યુરોપિયનોને મળતા વહીવટી શાસકીય જવાબદારીભર્યા પદાધિકાર આપીને તેમને પ્રોત્સાહન કાં ન આપી શકાય? આ પ્રકારે નક્કર વાસ્તવિક લાભ શિક્ષિત હિંદીઓ સમક્ષ મૂકવા જરૂરી છે. શાળા અને કૉલેજોમાં અમારા લોકોને તમે શિક્ષણ આપો છો, પરંતુ અમારા લોકો વ્યવહારુ તાલીમ માંગે છે. જો તમે તેઓને ઊંચી જવાબદારીભરી પદવીઓ અને યોગ્ય વેતન આપશો તો તમે તે સાથે તેઓને વ્યવહારુ તાલીમ અને શિસ્ત પણ આપશો. ઊંચી જવાબદારી અદા કરવા માટે જરૂરી નૈતિકતા અને પ્રામાણિકતા આ રીતે વ્યવહારમાં આવશે. શું મારા દેશબાંધવો આ ઊંચી પદવીઓ માટે યોગ્ય નથી? જે લોકોએ હિંદમાં સમય ગાળ્યો હોય અને એમના ત્યાંના અનુભવે જાણ્યું હોય, તેઓએ પોતે પ્રમાણિત કરવું જોઈએ કે હિંદના લોકો ઊંચી સરકારી પદવીઓ માટે યોગ્યતા ધરાવે છે.

તાજેતરમાં રાજ્ય તરફથી બે વર્ષ માટે હિંદીઓને મળતી શિષ્યવૃત્તિઓ રદ કરવા અંગે હુકમ કરવામાં આવ્યો છે તેનું મને ભારે દુઃખ છે. સરકારની આ શિષ્યવૃત્તિઓ દ્વારા શિક્ષિત હિંદીઓ, આગળની ઉચ્ચ તાલીમ માટે ઇંગ્લેન્ડ જઈ શકતા હતા. આ ઉમદા હેતુલક્ષી યોજનાનો અમલ થતાં મારા તમામ દેશવાસીઓએ એને અમૂલ્ય વરદાન તરીકે આવકારી... પરંતુ મારા દેશવાસીઓએ આ આશીર્વાદ ભોગવવાની માંડ શરૂઆત કરી, ત્યારે જ અચાનક તેમને તેનાથી વંચિત કરવામાં આવ્યા છે.

જેમ દરેક સરકારની ફરજ છે કે સામાન્ય શિક્ષણનો તે પ્રચાર અને પ્રસાર કરે, તેમ બ્રિટીશ સરકારની ખાસ ફરજ છે કે તે હિંદની સ્ત્રીઓને શિક્ષણ આપે. જો સ્ત્રીઓ શિક્ષણ નહીં પામે, તો હિંદમાં લોકોનું શિક્ષણ અધૂરું અને ઉપરછલ્લું

રહેશે. સ્ત્રીઓ પરંપરા અને રૂઢિઓને જાળવતી આવી છે. તેથી જો તમે હિંદને સારી શિક્ષિત માતાઓ આપવાનો પ્રયત્ન નહીં કરો તો હિંદનો અભિશાપ બની ચૂકેલ બદીઓની અસરથી આવનારી પેઢીઓને દૂર રાખી નહીં શકાય. જો તમે સ્ત્રીઓને શિક્ષિત કરશો, તો તમે મારા દેશને સારી માતાઓ આપશો, જેઓ તેમના બાળકોને ઈશ્વરનો પ્રેમ અને ભય શીખવશે. અમારા લોકો માત્ર બુદ્ધિશાળી નહીં બને પણ તેઓનું કુટુંબ અને ઘર પણ બુદ્ધિશાળી અને સુખી થશે.

હિંદની સ્ત્રીઓ શક્તિશાળી અને જીવનસભર છે પરંતુ તેની પરિસ્થિતિ દયનીય છે. હિંદના 'કુલીન'ને જુઓ કે જે પોતાની પચાસ પત્નીઓ સાથે, કદી પોતાને ઈશ્વરને પ્રતિ અથવા પોતાને આ પચાસ સ્ત્રીઓના ભરણપોષણ કે શિક્ષણ માટે પણ જવાબદાર નથી ગણતો. જ્યારે એ 'કુલીન' મૃત્યુ પામે છે ત્યારે આ પચાસ પત્નીઓ વિધવા બને છે અને અંત સુધી વૈધવ્યનું દુઃખ ભોગવે છે. એમનો ઉધ્ધાર કરનારું કોઈ નથી. અત્યારની હિંદની સામાજિક પરિસ્થિતિમાં આ વિધવાઓને કોઈપણ મદદ કરવી અશક્ય છે. એક ક્ષણમાં વિધવા થતી આ સ્ત્રીઓ તરકટી પુરોહિતોએ થોપેલા સંયમના ઓઠા હેઠળ સ્વમાનભંગભરી સ્થિતિમાં બાકીનું જીવન વિતાવે છે. જો તમે તેમના અજ્ઞાનમાંથી તેમને ઉગારવા માંગતા હો અને તેઓને એક સાચી સભ્યતાનું વરદાન આપવા ઈચ્છુક હો તો તેમને શિક્ષણ આપવું પડશે.

અંતે હિંદ માટે ઘણું મહત્ત્વ ધરાવતા મુદ્દા તરફ હું આપનું ધ્યાન દોરું છું. હું દારુનાં વેપારની વાત કરી રહ્યો છું. તમારી સગી આંખે તમે જોઈ શકશો કે આથી હિંદના લોકો અનીતિના પંથે વળ્યા છે. સંયમ અને વિવેક માટે જાણીતા મારા દેશવાસીઓ પર દારુના વેપારે માઠી અને અવળી અસર કરી છે. મારા દેશવાસીઓ સંયમહીન અવિવેક અને નશાખોરીને ધિક્કારે છે અને દારુનું સેવન એમના રિવાજ અને પરંપરામાં પસંદ નથી કરાતું. તેમની સ્વભાવગત અનૈતિકતા તેમને આ સંયમહીન અવિવેકભર્યા રસ્તે નથી લઈ જતી. અંગ્રેજ સરકારના દારુના વેપારને લગતા ખરાબ કાયદા અને હિંદમાં વસતા અંગ્રેજોની અપલક્ષણી રહેણીકરણીને હિંદના લોકો સામે આ દારુના સેવનની જોરદાર લાલચ મૂકવામાં સફળતા મેળવી છે.

### શ્રદ્ધાંજલિ : આધુનિક રાષ્ટ્રીયતાનું પરોઢ

માત્ર પીસ્તાલીસ વર્ષની યુવાન વયે કેશવચંદ્ર સેન અકાળ મૃત્યુ પામ્યા ત્યારે હેનરી કોટન નામના સન્માનિય અંગ્રેજ સદ્‌ગૃહસ્થે કહ્યું હતું : "જાન્યુઆરી ૧૮૮૪માં થયેલ કેશવ સેનનું મૃત્યુ એ ખરેખર (હિંદના) તમામ દેશવાસીઓ માટે એક રાષ્ટ્રીય ભાવનાની લાગણી અનુભવવાનો અને અભિવ્યક્ત કરવાનો પ્રારંભિક પ્રસંગ હતો. કોઈપણ પ્રકારના જ્ઞાતિ, જાતિ કે સમૂહના વાડાથી પર, હિંદના બધા જ ભાગમાંથી પુરુષો અને સ્ત્રીઓએ ભેગા મળી એક અવાજે કેશવ સેનના મૃત્યુથી પડેલી ખોટ અંગે દિલસોજી વ્યક્ત કરી અને (એ રીતે) એક સહિયારી પ્રજાના સભ્ય તરીકે કેશવના વ્યક્તિત્વમાં ગર્વ અનુભવ્યો."

*ભાવાનુવાદ : ભરત ભટ્ટ (મો. ૯૯૦૯૯ ૧૦૦૯૨)*

*સૌજન્ય : "નયા માર્ગ" ઓક્ટોબર-૨૦૧૪*

## ...તો તે મિથ્યાચાર

ભજન ગાય, પણ મહીં મન નહિ તો તે મિથ્યાચાર.
સેવા કરે, પણ કલ્યાણભાવના નહિ તો તે મિથ્યાચાર.
નોકરી કરે, પણ શેઠ તરફ નિષ્ઠા નહિ તો તે મિથ્યાચાર.
પુસ્તક વાંચે, પણ સમજવા પ્રયત્ન ન કરે તો તે મિથ્યાચાર.
કથા શ્રવણ કરે, તેમાં મન સામેલ નહિ તો તે મિથ્યાચાર.
દાન કરે, પણ દાતા દાનાભિમાન છોડે નહિ તો તે મિથ્યાચાર.
કોઈને સહાય કરે, પણ મન તે કૃત્યને છાનું ન રાખી શકે તો તે મિથ્યાચાર.
હાથ પૂજે, પણ મન ન પૂજે તો તે મિથ્યાચાર.
ભક્તિ કરે, પણ તે પ્રતિ મનનું આકર્ષણ ન હોય તો તે મિથ્યાચાર.
વેદાંત કહે, પણ બ્રહ્મચિંતન ન હોય તો તે મિથ્યાચાર.
જપ કરતાં બીજા વિચાર અટકાવવા યત્ન ન કરે તો તે મિથ્યાચાર.
ગુણાનુવાદ કરે, પણ મનથી માને નહિ તો તે મિથ્યાચાર.

*– શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી*

## હળાહળ કળિયુગ

'કળિયુગ' કે 'હળાહળ કળિયુગ' જેવા શબ્દો ઝાંખા પડે એવા યુગમાં આપણે ક્યારના પ્રવેશી ચૂક્યા છીએ. પરંપરાગત શ્રદ્ધાના વાહકો એમ કહે છે કે ઈશ્વરની ઈચ્છા વગર ચકલું પણ ફરકતું નથી અને બીજી બાજુ ત્રણ વર્ષની બાળકી પર ભયાનક અત્યાચાર થાય ત્યારે ઈશ્વરની આવી મરજી વિશે પ્રશ્ન થાય કે ઈશ્વર આવું કરાવી શકે? કર્મના સિધ્ધાંતમાં આસ્થા ધરાવનારના મનમાં દલીલ કે જવાબ તૈયાર છે કે એ ત્રણ વર્ષની બાળકીએ તેના ગયા ભવના કર્મની સજા ભોગવી! કાળા માથાનો માનવી પણ જે કાયદાનું ઘડતર કરે છે એમાં બાળ ગુનેગારને કે કિશોરવના ગુનેગાર માટે મૈત્રી અભિગમ દાખવી બાળગૃહ કે સુધારણાગૃહ જેવી વ્યવસ્થા દ્વારા બાળકોના માનસિક પુનર્વસન અને સુધારણાની જોગવાઈ રાખવામાં આવે છે. ઈશ્વરની અદાલતમાં આવી કોઈ જોગવાઈ નહીં હોય? સજા વેઠવા યોગ્ય ઉંમર થાય તે પહેલા આવી કારમી સજા?

વિચાર વિમર્શ

# ધાર્મિક નહીં સાત્ત્વિક બનો



દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ

સમાજના ચોકમાંથી એવા સેંકડો માણસો મળી આવે છે **જેઓ સો ટકા ધાર્મિક હોય છે, પણ એક ટકા જેટલાંય બૌદ્ધિક નથી હોતા.** એક પરિચિતને ત્યાં કામ માટે જવાનું બન્યું. જતાં પહેલાં ફોન દ્વારા એમને જાણ કરી હતી. પરંતુ એમને ત્યાં પહોંચ્યો તો જાણવા મળ્યું, એ મંદિર ઉપડી ગયા હતા. પૂરા કલાકની પ્રતીક્ષા પછી એ આવ્યા ત્યારે અમે પૂછ્યું : 'તમે મંદિરે સવારે જતા હો છો, આજે બાર વાગે કેમ?' એ બોલ્યા : 'વીરપુર જલારામે એક બાધા મૂકવાની બાકી છે. ત્રણ વર્ષ થઈ ગયા. ભૂલી જવાયું હતું એથી કાલિયાવાડી જલારામબાપાને કહેવા ગયો હતો કે હું આ રવિવારે બાધા મૂકવા વીરપુર આવું છું. તમે ફોન કરેલો, પણ તમે તો હવે રિટાયર્ડ થયા છો. તમારે ક્યાં ઑફિસ સાચવવાની છે...? એથી મંદિરે બેસી નિરાંતે ભજનો ગાયા!' સાંભળીને અમારું મન વિચારે ચઢ્યું : 'બાધા મૂકવા આવું છું' એટલું કહેવા મંદિરે ગયા અને ઘરે આવનાર માણસને સમય આપ્યો હોવા છતાં તેનો સમય બરબાદ કર્યો...! મારી સાથેની મુલાકાત પતાવીને મંદિર જઇ શકાયું હોત. અથવા ફોન પર જણાવી દીધું હોત કે તમે એકાદ કલાક પછી આવજો.' તો હું ઘરેથી મોડો નીકળ્યો હોત!

બીજી એક ઘટના જોઈએ. એક સવારે એક પરિચિત વડીલ સ્કુટર પર આવી ચડ્યા. અમારે ઝાઝો પરિચય નહીં, પણ અમારા ગામના એક માણસ પાસેથી એમણે લેથ મશીન ખરીદ્યું હતું. તે લેવા માટે ટેમ્પો લઇને આવ્યા હતા. એમનું ગામ લગભગ ૯૦ કિ.મી. દૂર હતું. આવતાં જ જરા ગુસ્સામાં બોલ્યા : 'હું લેથ મશીન લેવા આવ્યો અને પેલા માણસને ત્યાં તાળું છે. બાજુમાંથી જાણવા મળ્યું કે મુંબઈ ગયા છે... ભલા માણસ, એમણે જણાવવું તો જોઈતું હતું. મારુ ટેમ્પો ભાડું અને ૧૮૦ કિ.મી.નું પેટ્રોલ છૂટી પડ્યું!' અમે કહ્યું : 'તમે આવતાં પહેલાં ફોન કર્યો હોત તો આવું ના થયું હોત!' એક ક્ષણ ખામોશ બની એ વિચારી રહ્યા. પછી બોલ્યા : 'હા, એ વાત સાચી. એમનો ફોન નંબર મારી પાસે હતો. અમારા ગામને પાદરે વિઘ્નેશ્વર મંદિર આગળ યજ્ઞ થતો હતો. ત્યાં કલાક ઊભા રહી પૂજાનો લાભ લીધો ત્યારે એ મંદિરમાંથી ય ફોન કરી દીધો હોત તો ઠીક થાત. પણ મને એમ કે ઘરે જ હશે, મળી જશે...!'

આજના વ્યસ્ત સમયમાં કોઈને ત્યાં ફોન કર્યા વિના પહોંચી જવું એ એક સૂક્ષ્મ સામાજિક અપરાધ છે. માણસ મંદિર જોઈને માથું નમાવવાનું ચૂકતો નથી, પણ મુલાકાત માટે ફોન કરવાનું ચૂકી જાય છે. શ્રદ્ધાળુઓ જ નહીં શિક્ષિતો પણ આવું કરી બેસતા હોય છે. એક પ્રોફેસર મિત્ર અમારે ત્યાં આવે છે. એક દિવસ એમણે ફોન કર્યો : 'હું આવું છું. ઘરે જ છો ને... મળીએ છીએ!' અમારે અન્યત્ર જવાનું હતું તે રદ કર્યું. પણ દોઢેક કલાક થઈ ગયો તો ય એ દેખાયા નહીં, એટલે અમે ફોન કર્યો. એમણે જણાવ્યું : 'સોરી... તમને ફોન કરવાનું ભૂલી ગયો... એક્ચ્યુઅલી શું થયું કે અમારા 'સાલે સાહબ' આવી ચઢ્યા. તેની જોડે વાતોમાં એવા પડ્યા કે વાત મગજમાંથી નીકળી જ ગઈ. એમના ગયા પછી હું થીસીસ લખવા બેસી ગયો!' (એ પ્રોફેસર મિત્ર હાલ પીએચ.ડી. કરી રહ્યા છે. વિષય છે : "સામાજિક સંબંધો આદર્શપણે નિભાવવાની રીતો, નિયમો, ભયસ્થાનો અને પરિણામો...!")

એકવાર એક પરિચિત વડીલ ઘરે આવી ચઢ્યા. અમે લેખનમાં વ્યસ્ત હતા. દિવાળી પહેલાં મેટર છાપાને પહોંચાડવાની હતી. સમય બહુ ઓછો હતો. એઓ દોઢેક કલાકથી બેઠાં હતાં. એમની બંને વહુઓની વાતો માંડીને બેઠાં હતાં. અમે ત્રણેકવાર સીધી કે આડકતરી રીતે ટકોર કરી – 'હું બિઝી છું... આપણે નિરાંતે આ બધી ચર્ચા કરીશું!' જવાબમાં એમણે કહ્યું : 'ભલા માણસ, હું મારુ દિલ હળવું કરવા આવ્યો છું. તમારું કામ તો આખી જિંદગી રહેવાનું છે! તમે આ બધું જાણો તો તમને લખવામાં પણ ખપ લાગશે!' કોકને ત્યાં સમય કસમયે પહોંચી જઈ તેમની વ્યસ્તતાનો ખ્યાલ કર્યા વિના પરાણે તેને વાતો સંભળાવવી એ પાપ ગણાય એવું કોઈ ધર્મ પુસ્તકમાં ભલે ના લખ્યું હોય, પણ નોંધી રાખજો — એ બહુ મોટું પાપ છે.

એમ નથી લાગતું કે ક્યારેક આપણે બહુ ભૂંડી રીતે વર્તીએ છીએ? લોકો માંદા માણસની ખબર કાઢવા જાય છે ત્યારે હૉસ્પિટલમાં પણ બહુ મોટેથી વાતો કરે,

ખડખડાટ હસે, સમય કસમયે દોડી જાય, પોતે ખબર લેવા આવ્યા છે તેની નોંધ લેવાય તે માટે **દર્દી સૂઈ ગયો હોય તો તેને ઊંઘમાંથી ઉઠાડીને ખબર પૂછે – (કેમ છો...? ઊંઘ આવે છે બરાબર...?)**

જીવન વ્યવહારમાં આવું તો આપણે ઘણું ઘણું કરીએ છીએ! એક વાત યાદ રાખવા જેવી છે, ધરમ કરમ કરો... પૂજા પાઠ કરો... ઈશ્વરભક્તિ કરો... કોણ રોકે છે? **પણ રોજબરોજના જીવન વ્યવહારમાં આદર્શ માનવી તરીકે પૂરા શિસ્ત અને સંયમથી વર્તો.** બીજાનો વિચાર કરો. તમારી કોઈ વર્તણૂકથી બીજાને તકલીફ તો નથી થતી ને તેનો ખાસ ખ્યાલ રાખો. ધર્મ માણસને ભક્ત બનવાનું શીખવે છે, પણ ભક્ત બન્યા પછી એક સારા માણસ બનવાનું બાકી રહી જશે તો સમાજના અન્ય માણસોને તેની તકલીફ થયા વિના નહીં રહે. આપણે પૂજાપાઠોમાં એવા રચ્યાપચ્યા રહીએ છીએ કે આદર્શ જીવન વ્યવહારના પાઠો શીખવાના રહી જાય છે. યાદ રહે, ભગવાનને આપણી ગેરવર્તણૂકની માઠી અસર થવાની નથી. પણ આપણે સમાજ વચ્ચે રહીએ છીએ એથી કંઈક ખોટું કરીશું તો સમાજને જરૂર તેની અસર થશે. માણસ આરતી કરતી વખતે દીવો સળગાવવાનું ભૂલતો નથી, પણ કોકના રૂમમાં કે ઘરમાં નૉક કરીને જવું જોઈએ એવી તાલીમ એને નથી મળતી. એ મંદિરમાં બુટ ચંપલ ઉતાર્યા વિના જતો નથી પણ કોઈ એરકન્ડિશન્ડ ઑફિસમાં બહાર બોર્ડ માર્યું હોય તોય બુટ સાથે ઘુસી જાય છે. એ ભગવાનને શુદ્ધ રાખે છે અને પોતે અશુદ્ધ રહે છે. અમે એક પુજારીને ઓળખીએ છીએ. સત્તર વર્ષથી એ મંદિરમાં ભગવાનની મૂર્તિ ધૂએ છે પણ પોતે ગંદો રહે છે. જમ્યા પછી દાંત ઘસીને મોં સાફ કરવાની એને આદત નથી. એથી ત્રણ ફૂટ દૂરથી પણ એની એ કુટેવોનો પરચો મળી જાય છે. આપણી ધાર્મિક સંસ્કૃતિમાં બાળકોને નાનપણથી જ ઈશ્વરની મૂર્તિ આગળ હાથ જોડવાનું શીખવવામાં આવે છે. પણ જમ્યા પછી મોં સાફ કરવાનું, નખ કાપવાનું, શારીરિક ચોખ્ખાઈ રાખવાની કે એવી અન્ય સારી વાતો શીખવવામાં આવતી નથી. અમારા બચુભાઈ કહે છે, 'આપણે પૂર્વની પ્રજા કહેવાઈએ છીએ. જ્યાં સૂર્ય પ્રથમ દેખાય છે. પણ અહીં સૂરજના અજવાળાનું નહીં, અજ્ઞાનના અંધારાનું પ્રભુત્વ છે. **અહીં માણસને આખેઆખી ગીતા કંઠસ્થ હોય છે પણ વ્યવહારની બે સારી વાતો યાદ રહેતી નથી!** આ બધી આપણી સ્વરચિત સમસ્યાઓ છે. પાકિસ્તાનનો એમાં કોઈ હાથ નથી!

- **ધૂપછાંવ :**

**ભગવાનને ફૂલ ચઢાવવા કરતાં તમારી ભૂલ સ્વીકારો તે વધુ ઉપયોગી છે.** મંદિરમાં ચોખા ભલે વેરો પણ ખુદ ચોખ્ખા રહો.. લોબાન નહીં બાળો પણ બોલેલું જરૂર પાળો. કંકુથી કપાળ ખરડો, ને તમારે ત્યાં મરેલો ઉંદર પડોશીને ત્યાં ફેંકો એવા કંકુવરણા કાવતરાથી દૂર રહો. હનુમાનજી પર તેલ સિંદૂર નહીં ચઢાવો તો ચાલશે પણ સ્વાર્થ ખાતર કોક નિર્દોષની બલિ ચઢાવશો તો કોઈ ભગવાન માફ નહીં કરે. યાદ રહે, તમે ગમે તે ધર્મ કે જાતિના હો પણ માનવધર્મ પાળશો તો મોડું વહેલું સમજાશે – મંદિરમાં નારિયેળ ભલે ના ફોડીએ... પણ કોકના માથા ફોડવાનું પાપ તો કદી ના કરીએ!

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, પો. કાલિયાવાડી,*
*જમાલપોર, નવસારી-૩૯૬ ૪૨૭.*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

## અવકાશયાત્રીઓ અવકાશમાં જઈ શું શું કરે છે?

અવકાશયાત્રીઓ અવકાશમાં આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ઉતરી ત્યાં રોકાણ કરી જાતજાતના સંશોધનો અને કામ કરે છે. કેટલાક દેશોએ સાથે મળીને અવકાશમાં આંતરરાષ્ટ્રીય અવકાશ મથકની સ્થાપના કરી છે. આ આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન એક મોટા અવકાશયાન જેવું છે અને સતત પૃથ્વીની પ્રદક્ષિણા કર્યા કરે છે. તેમાં કોલંબસ લેબોરેટરી છે. પૃથ્વીથી ૪૦૦ કિ.મી.ની ઊંચાઈએ દર કલાકે ૨૮૮૦૦ કિ.મી.ની ઝડપે તે પૃથ્વીની આસપાસ ફરે છે. તે ૨૩૯ ફૂટ લાંબું અને ૩૫૬ ફૂટ પહોળું છે. તેમાં છ અવકાશયાત્રી રોકાણ કરી શકે છે. છેલ્લા ૧૮ વર્ષથી તે કાર્યરત છે.

અવકાશ મથક પર રોકાણ કરનાર અવકાશયાત્રી દરરોજ ૧૦ કલાક કામ કરે છે. શનિવારે પાંચ કલાક અને રવિવારે રજા પાળે છે. સવારે ૬ વાગે જાગીને પ્રાતઃકર્મ પૂરા કરી ૮.૧૦ કલાકે કામે લાગી જાય છે. બપોરે ૧ વાગે ભોજન અને ત્યારબાદ સાંજે ૭.૩૦ કલાકે ભોજન કરે છે. ત્યારબાદ ધરતી પર સંપર્ક કરી અને રાત્રે ૯.૩૦ કલાકે સૂઈ જાય છે. તેમને સૂવા માટે અલગ સ્લીપ સ્ટેશન હોય છે. તેમાં પોતાનું લેપટોપ વગેરે રાખે છે. તેઓ ફિલ્મ જોઈ શકે છે અને સંગીત સાંભળી શકે છે. નિષ્ણાત આહારશાસ્ત્રીઓએ તૈયાર કરેલો પોષક આહાર તેમના માટે તૈયાર હોય છે. અવકાશયાત્રીઓ વિવિધ સંશોધનો, અવકાશના અવલોકનો ઉપરાંત ક્યારેક ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનનું સમારકામ પણ કરે છે. તેઓ અવકાશમથકની બહાર નીકળી સ્પેસ વોક પણ કરી શકે છે. ■

સંસ્કૃતિ

# દિલ્હી આવી રહ્યું છે – મેડમ તુસાદ મ્યુઝિયમ



ગોવિંદ ખોખાણી

*વિશ્વપ્રસિદ્ધ મીણની મૂર્તિઓનું સંગ્રહાલય મેડમ તુસાદ મીણ મ્યુઝિયમ બ્રિટન, ફ્રાન્સ પછી ભારતના પાટનગર નવી દિલ્હીમાં પણ ખૂલવા જઈ રહ્યું છે. આ મ્યુઝિયમના સી.ઈ.ઓ. નીક વાર્નના જણાવ્યા મુજબ ભારત આવવાના પહેલા જ ઉપક્રમ માટે આદર્શ જગ્યા મળી જતાં અમને ખુશી છે અને મેડમ તુસાદ મ્યુઝિયમ આ વર્ષમાં નવી દિલ્હીમાં ખૂલી જશે. ઉલ્લેખનીય છે કે વેક્સ મ્યુઝિયમે વર્ષ ૨૦૦૦માં સૌપ્રથમ બોલીવુડ સ્ટાર અમિતાભ બચ્ચનનું પૂતળું બનાવ્યું હતું. તે પછી તો શાહરૂખ ખાન, ઐશ્વર્યા રાય, સલમાન ખાન સહિતના અભિનેતા આ મ્યુઝિયમમાં મીણ સ્વરૂપે સચવાયા છે.*

લંડનની મુલાકાતે જતાં કચ્છી ગુજરાતીઓને ત્યાં વસવાટ કરતા સંબંધીઓ, મિત્રો, લંડન પાર્લામેન્ટ હાઉસ, થેમ્સ રીવર બ્રિજ, ટ્રાન્સલ્ગાર સ્કેયર, રાણી એલિઝાબેથનો બંકિંગહામ પેલેસ, બ્રિટનના વડાપ્રધાનનું સત્તાવાર નિવાસ સ્થાન ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટની મુલાકાતે લઈ જાય છે. પરંતુ વિશ્વની અજાયબી એવું મેડમ તુસાદ મ્યુઝિયમ બતાવવાનું પણ ભૂલતા નથી. **મેડમ તુસાદ મ્યુઝિયમની મુલાકાત પછી એ કચ્છી - ગુજરાતી વતનમાં આવ્યા પછી આ મ્યુઝિયમના વખાણ કરતા થાકતા નથી.**

લંડનની અન્ડર ગ્રાઉન્ડ ટ્રેનમાં બેસી બેકર સ્ટ્રીટ સ્ટેશને ઉતર્યા પછી સ્ટેશનથી બહાર નીકળતાં જ ડાબી બાજુએ વિશાળ ગુંબજ સાથેનું ભવ્ય મકાન જોવા મળે છે. એ જ મેડસ તુસાદ મ્યુઝિયમ. કોઈ સિનેમા ગૃહમાં નવું પિક્ચર લાગે અને એક જમાનામાં લોકોની જે લાંબી લાઈન અને ભીડ જોવા મળતી, તેથી વધુ ભીડ આ સ્થળે જોવા મળે છે.

વિશ્વના દરેક દેશોમાં એ દેશની મહાન વિભૂતિઓ, રાજકીય નેતાઓ, આઝાદી જંગમાં પ્રાણની આહૂતિ આપનાર મહાન દેશ ભક્તો, સમાજક્ષેત્રે સેવા આપનાર સમાજસેવી આગેવાનોના આરસના પૂતળા, કાંસ્ય પ્રતિમાઓ જોવા મળે પરંતુ **૨૧૮ વર્ષથી આ મ્યુઝિયમમાં વિશ્વના વિભિન્ન મહારથીઓના મીણના પૂતળા પ્રદર્શિત કરવામાં આવેલ છે.** વિવિધ ક્ષેત્રે જેમણે જગતવ્યાપી લોકપ્રિયતા મેળવી છે તેવા રાજકારણીઓ, કલાકારો, ખેલાડીઓ અને પ્રજા પર જુલ્મો ગુજારનાર રાજાઓ અહીં બાવલારૂપે મૂકવામાં આવ્યા છે. અબ્રાહમ લિંકનથી જહોન એફ. કેનેડી, ચર્ચિલથી માર્ગારેટ થેચર, મહાત્મા ગાંધીથી રાજીવ ગાંધી, ભારતના ફિલ્મ કલાકાર અમિતાભ બચ્ચન, સલમાન ખાન, ઐશ્વર્યા રાય, શાહરૂખ ખાનનાં મીણનાં પૂતળા, ગોર્બાચેવ, મૅરેલીન મનરો, બ્રિટલ્સ, ક્રિકેટરો વગેરેના ૩૫૦ જેટલા આબેહૂબ પૂતળાં આ મ્યુઝિયમમાં છે. આ પૂતળાઓની ખૂબી એ છે કે એ એટલી ચીવટતાથી અને કુશળતાથી તૈયાર કરાયા છે કે આપણને એમ જ લાગે કે હમણાં જ આપણી સાથે વાત કરશે.

આ વિરાટ અને વિશ્વભરમાં અનોખું મ્યુઝિયમ સ્થાપવા અને મીણનાં પૂતળાં પાછળ જીવન વ્યતીત કરનાર વિભૂતિનું નામ છે મેડમ તુસાદ.

મેડમ તુસાદનો જન્મ ૧૭૬૧માં ફ્રાન્સના સ્ટેસબર્ગમાં થયો હતો. માતાએ મેરી નામ રાખ્યું. પિતા મેરીના જન્મ પહેલાં જ મૃત્યુ પામ્યા. વિધવા માતા મેરીને લઈ સ્વિટ્ઝરલેન્ડના બર્ન શહેરમાં ગઈ. અહીં મેરીની બા ને ડૉક્ટર કર્ટિસને ત્યાં ઘરકામની નોકરી મળી. **ડોક્ટર કર્ટિસ મીણના પૂતળા બનાવવાના અચ્છા કસબી હતા.**

બાલ્યાવસ્થામાં મેરી ડૉક્ટર કર્ટિસ પાસે પૂતળાં તૈયાર કરવાનું શીખતી થઈ અને ૧૭ વર્ષની ઉંમરે ૧૭૮૯માં મેરીએ ફ્રાન્સના વિશ્વ પ્રસિદ્ધ ફિલસુફ વોલ્તેરનું પૂતળું બનાવ્યું. ૧૭૮૯માં ફ્રેન્ચમાં બળવો ફાટી નીકળતાં મેરી મધ્ય પેરિસમાં આવી ગઈ. લશ્કરી હેતુસર શાસને મેરીને કબજામાં લઈ ગિલોટીનનો ભોગ બનેલાઓનાં મીણનાં ડાકા બનાવવાની સખત મહેનત માંગી લેતી કામગીરી લાદી. ૧૭૯૪માં ડૉ. કર્ટિસનું મૃત્યુ થયું. ડૉ. કર્ટિસે મેરીને પોતાના એકમાત્ર વારસદાર નીમી તેમના તૈયાર કરેલ

પૂતળાંઓના પ્રદર્શન યોજવાની સત્તા મેરીને આપી.

ડૉ. કર્ટિસના મૃત્યુ બાદ મેરી ફ્રાન્કોઈસ તુસાદ નામના સિવિલ એન્જિનિયર સાથે લગ્નગ્રંથિથી જોડાઈ ગઈ. લગ્ન બાદ તેણીએ બે પુત્રો જોસેફ અને ફ્રાન્સિસને જન્મ આપ્યો. ૧૮૦૦ના અંતે ફ્રાન્સમાં શાંતિ હતી. પરંતુ પૂતળાનાં પ્રદર્શનમાં આવતા મુલાકાતીઓની સંખ્યા ઘટતાં મેરી ઉર્ફે મેડમ તુસાદ ચિંતિત રહેતા હતા. ૧૮૦૨માં પતિ ફ્રાન્કોઈસને ફ્રાન્સમાં જ છોડી મેડમ તુસાદ ઇંગ્લેન્ડ આવી વસ્યા.

ઇંગ્લેન્ડ આવ્યા પછી ૩૦ વર્ષ સુધી મેડમ તુસાદ બ્રિટનના તમામ મુખ્ય શહેરોમાં પૂતળાંઓનાં પ્રદર્શન યોજતાં રહ્યા. એ સાથે જ તેઓ વિવિધ પૂતળાં પણ કંડારતા રહ્યા. જુદા જુદા શહેરોમાં ફરતા રહે એટલે મેડમ તુસાદ કંટાળ્યા અને લંડનમાં સ્થાયી પ્રદર્શન ખંડ ઊભું કરવાનો નિર્ણય લીધો. મેડમ તુસાદની છેલ્લી મીણ પ્રતિમા તેમની પોતાની હતી જે તેમણે તેમના મૃત્યુથી ૮ વર્ષ અગાઉ કંડારી હતી. ૧૮૫૮માં મેડમ તુસાદે આ જગતમાંથી વિદાય લીધી.

મેડમ તુસાદની વિદાય પછી ૧૯૨૫માં આગની એક દુર્ઘટનાએ આ મ્યુઝિયમમાં વિનાશ વેર્યો. પરિણામે ત્રણ વર્ષ સુધી આ મ્યુઝિયમ બંધ રહી, ૧૯૨૮માં અનેક નવાં પૂતળાંઓ સાથે ફરી ખૂલ્યું.

આ મ્યુઝિયમમાં ભારતીય નેતાઓ પૈકી મહાત્મા ગાંધી, શ્રીમતી ઈંદીરા ગાંધી તેમજ રાજીવ ગાંધીના પૂતળાંને સ્થાન અપાયું છે. અમેરિકાના અબ્રાહમ લિંકન, જોન એફ. કેનેડી, આફ્રિકાના રાષ્ટ્રવાદી નેતા જોમો કેન્યાટા, બ્રિટનનું શાહી પરિવાર, ચર્ચિલ, માગરિટ થેચર, યુગોસ્લાવેકિયાના પ્રમુખ ટીટો, અભિનેત્રી સોફિયા લોરેન, તેલિયા રાજા પોલ ગેટ્ટી, પોલેન્ડના મજૂર નેતા વાલેસાનાં પૂતળાં આ મ્યુઝિયમમાં છે.

વિશ્વભરમાં મહાનુભાવોને મીણમાં કંડારવાનું અને આ મ્યુઝિયમમાં મૂકવાનું લિસ્ટ રોજબરોજ લંબાતું જ જાય છે. પરિણામે મ્યુઝિયમના હાલના સંચાલકો પણ મૂંઝાયા છે કે કોનું પૂતળું તૈયાર કરવું અને જગ્યાના અભાવે કયા પૂતળાંને ખસેડી લેવું. લોકપ્રિયતાના આધારે પૂતળા મૂકવા અને ખસેડવા માટે નિર્ણય લેવા મ્યુઝિયમના સંચાલકોએ વિવિધ ક્ષેત્રની આઠ વ્યક્તિઓની એક સમિતિ રચી છે. દર વર્ષે મ્યુઝિયમમાં ૨૦ નવા પૂતળાં ઉમેરાતાં હોવાથી કયા મહાનુભાવોની લોકપ્રિયતા કેટલી વધી – ઘટી તે ચકાસીને મ્યુઝિયમમાં તેનું પૂતળું રાખવું, કામચલાઉ ખસેડવું કે પછી હંમેશાં માટે રદ્દબાત્તલ કરવું તેનો નિર્ણય આ સમિતિ લે છે.

**આ વેક્સ વિભાગમાં એક વિભાગ 'ચેમ્બર ઓફ હોરર'ના નામે છે.** આ વિભાગમાં ૧૬મા લૂઈ, મેરી, ક્રાંતિકારી રોબાસ્પાયરના ડેપ માસ્ક – ડોકું રખાયાં છે. એ જમાનામાં ફાંસીની સજા કઈ રીતે અપાતી, જુલ્મી રાજાઓ નિર્દોષ પ્રજા પર કઈ રીતે જુલ્મો ગુજારતા તે સમગ્ર પ્રક્રિયા પૂતળાઓ દ્વારા આબેહૂબ દર્શાવી છે, જે નબળા મનના લોકો જોઈ પણ ન શકે.

જીવનના અવિસ્મરણીય સંભારણાં સમા આ મ્યુઝિયમની જન્મદાત્રી મેડમ તુસાદનું વિશાળ પૂતળું આ મ્યુઝિયમના ગ્રેટ હોલમાં રાખવામાં આવેલ છે.

લંડન જતા પ્રવાસીઓ માટે આજે પણ આ મ્યુઝિયમ એક મધુર સંભારણું બની રહ્યું છે. ભારત માટે ગૌરવજનક બાબત એ છે કે જ્યાં ભારતના લોકપ્રિય ફિલ્મી સીતારાઓના સ્ટેચ્યુ મૂકવામાં આવેલ છે એ વિભાગમાં જ આ ફેસ્ટિવલ રાખવામાં આવેલ છે.

*પ્રજ્ઞા જ્યોતિ, નવા વાસ,*
*માધાપર-૩૭૦ ૦૨૦.*
*તા. ભુજ, જિલ્લો : કચ્છ.*
*મો. ૯૪૨૬૯ ૬૭૮૧૮*

## આપણી ચામડીમાં સૂર્યપ્રકાશ વિટામિન 'ડી' કેવી રીતે બનાવે છે?

સૂર્યપ્રકાશ પૃથ્વીને મળતી ઊર્જાનો મોટો સ્રોત છે. સૂર્યપ્રકાશ માત્ર પ્રકાશ અને ગરમી જ નહીં પરંતુ ઘણી બધી ઊર્જાનો સ્રોત છે. જમીન અને પૃથ્વી પરના ખડકો, રસાયણો અને જળાશયો ઉપર સૂર્ય પ્રકાશની ઘણી અસરો થાય છે. કેટલીક ફાયદાકારક તો કેટલીક હાનિકારક. પ્રાણીઓના શરીર પર પણ સૂર્યપ્રકાશ અસર કરે છે. તેમાં મનુષ્યની ચામડી પર તેની વિશિષ્ટ અસર થાય છે. વધુ પડતો ઉગ્ર પ્રકાશ ચામડી અને આંખોને નુકસાન કરે છે પરંતુ સવારના ત્રાંસા કિરણોનો કુમળો તડકો આપણી ચામડીમાં વિટામિન ડી પેદા કરે છે. સૂર્યપ્રકાશમાં અલ્ટ્રાવાયોલેટ કિરણો હોય છે.

આપણી ચામડીમાં ડીહાઈડ્રોકોલેસ્ટીરોલ નામનું દ્રવ્ય હોય છે. ચામડી પર સૂર્યપ્રકાશ પડે ત્યારે ચામડી તેમાંના અલ્ટ્રાવાયોલેટ કિરણોને શોષી લે છે અને ડીહાઈડ્રોકોલેસ્ટીરોલ સાથે પ્રક્રિયા કરી કોલેકેલ્સીફેરોલ નામનું દ્રવ્ય બને છે. આ વિટામિન ડી નું પ્રાથમિક સ્વરૂપ છે. તે લોહી સાથે લીવરમાં જાય ત્યારે લીવર તેમાંથી ઉપયોગી વિટામિન ડી બનાવે છે અને લોહીમાં ભેળવે છે. આપણા શરીરની વિટામિન ડી ની જરૂરિયાતનો ૯૦ ટકા ભાગ સૂર્યપ્રકાશમાંથી મળી રહે છે. વિટામિન ડી મેળવવા સૂર્યસ્નાન કરવું જરૂરી નથી પરંતુ રોજિંદા હરવા ફરવા દરમિયાન આપણને મળતો સૂર્યપ્રકાશ પૂરતું વિટામિન ડી બનાવે છે. ઠંડા પ્રદેશો અને જ્યાં સૂર્યપ્રકાશ ઓછો રહે તેવા ઠંડા દેશોમાં સૂર્યસ્નાન જરૂરી બને છે. ■

જ્ઞાનપિપાસા

# વાંચો અને વિચારો

• પાર્થ બી. દવે, પત્રકાર •

***૨૩મી એપ્રિલને યુનેસ્કો દ્વારા 'વર્લ્ડ બુક ડે' તરીકે ઉજવવામાં આવે છે.***

સુરેશ દલાલની દીકરી મિતાલી જ્યારે નાની હતી, સ્કૂલમાં ભણતી હતી ત્યારે સોમાણી સ્કૂલના પ્રિન્સિપાલે એના પપ્પા એટલે કે સુરેશ સાહેબને બોલાવડાવ્યા હતા. મિતાલી ભણવામાં હોંશિયાર અને વાણી વર્તનમાં જવાબદાર. સુરેશ દલાલે પૂછેલું : 'શું કામ છે? તેં તોફાન-મસ્તી કર્યા છે?' એણે જવાબ આપ્યો : 'તમે તો મને જાણો છો.' બીજે દિવસે શાળામાં ગયા ત્યારે પ્રિન્સિપાલે પૂછ્યું કે : 'તમારા ઘરમાં એવું તે કયું વાતાવરણ છે કે તમારી દીકરી બધી જ બાબતમાં જુદી તરી આવે છે!' સુરેશ દલાલનો જવાબ હતો : **'મારા ઘરમાં ઇંટની જગ્યાએ પુસ્તકો છે!'**

આટલોક નાનકડો પણ ચોટદાર દાખલો આપ્યા પછી કહેવું છે કે, સુરેશ દલાલે આવો જવાબ આપ્યો અને પછી 'મારી બારીએથી' શ્રેણીના ૨૮માં પુસ્તક 'મનની મોસમ'ના બીજા ચેપ્ટરમાં ચોટડુક રીતે લખ્યું એનું કારણ જ એમનું વાંચન અને પુસ્તકો હતા! આજે આપણને સુરેશ દલાલ તથા કોઈ પણ સર્જકો કે લેખક - કવિ - સાહિત્યકાર યાદ છે, યાદ કરીએ છીએ એની પાછળ એમનું લેખન તો ખરું જ, **પણ એ લેખનનું કારણ એમનું વાંચન છે અને વાંચન માટે અફ કોર્સ, પુસ્તકો જોઇએ!**

આટલી પ્રસ્તાવના બાંધ્યા પછી કહું કે, ૨૩મી એપ્રિલે 'વર્લ્ડ બુક ડે' છે, જેનું યુનાઇટેડ નેશન એજ્યુકેશન એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન - યુનેસ્કો દ્વારા આયોજન કરવામાં આવે છે. તેને 'વર્લ્ડ બુક એન્ડ કોપીરાઇટ ડે' પણ કહેવામાં આવે છે. યુ.કે.માં ૧૯૯૫ની સાલથી પુસ્તકોનું વાંચન કરવું, પ્રકાશિત કરવા અને પુસ્તકોને લગતા કોપી રાઇટ્સને પ્રોત્સાહન આપવા માટે આ દિવસ ઉજવવાની શરૂઆત થઈ હતી. સાથે ૨૩મી એપ્રિલે જ દુનિયાના મહાન નાટ્યકાર, અભિનેતા તથા લેખક અને કવિ શેક્સપિયરનું મૃત્યુ થયું હતું. એટલે કે ૨૩મી એપ્રિલે એમની મૃત્યુતિથિ પણ છે.

શેક્સપિયરના લખેલા અને ભજવાયેલા નાટકો આજે ભણાવવામાં આવે છે. એના ઉપરથી ફિલ્મો બનતી રહે છે. એમના અમુક નાટકો અટપટા અને સમજતા વાર લાગે એવા છે. અમુક એવા પુસ્તકો અટપટા, તો અમુક સીધાસટ સમજાઈ જાય એવા સરળ હોય છે! કેવું વાંચવું અને શું વાંચવું એ પોતાને નક્કી કરવાનું છે, પોતાના શોખ અને ગમતા વિષયને અનુરૂપ. પણ એ બાબતે પણ સચોટતા હાંસિલ કરવા માટે વાંચન જરૂરી છે! કારણકે, આ પુસ્તક ખરાબ અને આ સારું — એ પણ વાંચવાની શરૂઆત કરશો ત્યારે જ ખબર પડશે. ને હા, સમય જતા અને અનુભવ થતા એક વખત એવું બનશે કે આ પુસ્તકના પાનાં ઉથલાવતાં જ ખ્યાલ આવી જશે કે આ વાંચવું કે નહીં.

'વાંચે ગુજરાત' કે 'પઢેગા ઇન્ડિયા તો બઢેગા ઇન્ડિયા' જેવા નારા અને સૂત્રો આપણે વાંચતા - સાંભળતા આવીએ છીએ. મે મહિનાની ૧ થી ૭ તારીખ દરમિયાન અમદાવાદમાં 'અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન' દ્વારા 'નેશનલ બુક ફેર'નું આયોજન થાય છે. આ બધા આયોજનો પાછળનો મકસદ એક જ છે : 'વાંચન.'

પુસ્તકો વાંચવા વિશે ઘણું કહેવાયું છે. **બે હજારથી વધારે વર્ષો પહેલાં રોમન ફિલસુફ સીસેરો કહી ગયો છે કે, પુસ્તકો વગરનો ખંડ એ આત્મા વગરના શરીર જેવો છે.** તો આજે શ્રી ગુણવંત શાહનું એક અતિ ફેમસ થઈ ચૂકેલું ક્વોટ છે : 'જે ઘરમાં ૧૦ સારા પુસ્તકો ન હોય તેને દીકરી આપવી પણ નહીં અને લેવી પણ નહીં.' પણ ખાલી બતાવવા માટે જ ગોતી ગોતીને ૧૦ સારા પુસ્તકો ગોઠવી દીધા હોય એ તો એનાથીય ખરાબ! છેટા રહેવું. પુસ્તકોની વાત છે, તો યાદ આવે છે કે પુસ્તક માંગીને - ઉછીના - થોડા દિવસ માટે — 'વાંચીને આપી દઉં' એમ કહીને અને વગેરે વગેરે... રીતે કહીને - વચનો આપીને લઈ ગયેલાઓ પાસે, દિવસો થતા કે પોતાને જરૂર પડતા (પુસ્તકની) બેજીજક માંગણી કરવી અને માંગણીમાં ન સમજે તો બિન્દાસ વસૂલી કરવી. એ ખરો વાચક હશે તો ખરાબ નહીં લગાડે. છતાંય કેટલાક પોતાના જ પુસ્તકો પાછા માંગતા શરમાતા હોય છે અને પછી પોતાનું પુસ્તક, કોની પાસે છે એ ભૂલી જતા હોય છે. સામેવાળાને એ જ ખપતું હોય છે. અલબત્ત, પુસ્તક લેનાર દરેક જણ એવો નથી જ હોવાનો. આમ તો એ પુસ્તક જેવી વસ્તુ માંગે છે, એટલે બુધ્ધિનું લેવલ કૈંક તો હોવાનું જ!

પુસ્તકો આપણને શું આપી શકે છે?

પહેલું : **કલ્પનાશક્તિ.** એ તમને વિચારવાની શક્તિ આપે છે. અખૂટ શક્તિ. એ શક્તિ અજાણ્યે જ આપણામાં ખીલતી હોય છે. ફિલ્મો, ટી.વી. વગેરે... એ બધા તૈયાર માધ્યમ છે. સારું છે, પણ એ જે બતાવે છે એ જ આપણે જોઈએ છીએ. 'મહાભારત'માં જે કૃષ્ણ બી.આર. ચોપરાએ બનાવ્યો છે, એ જ આપણે જોઈએ છીએ. પણ આપણે જ્યારે 'મહાભારત' વાંચીએ છીએ ત્યારે કૃષ્ણ આપણા મનમાં જન્મે છે! આ ગજબ પ્રક્રિયા છે. એનું મુગટ, પીંછુ, એણે પહેરેલા કપડાં... બધું જ આપણે સર્જીએ છીએ. (એ જ રીતે દરેકનો પર્સનલ, પોતે ઈમેજીન કરેલો અમીરઅલી ઠગ, બ્યોમકેશ બક્ષી કે શેરલોક હોમ્સ હોવાનો!) કદાચ એટલે જ નવલકથા ઉપરથી બનેલી મુવીમાં એટલી મજા નથી આવતી, જેટલી નવલકથા વાંચતી વખતે આવી હોય. અને સર્જન કરવા માટે, કશુંક લખવા માટે પણ વાંચન તો અનિવાર્ય છે જ. બીજું, પુસ્તક આપે છે : **ટાઇમ ટ્રાવેલ.** પુસ્તકો મફતની મુસાફરી કરાવે છે! ભૂતકાળમાં અને ભવિષ્યકાળમાં. એ પછી જુલે વર્નની સૃષ્ટિ હોય, સાયન્સ ફિક્શન હોય કે પછી ઈતિહાસના થોથા... આપણે એક જગ્યાએથી રતિભર પણ ખસ્યા વિના આખી દુનિયા ફરી શકીએ છીએ.

આપણે જાણીએ જ છીએ કે માહિતી અને જ્ઞાન મેળવવાનું ક્યારેય પૂરું થવાનું જ નથી. 'મેં તો ઘણાય પુસ્તકો વાંચી લીધા, બસ હવે નહીં.' એમ કોઈ કહી ન શકે. અને જેમ પુસ્તકો ઉથલાવતા જઇએ એમ વધારે અંદર ડૂબવાની, વધારે કશુંક મેળવવાની ભૂખ વધતી જ જવાની.

અમુક અપવાદોને બાદ કરતા આજના દરેક (૯૯ ટકા) સર્જકો, ઉદ્યોગ સાહસિકો, જેને ખરેખર લીડર કહેવાય એવા લીડર્સ, વગેરે બધે જ એક સારા વાચક છે. એમાં નરેન્દ્ર મોદી સાહેબથી કરી માઈક્રોસોફ્ટના બીલ ગેટ્સ, ફેસબુકના ક્રિએટર માર્ક ઝુકરબર્ગ તથા અમિતાભ બચ્ચનથી કરી સચીન તેંડુલકર અને સ્વાનંદ કિરકિરે, પ્રસૂન જોશી સુધીના દરેક લેજન્ડ્સ આવી જાય.

તો બસ, વાંચતા રહો અને વિચારતા રહો... હેપ્પી 'વર્લ્ડ બુક ડે.'

***"વાંચો અને નાચો – આ બે મનોરંજન જગત માટે ક્યારેય નુકસાનકારક બનતા નથી."***

***– વોલ્ટેર***

***(ફ્રેંચ લેખક, ઇતિહાસકાર અને ફિલસુફ)***

***૨૦૧, નારાયણ કૃપા કોમ્પ્લેક્સ,***
***સત્યમ ફ્લેટ્સની સામે,***
***બાલાજી ગાર્ડન રેસ્ટોરન્ટની બાજુમાં,***
***પ્રેરણાતીર્થ દેરાસર, સેટેલાઇટ,***
***અમદાવાદ-૩૮૦ ૦૧૫.***
***મો. ૯૯૧૩૦ ૫૬૧૧૧***


## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭'' x ૧'' | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) એક સાથે **03** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**નોંધ : જાહેરાતની સાઈઝ**
(૧) ફુલ પેઈજ : ૭'' x ૯.૫''
(૨) હાફ પેઈજ : ૭'' x ૪.૫''
(૩) ૧/૪ પેઈજ : ૩.૨૫'' x ૪.૨૫''
(૪) બોટમ પટ્ટી : ૭'' x ૧''

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત**


**જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm • **કલર** : મલ્ટી કલર

**ભાવ – બાર મહિનાની જાહેરાતના દર**

■ કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
■ અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)

સમાજની ક્ષિતિજો

# 'મા' ની મમતા



ડૉ. આશિષ ચોક્સી

વાત ૨૦૦૨ના વર્ષની છે. મારી હોસ્પિટલની નજીક આવેલા નંદન મેટરનિટી હોમમાંથી સવારે સાત વાગે ફોન આવ્યો. એક નોર્મલ ડિલિવરી થઈ રહી છે. બાળકને જોવા આવો. ગાયનેકોલોજિસ્ટ હવે નોર્મલ કે સિઝેરિયન ડિલિવરી થઈ રહી હોય ત્યારે બાળકોના ડૉક્ટરને બોલાવતા હોય છે. નવજાત શિશુને જન્મ્યા બાદ તુરંત જરૂરી સારવાર મળી રહે તે હેતુ હોય છે. નોર્મલ ડિલિવરી થયા બાદ મેં બાળકને જરૂરી સ્ટમક વોશ (પેટનો બગાડ સાફ કરવો) અને વિટામિન-કે નું ઈન્જેક્શન આપ્યું અને હું બાળકની માતાને મળ્યો. બાળકની માતાથી હું પરિચિત હતો. તે તેના પાંચ વર્ષના મોટા દીકરાને મને બતાવતી હતી. નવજાત શિશુ માટે જરૂરી સંભાળ અને ધાવણ વિશે સુચના માતા અને સગાને મેં આપી. ફરી ચોથા - પાંચમા દિવસે પ્રથમ રસીકરણ માટે આવજો કહી મેં હોસ્પિટલમાંથી વિદાય લીધી. લગભગ ત્રણ માસ વીતી ગયા. એ બહેન ચોથા કે પાંચમા દિવસે બાળકને રસી અપાવવા અને બતાવવા ના આવ્યા અને હું પણ એ બહેનને ભૂલી ગયો હતો. હવે ત્રણ માસ બાદ અચાનક એ બહેન એક છ કિલોના તંદુરસ્ત બાળકને લઈને મારા રૂમમાં પ્રવેશ્યા. મેં કીધું, 'કેમ બહેન, ક્યાં ખોવાઈ ગયા હતા? ત્રણ માસ સુધી દેખાયા જ નહીં?' ઘણીવાર પ્રસુતિ બાદ માતા પિયર કે સાસરે અલગ જગ્યાએ જાય એટલે માતા તરત ના પણ મળે એવું અમારી સાથે બનતું હોય છે. બહેન આમ તો સ્વસ્થ હતા પણ થોડા ગંભીર દેખાતા હતા. મેં પૂછ્યું, 'શું થયું?' બહેને કહ્યું, 'તે દિવસે તમે બાળકને જોઈને ગયા. નોર્મલ પ્રસુતિ હતી. આથી અમને પણ સાંજે રજા મળી ગઈ. એ જ રાત્રે મારા પિતાજીને છાતીમાં દુખાવો ઉપડ્યો અને તેમનું અવસાન થયું. ત્યારબાદ નવજાત બાળકને સ્તનપાન કરાવવાનો મારો બિલકુલ મૂડ ન હતો. ઘરનું વાતાવરણ સતત શોકમય રહેતું હોવાથી મને સ્તનપાન કરાવવાની ઈચ્છા જ થતી ન હતી. મારા બાળકને પણ મારી બહેને બોટલથી દૂધ આપવાનું શરૂ કર્યું. મારું બાળક પણ બોટલના દૂધથી ટેવાઈ ગયું છે. તેને હજુ સુધી કોઈ તકલીફ નથી પડી. હવે હું મારા સાસરે પાછી આવી છું. હું હવે સ્વસ્થ છું. હવે આ બાળકને આગળ જે પણ રસી કે વિટામિનના ટીપા આપવા હોય તો તમે સલાહ આપો. પિતાના અવસાનના સમાચાર સાંભળી મને દુઃખ થયું. સાથે તેમણે ત્રણ જ માસમાં જે રીતે સ્વસ્થતા કેળવી, તે સારું પણ લાગ્યું. વાતવાતમાં બહેને મને પૂછ્યું કે આ બાળકે બિલકુલ ધાવણ લીધું જ નથી. તેની રોગપ્રતિકારક શક્તિ પર ભવિષ્યમાં અસર પડશે? **માતાનું સ્તનપાન બાળક માટે પહેલા છ માસ સુધી ખૂબ જ જરૂરી હોય છે. તે બાળકની રોગપ્રતિકારક શક્તિ અને બુદ્ધિ પ્રતિભાના વિકાસ માટે ખૂબ જ જરૂરી છે** તે જાણીતી વાત છે. મારે તેમને થોડો ના ગમે તેવો છતાં સાચો જવાબ આપવો પડ્યો. 'હા, થોડી રોગપ્રતિકારક શક્તિ ઓછી જરૂર થાય પણ તમે આવતા વર્ષોમાં બાળક માટે ઘરનો પોષણયુક્ત ખોરાક, નિયમિત રસીકરણ અને ચોખ્ખાઈ જેવી વસ્તુઓનું ધ્યાન રાખશો તો વાંધો નહીં આવે!' મેં વિચાર્યું પણ ન હતું તેવો બીજો પ્રશ્ન તરત જ બહેને પૂછ્યો. 'સાહેબ, હવે મને ધાવણ ફરી શરૂ થાય?' મારા માટે અચાનક અણધાર્યો છતાં એક ચેલેન્જિંગ અને અશક્ય ના હોય તેવો પ્રશ્ન હતો. મેં થોડું વિચારી તેમને કહ્યું, 'થઈ શકે.' મારી દસ વર્ષની પ્રેક્ટિસમાં સ્તનપાનને લગતી ઘણી તકલીફો સાથે માતાઓ આવી હતી. પણ બાળકને જન્મ્યાના ત્રણ માસ બાદ અને એ પણ બાળકે સહેજ પણ ધાવણ લીધું જ ના હોય તેની માતાને ધાવણ શરૂ કરાવવાની ઈચ્છા થઈ હોય તેવો પ્રથમ કિસ્સો હતો. મેં Relactation (બંધ થયેલું સ્તનપાન ફરી શરૂ કરવું તે) વિશે વાંચ્યું હતું પણ અહીં તો સ્તનપાન શરૂ જ નહોતું થયું. તેવા કિસ્સામાં પહેલો દિવસ હોય તે રીતે શરૂ કરવાનું હતું. માની મમતા સામે તબીબી વિજ્ઞાનની ચેલેન્જ હતી. મેં તેમને હા તો પાડી, પણ મનમાં થોડો ડર અને શંકા હતી કે આ કામ પૂરું થશે કે કેમ? તે બહેન મારી હોસ્પિટલમાં જ દાખલ થયા. મેં તેમને ફરી સ્તનપાન શરૂ થાય તે માટે બાળક જન્મ્યાનો પહેલો દિવસ છે તેમ માની બાળકને વારંવાર ચુસાડવાનું કહ્યું. સાથે તેમના ઘરના સભ્યોને પણ આ બાબતે હકારાત્મક અભિગમ રાખવાનું સમજાવ્યું. બહેનના રૂમમાં વિવિધ પ્રકારનું હળવું સંગીત વાગતું રહે તેવી ગોઠવણ કરી. બહેનને વધુ પ્રવાહી આપવું, ધાવણ વધારતી આયુર્વેદિક અને ઍલોપેથિક દવા

આપી અને વારંવાર સ્તન પર મસાજ કરવો જેવી ફરી ધાવણ શરૂ થાય તે માટેની સારવાર શરૂ કરી. એ દિવસે રાત્રે મેં સ્તનપાન માટેના માર્ગદર્શક અને શિક્ષક એવા દિલ્હી સ્થિત ગુરુ તેજબહાદુર મેડિકલ સાયન્સ કૉલેજના નવજાત શિશુ વિભાગના વડા ડૉ. એમ.એમ.એમ. ફરીદી સાથે વાત કરી. તેમણે મને કહ્યું, 'આવી તક વારંવાર મળતી નથી. ચોક્કસ બે-ત્રણ દિવસમાં માતાને ધાવણ આવવાનું શરૂ થશે જ.' તેમની સાથે વાત કર્યા પછી મારી હિંમત અને આત્મવિશ્વાસ વધ્યા. બે દિવસ એમ ને એમ ગયા. સગા થોડા થાકી ગયા હતા. તેમણે મને કહ્યું, 'તમે બાળકની માતાને ખોટો દિલાસો આપ્યો છે કે ધાવણ ફરી શરૂ થશે. અમે બીજા ડૉક્ટરોને પૂછ્યું અને તેઓનો અભિપ્રાય એવો જ છે કે આમાં ટાઈમ ના બગાડાય. આવું શક્ય નથી.' છતાં મેં તેમને હજુ એક દિવસ રાહ જોવા કહ્યું. અમારા મેડિકલ સાયન્સમાં વિજ્ઞાન એક બાજુ હોય છે. બીજી બાજું પેશન્ટમાં શ્રદ્ધા, પ્રયત્નો અને વિશ્વાસનું મિશ્રણ હોય છે. જે ડૉક્ટરોએ કલ્પના ના કરી હોય તેવા પરિણામો લાવે છે. આ બહેનમાં આ બધું જ હતું કારણકે હવે તેમનામાં માતૃત્વ ચરમસીમા પર હતું. ત્રીજા દિવસે સવારે હું હોસ્પિટલ પહોંચ્યો ત્યારે બહેને પણ થોડી નિરાશા અને થોડા હસતા મોઢે મને કહ્યું કે, 'તમે કીધું છે તેમ આ બાળક વધુ જોરથી ચૂસે તે માટે હું તેને થોડું ભૂખ્યું રાખી અને રડવા પણ દઉં છું. તે ચૂસે છે પણ સારું.' બસ આગળ અમારા બંને વચ્ચે કોઈ વાત ના થઈ. મેં એ દિવસે પેશન્ટ જોવાના ચાલુ તો કર્યા પણ મનમાં 'હું બાળકને રડવા પણ દઉં છું' એ શબ્દોને લીધે મેં થોડી હાર પણ માની લીધી હતી. હવે સાંજ સુધીમાં જો કોઈ ધાર્યું પરિણામ ના આવે તો હું જ બહેનને કહીશ કે તમે હવે ઘરે જાઓ અને ઘરે થોડા દિવસ પ્રયત્નો કરજો. બપોરે મારા સ્ટાફે આવીને કહ્યું કે બહેન તમને બોલાવે છે. જરાય ઈમરજન્સી ન હતી છતાં હું દોડી બહેનના રૂમમાં પહોંચ્યો. બહેને જે કહ્યું તે સાંભળવા માટે કાન ત્રણ દિવસથી રાહ જોતા હતા. 'ડૉક્ટર, થોડું પીળું અને એકદમ પાતળું પ્રવાહી મારા સ્તનમાંથી આવવાનું ચાલુ થયું છે. શું લાગે છે તમને?' મેં સ્વસ્થતા રાખી હતી પણ અંદરથી હું ખૂબ ખુશ હતો. ખરેખર એ બહેનને ધાવણ આવવાનું શરૂ થઈ જ ગયું કહેવાય. **દરેક નવજાત શિશુને ધાવણ શરૂ થાય ત્યારે શરૂઆતના પહેલા ત્રણ દિવસ આવું જ દૂધ આવે. તેને કોલોસ્ટ્રમ કહેવાય.** આ દૂધ આ બહેનને હવે ત્રીજા મહિને આવ્યું. પછી તો એ રાત્રે અને બીજા દિવસે સવારથી બહેનને ધાવણનો જથ્થો વધ્યો. ચોથા દિવસે તે બાળક સંપૂર્ણ સ્તનપાન પર આવી ગયું અને તે બહેને હોસ્પિટલમાંથી રજા લીધી. આ કામ થોડું અઘરું હતું પણ અસંભવિત ન હતું. તે સંભવિત થયું કારણકે એક માની મમતાએ આ કામ કરવું હતું. છેલ્લા ૧૫ વર્ષથી હું પણ મારી પાસે જે માતાઓ સ્તનપાનની તકલીફો માટે આવે છે અને અમને ધાવણ નહીં આવે તેવી વાત કરે છે ત્યારે તેમને આ વાત કરું છું. ત્રણ મહિના પછી પણ ધાવણ નવેસરથી શરૂ થઈ શકે છે તે શક્યતા જ ઘણી માતાઓમાં આત્મવિશ્વાસનો વધારો કરે છે. **દુનિયાના ઘણા અસંભવિત અને અઘરા કામો માટે જ્યારે એક માતા પ્રયત્નો શરૂ કરે છે ત્યારે તેનામાં કોઈ દૈવી શક્તિ આવી જાય છે અને વિજ્ઞાનને પણ તેની સામે ઝૂકવું પડે છે.**

*કલરવ ચિલ્ડ્રન હોસ્પિટલ*
*મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.*
*ફોન : (દવાખાનું) ૨૭૪૧૭૧૯૨, ૨૭૪૯૬૧૬૧*
*મો. ૯૮૯૮૦ ૦૧૫૬૬*

## અવાજનું અવનવું

- અવકાશમાં અવાજ હોતો નથી કે પસાર પણ થતો નથી.
- અવાજના મોજા હવા કરતાં પાણીમાં ત્રણ ગણી ઝડપે વહે છે.
- ઊંચા તાપમાનવાળી હવામાં અવાજ વધુ ઝડપથી ગતિ કરે છે.
- અવાજ સામાન્ય તાપમાને હવામાં દર સેકંડે ૩૪૦ મીટરની ઝડપે વહે છે.
- શૂન્યાવકાશ સિવાય અવાજ દરેક માધ્યમમાં પસાર થાય છે.
- અવાજ એ ઊર્જા છે પરંતુ અન્ય પ્રકારની ઊર્જા કરતાં ઘણી ઓછી ઊર્જા પેદા કરે છે.
- કૂતરાના કાન વધુ સંવેદનશીલ હોય છે. તે માણસ ન સાંભળી શકે તેવા અવાજ પણ સાંભળી શકે છે.
- વ્હેલનો અવાજ દરિયામાં ૮૦૦ કિ.મી. સુધી સંભળાય છે.
- ડોલ્ફિન પાણીના તળિયે ૨૪ કિ.મી. દૂર થતા અવાજ સાંભળી શકે છે.
- અવાજના મોજાને પ્રેશર વેવ્ઝ પણ કહે છે કેમકે તે જેમાંથી પસાર થાય તે માધ્યમને ધ્રુજાવે છે.
- અવાજ પહાડ કે ઊંચી દિવાલ જેવી મોટી વસ્તુ સાથે અથડાય ત્યારે પાછો ફરે છે અને પડઘો સંભળાય છે.
- અવાજની તીવ્રતા ડેસીબલમાં મપાય છે.
- અવાજમાં મોજાની ફ્રિક્વન્સી હર્ટઝમાં મપાય છે. ■

## ગરીબી

*ગરીબી બૂરી બલા છે, ને આ ગરીબીની લાડલી દીકરીનું નામ છે લાચારી.*

સમાજની ક્ષિતિજો

# સંબંધો એટલે આયુર્વેદિક દવા – તેનાથી ફાયદો થઈ શકે પણ નુકસાન તો નહીં જ થાય



ભોલાભાઈ ગોલીબાર

એક શહેરમાં એક શેઠ એની પત્ની અને વીસ વરસના દીકરા સાથે રહેતો હતો. એક દિવસ દીકરો બોલતો પોપટ ખરીદી લાવ્યો. આ વાત એના પિતાને ન ગમી. એના પિતા કોઈ જીવને કેદ કરી પોતાના ઘરમાં નહોતા રાખવા માંગતા. એણે દીકરાને સમજાવતા કહ્યું, **‘જો દીકરા, હું સમજું છું કે ગુલામી એ સંસારનો સૌથી મોટો શ્રાપ અને દંડ છે.** તું આ પાપમાં ભાગીદાર કેમ બને છે? તું આ પોપટને આઝાદ કરી દે અને તારી જેમ એને સ્વતંત્ર રીતે જીવવા દે.’ પણ દીકરાને પિતાની વાત સમજમાં ન આવી. દીકરાએ પોપટને ઘરમાં પાંજરામાં પૂરીને રાખવાની જીદ કરી અને એ પિતા સાથે વાદવિવાદ કરવા લાગ્યો. પિતા આ બધું સાંભળીને ચૂપ થઈ ગયા. એ પોપટને આઝાદ કરવાનો આઈડિયા વિચારવા લાગ્યા. પછી એ દીકરાની હાજરીમાં પોપટને એક વાક્ય શીખવાડવા લાગ્યા, ‘પાંજરું ખુલ્લું છે, જલદીથી અહીંથી ભાગી જા અને આઝાદ થઈ જા.’ થોડા દિવસમાં પોપટ પણ આ વાક્ય બોલતા શીખી ગયો અને એ વારંવાર બોલતો કે, ‘પાંજરું ખુલ્લું છે - જલદીથી અહીંથી ભાગી જા અને આઝાદ થઈ જા.’ થોડા દિવસ પછી પિતાએ પાંજરાનો દરવાજો ખોલી નાખ્યો. પોપટ પાંજરામાંથી બહાર નીકળી આંગણામાં ચારે તરફ ફરવા લાગ્યો. હરતા ફરતા એ એક જ વાત બોલતો, ‘પાંજરું ખુલ્લું છે, અહીંથી ભાગી જા અને આઝાદ થઈ જા.’

થોડીવાર પછી પોપટે શેઠના દીકરાને આવતા જોયો અને પાછો પાંજરામાં જતો રહ્યો. પણ મજાની વાત એ હતી કે પોપટે, શેઠે શીખવાડેલું રટણ કરવાનું ચાલું રાખ્યું. જ્યારે પણ એને પાંજરામાંથી દરવાજો ખોલી બહાર કાઢતા એ ઘરના આંગણામાં અહીં તહીં ફરતો અને પછી કોઈને આવતો જોઈ એ ફરી પાછો પાંજરામાં ઘૂસી જતો. પણ એ શેઠે શીખવેલા ત્રણ વાક્યનું રટણ ચાલુ રાખતો. શેઠજીએ થોડા દિવસ આ બધું જોઇ વિચાર્યું કે, ‘કેટલો મૂરખ છે આ પોપટ. એ જે બોલી રહ્યો છે તેનો એ અર્થ સમજી લે, તો ક્યારનોય આઝાદ થઈ ચૂક્યો હોત.’

દોસ્તો, આપણા જીવનની પણ આ જ સ્ટોરી છે. આપણે રોજ વૉટ્સએપ, ફેસબુક અને બીજી બધી રીતે ઘણું બધું જ્ઞાન મેળવીએ છીએ અને ઘણું બધું શીખીએ છીએ. રોજની ઘણી વાતો - ઘટનાઓ આપણી સામે ઘટે છે. આપણે એ પાંજરાના પોપટની જેમ બોલતા - સાંભળતા રહીએ છીએ. **પણ એની કોઈ અસર આપણી વાસ્તવિક જિંદગી અને કામકાજમાં નથી દેખાતી. જેના કારણે આપણે દુઃખ, ડિપ્રેશન અને ગુસ્સાના પાંજરામાં કેદ થઈને પડ્યા રહીએ છીએ.** આપણે બાળપણથી સાંભળતા આવ્યા છીએ કે સાચું-ખોટું અને પાપ - પુણ્યમાં શું ફરક છે. પણ એ આપણા માટે ફક્ત શબ્દો જ રહી જાય છે અને એનો અર્થ સમજવાનું આપણને જરૂરી પણ નથી લાગતું. આ જ કારણ આપણા દુઃખોનું સૌથી મોટું કારણ બન્યું. પણ આપણે રાબેતા મુજબ એના માટે ઈશ્વર અને ભાગ્યને દોષ આપતા રહીએ છીએ. હજુ પણ સમય છે. જો આપણે ઉમંગ - ઉલ્લાસના વિશાળ વાતાવરણમાં ઊઠવા માંગીએ છીએ તો આપણે જીવનના શબ્દોના અર્થને મનથી સમજવા પડશે. જો આપણે હકીકતમાં આવું કરી શક્યા તો આપણું જીવન કો'કના માટે તો પ્રેરણારૂપ બનશે જ.


*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*એશિયન પેઈન્ટ્સ ગોડાઉનની બાજુમાં,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## અણીની ક્ષણોએ દિશા પૂરી પાડવી

*ઈતિહાસ હંમેશાં નિર્ણયો લેનારા લોકોને યાદ કરે છે. અણીની ક્ષણો દરમિયાન ઈતિહાસ કેવળ એવા લોકોને ટોચ પર બેસાડે છે, જેઓ સમાજને દિશા પૂરી પાડી શકે છે.*

સમાજની ક્ષિતિજો

# કુરિવાજોને કાઢવા પડશે!



ભીમજી નાકરાણી
તંત્રી : 'સરદાર જ્યોતિ', 'ઉમિયા દર્શન'

મેં થોડા સમય પહેલાં ગાંધીજીનો એક લેખ વાંચેલો જેમાં તેમના સમયમાં લગ્નના કુરિવાજોની વાત હતી. આજે પણ આ લેખ એટલો જ પ્રસ્તુત છે. મતલબ કે ૧૦૦ વર્ષથી કુરિવાજો સામે લડાઈ ચાલતી રહી છે. છતાં સમાજ સુધારાવાદી વલણ અપનાવી શકતો નથી અને આની પાછળનું મુખ્ય કારણ છે દેખાદેખી, દેખાડાવૃત્તિ, અમીરી બતાવવાની વૃત્તિ અને જડતા!

કોઈ ધાર્મિક, સાંપ્રદાયિક નેતાઓ, રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો, રામકથા, શિવકથા, ભાગવત કથા કરનારા કથાકારો પણ ક્યારેય આ કુરિવાજો રૂપી ખપ્પરમાં હોમાવાનું બંધ કરવાની વાત કરતા સાંભળ્યા નથી. કારણકે **કુરિવાજ અંધશ્રદ્ધાનો જ એક ભાગ ગણવો.** સમાજ જેમ જેમ આર્થિક સધ્ધર થતો જાય છે તેમ તેમ કુરિવાજોનો ઉમેરો થતો જાય છે અને શિક્ષણ, અભ્યાસ, ડિગ્રીધારીઓ વધે છે પણ કેળવણીની વૈચારિક ભૂમિકાના અભાવે શિક્ષિત લોકો જાણવા છતાં વાતો કરે છે પરંતુ કુરિવાજોને છોડી શકતા નથી. જે સૌને ખબર છે અને અંતે 'લાંબા વાંહે ટૂંકો જાય, મરે નહીં પણ માંદો થાય'નો ઘાટ જોવા મળે છે. આજ સુધીમાં ક્યાંય કુરિવાજ નાબૂદી અભિયાન થયાનું યાદ નથી. સમાજ વિવિધ અભિયાનો ચલાવે છે. જો કે સમૂહ લગ્ન, કુરિવાજ ત્યજવા માટેનો હિસ્સો છે પરંતુ સફળતા મળી નથી.

આપણે ઘણાં ક્ષેત્રે ક્રાંતિ સર્જી છે. મારા અન્ય એક લેખમાં સપ્તક્રાંતિની વાત મેં કરી છે પરંતુ આ કુરિવાજોની નાબૂદીની ક્રાંતિનો સમાવેશ થતો નથી. આ ક્રાંતિ કરવાની હજુ બાકી છે. રૂઢિચુસ્તતા, કુરિવાજ, ખોટી પ્રથાઓ બંધ કરવાની પહેલ કોણ કરશે? એ પ્રશ્ન છે. પહેલ કરનારાઓ છે ખરા પણ પ્રારંભ કરે છે, વળી પાછા મૂળ ટ્રેકમાં આવી જ જાય છે.

વર્ષો પહેલાં સમાજ અશિક્ષિત હતો. વેરવિખેર અને આર્થિક રીતે પછાત હતો. તેમને જાગ્રત કરનાર કોઈ માધ્યમો ન હતા, જાણકારો ન હતા. સમાજશાસ્ત્રીઓ ન હતા. આને કારણે જે કોઈ રૂઢ માન્યતાઓ હતી તેમાં સુધારો થતો ન હતો. સમાજમાં સમજણ આવી, સમય ઘટતો જોયો, ચાર દિવસ રોકાતી જાન એક ટંક રોકાવા ઉપર આવી ગઈ. આ સુધારો થવા પાછળનું કારણ 'નવરાશ' ઘટવાનું જ હોઈ શકે. બીજું કોઈ દેખાતું નથી. સમયની માંગ મુજબ થોડા ઘણાં ફેરફારો થયા. વળી પાછા હતા ત્યાં ને ત્યાં આવી રહ્યા છીએ. સુધારાઓને બદલે વધારાઓ થઈ રહ્યા છે. રૂઢિગત માન્યતાઓને, કુરિવાજોને સજ્જડપણે છોડી શકનારાની સંખ્યા અડધો ટકો પણ દેખાતી નથી. આ આપણી કઠણાઈ ગણવી. આખા સમાજમાંથી કુરિવાજોનો ત્યાગ કરી દાખલો બેસાડનારા ૨૫થી ૩૦ ટકા જેટલી વ્યક્તિઓ આગળ આવે તો ધીમે ધીમે સૌને સત્ય સમજાય. પણ આ પ્રારંભ કરે કોણ?

સમાજમાં જન્મથી માંડી મરણ સુધી અનેક સારા-માઠા પ્રસંગોએ આપણે કુરિવાજોને પ્રોત્સાહન આપતા રહ્યાં છીએ. સૌપ્રથમ બાળકના જન્મને છઠ્ઠે દિવસે ઘરની સ્ત્રીઓ ભેગી થતી અને છઠ્ઠી થતી. સુખી-સંપન્ન લોકોએ આ દિવસે પણ સૌને નિમંત્રણ આપી દેખાડો શરૂ કરી દીધો છે. બાળકના જન્મ પહેલા 'સીમંત' વિધિ થાય છે.

પહેલાં ઘર-ઘરની બે પાંચ બહેનો સામે પક્ષે જઈને સીમંત કરી દીકરીને તેડી લાવતા. આજના સમયે સીમંતમાં ૫૦૦થી ૧૦૦૦ માણસોનો જમણવાર થાય છે અને બહેનોના આ પ્રસંગમાં ભાઈઓ પણ આવે અને પછી લેતી-દેતીનો નવો રિવાજ પણ ચાલુ થયો છે. જૂની પરંપરા સારી હતી. સમય અને પૈસા બચતા અને સરળતા રહેતી હતી. હવે તો 'લાડવા' લઈને જવામાં પણ સો-બસ્સો વ્યક્તિને લઈ જવાનો કુરિવાજ ચાલુ થયો છે. આને રોકી શકાય તેમ છે.

દીકરા-દીકરીના વેવિશાળ પ્રસંગે ૨૫થી ૩૦ વ્યક્તિ જતા, જેનાથી જે બની શકે તે મુજબ કપડાં અને ઘરેણાં લઈ જવાનો સામાન્ય રિવાજ આજે તો મહાકાય કુરિવાજમાં પરિણમ્યો છે. ૫૦૦થી ૭૦૦ વ્યક્તિઓનો જમણવાર,

લગ્ન જેવો જ ભપકો, સ્ટેજ ઉપર યુવક-યુવતીને મળીને હાથમાં કવર આપવાનો કુરિવાજ ખટકે છે. દેખાડો એટલો મોટો કે ઘટવાનું નામ લેતો નથી. આ પ્રસંગ તો બે ઘર વચ્ચેના પ્રિયજનોનો છે. લેતી-દેતી બંધ થવી જોઈએ અને સંખ્યા પણ મર્યાદિત કરી શકાય. સમાજે વિચારવું પડશે. કોઈક તો પહેલ કરો!

**સમય, શક્તિ, દિવસો, સંપત્તિનો સૌથી વધુ વ્યય, બગાડ 'લગ્ન' પ્રસંગમાં થાય છે.** જે પ્રસંગ સવારથી સાંજ સુધીમાં સાદાઈથી, ઘરઘરના સ્નેહીજનો વચ્ચે થઈ શકે. હવે મૂડીવાદીઓ અને તેને જોઈને સામાન્ય વર્ગ પણ રૂા. ૧૦૦થી માંડીને રૂા. ૧૦૦૦ સુધીના લગ્ન કાર્ડ! ગીત, ગરબા, લગ્ન, વરઘોડો, રોડ ઉપર નાચગાન, ફટાકડા, જમણવાર, રીસેપ્શન, ફૂલેકુ, મહેંદી રસમ, બધા મળીને ૩થી માંડીને પાંચ દિવસ સુધીના કાર્યક્રમો, ઝાકઝમાળ, લાખો - કરોડો રૂપિયાનો ધૂમાડો. સાથે સાથે મામેરૂ પણ પાથરવું, કરિયાવરનો દેખાડો, છાબ લઈને જવું - ચાંલ્લો કરવા આવવું. કેવા કેવા દેખાડા થાય છે. આ બધું જ વધેલા કુરિવાજમાં આવે છે અને આ રીતે દેખાદેખી કરી માથે દેવું કરીને પણ આ કુરિવાજોનો ભોગ બનનારા પછીથી ડૂબે છે. આમ છતાં સમાજ જાગતો નથી. કશુંય ઘટાડવા તૈયાર નથી. અનાજ અને રાંધેલા અન્નનો બગાડ વિચારનારાને આંચકો આપે તેટલા પ્રમાણમાં થાય છે.

આ કુરિવાજોમાંથી બહાર લાવવા સમાજે સમૂહલગ્ન, આર્યસમાજ, ગાયત્રી મંદિર વિધિનો પ્રારંભ કર્યો પરંતુ કુરિવાજો, જમણવાર અને લેતીદેતીના વ્યવહારમાં કોઈ ફરક પડ્યો નથી. તાજેતરમાં મારા એક ભત્રીજાના લગ્નમાં પાટ ઉઠામણ, ચાંદલા પ્રથા, પગે લગામણ, મામેરૂ ભરવું કે પછી કોઈપણ વિધિ વિધાનમાં કોઈપણ પ્રકારના આર્થિક વ્યવહારો સદંતર બંધ રાખવામાં આવ્યા હતા. થોડી ટીકા અને ચણભણ થઈ. કોઈ વાંધો નહીં. કુરિવાજને કાઢવાનો નવો પ્રયોગ કર્યો, કોઈ તકલીફ પડી નથી. આવું દરેક સમાજમાં કરવું જોઈએ. લગ્ન પ્રસંગમાં બધા કુરિવાજ ખરાબ છે. પણ આમાં સૌથી ખરાબ છે જાહેરમાં બેન્ડવાજા સાથે ભરબજારે ગરબાના નામે થતો ડાન્સ! અરે, વિચારો તો ખરા કે આપણે આ શું કરી રહ્યા છીએ? આપણી બહેન-દીકરીઓ ખુલ્લેઆમ આ રીતે ડાન્સ કરે તે વાત કેવી રીતે ચલાવી લેવાય?

મરણ પ્રસંગે મૃત્યુ પામનારની પાછળ બારમું, દસમું કે તેરમું, જમણવાર અને બાર દિવસ સુધી દિવસ-રાતની બેઠક. **સમય બદલાયો છે. લોકો પાસે સમય નથી. ત્યારે આપણે આમાં ફેરફાર કરી શકીએ.** હજુ સુધારો થતો નથી. ઋષિપંચમી અને શ્રાદ્ધ માટે દૂર દૂરથી બધાને ભેગા કરવા કરતાં જ્યાં હોય ત્યાં પાંચમ કરી શકાય છે. **કુરિવાજો ત્યજો, સમયની માંગ છે.** દેખાદેખીમાં ડૂબી જઈશું. સૌ પોતપોતાની રીતે પહેલ કરીએ તો કેમ?

*ઇ-૧૦૩, સહજાનંદ રેસિડેન્સી,*
*હેલ્મેટ સર્કલ પાસે,*
*મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.*
*મો. ૯૭૨૩૩ ૩૬૪૮૨*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

*કોઈપણ વ્યક્તિ, સુજ્ઞ વાચકવર્ગને શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલયમાં અગર કોઈપણ ખાતા અથવા વિષયની રકમ બેંક ખાતામાં જમા કરાવવી હોય તો સમાજના બેંક ખાતાની વિગત અત્રે જણાવેલ છે.*

| | |
|---|---|
| **નામ** / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kutchhi Samaj – Ahmedabad.** |
| **બેંક** | : **ભારતીય સ્ટેટ બેંક,** પાલડી બ્રાંચ, બોની ટ્રાવેલ્સની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૦૬. |
| **Bank** | : **State Bank of India,** Paldi Branch, B/s. Bony Travels, Ahmedabad-380006. |
| **ખાતા નંબર** | : **૧૦૦૧૧૩૧૫૦૩૯ - A/C No. : 10011315039 • Bank Phone : (079) 26577952** |
| **આઈએફએસ કોડ** | : **IFS Code : SBIN0005306** |

*ઉપર મુજબ કાર્યવાહી બાદ તે ટ્રાન્ઝેક્શનની વિગત આ સમાજને **SMS**, વોટસ-અપ, પત્ર અથવા ઈ-મેઈલ દ્વારા કરવી જરૂરી છે.*

**Tel : (079) 26576184, 40076184 • Email : Kutchhisamaj@gmail.com**

**કાર્યાલયનું સરનામું : શ્રી કચ્છી સમાજ-અમદાવાદ** : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. **વોટ્સઅપ : ૯૬૦૧૨૭૫૦૭૮**

વિચાર મંથન

# લેખક કે સાહિત્યકાર કેવી રીતે બની શકાય?

• ડૉ. મિહિર એમ. વોરા •

*લેખક કે સાહિત્યકાર કેવી રીતે બની શકાય તેનું ધારદાર વક્તવ્ય ૧૯૩૬માં ભારતમાં પ્રગતિશીલ લેખકસંઘની સ્થાપના થઈ ત્યારે તેનાં ઉદ્‌ઘાટન અધિવેશનમાં શ્રી મુનશી પ્રેમચંદજી દ્વારા અપાયેલું અધ્યક્ષીય પ્રવચન અહીં 'વિશ્વના યાદગાર પ્રવચનો'માંથી લેખકશ્રી દ્વારા સાભાર લેવામાં આવ્યું છે. સમાજને સાચા માર્ગે વાળવાની દિશાથી લખાયેલી સત્ય વાતોથી અને પ્રસન્નતાને વહેંચવાથી લેખક થઈ શકાય... તે સંબંધી લેખમાં પ્રસ્તુત વિચારો વાચકવર્ગને રસપ્રદ જણાશે.*

*– તંત્રી મંડળ*

*શ્રી મુનશીજીના શબ્દોમાં :*

*"દેશકાળ પ્રમાણે સાહિત્યએ અલગ અલગ ભૂમિકા નિભાવવી પડે છે. કોઈક કાળે તે મનોરંજનનું માધ્યમ હતું પરંતુ આજના કાળમાં મનોરંજન માટે અનેક સાધનો ઉપલબ્ધ છે. એ માટે સાહિત્યના સહારાની કોઈને જરૂર નથી. આજના જમાનામાં સાહિત્યએ જો કોઈ મુખ્ય ભૂમિકા ભજવવાની હોય તો એ છે "જીવન વિકાસકની." **માનસિક તાણ અને સંઘર્ષ વચ્ચે જીવતી નવી પેઢીને હળવા કરીને તેમને જીવનનો યોગ્ય પથ બતાવવાનું કામ વર્તમાન સમયમાં સાહિત્યએ કરવાનું છે.** આ કામને પાર પાડવા માટે એ પ્રકારની ઉત્તમ રચનાઓ આપણને જોઈશે. એ ઉત્તમ કૃતિઓ રચી શકે એવા સર્જકની પણ આપણને જરૂર પડવાની. એવા ઉત્તમ સર્જક બનવા માટે જીવનની ઊંચાઈ સૌથી મહત્ત્વની બાબત રહેવાની. માન પ્રતિષ્ઠા વધારવા માટે, પૈસા ભેગા કરવા માટે, લોકોમાં વાહ-વાહ થાય એ માટે જે લખતા હશે તેઓ આ કામ નહીં કરી શકે. માત્ર ઢગલો જેટલા પુસ્તકો લખીને કે ભાતભાતના ઍવોર્ડ મેળવીને સાહિત્યકાર બની શકાતું નથી. **સાહિત્યકાર બનવા માટે વિચારોની ઊંડાઇ અને જીવનની ઊંચાઈ – એમ બંનેની આવશ્યક્તા છે.** આ અનુભૂતિનો પ્રદેશ છે. સાચો સાહિત્યકાર પોતાની કૃતિ વાચકને નથી આપતો પરંતુ પોતાના સ્વને, પોતાની અનુભૂતિને વાચકના માનસપટ પર એ રીતે ચિત્રિત કરી દે છે કે ઘડીભર વાચક પોતાના જીવનથી બે વેંત ઊંચો ઉઠ્યો હોય એમ તે અનુભવી શકે છે. લેખક કેવી રીતે બનાય એ બાબતો જાણવી જોઈએ. સાચા અર્થમાં સાહિત્યકારને ઓળખવા અને લેખકે સાચા વાચક પ્રથમ બનવાનું છે. સારો વાચક હંમેશાં સારું લેખન કરી શકે છે. હા, વાચનનું સાહિત્ય એકદમ તટસ્થ હોવું જરૂરી છે. **ભાષા સાધન છે, સાધ્ય નથી.** ભાષા બોલચાલની પણ હોય છે અને લખવાની પણ. બોલચાલની ભાષાથી આપણા નજીકના લોકો સમક્ષ આપણા વિચારો પ્રગટ કરીએ છીએ - આપણા હર્ષ શોકના ભાવોનું ચિત્ર દોરીએ છીએ. સાહિત્યકાર તે કામ કલમ દ્વારા કરે છે. પરંતુ મારો કહેવાનો આશય એ નથી કે જે બધું લખવામાં આવે, તે બધું સાહિત્ય જ છે. **સાહિત્ય તો એ રચનાને કહેવાય જેમાં સચ્ચાઇ પ્રગટ કરવામાં આવી હોય.** જેની ભાષા પ્રૌઢ, પરિમાર્જિત અને સુંદર હોય તથા જેનામાં દિલ અને દિમાગ પર પ્રભાવ પાડવાનો ગુણ પણ હોય. અને સાહિત્યમાં આ ગુણ પૂર્ણ રૂપથી ત્યારે જ ઉત્પન્ન થાય છે જ્યારે તેમાં જીવનની સચ્ચાઈઓ અને અનુભૂતિઓ વ્યક્ત કરવામાં આવી હોય. સાહિત્યની અનેક વ્યાખ્યાઓ કરવામાં આવી છે, પણ મારે મન તેની સર્વોત્તમ વ્યાખ્યા 'જીવનની આલોચના' છે. પછી ભલે તે નિબંધના રૂપમાં હોય, વાર્તાના રૂપમાં હોય કે કાવ્યના. તેણે આપણા જીવનની આલોચના અને વ્યાખ્યા કરવાની છે."*

આહા!! મિત્રો કેવા શબ્દો છે શ્રી મુનશી પ્રેમચંદજીના! આ વાત મારા જેવા અનેક નવા નિશાળિયા લેખકોને યાદ રાખવા જેવી છે. **કવિ કે સાહિત્યકારની અનુભૂતિમાં જેટલી તીવ્રતા હોય છે એટલી તેની રચના આકર્ષક અને ઊંચી કક્ષાની હોય છે.** જે સાહિત્યથી આપણી સુરુચિ ન જાગે, આધ્યાત્મિક અને માનસિક તૃપ્તિ ન મળે, આપણામાં શક્તિ અને ગતિ ઉત્પન્ન ન થાય, આપણો સૌંદર્યપ્રેમ જાગૃત ન થાય – જે આપણામાં સાચો સંકલ્પ અને મુશ્કેલીઓ પર વિજય મેળવવાની સાચી દ્રઢતા ન ઉત્પન્ન કરે, તે આપણા માટે બેકાર છે, તે સાહિત્ય કહેવડાવવાનું અધિકારી નથી. સામાન્ય વકીલોની જેમ સાહિત્યકાર પોતાના અસીલ તરફથી ઉચિત - અનુચિત બધા પ્રકારના દાવા રજૂ નથી કરતો. અતિશયોક્તિથી કામ નથી લેતો, પોતા

તરફથી વાતો ઉપજાવી નથી કાઢતો. તે જાણે છે કે આવી યુક્તિઓથી તે સમાજની અદાલતને પ્રભાવિત નહીં કરી શકે. તે અદાલતનું હૃદય પરિવર્તન તો ત્યારે જ થાય જ્યારે તમે સત્યથી જરા પણ વિમુખ ન હો, નહિતર અદાલતની ધારણા તમારે માટે ખરાબ બની જશે અને તે તમારી વિરુદ્ધમાં ફેંસલો આપશે. તે વાર્તા લખે છે, પણ વાસ્તવિક્તાનું ધ્યાન રાખીને, મૂર્તિ બનાવે છે પણ એવી કે તેમાં જીવંતતા પણ હોય અને ભાવવ્યંજકતા પણ! તે માનવ પ્રકૃતિનું સૂક્ષ્મતાથી અવલોકન કરે છે, મનોવિજ્ઞાનનું અધ્યયન કરે છે અને તેનાં પાત્રો દરેક સ્થિતિમાં અને દરેક પ્રસંગે એનું આચરણ કરે, જેવું રક્તમાંસનો માણસ કરે – એ રીતનો પ્રયત્ન કરે છે. પોતાની સહજ અનુભૂતિ અને સૌંદર્યપ્રેમને કારણે તે જીવનનાં તે સૂક્ષ્મ સ્થાનો સુધી પહોંચી શકે છે જ્યાં માણસ પોતાની સીમાને લીધે પહોંચી શકવામાં અસમર્થ હોય છે. નવા સાહિત્યકારો પોતાની બહુજ્ઞતા અને પોતાના વિચારોના વિસ્તારથી વાંચકને જાગ્રત કરે, વાંચકની દૃષ્ટિ અને વાંચકની માનસિક ક્ષિતિજોનો વિસ્તાર કરે. **સાહિત્ય આપણા જીવનને સ્વાભાવિક અને સ્વાધીન બનાવે છે. બીજા શબ્દોમાં, તેને લીધે મનનો સંસ્કાર થાય છે. એ એનો મુખ્ય ઉદ્દેશ બતાવે અને વંચાવે તે સારો લેખક બની શકે છે.** જેમને ધનવૈભવ હોય છે, સાહિત્ય મંદિરમાં તેમના માટે સ્થાન નથી. તે વાત અનુસરીને નવા લેખકોએ લેખનની શરૂઆત કરવી જોઈએ. ગુજરાતી સાહિત્યના એક સુપ્રસિદ્ધ સાહિત્યકાર ધીરુબહેન પટેલના એક લેખમાં એમણે એમ લખ્યું હતું કે "સાહિત્યકાર તરીકે આપણે એ વાત જાણવી જોઈએ કે આપણા લખેલા લેખો વાંચવા માટે વાચકવર્ગ પોતાના જીવનની દસ-પંદર મિનિટ જેટલો કિંમતી સમય આપે છે. એ દસ-પંદર મિનિટમાં જો આપણે એને પ્રસન્ન, પ્રફુલ્લિત અને તરોતાજા કરીને ન મોકલીએ તો આપણે આપણા લેખનમાં સફળ નીવડ્યા ન કહેવાઈએ. **લખાણ મનોરંજન કરતાં જીવનપ્રેરક બનવું જોઈએ.** મનોરંજનનું કામ ચેનલો સારી રીતે કરી જ રહી છે. લેખકનું એ કામ નથી." ગુજરાતી સાહિત્યના એક સુપ્રસિદ્ધ સાહિત્યકાર મૃગેશ શાહના એક લેખમાં એમણે એમ લખ્યું હતું કે "જે વાંચીને બીજાનું મન પ્રસન્નતાથી ભરાઈ જાય અને તેના જીવનને એક દિશા મળે એવું લખાણ લખવાનું સામર્થ્ય તે જ કેળવી શકે જે લખનાર પોતે અંદરથી પ્રસન્ન અને સંતુષ્ટ હોય. આ ઉપરાંત તેઓ જણાવે છે કે "પ્રત્યેક લેખક તેમજ લેખક બનવા ઈચ્છનાર વ્યક્તિએ એ સમજવું જોઈએ કે **આજનો પ્રત્યેક વાચક ખૂબ કિંમતી છે.** વાચક સહેલાઈથી નથી મળતો. આજનો યુગ ઇલેક્ટ્રોનિક ઉપકરણોનો યુગ છે. કોઈ વાચક પોતાનું ટી.વી., આઈપોડ, મોબાઈલ, મ્યુઝિક સિસ્ટમ બંધ કરીને શાંતિથી કંઈક પ્રસન્નતા મેળવવા માટે એક પુસ્તક લઈને બેસે છે તો એ પુસ્તક લખનારની જવાબદારી અનેકગણી વધી જાય છે. ઉપકરણોમાંથી એને જે નથી મળ્યું એ પામવા માટે તો એ પુસ્તક લઈને બેસે છે! આવા સંજોગોમાં સ્વસ્થ અને પ્રસન્ન કરે એવા લખાણની જગ્યાએ ચીલાચાલુ લખાણ છપાયેલું હશે તો એનાથી કેવું ચિત્ર વાચકના મનમાં બંધાશે? લેખકોએ યાદ રાખવું કે આપણે પોતાના અને સમાજના દુઃખો વાચકો સામે નથી મૂકવાના, બલકે વાચકના અંતરંગ વિશ્વમાં પ્રવેશ કરીને એના દુઃખો હળવા કરવાના છે. સમાજમાં શું ચાલે છે એ દર્શાવવાનું કામ ચોવીસ કલાક ન્યુઝ ચેનલો અને અખબારો કરે જ છે. સાચા લેખક જેમણે બનવું હોય તેનું એ ક્ષેત્ર નથી." તેઓ એક સારું ઉદાહરણ આપે છે કે જેમ ગાનારે પોતાના ગળાનો ખ્યાલ રાખવો પડે તેમ **જેને ખરા અર્થમાં લેખક બનવું હોય એણે પોતાનું આચરણ, ચરિત્ર અને આંતરિક શુદ્ધિનો ખ્યાલ રાખવો પડે.** કોલમિસ્ટ બનવું આસાન છે, લેખક બનવાનું આસાન નથી. જે ખરા અર્થમાં સાહિત્યકાર છે એ પોતાના નિજાનંદ માટે લખતો હોય. એ લખ્યા વગર રહી શકે નહીં માટે લખતો હોય. એ ન લખે તો એને બેચેની થાય. લખાણ પાછળ એનો ઉદ્દેશ આત્મસુખથી વિશેષ કંઈ ન હોય. એને પોતાની કલા ખીલવવી હોય, એનો આંતરિક આનંદ માણવો હોય – તેથી તેનું લેખનકાર્ય પ્રવાહી હોય. કોઈ વાંચે કે ન વાંચે એનો તેને ફરક ન પડતો હોય. લેખક કોઈ પ્રકારના પુસ્તકો લખવાથી, ભાષાઓનો અભ્યાસ કરવાથી, અલંકારો ગોઠવવાથી, મોટામોટા ઍવોર્ડો મેળવવાથી, સમારંભો ગજાવવાથી નથી બનાતું, **પોતાની આંતરિક જાગૃતિ, સમાજને સાચા માર્ગે વાળવાની દિશાથી લખાયેલી સત્ય વાતોથી અને પ્રસન્નતાને વહેંચવાથી લેખક બનાય છે.**

આમ આવો, કંઈક નવીન લખાણ કરીને સમાજને નિજાનંદમય વાંચક બનાવીએ અને સારા લેખક બનવાના પ્રયત્ન કરીએ.... ■

**હમસફર**

*સમજુ અને ભણેલ ગણેલ સંતાનો પોતાના એકલા પડી ગયેલા વડીલો માટે કોઈ હમસફર - સાથી શોધવાનું જરૂરી સમજશે તો આ દુનિયાના કેટલાક વડીલ લોકોની લાચારી, નિરાશા અને ઉદાસી ઉચાળા ભરશે.*

લઘુકથા

# અવઢવ



નવીન ત્રિપાઠી 'અલ્પ'

મજૂરીકામથી થાકેલો, સાઇકલની ચેઈન ઉતરી જતાં, ચાલતે ચાલતે ચંપલની પટ્ટી પણ તૂટી જતાં તે શેરીમાં આવ્યો. ફળિયાની ઝાંપલીને ધક્કો મારી આંગણામાં આવી સાઇકલને ભીંતને ટેકે ઊભી રાખીને ઘરને દરવાજે તાળુ જોતાં પડોશીને પૂછતાં જાણ્યું કે તેણી ઘરની ચાવી આપીને માવતરે જવા હમણાં જ રેલવે સ્ટેશને ગઈ!

કદીયે ન રીસાતી તેણી આજે સવારમાં નજીવી વાતનું વતેસર થતાં ઘર છોડીને ચાલી ગઈ.

તેણે સાઇકલની ચેઇન જેમતેમ સરખી કરીને રેલવે સ્ટેશને જવા માટે ઝડપથી હંકારી. સ્ટેશનમાં જોયું તો આગગાડી જેવી આવી તેવી ઉપડી. તેણે તેને ઝડપથી ડબ્બામાં ચડતી જોઈને તે પણ દોડ્યો. પણ પછી હાંફતો હાંફતો ઊભો રહી ગયો.

**આગગાડીનાં ડબ્બાની બારીમાંથી તેણીએ હાથ લંબાવીને આવજો કહ્યું કે આવજો કર્યું તે સમજવાની અવઢવમાં તે નિરાશ થઈ સ્ટેશનની બહાર આવ્યો** ને હવે તો ભૂખ પણ લાગી હતી. તેથી રેંકડીમાંથી જલેબી - ગાંઠિયાનું પડીકું લીધું. નાસ્તો કરવાનું મન તો થઈ જ ગયું પણ પછી નાસ્તાનું પડીકું સાઇકલના હેન્ડલમાં લટકાવીને વિચાર્યું કે તેણી ઘેર આવશે ત્યારે નાસ્તો ભેગા જ કરીશું.

બીજે દિવસે પણ તે આ સમયે જ રેલવે સ્ટેશને આવ્યો. ગાડી આવી તેવી જ ઉપડી. તેણીએ હાથ હલાવીને આવજો કહ્યું કે આવજો કર્યું તેની અવઢવમાં તે થાક્યો ત્યાં સુધી દોડ્યો ને પછી નિરાશ થઈ નાસ્તાની રેંકડીમાંથી જલેબી ગાંઠિયાનું પડીકું બંધાવતા બોલ્યો, 'ભેગું અથાણું ને મરચાં પણ બાંધજો ભલા!'

ત્રીજે દિવસે પણ તે આ સમયે જ રેલવે સ્ટેશને આવ્યો. ગાડી આવી તેવી જ ઉપડી. ને શું કરવું તેની અવઢવમાં ગાડી સમાંતર દોડતો જ રહ્યો. આગગાડીનાં છેલ્લા ડબ્બાની લાલ લાઈટ પશ્ચિમાકાશમાં અસ્ત થઈ રહેલ તારક સાથે ટપકું થઈને ભળતી રહી, ત્યાં સુધી બસ દોડતો જ રહ્યો. નાસ્તાની રેંકડીવાળો પણ ઘેર જવા માટે સામાન સંપેટતાં ને યાદ આવતાં જલેબી - ગાંઠિયાનું પડીકું બાંધતા બાંધતા બોલ્યો, આજે તો તે નક્કી ગાડીનાં ડબ્બામાં ચડી ગયો લાગે છે! અથવા....

પછી નાસ્તાનું પડીકું સાઇકલના હેન્ડલમાં લટકાવતા ઉમેર્યું, જલેબી ગાંઠિયા ભેગું અથાણું બાંધ્યું છે! ને સાથે મરચા પણ છે હોં! મોજ કરો!

સપ્તરંગી ખીલતી સંધ્યા સમયે આઘેઆઘે નીરદછાયી ટેકરીઓમાં પદરવના પ્રતિધ્વનિ જાણે પડઘાતા રહી કથન કરતા રહ્યા. ઝંઝાવાતી અર્ણવમાં સપડાયેલી ડૂબતી હોડીમાંથી વિખૂટા પડેલા પ્રવાસીઓ એકબીજાને અતુટ ઋણાનુબંધથી ક્યાં ને ક્યાં, ક્યારે કે અત્યારે, આજે કાલે કે કાલાંતરે પણ મળે જ છે, મળશે! અવશ્ય મળશે!! મળશે??

*ડી-૫, અરિહંત નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

## લક્ષ્મીને પણ સૂંઘીને લેતાં શીખીએ

આપણે બજારમાં ઘી કે તેલ લેવા જઈએ છીએ ત્યારે લેતાં પહેલાં સૂંઘીએ છીએ. કેરી કે અગરબત્તીની પણ સોડમ લઈએ છીએ; માટલાં લેવા જઈએ તો પણ ટકોરા મારીને ખરીદીએ છીએ. આમ, આપણે જે કંઈ ટકોરા મારીને ખરીદીએ છીએ તેને જ ઘરમાં લાવીએ છીએ. પણ, આપણે આપણા ઘરમાં જે કંઈ લક્ષ્મી લાવીએ છીએ, તેને નથી સૂંઘતા, નથી ચકાસતા કે નથી ટકોરા મારતા! એ તો ગમે તેટલી, ગમે ત્યાંથી, ગમે તે રીતે આવી હોય તોય કશો વાંધો નહીં!

વસ્તુતઃ એક એક કણની જેમ એક એક પૈસો જે કમાઈએ તેને પૂછતાં શીખો કે તે ક્યાંથી, કેવી રીતે આવ્યો? નીતિથી, પ્રામાણિકતાથી, ધર્મથી આવેલો છે કે કેમ એ સૂંઘતાં શીખો. આપણને એ તો ટેવ જ નથી. જે કમાયા તે ચપ દઈને ઘરમાં ન ઘાલીએ, ને લક્ષ્મીને પણ સૂંઘીને લેતા શીખીએ, તો સુખ જ સુખ થઈ જશે.

*– રવિશંકર મહારાજ*

લઘુકથા

# મોબાઇલ



નિખિલ એચ. ઠક્કર

આમ તો દેવુભા ઓફિસનો પટાવાળો. પણ ગમતીલો માણસ. બધા સાથે હળીભળી જાય. મોબાઈલનો શોખીન. એમાંય ઓફિસના જૂનામાં જૂના ક્લાર્ક નિરંજન મહેતા સાથે ખૂબ બને. બંને જૂની ફિલ્મોના ગીતોના શોખીન. આજે ભારે વરસાદ પડ્યો અને નિયમ પ્રમાણે લાઇટ ‘ગુલ’ થઈ ગઈ. ઓફિસમાં આજે નિરંજન મહેતા અને દેવુભા સિવાય કોઈ નહીં! ત્યાં દેવુભા નિરંજનભાઈની ટેબલ પર આવીને ઝુક્યા, “મહેતાભાઈ, આ જુવો, નવો મોબાઇલ. હાલે જ છોકરાએ લઈ દીધો. નવ હજારનો છે હોં! ૩૪૫ ગીતો ડાઉનલોડ કર્યા છે. બધા જ જૂના છે. મુકેશ, રફી, કિશોર અને લતાજીના છે. સાંભળો તો ખરા!”

નિરંજને દેવુભાનો મોબાઇલ લઈ પોતાના કાન પર ધર્યો. પોતાનો મોબાઈલ આજે ભૂલી ગયા હતા. ધીમે ધીમે વાગતા મોબાઈલ પર નિરંજનભાઈ ગીતો સાંભળવા લાગ્યા. પંદર મિનિટ થઈ. દેવુભા ટેબલની બાજુમાં પડેલા સ્ટુલ પર બેસી નિરંજનભાઈના ખુશીભર્યા ચહેરાને જોઈ રાજી થતા હતા. ત્યાં ઓફિસની કામવાળી આવી. એ દેવુભાની પત્ની હતી. ઓફિસમાં ઝાડું કાઢવું, પાણી ભરવું અને બીજા નાના પરચૂરણ કામ હોય તો કરવા અને થોડો પગાર.

ત્યાં દેવુભાની પત્નીએ ઓફિસમાં ઝાડું ફેરવવું શરૂ કર્યું. સફાઈકામ કરતી વખતે દેવુભાની પત્નીનું ધ્યાન નિરંજન મહેતા, પોતાના પતિ દેવુભાના મોબાઈલમાંથી ગીતો સાંભળી રહ્યા હતા તે પર જ હતું. દેવુભા નિરંજન મહેતા જે ગીતો સાંભળીને આનંદ પામતા હતા અને એ જોઈ દેવુભા રાજી થતા હતા, આ દૃશ્ય જોઈ દેવુભાની પત્નીએ મોઢું બગાડ્યું. ઓફિસના બાથરૂમ - લેટ્રીનની પાસે પડેલી કચરાપેટીમાં કચરો નાખતી વખતે દેવુભાની પત્નીએ બૂમ પાડીને દેવુભાને બોલાવ્યા. દેવુભા પત્ની પાસે પહોંચ્યા. ત્યાં જ એમની પત્નીએ, દેવુભાને ઊંચા સ્વરમાં વઢી લેતી હોય તેમ બોલી, “અરે તમે આ શું કરો છો? તમારો મોબાઈલ, કાલે જ તમારા દીકરાએ નવો લઈ દીધો છે. એ મહેતાભાઈને આપીને એને ગીતો સંભળાવો છો? બેટરી ખલાસ થઈ જશે. તમારે એવી સખાવત કરવાની જરૂર શું છે? લઈ લ્યો મોબાઇલ પાછો. નવરા નહીં તો!”

દેવુભા મુંઝાયા. અચકાયા અને ધીમે રહીને નિરંજન મહેતાની ટેબલ પર આવીને કહેવા લાગ્યા, “મહેતાભાઈ, આ જરા... મોબાઈલ લાવોને, મારા દીકરાને જરા ફોન કરવો છે.” નિરંજનભાઈએ દેવુભાને ફોન આપ્યો અને દેવુભાની પત્ની, જે ઝાડું હાથમાં લઈ, મંદમંદ મુસ્કાન કરી રહી હતી, તે તરફ જોઈ અને દેવુભાને કહ્યું, “દેવુભા, આ લ્યો તમારો મોબાઈલ.” અને માનવ મનમાં રહેલી ઈર્ષ્યાના ભાવને મનોમન સ્વીકારતા પોતાની ઓફિસના કામમાં મંડી પડ્યા.

*એન-૧૪, ‘શ્રી હરિ’ મારૂતિ પ્લોટ્સ, સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

## જિંદગીનો વીમો

એક યુવાન આજથી ત્રણેક વર્ષ પહેલાં મને મળેલો. ત્યારે એ બી.એ.ના છેલ્લા વર્ષમાં હતો.

ગઈકાલે એ ફરી મને મળ્યો ત્યારે વીમો ઉતરાવીને પાછો ફરતો હતો.

મેં સહજ પૂછ્યું : ‘ઉંમર તો નાની છે. અત્યારથી વીમો શું કામ ઉતરાવ્યો?’

એ કહે : ‘જિંદગીનો શો ભરોસો? કાચ જેવી આ કાયા! કંઈક થઈ જાય તો મારી પત્નીને એ કામ તો લાગે.’

મારાથી પૂછાઈ ગયું : ‘તો સાથે પ્રભુનું નિત્યસ્મરણ, દાન અને સામાયિક વિ. પણ કરતા જ હશો!’

મારો પ્રશ્ન સાંભળી એ જરા ઊંચે સાદે બોલ્યો : ‘આ કેવી વાત? આ ઉંમર તે કંઈ આવું બધું કરવા માટે છે? એ માટે તો હજુ ઘણાંય વર્ષો આગળ પડ્યા છે.’

આ ઉત્તરથી મને હસવું તો આવ્યું, પણ ચૂપ રહ્યો.

*– ચિત્રભાનુ*

લઘુકથા

# ખોડ



રજનીકાંત ઓઝા

દિવાળીના દિવસો હતા. નાના નાના બાળકો ફટાકડા ફોડતા હતા અને કિકિયારી કરતા હતા અને ફટાકડા ફોડવાનો આનંદ માણતા હતા.

થોડે દૂર એક અનાથ બાળક આ બધું જોઈ રહ્યો હતો. એમને પણ ફટાકડા ફોડવાનું મન થતું હતું. પણ એમની પાસે ફટાકડા હતા નહીં. એમને વળી કોણ ફટાકડ લઈ આપે? એમનું તો કોઈ હતું જ નહીં.

રમણિકલાલની નજર આ બાળક પર પડી. તેઓ બાળક પાસે ગયા અને પૂછ્યું : “તારે ફટાકડા ફોડવા છે?”

બાળકે માથું હલાવી હા પાડી.

રમણિકલાલ તે બાળકને ફટાકડા બજારમાં લઈ ગયા અને તેને બધા જ પ્રકારના ફટાકડા લઈ આપ્યા. પેલું અનાથ બાળક તો રાજી રાજી થઈ ગયું.

બાળકનો રાજીપો જોઈ રમણિકલાલની આંખ ભીની થઈ ગઈ. તેઓ મનોમન વિચારવા લાગ્યા, ‘મારી પાસે તો બધું જ છે પરંતુ કુદરતે શેર માટીની ખોડ રાખેલ છે!!’

*મલ્લ શેરી, સોનીવાડ પાસે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૮ ૯૫૮૭૦*

## ફિલ્મ કલાકારોના વાસ્તવિક નામો

- શિલ્પા શેટ્ટીનું વાસ્તવિક નામ અશ્વિની શેટ્ટી છે. કિશોરી હતી ત્યારે એક ન્યુમરોલોજિસ્ટે તેનું નામ શિલ્પા રાખવાની સલાહ આપી હતી. તેથી તેનું અશ્વિની નામ બદલીને શિલ્પા રાખવામાં આવ્યું.
- રણવીર સિંહનું મૂળ નામ રણવીર સિંહ ભાવનાની છે.
- અજય દેવગણનું અસલી નામ વિશાલ દેવગણ છે.
- કાજોલનું મૂળ નામ કાજોલ મુખર્જી છે પરંતુ તેણે ફિલ્મમાં કારકિર્દી શરૂ કર્યા બાદ પોતાની અટક નામથી દૂર કરી નાખી.
- જોન અબ્રાહમનું વાસ્તવિક નામ ફરહાન છે. પછીથી પિતાની સલાહ પર જોન નામ અપનાવ્યું.
- સુપરસ્ટાર રાજેશ ખન્નાનું અસલી નામ જતીન ખન્ના હતું.
- મિથુન ચક્રવર્તીનું રીયલ નેમ ગૌરાંગ ચક્રવર્તી છે.
- રેખાનું સાચું નામ ભાનુરેખા ગણેશન છે.
- સની દેઓલનું વાસ્તવિક નામ અજયસિંહ દેઓલ છે.
- બોબી દેઓલનું મૂળ નામ વિજયસિંહ દેઓલ છે.
- ધરમસિંહ દેઓલ નામ લાંબું લાગતા ધર્મેન્દ્ર નામ રાખી દીધું.
- ટાઇગર શ્રોફનું વાસ્તવિક નામ હેમંત જય શ્રોફ છે.
- સુપરહીરો રજનીકાંતનું મૂળ નામ શિવાજીરાવ ગાયકવાડ છે.
- ધર્મ દેવદત્ત પિશોરીમલ આનંદ નામ બહુ લાંબું લાગતું હોવાથી દેવ આનંદ બની ગયો.
- યુસુફ ખાન બની ગયો દિલીપ કુમાર.
- રાજ કપૂરનું પૂરું નામ રણબીર રાજ કપૂર છે.
- હેમા માલિનીનું વાસ્તવિક નામ હેમા માલિની ચક્રવર્તી છે.
- જેકી શ્રોફનું અસલી નામ જયકિશન જેકી શ્રોફ છે.
- ગોવિંદા આહુજાએ પોતાના નામ પાછળથી અટક દૂર કરી ગોવિંદા તરીકે ઓળખાવા લાગ્યો.
- જિતેન્દ્રનું ફિલ્મોમાં આવતા પહેલાનું નામ રવિ કપૂર હતું.
- મહિમા ચૌધરીનું મૂળ નામ ઋતુ ચૌધરી હતું. પરંતુ સુભાષ ઘાઈએ તેને મહિમા નામ આપ્યું.
- હરીહર જેઠાલાલ ઝરીવાલાને લોકો સંજીવ કુમારના નામથી ઓળખે છે.
- મનોજ કુમારનું વાસ્તવિક નામ હરિકૃષ્ણ ગોસ્વામી છે.
- નાના પાટેકરનું મૂળ નામ વિશ્વનાથ પાટેકર છે.
- મંદાકિનીનું વાસ્તવિક નામ યાસ્મિન જોસેફ છે.
- મીના કુમારીનું મૂળ નામ મહઝબીન બાનો છે.
- નરગીસનું વાસ્તવિક નામ ફાતિમા રશીદ છે.
- કિશોર કુમારનું મૂળ નામ આભાસકુમાર ગાંગુલી છે.
- ગોવર્ધન અસરાનીએ પોતાના નામમાંથી અટક દૂર કરીને અસરાની નામથી ઓળખાયો.
- અશોકકુમારનું વાસ્તવિક નામ કુમુદલાલ ગાંગુલી છે.

*સૌજન્ય : “ગુજરાત સમાચાર”*

સ્વાસ્થ્ય

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર – (૩)

● ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક) ●

ગયા લેખમાં આપણે જાણ્યું કે સ્ટ્રેસના નિર્માણ માટે બાહ્ય પ્રસંગ કે બાહ્ય ઘટના કરતાં વ્યક્તિનો પ્રતિભાવ અને પ્રતિક્રિયા વધારે મહત્ત્વના છે. સ્ટ્રેસના નિર્માણ માટે આંતરિક પરિબળ વધારે મહત્ત્વનું છે.

બાહ્ય પ્રસંગ (૧) સ્ટ્રેસની લાગણી ઉત્પન્ન કરશે, (૨) સ્ટ્રેસની પ્રક્રિયા ઉત્પન્ન કરશે કે (૩) સ્ટ્રેસની બીમારી ઉત્પન્ન કરશે. એ આંતરિક પરિબળ (અ) અનુવાંશિકતા, (બ) શરીરની ખાસ કરીને બ્રેઇનમાં આવેલા મનના અવયવોની રચના અને એમાંના ન્યુરોટ્રાન્સમિટર્સ, (ક) માનસિક ઉછેર, (ડ) વ્યક્તિત્વ (Personality), (ઇ) લાગણીશીલતા, (એફ) સંજોગો તથા પરિસ્થિતિ પર ૯૦% આધારિત છે.

## ● કેસ સ્ટડી :

૫૮ વર્ષના કિશોરભાઈને (નામ બદલ્યું છે) દોઢેક વર્ષથી છાતીમાં અવારનવાર દુખાવો થતો હતો. હૃદયના ધબકારા વધી જતા હતા. ઘણી વખત શ્વાસ લેવામાં તકલીફ થતી હતી. વજન ચારેક કિલો ઓછું થઈ ગયું હતું. રાત્રે ઊંઘ બરોબર આવતી ન હતી.

વૈદ્યકીય પરીક્ષણમાં બધું નોર્મલ આવ્યું. નાડીના ધબકારા, બ્લડપ્રેશર તથા અન્ય વૈદ્યકીય તપાસ નોર્મલ આવી. લોહી, પેશાબની તપાસ નોર્મલ હતી. થાઈરોઇડ, બ્લડ સુગર નોર્મલ હતું. કાર્ડિયોગ્રામ કરાવ્યું. નજીવા (minor changes) ફેરફારો હતા. દવાઓ ચાલુ કરી. થોડીક રાહત મળી.

એક વખત ધંધા પર એકદમથી છાતીમાં દુઃખાવો ઉપડ્યો. શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. પરસેવાથી રેબઝેબ થઈ ગયા. ઈમરજન્સીમાં હોસ્પિટલમાં દાખલ કરેલ. ફરીથી બધી તપાસ નોર્મલ આવી. સ્ટ્રેસ કાર્ડિયોગ્રામ તથા ટુ-ડી ઇકો નોર્મલ આવ્યા. ચારેક દિવસ બાદ હોસ્પિટલમાંથી રજા મળી.

છાતીના દુઃખાવામાં તથા અન્ય શારીરિક લક્ષણોમાં ઝાઝી રાહત ન મળતાં બીજા સિનિયર કાર્ડિયોલોજિસ્ટનો અભિપ્રાય લીધો. કાર્ડિયોગ્રામ, સ્ટ્રેસ ટેસ્ટ, ટુ-ડી ઇકો ફરીથી કરાવ્યા. નોર્મલ આવ્યા. કાર્ડિયોલોજિસ્ટે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની સલાહ આપી. છાતીના દુઃખાવાને તથા મનને શું સંબંધ? મને સાચે જ દુઃખે છે. હું કાંઈ કલ્પના કરતો નથી એમ કહી કાર્ડિયોલોજિસ્ટની સલાહ પર ધ્યાન ન આપ્યું.

ચારેક મહિના બીજા નીકળી ગયા. લક્ષણોમાં રાહત ન મળી. એક હિતેચ્છુએ સમજાવ્યું કે મારા નજીકના સંબંધીને પણ અવારનવાર છાતીમાં દુઃખતું હતું તથા શારીરિક તપાસ તેમજ લેબોરેટરી અને અન્ય તપાસ નોર્મલ આવતી હતી. ત્યારે મનોચિકિત્સકની સારવારથી જ ફાયદો થયેલ. આજે એ સંબંધી તદ્દન નોર્મલ છે તથા ગુણવત્તાભર્યું નોર્મલ જીવન જીવે છે.

લેખકે ઉંડાણમાં કિશોરભાઈ તથા કુટુંબીજનો પાસેથી માહિતી મેળવી. મનના લક્ષણો, વ્યક્તિત્વ તથા જીવનશૈલી વિશે જરૂરી માહિતી મેળવી. મનની વૈદ્યકીય પધ્ધતિથી (Mental States Examination) તપાસ કરી. જેનું તાવરણ નીચે મુજબ છે.

છેલ્લા એકાદ વરસથી કિશોરભાઈને સતત વિચારો આવતા હતા. બીમારીના નકારાત્મક વિચારો આવતા હતા. છાતીમાં દુઃખાવો થતો ત્યારે કિશોરભાઈને લાગતું કે એને હાર્ટ ઍટેક આવ્યો છે. આ વિચાર બાદ શ્વાસ લેવામાં તકલીફ થતી અને ધબકારા વધી જતા. કિશોરભાઈને થતું કે એની બીમારી ગંભીર છે. આમાંથી એ સાજો નહીં થાય. ડૉક્ટરોએ ગંભીર બીમારીનું નિદાન કરી લીધું છે પણ એને કહેતા નથી.

કિશોરભાઈ નાની - નજીવી બાબતોમાં જલ્દીથી ચીડાઈ જતા હતા. કામમાં એકાગ્રતા ઓછી થઈ ગઈ હતી. નાની નાની ભૂલો થવા લાગી હતી. જે પહેલાં થતી ન હતી. ચહેરો હંમેશાં ચિંતાગ્રસ્ત રહેતો હતો. પોતાના મોજશોખના વિષયોમાંથી રસ ઊડી ગયો હતો. છેલ્લા છ મહિનામાં એકેય નાટક / સિનેમા થિયેટરમાં જોવા ગયા ન હતા. (નોર્મલ સમયમાં ૪-૬ નાટક / સિનેમા કુટુંબ જોડે જોઈ આવ્યા હોત.) ધંધાકીય નિર્ણયો પણ કિશોરભાઈ લેવાનું ટાળતા હતા. ભૂલકણાપણું તથા બેધ્યાનપણું વધી ગયું હતું.

## ● નિદાન :

શારીરિક લક્ષણો સાથે દરેક દર્દીમાં મનના લક્ષણો વિશે માહિતી મેળવવી અગત્યની છે. વ્યક્તિત્વ તથા જીવનશૈલી વિશે નજીકના કુટુંબીજનો (જીવનસાથી, સંતાનો, માતા-પિતા, ભાઈ-બહેન વગેરે) પાસેથી જરૂરી માહિતી મેળવવી ખૂબ જ મહત્ત્વનું છે.

કિશોરભાઈના કેસમાં : (૧) શારીરક લક્ષણો, (૨)

મનના લક્ષણો, (૩) શારીરિક તપાસ, (૪) મનની વૈદ્યકીય તપાસ, (૫) લેબોરેટરી તપાસ પરથી સ્ટ્રેસ ડિસઓર્ડરનું નિદાન કર્યું.

મનની બીમારીના નિદાન માટે લાગણીશીલ નકારાત્મક પ્રસંગો ઘડ્યા હોય એ જરૂરી નથી. લાગણીશીલ નકારાત્મક પ્રસંગો થયા હોય તો મનની બીમારીના નિદાનમાં મદદરૂપ થાય છે. પરંતુ નકારાત્મક પ્રસંગો બન્યા વગર પણ મનની બીમારીઓનું નિદાન થાય છે.

લક્ષણો (બંને શારીરિક તથા મનના), શારીરિક તપાસ, મનની વૈદ્યકીય તપાસ (Mental Status Examination) અને લેબોરેટરી તથા અન્ય તપાસ દ્વારા મનની બીમારીનું નિદાન થાય છે.

- **મનોવિશ્લેષણ :**

૧. કિશોરભાઈને ઉપરોક્ત તકલીફો શરૂ થઇ એના એકાદ મહિના પહેલાં કિશોરભાઈના ધંધાકીય ભાગીદારને જોરદાર હાર્ટ ઍટેક આવેલ. એ વખતે હાલત ગંભીર હતી. કિશોરભાઈએ જાતે ઇમરજન્સી વોર્ડમાં મોટી હોસ્પિટલમાં દાખલ કરેલ. સમયસરની યોગ્ય સારવારથી તબિયતમાં સુધારો થતો ગયો. ભાગીદાર જોડે કિશોરભાઈને ઘર જેવો સંબંધ હતો. બંને સગા ભાઈઓ હોય એનાથી વિશેષ સંબંધ જાળવતા હતા. કિશોરભાઈના મન પર આ પ્રસંગની ઊંડી નકારાત્મક અસર થઈ હતી. છાતીનો દુઃખાવો ત્યારબાદ શરૂ થયેલ.

૨. ઉપરોક્ત પ્રસંગના આઠેક મહિના બાદ કિશોરભાઈના એકના એક દીકરાની વહુ ઝઘડો કરીને પોતાના પિયરે ચાલી ગઈ હતી. પતિ-પત્ની વચ્ચે અવારનવાર ચકમક થતી હતી. આ વખતે ઝઘડો લાંબો ચાલ્યો. દીકરાએ ગુસ્સામાં પત્નીને એક લાફો મારી દીધો. ત્યારબાદ વાત વધારે વણસી ગઈ. સમાધાન માટેના ઘણા પ્રયત્નો કર્યા. પરિણામ શૂન્ય આવ્યું. વાત છુટાછેડા સુધી પહોંચી ગઈ. કિશોરભાઈના મન પર આ પ્રસંગની ઊંડી નકારાત્મક અસર થઈ. પોતાના સમાજમાં એની પ્રતિષ્ઠા પર ઊંડો ધક્કો લાગ્યો હતો. આ પ્રસંગ બાદ કિશોરભાઈના બીમારીના લક્ષણોમાં વધારો થયો હતો.

- **મનોવૈજ્ઞાનિક સમજણ :**

શરીર પરનો એક ઘા રૂઝાય એની પહેલા બીજો ઘા એ જ ભાગ પર લાગે તો રૂઝ આવવામાં સમય વધારે લાગે છે તથા તકલીફ પણ વધારે થાય છે.

એવી જ રીતે કિશોરભાઈના મન પરની એક ઘા ની અસર પૂર્ણપણે નીકળી જાય તેની પહેલા બીજો વધારે જોરદાર ઘા મન પર લાગ્યો. બીજો ઘા મન માટે વધારે તીવ્ર હતો. આથી સ્ટ્રેસ ડિસઓર્ડરની બીમારીના લક્ષણોમાં વધારો થયો.

- **સારવાર :**

**૧.** મનની બીમારીઓમાં મગજના જ્ઞાનતંતુઓમાં ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો થાય છે. આ ફેરફારો નોર્મલ કરવા સ્પેસીફીક દવાઓ શરૂ કરી. (જેમ ડાયાબિટીસની બીમારીમાં બ્લડ સુગર નોર્મલ કરવા બહારથી યોગ્ય દવાઓ અપાય છે.) આ દવાઓને લીધે કિશોરભાઈને ધીમે ધીમે લક્ષણોમાં રાહત મળી. લક્ષણો કાબૂમાં આવ્યા. દર્દનાશક દવાઓ (pain killers) આપ્યા વગર છાતીનો દુઃખાવો બંધ થયો. છ અઠવાડિયાની સારવારમાં બધા જ લક્ષણો કાબૂમાં આવ્યા. કિશોરભાઈ નિયમિત ધંધા પર જવા લાગ્યા. ધંધામાં મન પરોવાતું ગયું.

**૨. કાઉન્સેલિંગ તથા કોગ્નીટીવ બિહેવિયર થેરાપી**ની (C.B.T.) પદ્ધતિઓ સાથે શરૂ કરી. જીવનશૈલી તથા અભિગમ (Life style and attitudes)માં બદલાવ આવ્યો. રજાના દિવસે મનગમતી પ્રવૃત્તિ શરૂ કરી. જેમાં કિશોરભાઈને આનંદ આવતો. રોજ સવારના મોર્નિંગ વૉક શરૂ કર્યું. રજાના દિવસે મિત્રો જોડે આનંદિત રીતે સમય પસાર કરવા લાગ્યા.

**૩. સ્ટ્રેસ મેનેજમેન્ટ (Stress Management) :** નકારાત્મક પ્રસંગોનો સામનો કરવાની ક્ષમતામાં વધારો કરવાની પદ્ધતિઓ વિશે કાઉન્સેલિંગ કરી એ પદ્ધતિઓ કિશોરભાઈએ અમલમાં મૂકી. જેવી કે ટાઈમ મેનેજમેન્ટ, એસર્ટીવ એક્સપ્રેશન સ્કીલ્સ (દબાયેલી નકારાત્મક લાગણીઓને વ્યક્ત કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિ).

ઉપરોક્ત બધી સારવારની પદ્ધતિઓને લીધે કિશોરભાઈમાં ઘણા જ ફેરફારો આવ્યા. છ મહિનામાં પૂર્વવત નોર્મલ જીવન જીવવા લાગ્યા.

માનસિક સ્ટ્રેસ પરના વિવિધ લક્ષણો – શારીરિક લક્ષણો, ભાવનાત્મક લક્ષણો તથા માનસિક લક્ષણો વિશે હવે પછીના લેખમાં જાણકારી મેળવશું.

***(ક્રમશઃ)***

*E-mail : drmanilalgada@yahoo.com*
*E-mail : diptishah999@yahoo.co.in*

સ્વાસ્થ્ય

# હીપેટાઇટિસ 'સી'

● ડૉ. મયંક છાયા ●

## ● હીપેટાઈટિસ એટલે શું?

સાદી ભાષામાં હીપેટાઈટિસ એટલે લીવરનો સોજો. હીપેટાઈટિસ શબ્દ પ્રાચીન ગ્રીક ભાષાનાં શબ્દો 'હીપાર' અર્થાત્ 'લીવર' અને 'આઈટિસ' અર્થાત્ 'સોજો'ની સંધિ પરથી બન્યો છે.

## ● હીપેટાઈટિસ શાથી થાય?

★ આલ્કોહોલનું વધું પડતું સેવન કરવાથી.

★ ઓટો ઈમ્યુન ડિઝીઝ તરીકે (સ્વતંત્ર રોગ તરીકે).

★ સૂક્ષ્મ જીવાણુંઓ જેવા કે વિશિષ્ટ પ્રકારના વાઈરસ.

★ લીવરમાં ચરબી જમા થવાથી.

જુદા જુદા પાંચ પ્રકારના વાઈરસો છે, જેને કારણે આ રોગ થાય છે. આ વાઈરસના નામ છે : (૧) હીપેટાઈટિસ 'એ' વાઈરસ, (૨) હીપેટાઈટિસ 'બી' વાઈરસ, (૩) હીપેટાઈટિસ 'સી' વાઈરસ, (૪) હીપેટાઈટિસ 'ડી' વાઈરસ અને (૫) હીપેટાઈટિસ 'ઈ' વાઈરસ.

ઉપરોક્ત પાંચ પ્રકારના વાઈરસોમાંથી વાઈરલ હીપેટાઈટિસ થવાના મુખ્ય કારણભૂત વાઈરસ 'એ', 'બી' અને 'સી' હોય છે. ૨૮ જુલાઈને વર્લ્ડ 'હીપેટાઈટિસ ડે' તરીકે જાહેર કરાયેલ છે. આ લેખમાં હીપેટાઈટિસ 'સી' વિશે થોડીક પ્રાથમિક જાણકારી મેળવીએ.

હીપેટાઈટિસ 'સી' એ બ્લડ બોર્ન ડિઝીઝ છે. જે હીપેટાઈટિસ 'સી' નામના વાઈરસને કારણે થાય છે.

Genus – Hepacivirus

Family – Flaviviridae

આ ચેપી રોગ છે. સમયસર વહેલું નિદાન થાય તો સાધ્ય રોગ છે. HIV સંક્રમણવાળા દર્દીમાં આ રોગ સામાન્ય વ્યક્તિની અપેક્ષાએ ઝડપથી ફેલાય છે. HCV ઈન્ફેક્શનના બે તબક્કા છે : (૧) Acute – તીવ્ર અને (૨) Chronic – અર્થાત્ જીર્ણ.

છ મહિના સુધીનું ઈન્ફેક્શન "એક્યુટ" ગણાય છે. જ્યારે છ મહિનાથી વધુ સમયનું ઈન્ફેક્શન "ક્રોનીક" ગણવામાં આવે છે.

એક્યુટ ઈન્ફેક્શનવાળા દર્દીમાં ક્યારેક કોઈપણ પ્રકારના લક્ષણો જોવા મળતા નથી અને નિદાન કરવું અઘરૂં બની જાય, જે ભવિષ્યમાં જીર્ણાવસ્તાને પ્રાપ્ત કરે છે અને સારવાર અઘરી બની જાય છે. જીર્ણાવસ્થામાં યોગ્ય સારવારના અભાવે લીવરને કાયમી નુકસાન પહોંચી શકે છે અને ક્યારેક લીવરનું સિરોસિસ (cirrosis) થઈ જાય છે જેને કારણે લીવર ફેઈલ્યોર, લીવર કેન્સર (હીપેટો સેલ્યુલર કાર્સિનોમા - HCC) થઈ શકે છે અને મૃત્યુ પણ નિપજી શકે છે.

જગતની ૩ ટકા વસતિ HCV સાથે જીવી રહી છે. દર વર્ષે સાડા ત્રણ લાખ મૃત્યુ આ રોગને કારણે થાય છે. વિકાસશીલ દેશો જેવા કે - સેન્ટ્રલ અને ઈસ્ટ એશિયાના દેશોમાં આ રોગ વધુ પ્રમાણમાં જોવા મળે છે જ્યારે વિકસિત દેશો જેવા કે નોર્થન અમેરિકા, વેસ્ટર્ન યુરોપના દેશોમાં આ રોગનું પ્રમાણ ઓછું છે. ભારતમાં લગભગ ૧થી ૧.૯ ટકા વસતિમાં આ રોગ જોવા મળે છે.

## ● આ રોગ કેવી રીતે ફેલાય છે?

રોગગ્રસ્ત વ્યક્તિના લોહીના સંપર્કમાં આવવાથી આ રોગ ફેલાય છે. બ્લડ ટ્રાન્સફ્યુઝન અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ વખતે સંક્રમિત દાતાને કારણે આ રોગ પ્રસરે છે. અન્ય કારણોમાં–

★ ટેટૂ કરાવવાથી.

★ અસુરક્ષિત શરીર સંબંધથી.

★ જંતુમુક્ત ન કરેલી સોય કે સીરિન્જ કે અન્ય સાધનોના ઉપયોગથી.

★ અન્ય વ્યક્તિનું વાપરેલું રેઝર કે ટુથ બ્રશ વાપરવાથી અથવા નેઈલ કટર વાપરવાથી.

★ HCV સંક્રમિત માતાને થયેલ પ્રસુતિથી.

★ ડાયાલિસિસને કારણે.

★ કોકેઈન જેવા ડ્રગનો નોઝલ સ્પ્રે લેવાથી.

જો કે આ રોગ છીંકથી, સ્તનપાનથી, ઉધરસથી, ભેટવાથી, રોગીએ વાપરેલાં વાસણો, ખોરાક કે પાણીથી ફેલાતો નથી.

હીપેટાઈટિસ 'સી'નું ઈન્ફેક્શન થવાની શક્યતાઓ વિશે જોઈએ તો જેમણે સંક્રમિત લોહી લીધું હોય, જેમણે કોઈપણ

પ્રકારની શસ્ત્રક્રિયા કરાવેલી હોય જેમકે સ્ત્રીરોગને લગતી, સિઝેરિયન, પેટને લગતી, હૃદય સંબંધિત અથવા આંખ વગેરેની, તો તેવી વ્યક્તિને HCV ઈન્ફેક્શન ઝડપથી લાગી શકે છે. અન્ય પરિબળોમાં –

૧. લોહી અથવા શરીરના અન્ય પ્રવાહીના સંપર્કમાં આવતા હેલ્થ વર્કરોને.
૨. જે વ્યક્તિને HIV હોય.
૩. જે વ્યક્તિને લીવર સંબંધિત કોઈ રોગ હોય.
૪. જે વ્યક્તિને એઈડ્ઝ હોય.
૫. જે વ્યક્તિએ ગેરકાનૂની રીતે ડ્રગ્સનું સેવન ઇંજેક્શન કે ઈન્હેલરના માધ્યમથી કર્યું હોય.
૬. જે વ્યક્તિનું લાંબા સમયથી હીમોડાયાલિસીસ ચાલતું હોય.
૭. HCVથી સંક્રમિત માતાએ જન્મ આપેલ બાળકને.
૮. જેલમાં કામ કરનારી વ્યક્તિને.
૯. જંતુમુક્ત ન કરેલ સોયથી કે અન્ય સાધનથી ટેટુ કરાવનાર વ્યક્તિને.
૧૦. એકથી વધારે વ્યક્તિઓ સાથે દૈહિક સંબંધ બાંધનારને.
૧૧. જેમને જાતિય રોગો હોય તેવી વ્યક્તિ સાથે દૈહિક સંબંધ બાંધનારને.
૧૨. 'ગે' પુરુષોને.

### ● હીપેટાઈટિસ 'સી'ના લક્ષણો - ચિહ્નો :

શરૂઆતની અવસ્થામાં કોઈ જ લક્ષણ જોવા ન મળે. વ્યક્તિને પોતાને જાણ પણ ન હોય કે મને HCV નું ઈન્ફેક્શન થયું છે. પણ જેમ જેમ રોગ આગળ વધે અને લીવરને થોડુંક નુકસાન થઈ ચૂક્યું હોય, ત્યારબાદ આ રોગના લક્ષણો જોવા મળે છે.

### ● એક્યુટ હીપેટાઈટિસ 'સી'ના લક્ષણો :

ઈન્ફેક્શન થયા બાદ બે અઠવાડિયાથી શરૂ કરીને છ મહિના સુધીમાં લક્ષણો જોવા મળે. આ લક્ષણો 'ફ્લુ' જેવા હોય છે. જેમકે

★ થાક લાગવો.
★ વજન ઘટવું.
★ તાવ આવી જવો.
★ પેશાબ પીળો આવવો.
★ ભૂખ ઘટી જવી.
★ શરીરના સાંધામાં દુઃખાવો.
★ આંખ અને ત્વચા પીળા પડી જવા.
★ ચહેરો ગ્રે કલરનો થઈ જવો.
★ ઉલટી, ઉબકા અને પેટમાં દુઃખાવો થવો.

### ● ક્રોનિક હીપેટાઈટિસ 'સી'ના લક્ષણો :

ક્રોનિક હીપેટાઈટિસ 'સી'નાં લક્ષણો મોટાભાગે એક્યુટ હીપેટાઈટિસ 'સી'ના લક્ષણો જેવા જ હોય છે. રોગની શરૂઆતમાં કોઈ જ લક્ષણો જોવા મળતા નથી. ચેપ લાગ્યા પછી મહિનાઓ કે વર્ષો બાદ પણ લક્ષણો જોવા મળી શકે અને તે દરમિયાન લીવરને ખાસ્સું નુકસાન થઈ ચૂક્યું હોય છે. વ્યક્તિએ વ્યક્તિએ આ લક્ષણો થોડાંક જુદા હોઈ શકે છે. આ લક્ષણો આ રહ્યા :

૧. લીવર સિરોસિસ.
૨. થાક લાગવો.
૩. ચામડી પર ખરજ આવવી.
૪. પાણી ભરાવવાથી પેટનો ઉભાર વધવો.
૫. લીવરની જગ્યાએ પેટમાં દુઃખાવો અને સ્પર્શ અસહ્યતા.
૬. પગ, પંજા, ઘૂંટીમાં સોજો.
૭. ચામડી નીચેની શિરાઓનું અસામાન્ય દર્શન (Spider Angioma)
૮. જે વ્યક્તિને સિરોસિસ હોય તેને લીવરનું કેન્સર પણ થઈ શકે છે. જેના લક્ષણમોમાં – કમળો, પેટનો ઉભાર વધવો, કોઈપણ જગ્યાએથી રક્તસ્રાવ (બ્લીડિંગ થવું), પેટનો દુઃખાવો અને સ્પર્શ અસહ્યતા, Bruising.

### ● ઘાતક (મારક) હીપેટાઈટિસ 'સી'ના લક્ષણો :

★ અતિશય થાક લાગવો.
★ પેટનું ફૂલવું.
★ ચામડી પર સખત ખરજ આવવી.
★ શરીર સૂકાતું જાય, નબળાઈ ખૂબ લાગે.

લોહીની શિરાઓ ફુલવાથી આંતરડામાં બ્લીડિંગ થવું. રોગ જેમ જેમ આગળ વધતો જાય તેમ શરીરમાં જુદા જુદા વિષાક્ત તત્ત્વોનું પ્રમાણ વધી જવાથી મગજ અને નર્વસ સિસ્ટમને નુકસાન થવાથી દર્દીને યાદ ન રહે, કોઈ કામમાં મનને પરોવી ન શકે, મુંઝાયેલો લાગે, સ્થળ - સમયનું ભાન ન રહે, અસંબંધિત પ્રલાપ કરે, ઝડપથી ક્રોધિત થઈ જાય વગેરે લક્ષણો પણ જોવા મળે છે. આ પરિસ્થિતિને તબીબી પરિભાષામાં હીપેટિક એન્સેફેલોપથી કહેવાય છે. જે અતિ ગંભીર પરિસ્થિતિની દ્યોતક છે.

### ● હીપેટાઈટિસ 'સી'નું નિદાન કેવી રીતે થાય છે?

અગાઉ જણાવ્યું તે પ્રમાણે ઘણીવાર રોગનાં લક્ષણો ન દેખાવાથી વર્ષો પર્યંત આ રોગનું નિદાન થતું જ નથી. ઘણીવાર એવું પણ બને કે શરીરમાં કોઈ એવો રોગ થયો હોય અને તેના નિવારણ માટે ઓપરેશન કરવાનું જરૂરી બને ત્યારે

ઓપરેશન અગાઉ થતાં રક્ત પરીક્ષણો દરમિયાન જે તે દર્દી આ રોગનો ભોગ બનેલો છે, તે જણાઈ આવે. આમ સાવ જ આકસ્મિક નિદાન થાય. આમ છતાં યોગ્ય સારવાર માટે યોગ્ય ઔષધની પસંદગીનો નિર્ણય લેવા માટે સમયસર નિદાન થવું જરૂરી છે. સાથોસાથ જીવનશૈલીમાં પરિવર્તન અને યોગ્ય માર્ગદર્શન પણ આ રોગના ફેલાવાને અટકાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. લીવર ફંકશન પરીક્ષણો અંતર્ગત SGPT, SGOT, GGT, આલ્કલાઈન ફોસ્ફેટેઝ, બીલીરૂબીન પરીક્ષણ, ટોટલ પ્રોટીન પરીક્ષણ વગેરે દ્વારા આ રોગનું નિદાન અને ત્યારબાદ રોગની પ્રગતિ વિશે જાણકારી મળી શકે છે. આ ઉપરાંત Anti HCV Anti body Testing; HCV RNA Detection; HCV genotyping અને Biopsy નો આધાર લઈને નિદાન કરી શખાય છે.

- **હીપેટાઈટિસ 'સી'ની સારવાર અને રોગ થતો રોકવાના ઉપાયો :**

ક્યારેક આ રોગ શરીરની રોગ પ્રતિરોધક શક્તિને કારણે જાતે જ મટી જતો હોય છે. આમ છતાં ઈન્ફેક્શનને આગળ વધતું અટકાવવા અને તેનો સંપૂર્ણ નાશ કરવા વિશિષ્ટ ઔષધો દ્વારા સારવાર કરાતી હોય છે. સારવારનો આધાર અને સમયગાળો નક્કી કરવા માટે નીચેની કેટલીક બાબતો પર ધ્યાન આપવું પડે છે.

૧. લીવરને કેટલું નુકસાન થયું છે?
૨. કયા પ્રકારનું ઈન્ફેક્શન છે?
૩. રોગી વ્યક્તિ ઔષધને સહન કરી શકે તેમ છે કે કેમ?
૪. અગાઉ આ ઈન્ફેક્શન થયેલું હોય તો તે વખતે કરાયેલી સારવારનો પ્રતિભાવ કેવો હતો? વગેરે વગેરે.

પેજીલેટેડ ઈન્ટરફેરોન અને રિબાવીરીન જેવાં ઔષધો ખાસ પ્રયોજાય છે. એ ઉપરાંત બીજા પણ નવા એન્ટી વાઈરલ ડ્રગ્સનો પ્રયોગ ઈન્ટરફેરોન અને રિબાવિરીન સાથે કરાય છે.

**એટલું ખાસ જાણી લો કે હીપેટાઈટિસ 'સી'નું ઇન્ફેક્શન થતું રોકવા માટે હજુ સુધી કોઈ વેક્સિન શોધાઈ નથી. જીવનશૈલીમાં પરિવર્તન આ રોગમાં અગત્યનો ભાગ ભજવી જાય છે.** જેમકે ધૂમ્રપાનનો ત્યાગ, આલ્કોહોલ સેવનનો ત્યાગ, નિયમિત કસરત અને સ્વાસ્થ્યપ્રદ આહારનો ઉપયોગ વગેરે. તદુપરાંત અસુરક્ષિત જાતીય સંબંધો, અસુરક્ષિત રક્તદાન કરવું કે રક્ત મેળવવું, વગેરેથી પણ બચવાથી રોગનો ફેલાવો અટકાવી શકાશે. આ રોગની સારવાર ખર્ચાળ છે. જેથી હેલ્થકેર ડિવિઝન ઉપર ભારરૂપ બની જાય છે. યોગ્ય અને સમયસરનું નિદાન જ રોગના ઉપદ્રવો અને ઘાતકતામાંથી બચાવી શકે છે. **યોગ્ય શિક્ષણ અને જાગરૂકતા પ્રેરક પરિસંવાદો** અને સમજણ પણ આ રોગને ફેલાતો અટકાવવામાં મદદરૂપ થશે જ. રોગને થતો અટકાવવો એ પગલું જ આરોગ્ય સંપદાને સમૃદ્ધિ આપી શકશે. સાથોસાથ તમારી આર્થિક સમૃદ્ધિ ઓછી થતી રોકવામાં મદદરૂપ બની શકશે એમાં કોઈ જ શંકાને સ્થાન નથી.

"સર્વે અત્ર સુખિનઃ સન્તુઃ" – એ જ પ્રાર્થના સાથે આ લેખ પૂરો કરું છું.

*૧૧/૧૩૦, પૂજા એપાર્ટમેન્ટ,*
*હિંમતલાલ પાર્ક,*
*આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

## સ્ટેપલરનો રસપ્રદ ઇતિહાસ


સાણસી, ચિપિયા, પક્કડ, કાતર જેવા રોજિંદા વપરાશના સાદા સાધનો ઘણી શક્તિ બચાવી કામને સરળ બનાવે છે. આ તમામ સાધનો સાદા મશીનો કહેવાય છે. કાગળમાં પીન મારવાનું સ્ટેપલર પણ આવું જ સાધન છે. લીવરના સિધ્ધાંત પર કામ કરતું સ્ટેપલર ઉપયોગી શોધ છે. તેનો ઇતિહાસ પણ રસપ્રદ છે.

ફ્રાંસમાં ૧૮મી સદીમાં શાહી કોર્ટમાં કાગળને પીન મારવા સૌપ્રથમ સ્ટેપલર બનેલું. જેમ જેમ કાગળનો વપરાશ વધ્યો તેમ તેમ પીન મારવાની જરૂર પણ વધી. ઇ.સ. ૧૮૬૬માં જ્યોર્જ મેકગીલ નામના મિકેનિકે પ્રથમવાર સ્ટેપલર બનાવ્યું. તે સ્ટેપલર સિલાઇ મશીન જેટલું મોટું અને ભારે હતું. તેમાં કાગળની થપ્પીમાં પીન ખોસાતી અને હાથ વડે વાળવી પડતી. ઇ.સ. ૧૮૭૭માં હેન્રી હેઇલ નામના મિકેનિકે કાગળમાં પીન ખોસીને આપોઆપ વળી જાય તેવું સ્ટેપલર બનાવ્યું. આ સ્ટેપલર વજનદાર હતું. તેમાં છુટ્ટી પીનો નહીં પરંતુ સ્ટીલના તારનું રીલ વપરાતું. સ્ટેપલર દબાય ત્યારે તાર સરકીને આગળ આવે તે કપાઈને બંને છેડા કાગળમાં ખૂંપી જાય અને વળી જાય. આ મશીનને 'પેપર ફાસ્ટનર' કહેતા. આ મશીન ઘણાં મોટાં અને વજનદાર હતા. ૧૯૦૧માં સ્ટેપલર નામ પ્રચલિત બન્યું. આજે વપરાય છે તે સ્ટેપલર એક છેડેથી જોડાયેલા બે લીવરનું બનેલું છે. જેના છેડે વળ આપતાં તે દબાય છે. પીનની થપ્પી આગળ વધે અને તેમાંથી એક પીન કપાઈને કાગળમાં ખોસાઇ જાય. આજે સ્ટેપલર સામાન્ય વપરાશની ચીજ છે. તેનો ઉપયોગ કરતી વખતે તેના વિકાસ પાછળ અનેક મિકેનિકોએ કરેલા પરિશ્રમની કલ્પના પણ ન આવે.


આજે કાપડ કે બીજી સપાટી પર પીન મારવા માટે સ્ટેપલ ગન પણ વિકસી છે. ડૉક્ટરો ઉપયોગમાં લઈ શકે તેવા સર્જિકલ સ્ટેપલર પણ વિકસ્યા છે. ■

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ" એટલે એક દિલબર - નજરાણું....

## છેલ્લા બાર માસના 'કચ્છશ્રુતિ'ના અંકોના આકર્ષક મુખપૃષ્ઠ પર એક નજર....




કચ્છશ્રુતિ ● એપ્રિલ-૨૦૧૬




કચ્છશ્રુતિ ● મે-૨૦૧૬




કચ્છશ્રુતિ ● જૂન-૨૦૧૬




કચ્છશ્રુતિ ● જુલાઈ-૨૦૧૬




કચ્છશ્રુતિ ● ઓગસ્ટ-૨૦૧૬




કચ્છશ્રુતિ ● સપ્ટેમ્બર-૨૦૧૬




કચ્છશ્રુતિ ● ઓક્ટોબર-૨૦૧૬




કચ્છશ્રુતિ ● નવેમ્બર-૨૦૧૬




કચ્છશ્રુતિ ● ડિસેમ્બર-૨૦૧૬




કચ્છશ્રુતિ ● જાન્યુઆરી-૨૦૧૭




કચ્છશ્રુતિ ● ફેબ્રુઆરી-૨૦૧૭




કચ્છશ્રુતિ ● માર્ચ-૨૦૧૭

Niten Vasa

Essen Dyechem

Deals in : Dyes, Chemicals & Pigments

26, Karnavati Estate Part-II, Near Ramol Cross Roads,
Phase-IV, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445.
Ph. [O] (079) 2584 0108 [R] (079) 2684 0690
M.: 98240 14995

KAMLESH SHAH 9825018180

AMAM MARKETING

SALES PROMOTER

JK LAKSHMI CEMENT Ltd.

207, Sarthak Swastik Char Rasta, C.G.Road, Ahmedabad-380009.
Tel: (0) 079-26407413, 26562649 • (R) 26604912
Email: kms9659@gmail.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

BHAGYODAY QUARRY WORKS
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમ્પલેક્ષ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઇટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

Let's Move towards Nature...
All things will be destroyed with time but time never just like...
शाश्वत Green
Plots & Farmhouse

ACTUAL SITE PHOTOGRAPHS


Club house | Children Play Area | RestRoom in ClubHouse | Indoor Games | Swimming Pool | Jogging Track



Site Address : Shashwat Green
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanad - Nalsrovar Road, Dist.: Ahmedabad.

Developers
Shashwat Reators

Hasmukh Patel : 9879608051
Vinod Patel : 9879608054
Anupam Patel : 9879608057

પ્રતિભા ઇશ્વર પાસેથી મળે છે - મસ્તક નમાવો.
ખ્યાતિ સમાજ પાસેથી મળે છે - આભારી રહો.
પરંતુ મનોવૃતિ અને ઘમંડ સ્વયંથી મળે છે - સાવધાન રહો.

ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર
હર્ષ, રિયા અને યશ ઠક્કર

-॥ ઓફિસ ॥-
એફ-૪૨, શુભ કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૮૮૪૧૬૧-૬૨

-॥ ઘર ॥-
એ/૩/૪, ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૨૮૬૭૯૩૨

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia

SRE

Raju ENTERPRISE

179 & 323, Unit-2, G.V.M.M,
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING /
S.S PATTA-PATTI

જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.


શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ I ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭ I ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

વાર્તા

# વ્યથા – દેવકી અને જશોદાની



બલવીરસિંહ જાડેજા

"મોટી બહેન, જન્માષ્ટમીની રજાઓ છે તો બધા આ વખતે નવસારી આવોને?" નાની બહેન અનમોલે નવસારીથી બીજલને ફોન કર્યો.

"હું તો આવવા રાજી જ છું મારે પણ બે-ત્રણ દિવસની રજાઓનો સાથે મેળ પડે એમ છે. પણ બા અને માસી તૈયાર થાય તો ને?"

"ના હોં બીજલ, તારે જવું હોય તો જા. અમે તો હે...ય...ને જન્માષ્ટમીએ, કાનુડાનો જન્મ દિવસ મજાથી ઉજવશું અને હવેલીમાં ભજન કીર્તન કરીશું. અમે તો ક્યાંય જવા માંગતા નથી. બોલ તારું શું કહેવું છે શાંતા?" "હા હોં બીજલ, તારે જવું હોય તો જઈ આવ." કહીને શાંતાબહેને, કાંતાબહેનની વાતને અનુમોદન આપ્યું.

અમદાવાદમાં એક જ પોળમાં મોટી થયેલી કાંતા અને શાંતા યોગાનુયોગ ઉંમરલાયક થતાં, અમદાવાદમાં જ પરણી અને એક જ નદી પારની સોસાયટીમાં બંગલા બંધાવ્યા. બંનેના પતિ કાપડના વ્યવસાયમાં. કાંતાને બે દીકરી મોટી બીજલ અને નાની અનમોલ. શાંતાને એક જ દીકરો કરણ. બીજલ અને કરણ નાનપણમાં સાથે જ એક જ સ્કૂલમાં ભણ્યા અને મોટા થયા. બચપણમાં, બાળ સહજ રમતોમાં ઘર-ઘર રમતાં બાળકોમાં, બીજલ વહુ બનતી અને કરણ વરરાજા બનતો. એકવાર શાંતા બહેને દૂરથી આ રીતે રમતા બાળકોને જોયેલા, ત્યારે જ નક્કી કરેલું કે કરણને બીજલ સાથે જ પરણાવીશ. અને પછી સખી કાંતાએ પણ આ સંબંધને સ્વીકારી લીધેલો.

ઉંમરલાયક થતાં બીજલ કરણનું સગપણ પણ કરી દીધું.

પરંતુ લગ્ન પહેલા જ બંનેના પિતાશ્રીઓ એક-પછી એક સ્વર્ગે સિધાવ્યા. બંનેના ધંધાઓ ભાઈઓએ સંભાળ્યા. પછી કાંતાબેન - શાંતાબહેને દિયરો કે જેઠ પાસેથી પોતાના ભાગે આવતી રકમ લઈ છૂટા થઈ ગયા અને રકમ વ્યાજે મૂકી, વ્યાજમાંથી બાળકોને મોટા કર્યા.

કરણ એક બ્રિટીશ કંપનીમાં સેલ્સ એક્ઝિક્યુટીવ તરીકે જોડાયો. પછી કંપનીએ પ્રમોશન આપી ઇંગ્લેન્ડ બોલાવી લીધો. એટલે ઇંગ્લેન્ડ જતા પહેલાં બીજલ - કરણે પ્રભુતામાં પગલા પાડી દીધા. બીજલ સ્કૂલમાં ટીચર બની અને નાની અનમોલ લગ્ન પછી પતિ સાથે નવસારી સ્થાયી થઈ. નાનપણની સખીઓ હોવાથી કાંતા-શાંતાના બાળકો એકબીજાને માસી જ કહેતા. એ સંબોધન, બંને વેવાણ બન્યા પછી પણ સંતાનોએ જાળવી રાખ્યું. કરણ સાસુ કાંતાબેનને માસી જ કહેતો અને બીજલ પણ માસીમાંથી સાસુ બનેલા શાંતાબહેનને માસી જ કહેતી.

જન્માષ્ટમીની આગલી સાંજે અમદાવાદથી ઉપડતી ગુજરાત ક્વીનમાં નવસારી જવા નીકળેલી બીજલે, નાની બહેન અનમોલના બંને બાળકો માટે કપડાં, મીઠાઈ, રમકડાં, પુસ્તકો વગેરે ઘણું બધું, બા અને માસીએ, અનમોલના બાળકો માટે લઈને આપ્યું હતું. જેની જાણ બીજલે બાળકોને ફોનથી કરી હતી. એટલે સૌ બીજલના નવસારી પહોંચવાની રાહ જોઈ રહ્યા હતા.

વડોદરા સ્ટેશનથી નીકળેલી ગુજરાત ક્વીને હજી પ્લેટફોર્મ પણ છોડ્યું નહોતું ત્યાં એક યુગલ, છ-સાત મહિનાના ઉંઘતા બાળકને તેડીને, બીજલ બેઠી હતી તે કમ્પાર્ટમેન્ટમાં દાખલ થયું. ગીરદી હોવાથી ભાઈ તો ઉભા રહ્યા, પણ નાના બાળકને તેડીને ઉભેલી સ્ત્રીને બીજલ અને બીજાઓએ, બીજલ પાસે થોડી જગ્યા કરી બેસવા સૂચન કર્યું. ઉંઘતું બાળક જાગ્યું ત્યારે સૌનું ધ્યાન ગયું કે બાળકને કૃષ્ણ કનૈયાના પરિધાનમાં તૈયાર કરેલું છે. મોરપીંછવાળો પૂંઠાનો મુગટ જે માથા ઉપરથી ઓઢાડેલ કપડું હટી જતાં સ્પષ્ટ દેખાતો હતો, બાળ કનૈયાની જેમ પહેરાવેલ ઝભલું અને કમરે બાંધેલા ખેસમાં ભરાવેલી નાની એવી વાંસળી અને વાળની બાંધેલી, મુગટ પાછળ ચોટી નજરે પડી. તુરંત જાગેલા બાળ કનૈયાએ ઉંઘ પૂરી થવાથી સ્ફૂર્તિથી બધા સામે જોઈને હાસ્ય કર્યું. જાણે ડોંગરેજી મહારાજની ભાગવત કથામાં વર્ણવેલો "લાલો". સૌ આનંદ અને આશ્ચર્યથી જોઈ રહ્યા. બીજલ તરફ હસતો જાણી, બા અને માસી આવા લાલાને જોઈને કેવા હરખઘેલા થઈ જાય તેવા વિચાર કરતી બીજલે અનાયાસ કનૈયાને તેડવા લંબાવેલા હાથમાં એની મમ્મીએ ઝુકાવ્યો અને તરત જ કનૈયો બીજલના હાથમાં

આવીને તેણે પહેરેલા ઈયરીંગ, જે લટકી રહ્યા હતા તેને જોઈને અડકવા માટે, રમવા લાગ્યો. સૌ જોનારા જાણે બાળ કનૈયાને રમાડતા જશોદા મૈયાની કલ્પના કરવા લાગ્યા. બીજલે વિચાર્યું કે કેમેરો હોય તો ફોટો પાડીને બા અને માસીને બતાવે અને પતિ કરણને પણ મોકલે કે, "આવો આપણો પુત્ર કૃષ્ણ કનૈયો" એવા વિચાર અને કલ્પનામાં ખોવાયેલી બીજલને ક્યાં ખબર હતી કે હવે પછી શું થવાનું છે? અને પોતાની સાથે રમતા "લાલા"ને ક્યાં સુધી સાચવવાનો છે?

ભગવાન કૃષ્ણના લાલા સ્વરૂપ છબીની જેવા દેખાતા આ કનૈયાને રમાડતાં બીજલે જોયું કે કનૈયાના હોઠની નીચે સરસ મજાનો ગોળાકાર તલ છે અને ડાબા હાથની હથેળીના પાછલા ભાગમાં, પોંચા ઉપર ગોળાકાર કુદરતી રીતે બનેલું લાખુ છે જે રૂપાળી ત્વચામાં કોઈની પણ નજરે તુરંત દેખાઈ જાય એમ ચમકી રહ્યું હતું. ગાડી ચાલી પછી બાળક રમીને ફરીવાર સૂઈ ગયું. સૌ વાતોએ વળગ્યા.

લાલાની મમ્મી પણ એમના કહેવા પ્રમાણે નવસારી જઈ રહ્યા હતાં. ભરૂચ અને અંકલેશ્વરના સ્ટેશન પસાર થયા પછી કમ્પાર્ટમેન્ટમાં થોડી જગ્યા થતાં બાળકની મમ્મીએ પોતાની અને બીજલની વચ્ચે જગ્યામાં બાળકને સુવડાવ્યું. સુરત આવતા પહેલાં, કોસાડ સ્ટેશને, ગુજરાત ક્વીન એકાએક ઊભી રહી. બાળકના પપ્પાએ, એની મમ્મીને ઈશારાથી બોલાવી, જે તરફ બીજલ કે બીજા સહયોગીઓનું ધ્યાન નહોતું. બીજલને, કનૈયાને સાચવવાનું કહી, કનૈયાની મમ્મી ઊભા થયા. બીજલને એમ કે, બાથરૂમ - ટોઈલેટમાં જવું હશે. બીજલે ડોકું હલાવી, કનૈયાનું ધ્યાન રાખવાની સંમતિ આપી.

કોસાડ સ્ટેશને, ધાર્યાથી વધુ સમય રોકાયેલી ગુજરાત ક્વીનના પેસેન્જરોએ ઉતરીને જોયું તો કોઈએ સાંકળ ખેંચી હતી. ગાર્ડ સાહેબ આવતા જ "કોણે ખેંચી? કોણે ખેંચી?" એકબીજાને પૂછતાં પેસેન્જરો, જલ્દીથી સુરત પહોંચવા ઉતાવળ કરવા લાગ્યા. અને છેવટે કોઈ અજાણ્યાએ ખેંચેલી સાંકળ સમજી, પછીથી વેક્યુમ સિસ્ટમ ફરીવાર કાર્યરત કરી ટ્રેઈન સુરત તરફ રવાના થઈ.

સુરત પહોંચતા જ બાળ કનૈયો પ્લેટફોર્મના અવાજથી ઉંઘમાંથી જાગી ગયો અને રડવા લાગ્યો. હમણાં કનૈયાની મમ્મી આવશે એ આશાએ બીજલે બાળકને શાંત કરવા પ્રયત્ન કર્યો પણ ભૂખ લાગી હશે એટલે સતત રડતું બાળક કઈ રીતે છાનું રહે? લાલાની મમ્મીએ, બાજુમાં મૂકેલી થેલી જેવી કપડાની ચેઈનવાળી પર્સમાં દૂધની બોટલ હોય તો, બીજલે ખોલી. અને ખરેખર દૂધ ભરેલી બોટલ, નૅપી, કપડાં વગેરે મળી આવ્યા. બીજી પણ કેટલીક વસ્તુઓ સાથે પ્લાસ્ટિકના રમકડાં તેમજ કપડાં વગેરે પણ હતા. દૂધની બોટલ મળતાં જ બીજલે બાળકને ખોળામાં સુવડાવી, દૂધની બોટલ મોંમાં મૂકતા જ લાલો છાનો રહી અને શાંત થઈ દૂધ પીવા લાગ્યો. ૧૫-૨૦ મિનિટના સુરત સ્ટેશન પરના ક્વીનના સ્ટોપેજ દરમિયાન બીજલની નજર પ્લેટફોર્મ અને દરવાજા તરફ સતત ફરતી રહી. "હમણાં આવશે... હમણાં આવશે..."ની બીજલની ઈંતેજારી ક્વીન સુરતથી રવાના થઈ ત્યાં સુધી તો ન જ સંતોષાઈ. "બીજા કોઈ કોચમાં ચડી ગયા હશે કે દૂધ-નાસ્તો લેવા રોકાયા હશે કે કોઈને મળવા ગયા હશે" જેવા વિચારો બીજલના મનમાંથી ખસતા નહોતા. ગુજરાત ક્વીને સ્પીડ પકડી અને ઉધના વટાવી, સચીન - ભેસ્તાન પણ પાર કરી નવસારી તરફ આગળ વધી ત્યારે બીજલના મનમાં શંકા કુશંકાઓ ઘેરાવા લાગી.

આજુબાજુમાં બેઠેલા સહયાત્રીઓ તરફ અકળાયેલી બીજલે, સહાનુભૂતિની આશાએ, પોતાની વ્યથા દર્શાવી. "આ બાળક, લાલાના મમ્મી-પપ્પા સુરત પહેલા, બાથરૂમ - ટોઈલેટ કે સુરત સ્ટેશને કાંઈ લેવા ઉતર્યા હશે પણ હજી સુધી આવ્યા નહીં. જતા પહેલાં આ સૂતેલા બાળકનું ધ્યાન રાખવાનું કહીને ગયા હતા." સહયાત્રીઓમાં પણ આશ્ચર્ય અને શંકા-કુશંકાની ચર્ચા અને ગણગણાટ થવા લાગ્યો. "મારે તો નવસારી ઉતરવાનું છે. હવે?" "બહેન, તમે નવસારી ઉતરીને રેલવે પોલીસને જાણ કરો." "ખબર નહીં કેમ આવ્યા નહીં?" "શું થયું હશે?" "કોઈ બીજાનું બાળક હશે?" "બાળકો ચોરી કરનારી ગેંગ હશે કે પકડાઈ ગયા હશે?" "એવા લાગતા તો નહોતા." જાતજાતના અભિપ્રાયો મળવા લાગ્યા. "જુઓ તો આ પર્સ જેવી થેલીમાં બીજું કાંઈ છે?" કોઈએ ભલામણ કરી. સાથે બેઠેલા બીજા એક બહેને પર્સમાંથી વસ્તુઓ કાઢવામાં બીજલને મદદ કરવા લાગ્યા. રમકડાંની સાથે એક સફેદ કવર ગડી વાળેલો કાગળ નીકળ્યો. જેમાં લખેલું હતું :

બાળકનું નામ : કૃષ્ણ - કનૈયો - કિશન (રાશિ પ્રમાણે)

જન્મ સ્થળ : વડોદરા

જન્મ તારીખ : ?

માતા-પિતા : ?

આટલી જ વિગત હતી. બીજલ તો હવે ખરેખર ગભરાઈ ગઈ. નવસારી સ્ટેશને ઉભી રહેલી ગુજરાત ક્વીનમાંથી લાલાને તેડીને ઉતરતા જ નાની બહેનના પતિ સમીરને હાથ હલાવી, શોધીને પાસે

બોલાવ્યો અને ટૂંકમાં વિગત જણાવી. ધર્મસંકટમાં આવી પડેલી સ્ત્રીને મદદ કરવા સહયાત્રીઓ પણ રેલવે પોલીસને શોધીને સાક્ષી તરીકે હકીકત જણાવવા તૈયાર હતા. ફરજ પરના ઈન્સ્પેક્ટરે બધી વિગત જાણી નોંધ કરી. ત્યાં સુધીમાં સમીરની સાથે જ રેલવે સ્ટેશન આવેલા અનમોલ અને તેના બંને બાળકો, પ્લેટફોર્મની બહાર નીકળતા મોડું થવાથી અંદર આવી ગયા. આટલી રાતે શું કરવું તે સૌ વિચારવા લાગ્યા. બીજલ તો ખરેખર રડી પડી. ગાડી ઊભી રહી ત્યાં સુધી સૂઈ રહેલો લાલો, પ્લેટફોર્મના ઘોંઘાટથી જાગી ગયો અને બીજલ જ જાણે એની મા હોય તેમ, તેના હાથમાં સૌ તરફ અચરજથી જોતો રહ્યો. અનમોલના બાળકો પણ આ કોણ છે માસી? તમારો દીકરો છે? શું નામ છે એનું? વગેરે જેવા પ્રશ્નો બાળ કુતુહલતાથી પૂછવા લાગ્યા. ગભરાયેલી બીજલે બાળકોને શાંત કરવા "હા, કનૈયો એનું નામ" કહી, ઈન્સ્પેક્ટર શું કરે છે તે જાણવા અધીરી બની ગઈ. અનમોલના બંને બાળકો અનમોલે તેડેલા માસીના લાલાને રમાડવામાં લાગી પડ્યા. બાળકો તો જાણે જન્મથી જ એકબીજાથી પરીચિત હોય તે રીતે એકબીજા સાથે હળી મળી જતાં ક્યાં વાર લાગે છે?

બાળકના મમ્મી પપ્પા પણ નવસારી જ ઉતરવાના હતા. સહયાત્રીઓએ, જેણે જેણે બાળકની માતાને જોઈ હતી તે સૌ તપાસ કરવા લાગી પડ્યા. ખાસ્સી વાર પછી બાળક માટે કોઈ આવ્યું નહીં. સૌને ઘરે જવાની ઉતાવળ હતી. ઈન્સ્પેક્ટરે અરજી લખાવી, સૌની સહી કરાવી, જરૂરી કાર્યવાહીની નોંધ કરી. બીજલ - અનમોલની સરનામા તેમજ સહયાત્રીઓમાંથી પણ બે-ત્રણ ભલા માણસો પાસે સાક્ષી તરીકે સહી કરાવી. બીજલને જણાવ્યું, "બહેન, અત્યારે ઘણું મોડું થયું છે. બાળક તમારી સાથે હળીમળી ગયું છે. જો તમને અનુકૂળ હોય તો આજની રાત બાળકને તમારી પાસે જ રાખો. આવતીકાલે ફરી આવો ત્યારે આપણે જરૂરી કાર્યવાહી કરીશું. બીજલને નાછૂટકે, બાળસહજ લાગણી અને દયા, આટલી નાની ઉંમરના બાળકને અડધી રાતે ક્યાં મૂકવું? સમજી ઈન્સ્પેક્ટરની વિનંતી સ્વીકારી સૌ અનમોલ - સમીરના ઘરે આવ્યા.

બધા સૂઈ ગયા છતાં બીજલને ક્યાં ઊંઘ આવવાની હતી! હવે શું કરવું? અનમોલે પતિ કરણને ફોન લગાવ્યો. એ વખતે મોબાઈલ તો હતા નહીં. ભારતથી અડધી રાત્રે, અનમોલ - સમીરના ઘરેથી અરજન્ટ ફોન મળતાં જ કરણ ચિંતિત બની ગયો. બીજલ નવસારી જવાની હતી એ તેને ખબર હતી. ફોન પર બીજલે રડતા રડતાં કરણને બધી વિગત સમજાવી. પોતાનો કોઈ વાંક-ગુનો ન હોવા છતાં આવી પડેલી પરિસ્થિતિમાં હવે શું કરવું? કરણે ઊભી થયેલી પરિસ્થિતિને હળવાશથી લઈને પત્ની બીજલને કહ્યું, "બીજલ, આમેય તું એકલી જ છે. આપણું બાળક ક્યારે આ દુનિયામાં આવશે તે નક્કી નથી. ભગવાને કૃષ્ણ કનૈયાના રૂપમાં આપણા ઘરે પધરામણી કરી છે. અમદાવાદમાં મા અને માસી બંને પણ એકલા છે. ચિંતા કર્યા વિના લાલાને જો એના મા-બાપ ન જડે, તો દીકરા તરીકે સ્વીકારી લે. મારી સંપૂર્ણ સહમતિ અને તૈયારી છે. મા અને માસીને પણ સવારે વિગતવાર વાત કરી દેજે અને મારી ઈચ્છા પણ જણાવી દેજે." બીજલને પતિના શબ્દોએ નિશ્ચિત બનાવી દીધા પછી નિરાંતે ઊંઘ આવી ગઈ.

કરણે તુરંત જ અમદાવાદના ઘરે મા અને માસી સાથે રાત્રે જ ફોન કરીને વાત કરી પરિસ્થિતિથી વાકેફ કર્યા અને કહ્યું, "તમે કાંઈ જ જાણતા નથી એમ જ્યારે બીજલ સવારે વાત કરે ત્યારે શાંતિથી સાંભળજો અને જન્માષ્ટમીના પ્રસંગે, વાસુદેવ કૃષ્ણને મથુરાથી ગોકુળ મૂકી આવેલા તે રીતે, જાણે દેવકીજી બાલકૃષ્ણને જશોદાને એટલે કે બીજલને સ્વયં આપી ગયા છે એમ સમજી બાળક મારું અને બીજલનું જ સંતાન છે એમ સહર્ષ સ્વીકારી લેજો." બસ પછી તો શું જોઈએ? બીજલે સવારે વાત કરી અને શાંતાબેન-કાંતાબેન, લાલાને સ્વીકારવા અને સ્વાગત કરવા તૈયારી કરવા લાગ્યા.

બીજલે, બીજા દિવસે અનમોલ અને સમીર સાથે જઈને ઈન્સ્પેક્ટર પાસે બાળકના માતા-પિતા ન મળે તો, બાળકને દત્તક પુત્ર તરીકે સ્વીકારવાની તૈયારી બતાવી. ઈન્સ્પેક્ટરે કોર્ટમાં જઈ, મેજિસ્ટ્રેટ પાસે જરૂરી કાયદાકીય કાર્યવાહી કરીને બાળક બીજલને સોંપ્યું ત્યારે સૌને નિરાંત સાથે કુટુંબમાં નવા આવેલા સભ્યને, હર્ષોલ્લાસ સાથે સ્વીકારી લીધું.

અમદાવાદ પહોંચતા જ મા અને માસી તો લાલાને જોઈને ગાંડા-ઘેલા બની ગયા અને લાલાનું બાળ સ્વરૂપ જોઈ ગાવા - નાચવા લાગી ગયા કે "અમ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલકી, હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલકી."

કિશન કનૈયો આમને આમ, બીજલના પુત્ર તરીકે મોટો થવા લાગ્યો. સમય ક્યાં કોઈનો રોક્યો રોકાય છે.

સમય જતા અને મા અને માસી, કિશનને રમાડતા રમાડતા વૈકુંઠધામ સિધાવ્યા. કરણને બ્રિટનનું નાગરિકત્વ પ્રાપ્ત થતાં એક બંગલો અનમોલ - સમીરને સોંપી, બીજો વેચાણ કરી કરણે બીજલને નાના કિશન અને નવી જન્મેલી

દીકરી મુનમુન સાથે બ્રિટન બોલાવી લીધા અને લંડનમાં જ સૌ સ્થાયી થઈ ગયા. સમય જતાં બંને ભાઈ-બહેન કિશન અને મુનમુન અભ્યાસમાં કેટલાય સીમાચિહ્નો હાંસલ કરી ડૉક્ટર બન્યા અને વધુને વધુ પ્રગતિ કરી. દક્ષિણ લંડનના ટૂરિંગ વિસ્તારની પ્રખ્યાત સંત જ્યોર્જિસ હોસ્પિટલમાં કિશન કાર્ડિયાક સર્જન અને મુનમુન કેન્સર સર્જન તરીકે નિમણૂંક પામ્યા અને નજીકના વિસ્તારમાં જ બીજલ અને કરણ જે હવે નિવૃત્ત થયો હતો તેની સાથે જ સ્થાયી થયા હતા.

સપ્તાહના છેલ્લા દિવસે કુટુંબ સાથે ડીનર ટેબલ ઉપર ભોજન કરતા મુનમુને બીજલને સાશ્ચર્ય જણાવ્યું કે, "મમ્મી, થોડા દિવસ પહેલાં મેં એક ઇન્ડિયન આન્ટી સંધ્યા પટેલના ગર્ભાશયના કેન્સરનું ઑપરેશન કર્યા પછી આજે સ્વસ્થ થયેલા આન્ટીને રીલીવ કરવા ચેક-અપ માટે ગઈ ત્યારે, કોઈ ગુજરાતી પુસ્તક વાંચતા વાંચતા, બુકમાર્ક તરીકે રાખેલો ફોટોગ્રાફ નીચે પડી ગયો. જે આ દીવાલ ઉપર લાગેલા ભાઇ કિશનના નાનપણના ફોટોગ્રાફની કોપી હતો. મેં આશ્ચર્યથી પૂછ્યું કે, "આ ફોટોગ્રાફ તમારી પાસે ક્યાંથી?" ત્યારે સંધ્યા આન્ટી ભાવુક થઈ ગયા અને આંખમાં આંસુ સાથે બોલ્યા કે, બહેન હું આ લાલાને શોધું છું. હું આની આજીવન ગુનેગાર છું. મને જો એકવાર મળી જાય તો મારે મરતા પહેલાં એની માફી માંગવી છે.

મેં કહ્યું, "આ તો મારા ભાઈનો નાનપણનો ફોટો છે, જે હજી પણ મારી મમ્મીએ એન્લાર્જ કરાવીને ઘરમાં હંમેશ માટે લગાવી રાખ્યો છે." "એમ, ખરેખર?" "મારે તારા ભાઈ અને તારી મમ્મીને જરૂર મળવું છે. પ્લીઝ, મને તારી મમ્મી કે ભાઈનો નંબર આપ. હું સંપૂર્ણ સાજી થઈને, ફોન કરીને ચોક્કસ મળવા આવીશ."

વાત સાંભળી બીજલે પતિ કરણ સામે જોયું. અત્યાર સુધી છોકરાઓથી ખાનગી રાખેલી વાત અને શું એ કિશનની સાચી મમ્મી હશે? બીજલ વિચારવા લાગી. વરસો પહેલાના બનેલા પ્રસંગોની હારમાળા, આંખ સામે ચિત્રપટની પટ્ટીની જેમ યાદ આવી ગઈ. વાત સાંભળી કિશન પણ આશ્ચર્ય અનુભવી રહ્યો. "હશે કોઈ મમ્મીના ઓળખીતા." વિચારીને ડીનર પતાવી વીક એન્ડમાં મળેલી રજાનો સદુપયોગ કરવા, પોતાની વાગ્દત્તાને મળવા ઉપડી ગયો.

એક રાત્રે ફોનથી સંપર્ક કરી, સરનામું લઈ, પોતાની પુત્રી ઓસીન સાથે મળવા આવેલા સંધ્યા પટેલ બીજલને જોઈને જ, રડી પડતાં ભેટી પડ્યા અને હાથ જોડી માફી માંગવા લાગ્યા. યોગાનુયોગ પૂરો પરિવાર ઘરમાં જ હતો. કિશનને જોતાં જ સંધ્યા પટેલે તેના મોં ઉપર હાથ ફેરવી વહાલ કરતાં કરતાં ગાલની નીચેનો તલ અને ડાબા હાથની હથેળી પાછળનું ગોળાકાર લાખું જોયું અને કિશનને ભેટીને રડી પડ્યા. કિશનની સાથે કરણ, મુનમુન અને ઓસીન અવાચક્ બની, હકીકતથી અજાણ, જોતા રહ્યા. કરણને ખ્યાલ આવી ગયો કે આ જ કિશનની સગી મા છે જેણે તેને તરછોડીને બીજલને સોંપીને, ટ્રેઈનમાં અલોપ થઈ ગઈ હતી. મુનમુને પાણી લાવીને સંધ્યા આન્ટીને શાંત કર્યા. પરિસ્થિતિ પોતાના માટે દુઃખદ વળાંક લઈ રહી છે જાણી બીજલે વિચારીને મોટા અવાજે, લડવાના સ્વરમાં સંધ્યા પટેલને ઉધડો લેવાના સ્વરમાં પરખાવ્યું, "સંધ્યાબહેન, મારે તો તમારો ઉપકાર માનવો જોઈએ કે કિશન જેવો દીકરો મને તમે સોંપ્યો અને જતા રહ્યા. છતાં આવા કૃષ્ણ - કનૈયા જેવા પુત્ર, તે પણ અસમજણો છતાં કોઈને પણ વહાલો લાગે તેટલા નાના કિશનને એક સગી મા તરીકે છોડીને જતા રહ્યા અને પછી શોધવાની કોશિશ પણ નહીં કરનાર, તમારા જેવી માને હું કેવી રીતે માફ કરી શકું, બોલો? તમે કદી આ બાળકનું શું થશે કે એ કઈ રીતે જીવન વિતાવશે, તેવો વિચાર પણ ન આવ્યો તમને? એ તો મેં અને મારા પતિ કરણે, તેને પોતાના પુત્ર તરીકે સ્વીકારી લીધો અને હજી સુધી એને જણાવવા પણ નથી દીધું કે તે અમારો દત્તક પુત્ર છે. બાકી મેં જો એને તમારી જેમ તરછોડી દીધો હોત તો? અનાથ તરીકે કોણ જાણે તેનું શું થયું હોત?"

બીજલના શાબ્દિક હુમલાથી હતપ્રભ થઈ ગયેલા સંધ્યાબેન પટેલ ફરી રડી પડીને હાથ જોડીને બોલ્યા, "હું આ લાલાને, કિશનને, કૃષ્ણ - કનૈયાને, મેં... મેં... જન્મ જરૂરથી આપ્યો છે પણ હું એની સગી મા નથી."

"હેં...? જન્મ તમે આપ્યો છે અને સગી મા નથી? કઈ રીતે બને?" "હા... હું તેની સરોગેટેડ મધર છું. મેં મારી કૂખ એના માતા-પિતા માટે ભાડે આપેલી." "શું.....ઉં....?" કહીને બીજલ ચીસ પાડી ઉઠી. સૌ સાંભળેલી હકીકતથી અવાચક્ બની ગયા. થોડીવાર માટે સૌ એકબીજા સામે જોતા રહ્યા. પછી કિશન એકાએક બોલી ઉઠ્યો, "અદ્ભુત... ઇમપોસીબલ... અહીં બે-બે માતાઓ હોવા છતાં હું બેમાંથી કોઈનો દીકરો નથી! કહેવું પડે!"

"ના બેટા, તું મારો જ દીકરો છે." બીજલે લગભગ ચીસ પાડી.

"પપ્પા, શું હું તમારો દીકરો નથી?"

"ના...આ... બેટા, તું મારો અને

પપ્પાનો જ દીકરો છે.'' ફરીવાર બીજલે ચીસ પાડીને કહ્યું. ''ભલેને તને કે કોઈને ખબર નહોતી પણ તને તારા બચપણથી આજ સુધી કદી લાગ્યું છે કે અમે તને લાગવા દીધું છે કે તું અમારો દીકરો નથી?'' કહીને બીજલ ઊભી થઈને કિશનને ભેટી પડીને હીબકા ભરવા લાગી.

''લાલા... લાલા... બેટા... તું મનમાં... વિચારતો પણ નહીં કે તું મારો દીકરો નથી. મને વચન આપ, કે તું કદી પણ નહીં વિચારે કે તું મારો દીકરો નથી. કરણ, કરણ આને સમજાવો કે એ આપણો જ દીકરો છે. હે... ભગવાન...'' કહીને બીજલ છાતી ઉપર હાથ મૂકીને ફસડાઈ પડી.

કાર્ડિયોલોજિસ્ટ દીકરા કિશનને સમજતા વાર ન લાગી કે મમ્મીને અચાનક આઘાત થકી હૃદયરોગનો હુમલો કે પેરાલિસિસનો હુમલો આવ્યો છે. તાત્કાલિક તેણે બીજલને સુવડાવી, પ્રાથમિક સારવાર શરૂ કરી અને બહેન મુનમુનને જલ્દી પોતાની હોસ્પિટલમાંથી ઈમરજન્સી એમ્બ્યુલન્સ બોલાવવા તાકીદ કરી.

બધા એકાએક હતપ્રભ થઈ ગયા કે અચાનક શું થઈ ગયું.

સમયસર હોસ્પિટલમાં સારવાર મળતાં જ બીજલ બચી તો ગઈ પણ હજી સાચવવાનું હતું કે તેને ફરી કોઈ આઘાત ન લાગે. તેના મનમાં કોઈ અઘટિત વિચારો ન આવે તે જોવું રહ્યું નહિંતર ફરીવાર પેરાલિસિસનો હુમલો આવી શકે. બધાની સાથે જ સંત જ્યોર્જિસ હોસ્પિટલ પહોંચેલા સંધ્યા પટેલ અને દીકરી ઓસીન, અવાચક્ બની આઈ.સી.યુ.ની બહાર લોન્જમાં બેઠા હતા. કલ્પના પણ નહોતી કે પોતાની ભૂલની માફી માંગવા માટે આવેલ પોતાને કારણે બીજલ માટે આવી પરિસ્થિતિ પેદા થશે. બીજલને સારવાર નીચે મૂકી ડૉ. કિશન બહાર આવ્યો ત્યારે ફરીથી ગરીબડા બની, હાથ જોડી ઊભેલા સંધ્યા પટેલે, કિશનને, પિતા કરણ અને બહેન મુનમુનની હાજરીમાં જ કહ્યું, ''દીકરા, હું તો તારી અને તારી મમ્મીના પાસે માફી માંગવા આવી હતી. મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે, આવું બનશે. મને માફ કરી દે. હું તને બીજલ પાસેથી છીનવી લેવા નથી માંગતી કે મારો બીજો કોઈ બદ્ ઈરાદો પણ નથી. મેં અને આ દીકરી ઓસીનના પપ્પાએ કરેલી ભૂલ માટે મને પસ્તાવો થયો અને મેં માનવતા વિરુધ્ધ કરેલ આચરણ અને ભૂલ, સ્વાર્થ માટે હોવાના અહેસાસને લઈને વરસો સુધી ગુનેગારની લાગણી અનુભવતી રહી. જોકે મને મારી કરેલી ભૂલનો બદલો તો ઓસીનના પપ્પાને કાર એક્સિડન્ટમાં ગુમાવ્યા અને હમણાં કેન્સરમાંથી, યાતના સહન કરીને માંડ માંડ બચી તે કદાચ તારી પાસે માફી માંગવા જ મને પ્રભુએ જીવિત રાખી હશે અને તે પણ તારી બહેન, મારી પણ દીકરી મુનમુનના થકી જ જીવિત રહી. માટે મને માફ કરી દે બેટા!'' કહી સંધ્યા પટેલ ફરીવાર રડી પડ્યા.

કરણે આશ્વાસન આપી, છાના રાખી પૂછ્યું, ''એવી તે કેવી મજબૂરી હતી બહેન, કે તમારે કિશનને જન્મ આપીને તેના માતા-પિતાને આપવાને બદલે નિરાધાર, ટ્રેઈનમાં મૂકી દેવો પડ્યો હતો?''

''ભાઈ, બહુ લાંબી વાત છે. ઓસીનના પપ્પા મિલન અને હું ભરૂચ જિલ્લાના કાનમ વિસ્તારના રહેવાસી. ઘરખેડની જમીન ટૂંકી, સગાવહાલાઓ બધા કેન્યા, ઝાંબિઆ થઈને બ્રિટનમાં સ્થાયી થયેલા. અમને બધા બ્રિટન આવી જવા બોલાવતા પણ અમારી પાસે તો બ્રિટન જવા ભાડાના પૈસા પણ નહોતા. મેં નર્સિંગનો કોર્ષ કરેલો. મિલન તો મેટ્રિક પાસ પણ માંડ માંડ થયેલા. પૂનામાં રહેતા મિલનના દૂરના ફોઈ પાસે બ્રિટન જવા મદદ માંગી ત્યારે મદદ કરવાને બદલે થોડા સમય રાહ જોવા જણાવ્યું. પછી એમણે એક રસ્તો સુઝાડ્યો. પૂનાના એક રૂઢિચુસ્ત, મોટા વેપારી, ધંધાદારી, મારવાડી કુટુંબના છેલબટાઉ યુવાનને પરાણે, તેના પિતાએ એમના નાનપણના મિત્રની, જોધપુર - રાજસ્થાનમાં રહેતી ખુબસૂરત કન્યા સાથે પરણવા ફરજ પાડેલી. એથી લગ્ન કરેલા. બે-ચાર વર્ષ સુધી સંતાન નહીં થતા, તપાસના અંતે યુવતીના શરીરમાં કોઈ ખામી જણાઈ. અમારા ફોઇને જાણ થઈ કે આ યુગલ કોઈની કૂખ ભાડે લેવા પાત્ર શોધે છે અને તે માટે સારી એવી રકમ આપવા પણ તૈયાર છે. એ વખતે કૂખ ભાડે આપવા કોઈ જાહેરમાં તૈયાર થતાં નહીં અને એ સમયે આ રીત પણ નવી નવી હતી. મને અને મિલનને ફોઈએ મારવાડી દંપતિ માટે મારી કૂખ ભાડે આપવા સમજાવી અને સારા એવા પૈસાની લાલચ આપી. મેં ખૂબ જ વિરોધ કર્યો પણ ટૂંકી ખેતી અને ખેડૂત તરીકેની મહેનતથી કંટાળેલા મિલને મને આંબળી-પીપળી બતાવી, બ્રિટનના જીવનના સ્વપ્નાઓ બતાવી, કોઈને પણ ખબર નહીં પડે એવી બાંહેધરી આપી ત્યારે પતિ માટે હું તૈયાર તો થઈ પણ મન માનતું નહોતું. મારવાડી કુટુંબ પોતાની પુત્રવધૂની શારીરિક ખામી બહાર પડે તેમ ઈચ્છતું નહોતું. એટલે ગમે તે રકમ આપવા તૈયાર હતું. ફોઈએ અમને ખર્ચ ઉપરાંત સાત લાખ જેવી રકમ આપવાની ખાતરી આપી. એ વખતે સાત લાખ બહુ મોટી રકમ હતી. હું અને મિલન મુંબઈ જઈ

ખાનગી હોસ્પિટલમાં અનુકૂળ સમયે બધું કામ પાર પાડી આવ્યા. વચ્ચે અમારા ફોઈ હતા. અમે તો એ મારવાડી દંપતિને જોયા કે મળ્યા પણ નહોતા.''

વાત કરતા હાંફી ગયેલા અને ફરી રડી પડેલા સંધ્યા આન્ટીને મુનમુને પાણી પાઈ શાંત કર્યા પછી એમણે અધૂરી વાત આગળ વધારી. સૌ સાંભળવા આતુર હતા.

''આ રીતે મારી કૂખમાં આ કિશન આકાર પામ્યો. પણ કુદરતે બીજું જ કાંઈ નિર્માણ કર્યું હશે. પેટ ઉપર કપડા વિંટીને સગર્ભાવસ્થાનો દેખાવ કરતી મારવાડી પુત્રવધૂ સાથે ન બનવાનું બની ગયું. જોધપુર - રાજસ્થાન જેવા વિસ્તારના ક્ષારવાળા પાણી અને ઓછું પાણી પીવાની આદત જે ગણો તે, મારવાડી પુત્રવધૂની બંને કિડનીમાં અસામાન્ય રૂપે નીકળેલી મોટી પથરીએ તેનો જીવ લીધો. કિડની ફેઈલ થતાં, તે વખતે નવી નવી શોધાયેલી ડાયાલિસિસની પધ્ધતિથી પૈસાના જોરે સારવાર કરવા છતાં એ બચી શકી નહીં. પત્ની જ નહીં રહેતા, પિતાના દબાણથી કરેલા લગ્ન પછી તેણે અમારા ફોઈને મારી કૂખમાં ઉછરી રહેલા સંતાનને સ્વિકારવાની ના પાડી દીધી. એકાદ મહિના પછી જ જન્મેલા કિશન માટે અમારા ફોઈએ સાતના બદલે દસ લાખ રૂપિયા સાથે આપવા આવીને અમને હકીકત જણાવી. અમારા માટે ધર્મસંકટ આવી ગયું. બ્રિટન જવાના અમારા કાર્યક્રમમાં નાનકડા બાળકનું આગમન અડચણરૂપ હતું. ફૈબાએ મિલનને ઊંધુંચત્તું સમજાવી, બાળકને લાવારીસ મૂકી દેવા અને બ્રિટન જતા રહેવા સમજાવ્યું. મેં ખૂબ વિરોધ કર્યો. મારી તો બાળકને, કિશનને ઉછેરવાની તૈયારી હતી. પણ ખાનગી રીતે કરેલા આ કાર્ય તેમજ કાલ સવારે ગુનેગાર સાબિત થાય તો સમાજમાં આબરૂ સાથે બધું જ એટલે કે બ્રિટન જવાનું સ્વપ્નું તૂટી જાય એવી ધમકી આપી મને મજબૂર કરાવી. જેથી જન્માષ્ટમીના તહેવાર વખતે, મેં કિશનને કૃષ્ણ કનૈયો સજાવીને ટ્રેઈનમાં સુરત પહેલા સાંકળ ખેંચી, અમે ઉતરી ગયા અને કિશનને તરછોડી દીધો.''

આટલી વાત કરી સંધ્યા પટેલ ફરી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા અને કિશનને ભેટીને રડવા લાગ્યા. સૌએ માંડ માંડ છાના રાખ્યા.

''પછી અમે, મારા નર્સિંગના અભ્યાસના આધારે દૂરના એક સગા લેસ્ટરમાં ડૉક્ટર તરીકે પ્રાઈવેટ નર્સિંગ હોમ ચલાવતા હતા, તેમના મારફત બ્રિટન આવ્યા. અહીં આવ્યા પછી મિલન મજૂરી જેવું કામ કરતા અને પેટ્રોલ પંપ ઉપર નોકરી કરતા કરતા, દારૂ પીવાની લતે ચડી ગયા અને દારૂના નશામાં જ કાર ચલાવતા એક્સિડન્ટ કરી બેઠા. ત્યારે આ ઓસીન બહુ જ નાની હતી. થોડા સમય પછી મેં અહીં લંડનમાં, અનુભવના આધારે મોટી હોસ્પિટલમાં નર્સ તરીકે જોબ લીધી અને અહીં આવી ગયા. આ છે મારી હકીકત અને આ હતી મારી મજબૂરી. હું બહેન બીજલ અને પુત્ર કિશનની ગુનેગાર તરીકે, અત્યાર સુધી મનમાં અજંપા સાથે જીવતી હતી અને યોગાનુયોગ તમારો મેળાપ થયો. મને અફસોસ એટલો જ રહ્યો કે કિશન - કનૈયાને જન્મ આપીને માતા દેવકીએ, જશોદાને સોંપ્યો હતો. હું તો દેવકી પણ ન બની શકી. મને માફ કરી દો ભાઈ... દીકરા, મને માફ કરી દે.'' કહી ફરી સંધ્યા પટેલ રડવા લાગ્યા.

''અરે, અરે મમ્મી શાંત થઈ જાવ. મને તો ભગવાને એકને બદલે બે-બે માતાઓ અને બીજી બહેન પણ આપી. હું કેવો ખુશનસીબ કહેવાઉં ખરું ને?'' કહીને કિશન સંધ્યા માને ભેટી પડ્યો.

બે-ચાર દિવસ પછી આઈ.સી.યુ.માંથી સ્વસ્થ થઈ બહાર આવેલ બીજલને, કિશને શાંતિથી હકીકત જણાવી અને પોતે બીજલ - કરણનો જ પુત્ર છે તે જણાવી બે માતાઓના દીકરા અને બે બહેનોના ભાઈ તરીકે, ટૂંક સમયમાં જ વાગ્દત્તા બનેલી મિસ મેરી, ડૉ. મેરી જેને લગ્ન પછી બીજલ અને સંધ્યા, કૃષ્ણ - કનૈયાની પત્ની રૂકિમણી તરીકે નવું નામ આપવાના હતા, તેની સાથે સૌની મુલાકાત કરાવી. સૌએ આ પ્રસંગની, આ મેળાપની ઉજવણી મીઠાઈ ખાઈને ઉજવી.

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,*
*વિજય ચાર રસ્તા પાસે,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

## ગાંધીજીનું ભારતમાં પ્રાગટ્ય

**(અનુ. : પાના નં.-૧૦ ઉપરથી ચાલુ)**

સરમુખત્યારી પેદા થાય છે. આંદોલનો જરૂરી છે. હિંસાખોર આંદોલનો ઘાતક છે. હિંસા આચરનાર પક્ષ કે સંઘ કે ટોળાને સજા કરી શકાતી નથી કારણકે સામૂહિક પાપ વ્યક્તિને છાવરે છે. આવા આંદોલનો ગાંધીના નામે થાય છે તે ગાંધીનો દ્રોહ કર્યા બરાબર છે. ગાંધીજીએ જેટલા આંદોલનો કર્યા તે બધી વખતે અહિંસા અને શિસ્ત પર ભાર મૂક્યો છે અને પોતાના અનુયાયીઓ હિંસાખોરી કરે ત્યારે તેમણે આંદોલનો સમેટી લીધા છે. ચોરીચોરાનો દાખલો મશહૂર છે.

મોરચાબાજીના કારણે થયેલી તોડફોડ અને લૂંટથી પરેશાન થયેલા લોકોને રાહત આપવા માટે ભારતની સર્વોચ્ચ અદાલતે આદેશ આપ્યો છે કે જનતાને થયેલી નુકસાની આંદોલન શરૂ કરનાર આગેવાનો પાસેથી દંડરૂપે વસુલ કરવી પણ આવા આદેશનું પાલન થયું જાણ્યું નથી.

*નગીનદાસ સંઘવીના લેખના આધારે*

સંસ્થા / વ્યક્તિ વિશેષ

## ગુજરાતના કૃષિના ઋષિ

# દિવ્યાંગ ગેનાભાઈ દરગાભાઈ પટેલને પદ્મશ્રી

• કિરણ ચાંપાનેરી 'સેતુ' - ફ્રીલાન્સ પત્રકાર •

ગુજરાતના સાબરકાંઠાના ડીસા - લાખણી વિસ્તારનું સરકારી ગોળિયાને બદલે હવે ગેનાભાઈના ગોળિયા તરીકે ઓળખાતું થયું છે! ગેનાભાઈએ એવું તે શું કર્યું કે સરકારી ગોળિયું હવે ગેનાભાઈના ગોળિયા તરીકે ઓળખાવા લાગ્યું? તેય માત્ર ગુજરાતમાં જ નહીં પણ આખાયે દેશમાં! ગેનાભાઈએ પરંપરાગત રાયડો અને એરંડાની ખેતી છોડી અને દાડમની ખેતી અપનાવી. માત્ર તેમણે જ દાડમની ખેતી અપનાવી એટલું જ નહીં, **સરકારી ગોળિયાના ખેડૂતોને પણ દાડમની ખેતી કરવા પ્રેરણારૂપ બન્યા. પછી તો ગુજરાત અને રાજસ્થાનના ત્રીસ હજાર હેક્ટર ખેતરોમાં ખેડૂતો દાડમની ખેતી કરતા થયા છે.** દાડમની ખેતીએ તેમને પ્રગતિશીલ ખેડૂત, કૃષિના ઋષિ અને સમ્રાટ કિસાન ઓફ ઈન્ડિયા સન્માનો ગેનાભાઈને મળ્યા છે. તાજેતરમાં ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ ભારત સરકારે પદ્મશ્રી ઍવોર્ડ માટે દિવ્યાંગ ગેનાભાઈની પસંદગી કરી અને ૧૩મી એપ્રિલ, ૨૦૧૭ના રોજ રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીના હસ્તે **પદ્મશ્રી એનાયત થયેલ છે!**

પરંપરાગત ખેતી છોડી અને ખેતીમાં નવીનતા અપનાવી આર્થિક પ્રગતિ સાધવા અને બીજા ખેડૂતોને પ્રોત્સાહિત કરવાના ગેનાભાઈના આવા પ્રયાસ બદલ તા. ૨૦-૨-૨૦૦૯માં રાજ્યપાલ શંકરદયાલ શર્માના હસ્તે **પ્રગતિશીલ ખેડૂતનો એવોર્ડ,** તા. ૨૦-૫-૨૦૦૯માં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે **કૃષિના ઋષિનો એવોર્ડ,** રાજસ્થાનના બાડમેરમાં ખેડૂતોને દાડમની ખેતી કરતા કરવા બદલ ૨૦૧૨માં રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતના હસ્તે **હળધર એવોર્ડ અને એક લાખ રૂપિયા**, દિલ્હીમાં તા. ૨૪-૨-૨૦૧૪માં મહેન્દ્રા એગ્રી ઈન્ડિયા દ્વારા કૃષિ મંત્રી તારીક અન્વરના હસ્તે **કૃષિ સમ્રાટ એવોર્ડ** અને રૂા. ૨ લાખ ૧૧ હજાર, જિલ્લા કક્ષાનો આત્મા ઍવોર્ડ કલેક્ટર હિંગરાજીયાના હસ્તે અને રાજ્ય કક્ષાનો **આત્મા એવોર્ડ** નરેન્દ્ર મોદીના હસ્તે અપાયેલ. તા. ૨૮-૨-૨૦૧૪માં એન.સી.આઈ.આર. **રાષ્ટ્રીય એવોર્ડ** કૃષિ વિજ્ઞાની કે.એલ. ચઢ્ઢાના હસ્તે, રાષ્ટ્રપતિ ભવનમાં ડૉ. અનિલ ગુપ્તાના હસ્તે સૃષ્ટિ સન્માન, તા. ૧૫-૮-૨૦૧૫માં **જન જાગ્રત એવોર્ડ** ચીફ જસ્ટીસ રવિ આર. ત્રિપાઠીના હસ્તે એનાયત થયેલ. તા. ૧૯-૧૨-૨૦૧૫માં બીલમલીંગા ગેસ્ટ ફાઉન્ડેશન ઑફ દક્ષિણ એશિયા તરફથી **અસ્પી એવોર્ડ** ઊર્વિ મહેતાના હસ્તે, આણંદ કૃષિ યુનિવર્સિટીમાં આઈ.સી.એ.આર.ના પ્રેસિડેન્ટ એ. ઐયપ્પનના હસ્તે **સન્માન**, રાજકોટમાં હેમુ ગઢવી હોલમાં ૨૦૧૩માં ડૉ. વલ્લભભાઈ કથીરિયાના હસ્તે **વી.વી.ટી. કૃષિ એવોર્ડ**, વડોદરામાં દિનશા પટેલના હસ્તે ચાંદીના ચંદ્રકથી **સન્માનિત** કરવામાં આવેલ. તા. ૭-૧-૨૦૧૬માં જે આદર્શ વિદ્યાલય ડીસામાં ગેનાભાઈએ શિક્ષણ મેળવ્યું, તેના દ્વારા સુવર્ણ મહોત્સવની ઉજવણી પ્રસંગે રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીના હસ્તે સન્માન અને દિલ્હીમાં તા. ૧૪-૧-૨૦૧૬માં જિંદાલ ગ્રુપ દ્વારા **સ્વયંસિદ્ધિ એવોર્ડ**થી ગેનાભાઈનું સન્માન કરવામાં આવેલ. કોઠાસૂઝથી કૃષિક્ષેત્રે આગવા પ્રદાન માટે પદ્મશ્રીથી સન્માનિત દિવ્યાંગ ગેનાભાઈ સાથેની વાતો આવો માણીએ....

***કિરણ*** : *પદ્મશ્રી ઍવૉર્ડના સમાચાર જાણીને કેવી લાગણી થઈ?*

***ગેનાભાઈ*** : તા. ૨૫-૧-૨૦૧૭ના રોજ દિલ્હીથી ફોન આવ્યો હતો. પદ્મશ્રી ઍવોર્ડ માટે મારી પસંદગી થઈ છે સાંભળીને થોડીક ક્ષણો તો હું કાંઈ વિચારી શક્યો જ નહીં. હર્ષ અને આનંદને કારણે બોલી શકાયું જ નહીં. બે-એક મિનિટ પછી મારા મોટાભાઈને હું આ આનંદના સમાચાર આપી શક્યો...

***પ્રશ્ન*** : *આપના પરિવારની વાત કરશો?*

***ગેનાભાઈ*** : અમારા વડદાદાઓ રાજસ્થાનમાંથી આવીને આ સરકારી ગોળિયામાં વસ્યા હતા. દરગાભાઈ ચૌધરી મારા પિતાજી. અમે પાંચ ભાઈઓ અને એક બહેન. હું સૌથી નાનો. **બે વર્ષની ઉંમરે પોલિયોમાં બંને પગની ચેતના ગુમાવી.** મારાથી મોટા જોરાભાઈ મને ખભે બેસાડી દરરોજ શાળાએ મૂકવા અને લેવા આવે. સરકારી ગોળિયામાં પ્રાથમિક શિક્ષણ અને ડીસાની આદર્શ વિદ્યાલયમાં ધોરણ બાર સુધી અભ્યાસ કર્યો.

**પ્રશ્ન :** *અભ્યાસ પછી શું પ્રવૃત્તિ કરતા?*

**ગેનાભાઈ :** અભ્યાસ પછી સરકારી ગોળિયાના બાળકોને ભણાવ્યા. થોડોક સમય પંડિત દિનદયાલ સસ્તા અનાજની દુકાન ચલાવી. આ સંસાર જીવનમાં બને છે તેમ મોટા ત્રણ ભાઈઓ પરિવારથી જુદા થતા ગયા. પણ અવસાન વખતે મારી બાએ જોરાભાઈનો હાથ પકડી મારા તરફ ઈશારો કરેલો... ગેનાને સાચવજે, સંભાળ રાખજે. માતાના આ મૂક ઈશારાને મારા જોરાભાઈએ પાળી બતાવ્યો. આજે પણ અમારા બંને ભાઈઓના પરિવાર ભેગા જ રહીએ છીએ... હવે તો આ પંથકમાં અમારી જોરાભાઈ - ગેનાભાઈની જોડી રામ લક્ષ્મણની જોડી તરીકે ઓળખાય છે!

**પ્રશ્ન :** *તમારી સંઘર્ષની વાત કરશો?*

**ગેનાભાઈ :** સરકારી ગોળિયામાં અને આખાય ડીસા પંથકમાં ખેડૂતો રાયડો, એરંડા અને બટાટાની જ ખેતી કરે. મારા જોરાભાઈ પણ રાયડો અને એરંડાની ખેતી કરતા. મારાથી તો ખેતીકામ થઈ શકે તેમ ન હતું. એટલે મારા મનમાં સતત વિચારો ઘૂમરાતા રહેતા કે એવી ખેતી કરીએ કે જે એકવાર વાવ્યા પછી પાંત્રીસ ચાલીસ વર્ષ સુધી તેમાંથી પાક લઈ શકાય...

**પ્રશ્ન :** *દાડમની ખેતી કેમ પસંદ કરી?*

**ગેનાભાઈ :** મનમાં ચાલતા આવા મનોમંથનના સમયે સહકારી બનાસ ડેરીના સીનિઅર સુપરવાઈઝર પી. એમ. કરેણે દાડમની ખેતી કરવાનું સૂચવ્યું અને મને પ્રોત્સાહન મળ્યું. એટલે ૨૦૦૩માં અંબાજી નજીક વણસોલ ગામે નિવૃત્ત મામલતદાર ભીખાભાઈ મેવાડાએ કરેલી દાડમની ખેતી જોવા ગયો. તેમની પાસેથી દાડમની ખેતીની માહિતી મેળવી. નાસીક પાસેના સટાણાની કૃષિ સંપદા નર્સરીના માલિક દગાદાદા પાટીલ પાસેથી સિંદૂરી ભગવા જાતના દાડમના ૪૦૦૦ રોપા લાવી ૧૩ એકરમાં રોપણી કરી.

**પ્રશ્ન :** *દાડમની નવી ખેતી અંગે ગામલોકોનો કેવો પ્રતિભાવ હતો?*

**ગેનાભાઈ :** એરંડા અને રાયડાની ખેતી છોડી દાડમની ખેતી તો શરૂ કરી. એટલે ગામ ગોળિયા અને સૌ સગાવહાલાઓ કહેતાં કે આ દાડમની ખેતીમાં કમાશો નહીં, ઘરના પૈસા ખોવાનો વારો આવશે. વગેરે હતાશાજનક વાતો કરે... પણ દગાદાદા પાટીલે મને કહેલું કે શરૂના બે-ત્રણ વર્ષ તકલીફ પડે તેમાં ધીરજ રાખજો. એટલે મેં અને મારા ભાઈએ લોકોના કહેવા તરફ ધ્યાન આપ્યું નહીં. પ્રથમ વર્ષે લસણ, મરચી અને ટમેટાં જેવા આંતરપાક લીધા. લસણના પાકથી એક લાખ રૂપિયાની આવક થયેલી.

**પ્રશ્ન :** *દાડમનું વેચાણ કઈ રીતે કરો છો?*

**ગેનાભાઈ :** બીજા વર્ષથી દાડમનું ઉત્પાદન શરૂ થયું. જેને અમદાવાદ અને જયપુરમાં કિલો દીઠ રૂા. ૮, રૂા. ૧૨ અને રૂા. ૧૬ના ભાવે દાડમ વેચ્યા. તે પછીના વર્ષોમાં જયપુરમાં રૂા. ૧૬, રૂા. ૨૦ અને રૂા. ૨૪ના કિલોના ભાવે વેચેલા. આમ દાડમની ખેતીમાં આવક વધતી ગઈ. અમારી દાડમની ખેતીની આવક દેખાવા માંડી! આજે તો સરકારી ગોળિયાના ૯૦ ટકા ખેતરોમાં અને ડીસા - લાખાણી પંથકના ખેતરોમાં દાડમ લહેરાય છે... ખેડૂતો દાડમની ખેતી કરતા થયા છે અને ૨૦૦૪માં ગામ ગોળિયાના લોકો, સગાવહાલા જેઓ અમારો વિરોધ કરતા હતા તેમણે સૌએ ભેગા મળી ૨૦૧૩માં અમારું સન્માન કર્યું! વિરોધીઓના કારણે મને સફળતા મળી છે અને વિરોધી વાતાવરણમાં ટકી રહેવાનું મનોબળ મને મારા જોરાભાઈ તથા પરિવારે પૂરું પાડ્યું છે.

**પ્રશ્ન :** *દાડમની ખેતી અંગે તમે ખેડૂતોને માર્ગદર્શન કઈ રીતે આપતા?*

**ગેનાભાઈ :** અમારી દાડમની ખેતીની વાત જેમ જેમ ફેલાતી ગઈ તેમ તેમ દાડમની ખેતી જોવા ખેડૂતો આવવા મંડ્યા. મારા ખેતરે દાડમની ખેતી જોવા અને જાણવા દર વર્ષે સાતેક હજાર મુલાકાતીઓ આવતા રહે છે. સને ૨૦૧૧ અને ૨૦૧૨માં કૃષિ યુનિવર્સિટી દાંતીવાડા અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર - ડીસાના સહયોગથી ખેતર પર દાડમશાળા શરૂ કરેલી. જેમાં મહિનાના એક દિવસે ખેડૂતો ખેતર પર ભેગા થાય અને હું દાડમની ખેતી અંગેની માહિતી, માર્ગદર્શન આપું.

**(અનુ. : જુઓ પાના નં.-૫૫ ઉપર)**

માહિતી

# ધોરણ-૧૦ અને ૧૨ બાદના અભ્યાસક્રમો માટે યોગ્ય માર્ગદર્શન

• ડૉ. મિહિર એમ. વોરા •

જૂન મહિના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના પરિણામો આવી ગયા બાદ ક્યાં પ્રવેશ લેવો તે વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે એક સતત ચિંતાનો વિષય બની રહે છે ત્યારે એક શિક્ષક તરીકે ઉકેલ કરવાનો નાનો પ્રયત્ન કર્યો છે. ધોરણ-૧૦ કરતાં પણ ધોરણ-૧૨નું વર્ષ કારકિર્દી ઘડતર માટે મહત્ત્વપૂર્ણ સાબિત થાય છે. દર વર્ષે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે. સાથોસાથ બોર્ડની પરીક્ષામાં પાસ થઈ રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધી રહી છે. પરીક્ષા પદ્ધતિમાં થઈ રહેલા ફેરફારો, શિક્ષણ પ્રત્યેની ખુદ વિદ્યાર્થી - વાલીઓની જાગૃતિને કારણે પરિણામ વધ્યું છે. પરંતુ મનગમતા ઉચ્ચ અભ્યાસક્રમમાં એડમિશન મળી શકે તેવા ટકા મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ જ ઓછી છે ત્યારે કેટલાક સવાલો ઊભા થતા હોય છે. ધોરણ-૧૦ પાસ કર્યા બાદ (૧) ધોરણ-૧૧ અને ધોરણ-૧૨માં અભ્યાસ, (૨) ડિપ્લોમા એન્જિનિયરિંગ તેમજ ડિપ્લોમા કોર્સમાં અભ્યાસ, (૩) આઈ.ટી.આઈ.ના જુદા જુદા કોર્સમાં અભ્યાસ, (૪) ટેકનિકલ શિક્ષણના વિવિધ સર્ટીફિકેટ કોર્સમાં અભ્યાસ, (૫) ફાઈન આર્ટ ડિપ્લોમા કોર્સમાં અભ્યાસ, (૬) કૃષિ ક્ષેત્રે યુનિવર્સિટીના કોર્સમાં અભ્યાસ, (૭) કેટલાક પ્રોફેશનલ કોર્સમાં અભ્યાસ અથવા (૮) આગળ અભ્યાસ છોડી દઈને ધંધામાં અથવા નોકરીમાં જોડાઈ જવું. ધોરણ-૧૨ સાયન્સમાં ૯૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનારને સરળતાથી મેડિકલ, એન્જિનિયરિંગ કે આઈ.ટી. ક્ષેત્રમાં પ્રવેશ મળી જાય છે અને આવા વિદ્યાર્થીઓ ભણતર પૂરું કર્યા બાદ પોતાની ઉજ્જવળ કારકિર્દી પણ ઝડપથી ઘડી શકે છે. પરંતુ જેઓને ઓછા ટકા આવ્યા હોય તેમની હાલત કફોડી થાય છે. અત્યારના કોમ્પિટિશનનાં સમયમાં મનગમતાં ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા માટે એક-એક ટકાનું મહત્ત્વ વધી જાય છે. જોકે ધોરણ-૧૨નાં વિદ્યાર્થી પૈકીના બધાને તો ચોક્કસ અભ્યાસક્રમમાં પ્રવેશ મળે એ બાબત શક્ય જ નથી.

> *ધોરણ ૧૦ અને ૧૨ બાદ મનગમતાં કોર્સમાં પ્રવેશ ન મળે તો ચિંતા કરવાની જરૂર નથી. પરંતુ યોગ્ય માર્ગદર્શન લેવું જરૂર.*

આવું વિચારીને ઓછા ગુણ મેળવનારા વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ પાસ કર્યા પછીના અનેક વિકલ્પો છે, જે શાંતિપૂર્ણ વિચારીને પછી આગળ વધવું જોઈએ. ધોરણ-૧૨ સાયન્સ પછી એ ગ્રુપ, બી ગ્રુપના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસ માટે ઘણી તક છે. બી ગ્રુપ માટે મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી, આયુર્વેદ, હોમિયોપથી, નર્સિંગ, ડિગ્રી, ઓક્યુપેશનલ થેરાપી, ઓપ્ટોમેટ્રી, નેચરોપથી, ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટીક્સ, બી ફાર્મ કરી શકાય છે. જયારે એ ગ્રુપના વિદ્યાર્થીઓ એન્જિનિયરિંગ (ડિગ્રી), ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન, કોમ્પ્યુટર સાયન્સ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ, બાયો ટેકનોલોજી, બાયો મેડિકલ, મિકેનિકલ, કેમિકલ, ઈલેક્ટ્રિકલ, ડેરી ટેકનોલોજી અને કૃષિ ટેકનોલોજી, ઓટોમોબાઈલ, સિવિલ, આર્કિટેક્ટ, ટેક્ષટાઈલ, ફેશન ડિઝાઈન, બી.ફાર્મ અને ડી.ફાર્મ કરી શકે છે. એ અને બી ગ્રુપનાં વિદ્યાર્થીઓ ફાર્મસીનો અભ્યાસક્રમ કરી શકે છે. બી ગ્રુપના વિદ્યાર્થીઓ માટે MBBS (મેડિકલ), BDS (ડેન્ટલ), બેચલર ઓફ ફાર્મસી, આયુર્વેદ, ફિઝિયોથેરાપી, નર્સિંગ, બી.એસસી. જેવા અભ્યાસક્રમો છે. ઉપરાંત રૂચિ પ્રમાણે તથા પરિવારના વ્યવસાય મુજબ પણ અન્ય અભ્યાસક્રમોની પસંદગી કરી શકાય છે. ધોરણ-૧૨ સાયન્સ ઉપરાંત સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એમ.બી.એ. જેવા ઉચ્ચ અભ્યાસ કરવાની પૂરી તકો છે. ધોરણ-૧૨ કોમર્સ પાસ થનારા વિદ્યાર્થી રાજ્યની યુનિવર્સિટીઓ સાથે સંલગ્ન કોલેજોમાં બી.કોમ. કરી શકે છે. ત્યારબાદ એમ.કોમ., એમ.બી.એ., કે એમ.સી.એ. પણ કરી શકાય છે. કોમર્સના મુખ્ય વિષયોમાં કોસ્ટ એકાઉન્ટિંગ, સ્ટેટિસ્ટિક, બિઝનેસ મેનેજમેન્ટ, બેન્કિંગ, એકાઉન્ટન્સી અને ઈન્ડસ્ટ્રીઝ એન્ડ લેબરનો સમાવેશ થાય છે. ઝડપથી વિકાસ પામી રહેલા આજના સમયમાં સી.એ.નો અભ્યાસ ખૂબ જ મોભાદાર અને મહત્ત્વનો ગણવામાં આવે છે. સી.એ.ની પરીક્ષા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, દિલ્હી દ્વારા લેવાય છે. ધોરણ-૧૨ પાસ કર્યા બાદ સાયન્સ,

કોમર્સ કે આર્ટસમાં સ્નાતક થયા બાદ જી.પી.એસ.સી., યુ.પી.એસ.સી., બેન્કિંગ અને ઈન્સ્યોરન્સ કે રેલવેમાં સ્પર્ધાત્મક પરીક્ષા આપીને પણ કારકિર્દી ઘડી શકાય છે. વિવિધ પ્રકારનાં ઉદ્યોગોને પ્રગતિકારક બનાવવા માટે મેનેજમેન્ટ કૌશલ્ય ધરાવતા સંચાલનની જરૂર હોય છે. આવા કુશળ મેનેજમેન્ટવાળા ઉમેદવારો તૈયાર કરવા માટે બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.) અને માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (એમ.બી.એ.)ના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. ધોરણ-૧૨માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ આવે તો કોમ્પ્યુટરના અભ્યાસક્રમો બી.સી.એ. અને પછી એમ.સી.એ. કરી શકાય છે. ધોરણ-૧૨ના પરિણામો જાહેર થયા પછી યુનિવર્સિટી દ્વારા અપાતી જાહેરાત મુજબ કાર્યવાહી કરીને પ્રવેશ મેળવી શકાય છે. મેરિટને આધારે પ્રવેશ અપાય છે. ઉપરાંત વેબ ટેકનોલોજી ક્ષેત્રે પણ સુંદર તક છે. ટેકનોલોજીના ફિલ્ડમાં થનારી નવી પ્રવૃત્તિઓમાં સ્પેશિયલાઈઝેશન હાંસલ કરાય તથા પોતાના બેક ગ્રાઉન્ડને વધુ મજબૂત બનાવી શકાય છે. સ્નાતકો અને ફાઈન આર્ટસના વિદ્યાર્થીઓ માટે મલ્ટી મીડિયા અને એનિમેશન ટેકનોલોજીમાં આગળ વધવાનો પણ વિકલ્પ છે. માસ્ટર ઈન ઈ-કોમર્સ બેચલર ડિગ્રી પછી બે વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ છે. વર્તમાન સમયને આર્થિક વૈશ્વિકીકરણના યુગ તરીકે જોવામાં આવે છે. વિશ્વના બધા દેશોમાં ઔદ્યોગિકીકરણ વધ્યું છે. ઉત્પાદનોમાં અનેકગણો વધારો થયો છે. સ્થાનિક સ્તરથી માંડીને આંતરરાષ્ટ્રીય સ્તરે આર્થિક પરિબળોના યોગ્ય વિશ્લેષણ દ્વારા જ સાચા નિર્ણયો લઈ શકાય છે. આથી અભ્યાસક્રમના માળખામાં અર્થશાસ્ત્રની જાણકારી આવશ્યક બની જાય છે. ગુજરાતમાં જુદા જુદા શહેરોમાં અર્થશાસ્ત્ર ક્ષેત્રે વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. બહેનો માટે હોમ સાયન્સ, ઈન્ટીરિયર ડિઝાઈનનો ચાર વર્ષનો અભ્યાસક્રમ વ્યાપક બન્યો છે. ધોરણ-૧૨ સાયન્સ - કોમર્સ, આર્ટસ પછીના મુખ્ય અભ્યાસક્રમોમાં બી.કોમ., એમ.કોમ., એમ.બી.એ., એમ.સી.એ., એમ.જે.એસ., બી.એ., એમ.એ., પીએચ.ડી., બી.સી.જે.પી., એમ.જે.એસ., બીબીએ, બીસીએ, બીએચએમ, બીએસસી, બીએડ, માધ્યમિક શિક્ષક પીટીસી - સીપી એડ, પ્રાથમિક શિક્ષક યુજીસી દ્વારા ૧૯૯૫ની ગુજરાતની ઘણી કોલેજોમાં વ્યવસાયલક્ષી અભ્યાસ શરૂ થયા છે. એક વર્ષ માટે સર્ટિફિકેટ, બે વર્ષ માટે ડિપ્લોમા તથા ત્રણ વર્ષ અભ્યાસ કરવાથી એડવાન્સ ડિપ્લોમા વિદ્યાર્થીઓને એનાયત થાય છે. જેમાં કમ્યુનિકેટિવ ઇંગ્લિશ, કોમ્પ્યુટર એપ્લિકેશન, કાર્યાલય વ્યવસ્થા, એડવર્ટાઈઝિંગ, સેલ્સ પ્રમોશન એન્ડ સેલ્સ મેનેજમેન્ટ, સેક્રેટરિયલ પ્રેક્ટિસ, જેમોલોજી, ફોરેન ટ્રેડ પ્રેક્ટિસ એન્ડ પ્રોસીજર, ટેક્ષ પ્રોસીજર એન્ડ પ્રેક્ટિસ, બાયોટેકનોલોજી, ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી, ઈન્ડસ્ટ્રીયલ માઈક્રોબાયોલોજી, ફુડ સાયન્સ, મોબાઈલ રિપેરિંગ, ડેટા કેર મેનેજમેન્ટ, ઈલેક્ટ્રોનિક્સ મરામત, બાયો ઈન્ફોર્મેટિવ અને ગ્રામ ટેકનોલોજીનો સમાવેશ થાય છે. આમ આપણી પાસે વિપુલ તકો હોય છે પણ જરૂર છે માત્ર તેને ઓળખવાની અને સમજવાની. જરૂર છે, ઘેટાના ટોળા ના બનો અને સિંહની જેમ એક જ રસ્તો પસંદ કરો તો જરૂર તમે સફળ માણસ અને યોગ્ય કારકિર્દી તરફ જીવનમાં આગળ વધશો તેવું મારું માનવું છે. ■

## કામનાઓ સામે સતત સાવધાન રહીએ

સવાર-સાંજ બે-પાંચ માળા ફેરવી એટલે જાણે બહુ મોટું પરાક્રમ કર્યું એમ ન માનશો. હરતાં-ફરતાં, બોલતાં-ચાલતાં, જાણે અજાણ્યે અનેક પાપ થઈ જતા હોય છે.

એટલે જ તો ભગવાન શ્રીકૃષ્ણ સમક્ષ હૈયું ખોલતાં અર્જુને કહ્યું હતું : 'મારી ઈચ્છા નથી હોતી કે હું ખોટું કામ કરું. છતાં બળપૂર્વક મારી પાસે ખોટું કામ કોઈ કરાવે છે અને આપની પાસે રહેવા છતાં ખોટા કામમાં ઘસડાઈ જાઉં છું.

ત્યારે ભગવાને મને કહ્યું હતું કે, 'અર્જુન, વ્યક્તિ જો સજાગ હોય, તો દુનિયાની કોઈ તાકાત એની પાસે દબાણથી કશું કરાવી શકતી નથી. નાના બાળકને જબરદસ્તીથી દૂધ પણ પાઈ શકાતું નથી; તો પછી મનની પાસે જબરદસ્તીથી કશુંય કરાવી શકાય એ શી રીતે બને? ખરી વાત એ છે કે માનવીનું મન ગાફેલ બનીને બુરાઈમાં જોડાઈ જાય છે અને કામનાઓમાં ઘસડાઈ જાય છે. એટલે એને એમ લાગે છે કે એની ઉપર જબરદસ્તી થઈ. માનવીનું મન જો સતત સાવધાનતા રાખી શકે અને કામનાઓના વેગને કાબૂમાં રાખી શકે, તો મનને માટે ઘસડાઈ જવાનો કે જીવનને માટે ખોટાં કામો પરાણે કરવા પડવાનો સવાલ જ ઊભો ન થાય.'

એટલે કે જીવનમાં જાણ્યે - અજાણ્યે થતાં પાપથી બચાવવાનો એકમાત્ર ઉપાય કામનાઓ સામેની સતત સાવધાની છે. આ સાવધાની સતત સાધના - પ્રયત્ન વડે જ સંભવી શકે છે.

*– સ્વામી સત્યમિત્રાનંદગિરિજી*

# વિવિધ માહિતી

## ખેતી ઓછી થતી જાય છે

૧૯૮૮માં દેશભરમાં કુલ ૧૮૫૪ લાખ હેક્ટર જમીન ખેતીલાયક હતી. ૩૦ વર્ષ બાદ એટલે કે આજે એ આંકડો ૧૮૨૨ લાખ હેક્ટર પર નીચે આવી ગયો છે. ૩૦ વર્ષમાં ૩૨ લાખ હેક્ટર ખેતીની જમીન ઓછી થઈ ગઈ છે. આ ૩૨ લાખ હેક્ટરમાં ૨૫ લાખ હેક્ટર જમીનનો ઉપયોગ શહેરીકરણ અને ઉદ્યોગ સ્થાપના પાછળ થયો છે. તેનો મતલબ એ થયો કે ગામડાં ભાંગતા જાય છે અને શહેરોની હદ વધતી જાય છે. ખેતી ઓછી થતી જાય છે અને ઉદ્યોગો વધતા જાય છે.

## ગામડાંમાં વીજળી પુરવઠો

ભારતના સાત લાખ ગામડાંમાંથી માત્ર ૫૦૦૦ ગામડાં એવા છે કે જેની શેરીઓમાં રાત્રે વીજળીની લાઇટો ઝળહળતી હોય છે. બાકીના ગામોમાં સાંજ ઢળે તેની સાથે શેરીઓ અંધારામાં અલોપ થઈ જાય છે. આજેય ભારતના હજારો નાના નગર એવા છે જ્યાં ચોવીસે કલાક વીજળી પુરવઠો પ્રાપ્ય નથી.

## ઉર્જાના વૈકલ્પિક સ્રોત

કોલસો, પેટ્રોલિયમ અને ગેસ જેવા ઉર્જાના પરંપરાગત સ્રોત હવે ખલાસ થવામાં છે. તેમની ‘એક્સપાયરી ડેઇટ’ હવે નજીક આવી રહી છે. એટલે ઉર્જાના વૈકલ્પિક સ્રોત ખોળી કાઢવા, એ સમયની માંગ છે. સૌર ઉર્જાના વિકલ્પને વિકસાવવો રહ્યો.

## સોલાર એનર્જી

હાલ વિશ્વમાં ‘સોલાર એનર્જી’ મેળવવા તૈયાર માળખાની ક્ષમતા ૩૦૫ ગીગાવોટ છે જે ૨૦૧૦માં માત્ર ૫૦ ગીગાવોટ હતી. ચીન અને અમેરિકાએ આ દિશામાં મોટી સિધ્ધિ મેળવી છે. પરંતુ ભારત હવે પાછળ નથી. છેલ્લા એક દાયકામાં આપણા દેશમાં ઉપલબ્ધ ઉર્જાના વિવિધ સ્વરૂપમાં સૂર્ય શક્તિનો ફાળો પાંચ ટકા હતો, જે વધીને હવે ૧૫ ટકા થઇ ગયો છે.

## જૂનારાજ ગામ (રાજપીપળા પાસે)

રાજપીપળા ખાતે આવેલું જૂનારાજ ગામમાં ઇલેક્ટ્રિકનું કનેક્શન જ નથી. ત્યાં કોમ્પ્યુટર, ટી.વી., લાઇટ, પમ્પિંગ સ્ટેશન સોલાર પેનલથી જ ચાલે છે. અન્ય ગામોએ તેના પરથી બોધ લઈ પોતાના ગામને પણ સોલાર સિસ્ટમવાળું બનાવવું જોઈએ.

## સૂર્ય ઊર્જા

ભારતીય ઉપખંડ પર પ્રતિ કલાકે ૫૦૦૦ ટ્રિલિયન કિલોવોટ સૂર્ય ઊર્જાનો ધોધ પડે છે પરંતુ તેનો એક ટકા અંશ પણ ઉપયોગમાં લેવાતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો દર વર્ષે પ્રતિ ચોરસ મીટરે ૭ કિલોવોટ સોલાર એનર્જી આપણને ઉપલબ્ધ થઈ શકે એમ છે. છતાં ભારતના નગણ્ય ગામડાંની શેરીઓમાં રાતે સૌર શક્તિથી ચાલતી લાઇટો જોવા મળે છે. બીજા લાખો ગામડાં નાછૂટકે રાતે અંધારાની ચાદર ઓઢી લે છે.

## સોલાર સ્ટીમ કૂકિંગ સિસ્ટમ

સોલાર સ્ટીમ કૂકિંગ સિસ્ટમનો વ્યાપક ઉપયોગ માઉન્ટ આબુ સ્થિત ‘ગ્લોબલ હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર’માં થયો છે. સૌર ઊર્જા આધારિત સ્ટીમ જનરેટીંગ સિસ્ટમ દ્વારા ૧૨૦૦ કિલો વોટ ઉત્પન્ન થાય છે અને તેના દ્વારા રસોઇ, સ્ટરીલાઇઝેશન અને લોન્ડ્રીના કામો થાય છે. કર્ણાટકના શૃંગેરી મઠમાં પાંચ હજાર લોકોનું જમવાનું બનાવવામાં આ જ શક્તિનો ઉપયોગ થાય છે. ગુજરાતમાં ત્રણેક સ્થળોએ ૫૦૦ જણની રસોઈ કરી શકે તેટલી ઊર્જાની સિસ્ટમ ગોઠવાઈ રહી છે. તિરૂપતિ મંદિરમાં વિશ્વનું સૌથી વિશાળ ‘સોલર કૂકર’ (સૂર્ય શક્તિથી સંચાલિત કૂકર) છે જેમાં દરરોજ ૩૦,૦૦૦ થાળી ભોજન તૈયાર થાય છે. અગાઉ તિરૂપતિ મંદિરમાં રસોઈ માટે ૧૦૦૦ લિટર ડીઝલ વપરાતું. પરંતુ ‘સોલર કૂકર’ શરૂ થયા બાદ હવે ૪૦૦ લિટર ડીઝલનો વપરાશ ઘટી જવાથી ડીઝલમાં ૪૦ ટકાની બચત થાય છે. નજીકના ભવિષ્યમાં સોલાર પાવર સૌથી સોંઘી વિદ્યુતનો વિકલ્પ ગણાશે. વળી સૌર ઊર્જાના પ્રકલ્પથી પ્રદૂષણનો ડર બિલકુલ નહીં રહે.

## જગતનો તાત દેવાના ડુંગર નીચે દબાયેલો છે

૧૯૯૦માં વી.પી. સિંહની સરકારે ખેડૂતોના લેણા માફ કરવાની યોજના બહાર પાડી હતી, જેમાં રૂા. ૧૦,૦૦૦ કરોડ ખર્ચાયા હતા. પછી કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારે કિસાનોના દેવા માફીની યોજનામાં ૭૧,૪૦૦ કરોડ ખર્ચ્યા હતા. હવે ઉત્તર પ્રદેશે ૩૬,૦૦૦ કરોડની લોન માફી માટે ખર્ચ્યા છે. ઘણા રાજ્યો કિસાનોના દેવા માફ કરી દેવાની સ્કીમો બનાવે છે. પોતાના રાજ્યમાં ચૂંટણી આવે તે અગાઉ આવી યોજના બહાર પાડવાના પ્લાનિંગ કરે છે. કિસાનોના દેવા માફીની યોજનાથી કિસાનો સુખી થશે એવો કોઈ ચોક્કસ આધાર નથી. કિસાનો કૃષિ ઉત્પાદન કેવી રીતે કરશે તે વાત પર પ્લાન બનાવવાની જરૂર છે. આજે કિસાન દેવાદાર છે અને તેની નજર ચૂંટણીઓ પર રહે છે. ક્યારે ચૂંટણી આવે અને ક્યારે તેમનું દેવું માફ થાય તેની તે રાહ જુએ છે. આઘાત એ વાતનો છે કે જેને જગતનો તાત કહ્યો છે તેને દેવાના ડુંગર નીચેથી બહાર કાઢવા લોન માફીની સ્કીમો લેવાય છે. તેના પર દેવું ના થાય તેવા આયોજનો વિચારાતા નથી.

## માછલીનું આયુષ્ય – ધ્રુવ પ્રદેશમાં

ડેન્માર્કના સમુદ્ર જીવવિજ્ઞાની જુલિયસ નિલસેને જણાવ્યા પ્રમાણે તેઓએ 'રેડિયો કાર્બન ડેટિંગ' પદ્ધતિનો ઉપયોગ કરીને ૨૮ શાર્ક માછલીઓના આંખના લેન્સનો અભ્યાસ કર્યો હતો. આ બધી માછલીઓમાં સૌથી વધારે ઉંમર ધરાવતી લાગતી માછલીનું આયુષ્ય ૯૫ ટકા ચોક્સાઈ સાથે માપતા તે ૨૭૨ અને ૫૯૨ વર્ષની વચ્ચેના ગાળામાં એટલે કે ૩૯૨ વર્ષ જણાયું હતું.

## દુનિયાભરમાં દર વર્ષે થતી આત્મહત્યા

એક અંદાજ મુજબ દુનિયાભરમાં દર વર્ષે આશરે ૧૦ લાખ લોકો આત્મહત્યા કરે છે. એટલે કે દર ૪૦ સેકન્ડે એક વ્યક્તિ પોતાનો જીવ લે છે. ગત ૪૫ વર્ષોમાં દુનિયામાં આત્મહત્યા કરનારાની સંખ્યામાં ૬૦ ટકાનો વધારો થયો છે.

## ભારતમાં વર્ષ ૨૦૧૪માં આત્મહત્યા

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો અનુસાર ભારતમાં વર્ષ ૨૦૧૪માં આત્મહત્યા કરનારાઓની સંખ્યા ૧,૩૧,૬૬૬ની હતી. આ ટોટલ સંખ્યામાં દેવાળિયા થઈ જવાના કારણે કે પાક નષ્ટ થઈ જવાના કારણે આત્મહત્યા કરનારા ખેડૂતોની સંખ્યા ૫૬૫૦ એટલે કે ૪.૩ ટકા હતી. ગત ચાર વર્ષમાં ૪૩ ટકા આત્મહત્યાઓ ૧૫થી ૨૯ વર્ષ વચ્ચેની પરીણિત મહિલાઓએ કરી છે. તેના કારણોમાં ઘરેલુ હિંસા, દહેજ, ડિપ્રેશન અને લગ્નમાં અસંતોષ મુખ્યત્વે છે. વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષામાં નાપાસ થવાના કારણે થતી આત્મહત્યાની સંખ્યા ૧૯૯૪માં ૧૮૯૫ હતી જે ૨૦૧૪માં વધીને ૨૪૦૩ થઈ ગઈ છે.

## માનવ ખોપરીની અદ્ભુત રચના

મનુષ્યના શરીરને મુખ્ય આધાર આપતું હાડપિંજર અનેક સાંધાઓ અને વિવિધ આકારના હાડકાનું બનેલું છે. દરેક હાડકાની રચના તેની જરૂરિયાત મુજબ હોય છે. મગજનું રક્ષણ કરતી ખોપરી હાડપિંજરનો જ એક ભાગ છે. ખોપરીમાં આંખ, મોં, કાન, નાક જેવા અવયવો આવેલા છે. મગજ ઉપરાંત આ અવયવોના સંચાલનને અનુરૂપ બનેલી ખોપરીની રચના અદ્ભુત કૌશલ્યવાળી લાગે.

ખોપરી ૨૨ હાડકાની બનેલી હોય છે અને કરવતી જેવા ખાંચાવાળા સાંધાથી જોડાયેલા હોય છે. મુખ્ય ખોપરીમાં આઠ હાડકા હોય છે. ચહેરાના ભાગમાં ૧૪ હાડકા હોય છે. તેમાં જડબાં અને દાંતનું સ્થાન વિશિષ્ટ છે. ખોપરી આંખોનું અને તેમાં જોડાયેલા જ્ઞાનતંતુઓનું પણ રક્ષણ કરે છે. ખોપરીના સપાટ હાડકાના બે પડ વચ્ચે સ્પોન્જ જેવો નરમ અને સ્થિતિસ્થાપક પદાર્થ હોય છે.

## ડહાપણની દાઢ એટલે શું?

ઘણા યુવાનોને ડહાપણની દાઢ ઊગી તેમ તમે સાંભળ્યું હશે. આ દાઢ ઊગે ત્યારે થોડો દુ:ખાવો થાય છે અને વધારાની દાઢ ઊગે છે. આ દાઢને ડહાપણ સાથે કોઈ સંબંધ નથી.

બાળક છ સાત મહિનાનું થાય ત્યારે તેને દાંત આવવા શરૂ થાય છે. આ દાંતને દૂધિયા દાંત કહે છે. આ દાંત છ કે સાત વર્ષની ઉંમરે વારાફરતી પડીને નવા દાંત ઊગે છે અને ૩૨ દાંત ઊગે છે. દરેક દાંત જડબા અને પેઢાના આકાર મુજબ વિકાસ પામે છે. આ વિકાસમાં એકાદ દાઢને ઊગવાની જગ્યા ન પણ મળે. એટલે તે મોડે મોડે ૨૦ વર્ષની ઉંમરે પણ રસ્તો શોધીને બહાર આવે છે. દાંતની બત્રીસીમાં તેનું સ્થાન વિશિષ્ટ છે. પરંતુ તેનો ઉપયોગ ખોરાક ચાવવા સિવાય કશો જ નથી. વળી ડહાપણની દાઢ દરેક વ્યક્તિને ઊગે જ તેવું પણ નથી. દાંત ઊગવા અને વિકાસ પામવામાં જડબાની રચના અગત્યની ભૂમિકા ભજવે છે.

## સજીવ સૃષ્ટિનું મહત્ત્વનું અંગ : વનસ્પતિ

વનસ્પતિ પૃથ્વી પર પેદા થયેલો પ્રથમ સજીવ છે. પૃથ્વી પર દરેક સ્થળે દરિયાના તળિયે પણ વનસ્પતિ હોય છે. પૃથ્વી પર અઢી લાખ કરતાં વધુ જાતની વનસ્પતિ જોવા મળે છે. તેમાં ઝાક, છોડ, વેલા અને થોર જેવા પ્રકારો છે. કેટલીક નરી આંખે ન દેખાય તેવી સૂક્ષ્મ છે. કેટલાક ગગનચુંબી વૃક્ષો પણ છે. વનસ્પતિ અન્ય પ્રાણી - પક્ષીઓ માટે ખોરાકનો મુખ્ય સ્રોત છે. પૃથ્વી પરનું જીવનચક્ર વનસ્પતિને આભારી છે.

## બરફથી છવાયેલા દક્ષિણ ધ્રુવનું અવનવું

પૃથ્વી પર દક્ષિણ ધ્રુવનો ૧૩,૨૦,૦૯,૦૦૦ ચોરસ કિ.મી.નો વિસ્તાર એટલે સૌથી સૂકો, ઠંડો અને તીવ્ર ઠંડા પવનોનો પ્રદેશ સમગ્ર પૃથ્વીના હવમાન પર અસર કરે છે. તેની ધરતી પર કાયમ માટે ૨૦૦૦ મીટર બરફનું પડ જામેલું રહે છે. તેની નીચે જમીન અને ખાડા ટેકરા છે.

અહીં માઈનસ ૭૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સામાન્ય કહેવાય છે અને ૩૦૦ કિ.મી.ની ઝડપે ઠંડા પવનો ફૂંકાય છે. બરફના પડમાં ટાપુની જેમ ક્યાંક ક્યાંક ઉપસી આવેલી જમીન પર છોડ દેખાય છે. સીલ, વ્હેલ અને પેંગ્વિન પક્ષીઓ આ વિસ્તારમાં રહે છે.

દક્ષિણ ધ્રુવ પર સંશોધનો કરવા માટે મોટું મથક સ્થાપેલું છે. વિવિધ દેશોના વિજ્ઞાનીઓ અહીં રહીને અભ્યાસ કરે છે. દક્ષિણ ધ્રુવ પાંચમો સૌથી મોટો ખંડ છે. પૃથ્વી પરનું ૭૦ ટકા મીઠું પાણી એન્ટાર્કટિકામાં સંગ્રહાયેલું છે.

## કૃત્રિમ વરસાદ કેવી રીતે થાય?

દરિયા અને જળાશયોનાં પાણીની વરાળ આકાશમાં જાય, વાદળો બંધાય અને તે ઠંડા પડે ત્યારે વરસાદ થાય. આ જાણીતી વાત છે. પવનને કારણે આકાશમાં ઘૂમતા વાદળો ક્યાં જાય અને ક્યાં વરસે તે આપણા હાથની વાત નથી. તેની આગાહી થઈ શકે પણ વરસાવી શકાય નહીં. પરિણામે ક્યાંક ખૂબ જ વરસાદ પડે છે અને ક્યાંક ન પણ પડે. વરસાદની અછત હોય ત્યારે વિજ્ઞાનીઓએ કૃત્રિમ વરસાદ લાવવાની પધ્ધતિ શોધી છે.

કૃત્રિમ વરસાદ લાવવા માટે આકાશમાં વાદળ હોવા જરૂરી છે. હેલિકોપ્ટર કે વિમાન દ્વારા વાદળો સુધી પહોંચી કેટલાક રસાયણો છાંટી વાદળને ઠંડા કરી વરસાવી શકાય છે. આ રીતને ક્લાઉડ સિડિંગ કહે છે. તે માટે વાદળમાં સીલ્વર આયોડાઈડ છાંટવામાં આવે છે. સીલ્વર આયોડાઈડ છીણેલા બરફ જેવા ભૂકા સ્વરૂપે હોય છે. કૃત્રિમ વરસાદ વરસાવવા માટે ઘટ્ટ વાદળોને પસંદ કરાય છે. જમીન પરથી સિલ્વર આયોડાઈડ રોકેટમાં ભરી વાદળ તરફ છોડી શકાય છે. જો કે આ રીતમાં હંમેશાં સફળતા મળતી નથી અને વરસાદનું પ્રમાણ પણ ઓછું હોય છે.

## રેડક્રોસ વિશે જાણવા જેવું

આંતરરાષ્ટ્રીય રેડક્રોસ એ વિશ્વનું સૌથી મોટું માનવતાલક્ષી અભિયાન છે. તેમાં ૧૮૯ દેશો સભ્ય છે.

- હેન્રી ડુમાન નામના સ્વિસ બેંકના માલિકે યુધ્ધમાં ઘાયલ થયેલા સૈનિકોની સારવાર માટે રેડ ક્રોસની સ્થાપના કરેલી. તેણે સ્વિટ્ઝરલેન્ડના રાષ્ટ્રધ્વજની વિપરીત એવી લાલ ચોકડીનું પ્રતીક રાખ્યું.
- રેડક્રોસ વિશ્વમાં ગમે ત્યાં યુધ્ધ મેદાન પર ઘાયલ સૈનિકોની નિષ્પક્ષ સેવા કરે છે.
- રેડક્રોસના વાહન પર કોઈ હુમલો કરી શકતું નથી.
- ઈ.સ. ૧૮૬૩માં જીનીવામાં રેડક્રોસની સ્થાપના થયેલી.
- રેડક્રોસના સ્થાપક સહિત સંસ્થાને સૌથી વધુ ચાર વખત નોબેલ શાંતિ ઍવોર્ડ એનાયત થયા છે.
- રેડક્રોસ યુધ્ધના મેદાનમાં જ નહીં પરંતુ ભૂકંપ, વાવાઝોડા કે પૂર જેવી કુદરતી આફતોમાં પણ લોકોને મદદ કરવા પહોંચી જાય છે.
- રેડક્રોસના કુદરતી આફતમાં મદદરૂપ થતી આઈ.એફ.આર.સી. સંસ્થામાં નવ કરોડથી વધુ કર્મીઓ, સ્વયંસેવકો અને કાર્યકરો છે.

## બુલેટપ્રુફ કાપડ કેવી રીતે બને છે?

બંદૂકની ગોળીથી પણ ન વિંધાય તેવા કાપડના જાકીટ તેમજ હેલ્મેટ બને છે. બુલેટપ્રુફ જાકીટમાં કપડાની મજબૂતાઈ ઉપરાંત ગતિ અને બળનું વિજ્ઞાન પણ ઉપયોગી છે. બુલેટપ્રુફ કાપડને કાપડ ભલે કહેવાય પણ તેમાં પ્લાસ્ટિક અને કેવલરના રેસાનું પડ હોય છે.

૧૯૬૪માં સ્ટેફિન ક્વોલેક નામની મહિલા વિજ્ઞાનીએ સ્ટીલ કરતાં ય પાંચગણા મજબૂત હોય તેવા પ્લાસ્ટિકની શોધ કરેલી. પોલી પેરા ફિનાલીન ટેરીપ્થેલામાઈડ જાતના આ પ્લાસ્ટિકના રેસામાંથી મજબૂત ટાયરો વગેરે બનતા. વજનમાં

હળવું પણ મજબૂતીમાં અનેકગણું એવું આ પ્લાસ્ટિક બુલેટપ્રુફ જાકીટ બનાવવામાં પણ વપરાવા માંડ્યું. કેવલર તેનું બ્રાન્ડનેમ છે.

કેવલરના રેસા સામાન્ય રીતે ગોળીનો સામનો કરી શકે નહીં. પરંતુ તેની ષટકોણમાં ખાનાવાળી ગુંથણી વડે બે પડનું બનેલું કાપડ પ્રચંડ વેગથી આવતી ગોળીનો પ્રતિકાર કરી શકે છે. ગોળી જાળીમાં ફસાઈને અટકી પડે છે. સામાન્ય રીતે ૯ એમ.એમ.ની ગોળી આસાનીથી અટકી જાય છે અને જાકીટ પહેરનારાનો બચાવ પણ થાય છે. કેવલરના જાકીટમાં કેવલરના બે પડ ઉપર પણ પ્લાસ્ટિકનું જાડું આવરણ હોય છે. જાકીટના અંદરના ભાગને ટ્રોમાં પેક કહે છે. તે પણ મજબૂત હોય છે.

## વાહનો માટે પર્યાવરણલક્ષી ઇંધણ : ઇથોનોલ

વાહનોમાં પેટ્રોલ, ડીઝલ, સીએનજીનો ઉપયોગ થાય છે. પેટ્રોલ અને ડીઝલના ધૂમાડાથી પ્રદૂષણ થાય છે. વિજ્ઞાનીઓ પ્રદૂષણ ઓછું થાય એવા ઇંધણોની સતત શોધ કરી રહ્યા છે. સીએનજી, બાયોડીઝલ અને ઇથોનોલ આવા જ ઇંધણો છે.

પેટ્રોલ અને ડીઝલથી ચાલતાં એન્જિનોની ડીઝાઈન જુદી હોય છે. ડીઝલથી ચાલતા એન્જિનોની શોધ રૂડોલ્ફ ડીઝલ નામના વિજ્ઞાનીએ કરેલી. પરંતુ તેનો હેતુ વનસ્પતિના તેલથી ચાલે તેવું એન્જિન બનાવવાનો હતો. તેણે બનાવેલું પ્રથમ એન્જિન સીંગતેલથી ચાલતું હતું.

વનસ્પતિ સૂર્ય પ્રકાશમાંથી ઊર્જા મેળવે છે. અનાજ, ચોખા, શેરડી કે બટાટામાં રહેલી સુગર એક પ્રકારની ઊર્જા છે. વિજ્ઞાનીઓએ વનસ્પતિના પાન, ડાળીઓ વગેરેમાંથી ઇંધણ જેવું પ્રવાહી બનાવ્યું છે. તેને ઇથોનોલ કહે છે. ઇથોનોલ એકલું જ ઇંધણ તરીકે વાપરી શકાય તેવું શક્તિશાળી નથી પરંતુ પેટ્રોલ કે ડીઝલમાં ભેળવીને ઉપયોગમાં લેવાય છે. વિકસિત દેશોમાં પેટ્રોલ સાથે ઇથોનોલ ઉમેરવામાં આવે છે જેનાથી થોડું ઘણું પ્રદૂષણ ઓછું થાય છે.

## રીસાઇકલિંગ શું છે? તેના ફાયદા શું?

રોજિંદા ઉપયોગમાં આવતી મોટાભાગની ચીજવસ્તુઓ પ્લાસ્ટિક, ધાતુઓ અને લાકડાની બનેલી હોય છે. આજે પ્લાસ્ટિકનો વપરાશ વધ્યો છે. આપણે નકામી થઈ ગયેલી ઘણી ચીજો ફેંકી દઈએ છીએ. કચરામાં જાય તેના કરતાં તેનો સારો ઉપયોગ થઈ શકે છે. પ્લાસ્ટિક અને ધાતુઓ પીગાળીને ફરી ઉપયોગમાં લઈ શકાય છે. કાચ અને કાગળ પણ ફરીથી ઉપયોગમાં આવી શકે છે. આ ક્રિયાને રિસાઇકલિંગ કહે છે. રિસાઇકલિંગથી વીજળી અને માનવઊર્જાની બચત થાય છે અને પર્યાવરણને શુધ્ધ રાખવામાં મદદ થાય છે. નકામી ચીજો પ્રદૂષણરૂપે જમીનમાં પડી રહે તેના કરતાં તેનો ફરી ઉપયોગ થાય તો પ્રદૂષણ પણ ઓછું થાય છે.

તમને જાણીને નવાઈ લાગશે પણ આપણે નકામી ગણી ફેંકી દઈએ તેવી ૫૫ ટકા ચીજોનું રિસાઇકલિંગ થઈ શકે છે. પ્લાસ્ટિકના કચરાનો નિકાલ કરવો મુશ્કેલ રહે છે. તે સડી જતો નથી કે પીગળતો પણ નથી અને ખેતીને નુકસાન કરે છે. પ્લાસ્ટિકના કચરાના નિકાલ કરતાં તેનું રિસાઇકલિંગ સસ્તું પડે છે. કાગળ અને પસ્તીનું રિસાઇકલિંગ થાય તો ૭૫ ટકા પ્રદૂષણ ઓછું થાય છે. એલ્યુમિનિયમને અનેક વખત રિસાઇકલ કરી શકાય છે. કાચનું ૧૦૦ ટકા રિસાઇકલિંગ થઈ શકે છે.

## ઇલેક્ટ્રિકના વાયરોના રંગનું રહસ્ય

ઇલેક્ટ્રિકના વાયર ધાતુના તાર ઉપર પ્લાસ્ટિકનું પડ ચડાવીને બને છે. બજારમાં લાલ, પીળા, લીલા અને કાળા એમ વિવિધ રંગના વાયરો જોવા મળે છે. વાયરના રંગ દેખાવની પસંદગી કે આકર્ષક બનાવવા માટે નથી. વાયરના જુદા જુદા રંગ રાખવાનો ચોક્કસ હેતુ છે. જુદા જુદા ઇલેક્ટ્રિક જોડાણ માટે વિવિધ પ્રકારના વાયરો જોઈએ. આજે ઇલેક્ટ્રિકનું વાયરિંગ અન્ડરગ્રાઉન્ડ હોય છે એટલે બહાર દેખાતું નથી. વાયરના વિવિધ રંગ તેના ઉપયોગનું સૂચન કરે છે. કાળા રંગનો વાયર અર્થિંગ માટે વપરાય છે. ઘણા બધા વાયરો એકસાથે જોડાયેલા હોય ત્યારે દરેક વાયરની ઉપયોગીતા તેના રંગ ઉપરથી નક્કી થાય છે. વાયરમેન રંગના આધારે તેની ભૂમિકા સમજીને કામ કરે છે. વિવિધ ઉપયોગો માટે ચોક્કસ રંગના વાયરો વાપરવાનો આંતરરાષ્ટ્રીય નિયમ છે. ઇલેક્ટ્રિક જોડાણનું જટીલ કામ આ નિયમથી સરળ બને છે અને અકસ્માતોનો ભય રહેતો નથી. ■

## ત્રવાડીના ત્રણસેં કૂવા, તોય ત્રવાડી તરસે મુવા

માલિકીના ત્રણસો કૂવા હોવા છતાં એકેય કૂવામાં પાણી ન આવ્યું. તેથી પાણીની અછત ઊભી ને ઊભી જ રહી. એટલે કે માત્ર કૂવા ખોદાવી દેવાથી પાણી આવી જતું નથી ને તરસ દૂર થઈ જતી નથી. માત્ર બાહ્ય માળખાં કે દેખીતી સગવડો ઊભી કરાવી દેવાથી સુખસમૃધ્ધિ આવી જતી નથી. તેમાં 'પાણી' હોવું જરૂરી છે અને એ ન હોય તો લોકોએ પાણી બતાવવું પડે.

સાંપ્રત પ્રશ્ન

# સાંપ્રત વિચાર મંચ

• સંકલન : હસમુખભાઈ મહેતા •

"સાંપ્રત વિચાર મંચ"ના મથાળા હેઠળ છેલ્લે અપાયેલ વિષય **"ઓછા ખર્ચે વધુ સારા લગ્ન કઈ રીતે થઈ શકે?"** – તે સંબંધી કેટલાક તજજ્ઞો તરફથી ઉપયોગી અને રસપ્રદ વિચારો પ્રાપ્ત થયા છે. જે પૈકી પ્રથમ ક્રમાંકે શ્રી તુલસીદાસ કંસારા અને દ્વિતીય ક્રમાંકે ડૉ. મિહિર એમ. વોરાના લેખો જાહેર થયા છે.

તે પૈકી પ્રથમ ક્રમાંકનો લેખ અત્રે પ્રકાશિત કરેલ છે.

## ઓછા ખર્ચે વધુ સારા લગ્ન કઈ રીતે થઈ શકે?

*– તુલસીદાસ કંસારા*

(પ્રથમ ક્રમાંકનો લેખ)

"લગ્ન એટલે લગ્ન, વિવાહ, પરિણય – બે યુવા હૈયાઓને તન, મન અને ધનથી એક થવાનો એક શુભ પ્રસંગ." હવે જ્યારે આપણે "વધુ સારા લગ્ન" વિશે વિચારીએ ત્યારે પ્રાથમિક રીતે લગ્નમાં સારાપણું તો આવી જ જાય છે તેવી માન્યતાથી આપણે ચાલીએ છીએ. તેથી જ કદાચ લગ્ન લખાઈ જાય અને તે સંદેશ, લગ્નના પડીકા તરીકે કન્યા પક્ષ તરફથી વર પક્ષને મળી જાય એટલે તેમાં લખેલ લગ્નની તારીખ, વાર, સમય, મુહૂર્ત વગેરે જાળવવાના રહે છે. કોઈ પણ વિઘ્ન તેમાં નડતું નથી. આ એક શુભ પ્રસંગ છે અને તેથી લગ્નના સિક્કાની બીજી બાજુ એટલે સારાપણું. પછી ભલે લાકડે માંકડુ વળગાડેલ હોય કે લંકાની લાડી ને ગોગાનો વર હોય! આમ તો અંગ્રેજીમાં કહેવત છે કે લગ્નો સ્વર્ગમાં નક્કી થતા હોય છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે લગ્ન વૈદિક સમયથી અનેક રીતે થતા હોય છે અને આવી રીતોના મનુ સ્મૃતિમાં આઠ પ્રકાર જોવામાં આવે છે. પરંતુ આપણે તો વધારે સારા લગ્ન અને તે પણ ઓછા ખર્ચથી કેવી રીતે થઈ શકે તે બાબત વિચારવાની છે.

અહીં ખર્ચનો વિચાર કરતાં પહેલાં આપણે લગ્નના પ્રકાર વિશે થોડું જાણીશું તો આ ચર્ચા વધારે અર્થસભર રહેશે. મનુસ્મૃતિમાં હિંદુઓ માટે વર્ણવવામાં આવેલા લગ્નોને ટૂંકમાં (૧) બ્રહ્મા, (૨) દેવા, (૩) અર્ષા કે ઋષિ, (૪) પ્રજાપતિ, (૫) અસુરા, (૬) ગાંધર્વ, (૭) રાક્ષસ અને (૮) પિશાચ નામો આપવામાં આવેલ છે. આ દરેકમાં વર અને વધુના લગ્ન વખતે પુરુષને મહત્ત્વ આપવામાં આવેલ છે. દા.ત. પ્રથમ પ્રકારમાં કન્યાના પિતા એવા પુરુષને આમંત્રણ આપે છે કે જેણે બ્રહ્મચર્યનો સમય પૂરો કરેલ હોય અને ભણી ગણીને વેદોનો જાણકાર બનેલ હોય, વિદ્વાન હોય. જ્યારે બીજા પ્રકારમાં જો કન્યા પોતાના માટે યોગ્ય મુરતિયો ના શોધી શકે તો તેના માતા-પિતા કે અન્ય નજદીકના વડીલો તેને કોઈપણ યોગ્ય જગ્યાએ પરણાવે. સામાન્ય રીતે આવા લગ્નો રાજવીઓના વંશમાં થતા. જ્યાં રાજકીય કારણોસર મિત્ર પ્રદેશના રાજા કે પછી દુશ્મન સાથે સંધિના કરાર રૂપે પણ કુંવરીના લગ્ન કરાવવામાં આવતા.

અર્સા લગ્નમાં કન્યાને ઋષિ સાથે પરણાવવામાં આવે છે અને સામા પક્ષ તરફથી અમુક ગાયો લેવામાં આવે છે. જ્યારે આથી વિપરીત પ્રજાપતિ લગ્નોમાં કોઈ વિક્રયની ભાવના નથી હોતી, પરંતુ દીકરીના પિતા માત્ર એવા આશીર્વાદ આપે છે કે વર-કન્યા, બંને પોતાની ફરજો સાથે મળીને બજાવજો.

આપણે જેને લવ-મેરેજ કહીએ છીએ તે ગાંધર્વ લગ્નનું અંગ્રેજી ભાવાંતર જ છે. જેમાં બંને લગ્નોત્સુક યુવક-યુવતી પોતાની રીતે એકબીજાને શોધી, પ્રેમમાં પડ્યા બાદ, લગ્ન કરવાનું નક્કી કરે છે અને વડીલોની પરવાનગી મેળવી શકે તો કદાચ એરેન્જડ મેરેજ - વડીલો દ્વારા ગોઠવાયેલા લગ્નોની જેમ વિધિવિધાનથી લગ્ન કરે છે અને પરવાનગી ના મળે તો તેમની જાણ વિના મંદિરમાં એકબીજાને હારતોરા કરીને ગાંધર્વ લગ્ન કરે છે. જેમાં માત્ર હારતોરાનો જ ખર્ચ આવે છે. અમદાવાદમાં આવેલ વિશ્વ હિંદુ સેવા સદન પણ આવા લગ્નો કરાવી આપે છે. જ્યાં મેં મારા એક મિત્રના લગ્ન માત્ર રૂા. ૧૫/-ની ફી આપીને ૧૯૭૮-૭૯માં કરાવેલ. મારા મતે આવા લગ્ન ઓછામાં ઓછા ખર્ચે થતા સારામાં સારા

લગ્ન કહી શકાય. અલબત્ત આવા લગ્નોનું આજના સમયમાં કોર્ટ-કચેરીમાં નજીવા ખર્ચે રજિસ્ટ્રેશન કરાવવાનું સલાહભર્યું રહેશે.

છઠ્ઠો પ્રકાર છે અસૂર લગ્નનો. જેમાં વરરાજા તરફથી કન્યાના વડીલોને તેઓની ઈચ્છા પ્રમાણે ધન આપવામાં આવે છે. કહો કે વરપક્ષ તરફથી કિંમત આપીને કન્યાને ખરીદવામાં આવે છે. પછી મુરતિયામાં કોઈ ખોડખાંપણ હોય તો તેને નજરઅંદાજ કરવામાં આવે છે અને પેલી કહેવત "દીકરી ને ગાય દોરે ત્યાં જાય" ને તે ખરી કહેવડાવે છે.

આ મનુસ્મૃતિમાં જણાવેલ સાતમો પ્રકાર છે રાક્ષસ લગ્નનો. જેને એ ગ્રંથમાં પણ પાપ લખવામાં આવેલ છે. જે આજકાલ ન્યુઝ પેપર્સ અને ન્યુઝ ચેનલોમાં ચગાવવામાં આવતા રેપના કિસ્સાઓ સમાન છે. ફર્ક માત્ર એટલો જ છે કે આવી વૃત્તિ ધરાવતા પુરુષો, એ સમયે કન્યાને બળજબરીથી ઉઠાવી જતા હતા. જરૂર પડે તો તે માટે લડાઈ કરીને કન્યા પક્ષના લોકોને લોહી-લુહાણ કરીને કે મારી નાખીને પણ ઉઠાવી જતા અને પછીથી તેની સાથે વિધિપૂર્વક લગ્ન કરતા હતા. જેમાં કન્યાની ઈચ્છાનું મહત્ત્વ ન હતું. અને આનાથી પણ નિમ્ન કક્ષાના પિશાચ લગ્નની વર્ણવવામાં આવેલ છે. જેમાં સૂતેલી કન્યા કે માનસિક રીતે નબળી કન્યા અથવા તો કોઈ દવા કે દારુની અસર હેઠળ લાવી દીધેલ કુમારિકાને લલચાવીને કે તેની જાણ વિના તેની સાથે દુષ્કર્મ કરવામાં આવતું. જેમ આજના સમયમાં આવા કામો ઓફિસમાં હોદ્દાની રુએ કરવામાં આવે છે કે પછી કૉલેજ અને અન્ય જગ્યાઓએ છોકરીઓને ફસાવવામાં આવે છે. કદાચ આવા કામો પછી લગ્ન પણ કરવામાં આવે તો તે પિશાચ લગ્નની શ્રેણીમાં આવે છે.

આપણે જોઈએ છીએ કે ઉત્તર ભારત તેમજ બિહાર, રાજસ્થાન કે મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં દહેજની પ્રથા સદીઓથી ઘર કરી ગયેલ છે અને આપણા ગુજરાતમાં પણ અનેક સમાજમાં આ પ્રથા ચાલતી આવેલ છે. જે ખાસ કરીને કન્યાના વડીલો માટે એક મોટા પડકાર રૂપે ખર્ચ હોય છે. જે ખર્ચ ન ઉપાડી શકવાની ક્ષમતાને કારણે અનેક કિસ્સાઓમાં કન્યાઓને વિના કારણ કુંવારી ડોસી બનાવવામાં પરિણમે છે.

જો ખર્ચના પરિપ્રેક્ષ્યમાં વિચાર કરીએ તો વધારે ખર્ચાળ એટલે વધુ સારા લગ્ન એમ તો ન જ કહી શકાય. આપણે સામાન્ય ભાષામાં કહેતા હોઈએ છીએ કે ફલાણા લગ્ન ધામધૂમથી કરવામાં આવ્યા ત્યારે સામાન્ય રીતે ઘણો જ ખર્ચ કરવામાં આવ્યો એવું પ્રતિપાદિત થતું હોય છે. પરંતુ પેલી કહેવત "જાનૈયાઓને જમવામાં રસ અને વરઘોડિયાઓને પરણવામાં"ની જેમ જે લગ્ન માણવામાં જાનૈયાઓ અને અન્ય મહેમાનોને સંતોષ થાય, એટલે કે રસોઈ સારી હોય, માન - મરતબો સચવાયો હોય અને વિવિધ પ્રસંગો સારી રીતે પાર પડેલ હોય, કોઈ અઘટિત ઘટના ના બનેલ હોય અને વર-વધૂ શાંતિથી પરણી ઉતરે તેમજ બંને પક્ષોએ સહકારથી, સમજી-વિચારીને ઓછામાં ઓછા ખર્ચે આવો લગ્ન પ્રસંગ ઉજવેલ હોય તો તેને વધુ સારા લગ્નો કહી શકાય.

બાકી, નોટબંધી પછી તરત જ બે જગ્યાના લગ્નો ન્યુઝ પેપર્સ માટે સ્ટોરીની આઈટમ બનેલ. જેમાં એક બેંગલુરુમાં કોઈ ભાજપી નેતાએ કરોડોના ખર્ચે પોતાની પુત્રીના લગ્ન કરેલ અને **અન્ય લગ્ન (કદાચ સુરતમાં) માત્ર ચા પીવડાવીને કરવામાં આવેલ. જે કદાચ ઓછામાં ઓછા ખર્ચે કરવામાં આવેલ પેલા કરોડો રૂપિયા કરતાં વધુ સારા લગ્ન કહી શકાય.**

ભુજમાં છેલ્લા પચાસેક વરસોથી દર વરસે અવિરત રીતે, કંસારા સમાજ દ્વારા સમૂહ લગ્નોનું આયોજન કરવામાં આવે છે અને તેમાં સમાજના દરેક સ્તરના યુવક-યુવતીઓ લગ્ન ગ્રંથિથી જોડાય છે. અલબત્ત મોટાભાગના મધ્યમ કે અત્યારની ભાષામાં કહું તો બી.પી.એલ. (બીલો પોવર્ટી લાઈન)ના પરિવારો હોય છે કારણકે ૮૦ ટકા સમાજ, કારીગરોનો સમાજ હોવાને કારણે આ કક્ષામાં આવે છે. મારી દૃષ્ટિએ આવા સમૂહ લગ્નો ઓછામાં ઓછા ખર્ચે થતા સારામાં સારા લગ્નો કહી શકાય કારણકે –

૧. પચીસ-પચાસ જોડીઓની લગ્નની વિધિ સામૂહિક રીતે એક જ બ્રાહ્મણ દ્વારા થતી હોવાથી મેનપાવર અને સમયની બચત થાય છે તેમજ ખર્ચનું પ્રમાણ નહિંવત્ થઈ જાય છે.

૨. લગ્નમાં સાક્ષીરૂપે મહેમાનોને બોલાવવામાં આવે છે. જ્યારે અહીં તો વર-કન્યાના સગાવહાલા ઉપરાંત આખી જ્ઞાતિ સાક્ષીરૂપે હાજર હોય છે. અને છતાં તેમને આમંત્રણ આપતી કંકોત્રીથી લઈને ભોજન સુધીના ખર્ચ વર કે કન્યા પક્ષને કરવા પડતા નથી. માત્ર રૂા. ૧,૦૦૦/- કે રૂા. ૧૫૦૦/-ની ટોકન રજિસ્ટ્રેશન ફી આપી એટલે સમૂહ લગ્નમાં ભાગ લઈ શકાય છે.

૩. દીકરીના વડીલો સામાન્ય રીતે કપડા-લત્તા, દાગીનાથી લઈને ઘરવખરી સુધીનો સામાન દીકરીને આણામાં આપતા હોય છે, તો વરપક્ષને પહેરામણી આપવાના ખર્ચ કરતા હોય છે. જ્યારે દીકરી-જમાઈને આપવાની થતી

વસ્તુઓની જવાબદારી, આવા લગ્નોમાં સમાજ ઉપાડી લે છે. તેથી આવા રિવાજ મુજબ કે સમાજના દબાણથી કરવા પડતા બિનજરૂરી ખર્ચથી સામાન્ય આવક ધરાવતો વર્ગ બચી જાય છે.

૪. લગ્ન સમયે વેવાઈઓને જાળવવા, તેમનો માનમરતબો સાચવવો, જેવી ભાવનાત્મક બાબતો અને તેમાં થતી ચૂકને કારણે લગ્નોત્સુક યુગલોને થતા ઉચાટનો આવા સમૂહ લગ્નોમાં અવકાશ રહેતો નથી. જે વધુ સારા લગ્નોનું એક પાસું કહી શકાય.

૫. આજકાલ મોટા શહેરોમાં લગ્ન સ્થળ માટેના પાર્ટી પ્લોટ કે વાડી, કેટરીંગ, ઇત્યાદિ લગ્ન ખર્ચનો મોટો હિસ્સો બની રહેતા હોય છે. જ્યારે સમૂહ લગ્નોમાં આવી બધી બાબતોની જવાબદારી સામાજિક કાર્યકરો ઉઠાવતા હોવાથી ન માત્ર ખર્ચમાં બચત થાય છે પરંતુ આ બધું આયોજન કરવામાં જતો સમય અને લમણાઝીંકમાંથી મુક્તિ મળે છે.

૬. આવા સમૂહ લગ્નો એક રીતે તો ''જ્ઞાતિ મેળા''ની ગરજ સારતા હોય છે કારણકે દેશ-દેશાવરથી સમાજના લોકો આ દિવસે ઉપસ્થિત રહીને એકબીજાને મળતા હોય છે, ઓળખાણો તાજી કરતા હોય છે અને તેમના દીકરા-દીકરીઓનો પરિચય કરાવતા હોય છે. જેમાંથી કેટલાક પરિણયમાં પણ પરિણમતા હોય છે, જે ત્યાર પછીના વરસના પરિણય-યજ્ઞ કે સમૂહ લગ્નમાં ભાગ લેવા માટેની પૂર્વતૈયારીના સૂચક કહી શકાય.

આપણે અહીં સમૂહ લગ્નો કઈ રીતે ''ઓછા ખર્ચે વધુ સારા લગ્ન થઈ શકે'' તે આજની સાંપ્રત સમસ્યાના વિષય અનુરૂપ ઉપર વર્ણવેલ કારણો દ્વારા જોયું અને આ છ કારણો સિવાય પણ અન્ય કારણો આપી શકાય. પરંતુ સમાજ સ્વીકૃત પરંપરા પ્રમાણે અને એક શુભ પ્રસંગ સારી રીતે ઉજવાય તેવી દરેક વડીલો તેમજ મોટાભાગના લગ્નોત્સુક યુવાવર્ગની અપેક્ષા જોતાં, આવા લગ્નો મધ્યમવર્ગને અનુરૂપ આદર્શ લગ્નો કહી શકાય.

- **એક આડ વાત :**

ભુજમાં રાજાશાહી વખતે એક રિવાજ હતો કે વરઘોડો પસાર થતો હોય અને સામેથી રાજાની સવારી આવતી હોય તો વરરાજાના ઘોડાને પ્રથમ પસાર થવા દઇ, રાજા પોતાના ઘોડા કે હાથીને બાજુ પર લઈ લ્યે અને તે રીતે વરરાજાનું માન જાળવવામાં રાજ્ય પણ પોતાનો ફાળો આપતું. આમ વરરાજા, એ તે દિવસ પૂરતો રાજા. પછી તેની જ્ઞાતિ, વર્ણ કે ધર્મ જોવામાં આવતા નહિ. ■

## એકાગ્રતા

એક સમયે એક જ કામ એકાગ્રતાથી કરવું, એ પ્રાચીન ભારતની શાસ્ત્ર અધ્યયનની પધ્ધતિ વર્તમાનમાં મેનેજમેન્ટ પણ સ્વીકારે છે. એક સમયે એક જ કામ હાથ પર લેવાથી એ કામમાં પૂરેપૂરું ધ્યાન કેન્દ્રિત થાય છે અને એ કામના સંદર્ભે જે કંઈ વિચાર કરવાનો હોય, તે બધા વિચારો કરી શકે છે તેમજ એ સંદર્ભે કોઈ નવો મુદ્દો કે મૌલિક વિચાર એના મનમાં આવી શકે છે.

કેટલીક વ્યક્તિઓ એક સમયે એક સાથે ઘણાં કામ કરીને પોતાની વ્યસ્તતા બતાવતી હોય છે, પણ એમના કામમાં એ ઊંડે સુધી ખૂંપી શકતી નથી. એને વિશે એ ઊંડો કે સર્વગ્રાહી વિચાર કરવાને બદલે તત્કાળ પ્રત્યુત્તર આપી દે છે. પરિણામે પરિસ્થિતિની પૂરેપૂરી સમજ વિના ઉત્તરો આપવાથી ઘણી મુશ્કેલીઓ સર્જાય છે. એક જ કામ હાથ પર લેવું અને એ કામ પૂરું ન થાય ત્યાં સુધી એના પર જ એકાગ્રતા સાધીને એને સિધ્ધ કરવા પ્રયત્ન કરવાથી અઘરું કામ પણ આસાન બની જશે. બરાબર ધ્યાન કેન્દ્રિત કરવાથી એ કામની સમગ્ર પરિસ્થિતિ, જરૂરિયાત, કારણો અને પરિણામો — એ બધાં વિશે વિચારવાની મોકળાશ મળશે. વળી આવી આદત કેળવવાથી અન્ય કોઈ બાબતથી વ્યક્તિનું ધ્યાન બીજે ફંટાતું નથી અને તેથી એણે જે કામ લીધું હોય, તેના પર પોતાના મનને કેન્દ્રિત રાખી શકે છે.

ઘણી વ્યક્તિઓ પોતાના કામમાંથી 'બ્રેક' લે છે. ટેનિસની રમતમાં કેટલાક દિગ્ગજ ખેલાડીઓએ આવી રીતે 'બ્રેક' લીધો અને એમની કારકિર્દીમાં 'બ્રેક' આવી ગયો. પહેલાં જેવી એમની રમતની ઉત્કૃષ્ટતા હતી, એ ઉત્કૃષ્ટતા પાછી આવી નહીં. આથી થોમસ આલ્વા એડિસને એક સ્થળે લખ્યું છે કે, 'બીજી વ્યક્તિઓ કરતાં મારી સફળતા મારા બીજા કોઈ ગુણ કરતા એક જ કામ હાથ પર લઇને સતત કર્યા કરવાની મારી શક્તિને આભારી છે.'

કયું કામ લેવું જોઈએ એની પણ પસંદગી કરવી જોઈએ. મૂલ્ય ધરાવતાં કામો હાથ પર લેવાથી તમે બીજી વ્યક્તિઓ કરતાં વિશિષ્ટ સાબિત થશો. જ્યારે નિષ્ફળ માણસો ઓછું મૂલ્ય કે ઓછું મહત્ત્વ ધરાવતાં કામોની પાછળ એમનો સમય બરબાદ કરી દેતા હોય છે. આથી મૂલ્યવાળું કામ પસંદ કરીને એ સિધ્ધ કરવા માટે મંડી પડવું જોઈએ.

*સૌજન્ય : "ગુજરાત સમાચાર"*

# પ્રતિભાવ

## 'કચ્છશ્રુતિ'માં આપના પ્રતિભાવો આવકારપાત્ર

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પારિવારિક માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત થતી લેખનસામગ્રી માટે આપના કોઈપણ પ્રકારના પ્રતિભાવો મોકલાવી શકો છો.

- આપના પ્રતિભાવો ઇ-મેઇલ, એસ.એમ.એસ., વૉટ્સ ઍપ અથવા પત્ર દ્વારા પાઠવી શકો છો.
- આપશ્રીના દરેક પ્રકારના પ્રતિભાવો આવકારદાયક છે.
- આપના પ્રતિભાવો 'કચ્છશ્રુતિ'માં જરૂર જણાય તો ફેરફારને આધિન રહીને યોગ્ય સમયે પ્રકાશિત કરીશું.

***કન્વીનરશ્રી : 'કચ્છશ્રુતિ' વ્યવસ્થાપક સમિતિ***

### 'કચ્છશ્રુતિ' – પ્રતિભાવ

'કચ્છશ્રુતિ' ૧૫ એપ્રિલ, ૨૦૧૭નો વાંચનમાં શ્રેષ્ઠ અંક મળ્યો. આભાર. 'કચ્છશ્રુતિ'નું મુખપૃષ્ઠ આકર્ષક અને સુંદર છે. વિદ્યાર્થીઓને અભ્યાસમાંથી વિરામ મળ્યા બાદ માનસિક અને શારીરિક આરામ માટે પરિવાર સાથે વેકેશનમાં પ્રવાસે જતા નવા નવા સ્થળો જોતાં પ્રવાસની મોજ માણતા મન પ્રફુલ્લિત બની જાય અને વિચારોમાં આનંદનું વાતાવરણ છવાઇ જતાં માનસિક થકાવટ દૂર થઈ જાય છે, એ જ અગત્યનું છે.

'કચ્છશ્રુતિ'માં આવતા લેખો માહિતીથી ભરપૂર હોય છે. કચ્છ સંબંધી માહિતી અંગેના લેખ લખવામાં આવે છે, જે ઉત્તમ છે. આ અંકના તંત્રીલેખમાં અંધશ્રદ્ધા પર લેખ છે, જે જીવનમાં સમજવા - ઉતારવા જેવો છે. અંધશ્રદ્ધાથી કરવામાં આવેલ કાર્યમાં સફળતા મળતી નથી. પાણીના પરપોટા જેવી છે અને પસ્તાવાનો વખત આવે છે. પૈસાનો વ્યય થાય છે. આને સમજવું જોઈએ.

શ્રદ્ધાથી કાર્યમાં સફળતા મળે છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, 'હે અર્જુન! જે પુરુષ મારામાં અનન્ય ચિત્તથી સ્થિર થઈ નિત્ય મારું સ્મરણ કરે છે, એવા મારામાં લાગી રહેલાઓ માટે હું સુલભ છું. બધા કાર્યો એને અર્પણ કરવા. જેથી શ્રદ્ધાથી કરેલ કાર્યોમાં અવશ્ય સફળતા મળે છે અને જીવન ધન્ય બની જાય છે. સિધ્ધિ મળે છે.

'કચ્છશ્રુતિ' માસિક ઉત્તરોત્તર પ્રગતિ કરે એ જ શુભેચ્છા.

***મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ***
***મો. ૯૪૨૮૭ ૬૯૨૮૭***

### 'કચ્છશ્રુતિ'ના સમૃધ્ધ અંકો

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના અંકો સારી રીતે પ્રિન્ટ થયેલા, આકર્ષક મુખપૃષ્ઠવાળા, જુદા જુદા વિષયોને આવરી લેતા લેખો તથા માહિતીથી સમૃધ્ધ હોય છે. તે ઉપરાંત હળવા હાસ્ય, રસિક ટુચકા, સારા ક્વોટેશન વગેરે ખૂબ જ પ્રેરક હોય છે. કચ્છ સંબંધી વિગતો - લેખ અથવા સમાચારથી આપ સૌ કચ્છની પડખે જ નહીં પરંતુ તદ્દન નજદીક રહી કચ્છના ખરા હિતેચ્છુ તરીકે સ્થાપિત થયા છો.

***ચંદ્રવદન ધોળકિયા - ભુજ***

★

### 'કચ્છશ્રુતિ' – લેખન સામગ્રી કાબિલેદાદ

આપની સંસ્થાના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના અંકોમાં પ્રસિધ્ધ થતી કૃતિઓ, માહિતી વગેરે ખૂબ જ રસપ્રદ, ઉપયોગી અને ભાવપૂર્ણ હોય છે. તેમાં પણ અગાઉના માસ ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસના વિશેષાંકો કાબિલેદાદ સમાન હતા. સિને જગતના રાષ્ટ્રપ્રેમભર્યા ગીતોની રચના ખરેખર આસ્વાદમય લાગી. આ રીતે છેલ્લા તમામ અંકો ખૂબ ગમ્યા છે. સ્વચ્છ, મનોહર અને આકર્ષક મુખપૃષ્ઠો, સુંદર પ્રિન્ટિંગ કામ વગેરે અન્ય મેગેઝિનોમાં જોવા મળતા નથી. આ દરેક માટે તેના સર્જકો, તંત્રી મંડળને ખૂબ ખૂબ ધન્યવાદ અને અભિનંદન. 'કચ્છશ્રુતિ' પ્રત્યે મારી શુભ ભાવના વ્યક્ત કરું છું.

***ઇશ્વરભાઈ પરમાર***
***૩૮/૫૪૦, સાગર ફ્લેટ, નવા વાડજ, અમદાવાદ-૩૮૦ ०૧૩.***

★

## 'કચ્છશ્રુતિ'ના અંકો માણવા લાયક

'કચ્છશ્રુતિ'ના માસ એપ્રિલ-૨૦૧૭ના અંક માટે મારા પ્રતિભાવો નીચે પ્રમાણે રજૂ કરું છું.

આ અંકનું મુખપૃષ્ઠ અતિ સોહામણું છે. સાથોસાથ **ભાઈશ્રી પ્રભાકર ધોળકિયા** લિખિત 'કચ્છના અવિરત સંભારણા' લેખ તો ખરેખર આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાના કચ્છની અનેક ગતિવિધિઓ જાણવા જેવી હકીકતોથી સુશોભિત છે. લેખકની મહેનતને દાદ આપવી જોઈએ. વળી **પ્રા. સૂર્યકાંત ભટ્ટે** આલેખેલ 'કચ્છના પ્રજાવત્સલ રાજવી મહારાવશ્રી વિજય રાજજીનું અંતિમ વિશ્રાંતિ સ્થાન'થી પણ સારી જાણકારી મળી. 'માણસનો નવો રંગ'માં **શ્રી ભોલાભાઈ ગોલીબારે** રંગ રાખ્યો છે. જ્યારે **શ્રી પાર્થ બી. દવે**ના 'હાસ્ય મારો પ્રાણ છે... : તારક મહેતા' આર્ટિકલમાં સદ્ગત તારક મહેતાની અમે ન જાણતા હોઈએ તેવી હકીકતો જાણવા મળી. **શ્રી બલવીરસિંહ જાડેજા**ની વાર્તા 'મારો દીકરો હજુ જીવે છે' આપણા સૌની આંખો ઉજાગર કરે તેવી છે. 'રામ નવમીએ શ્રી રામનો પરિચય કરીએ' સરસ છે. 'વતનના વાવડ'થી પણ વર્તમાનપત્રના સમાચારો જાણવા મળ્યા. આ અંકની કવિતાઓ પણ માણવા લાયક છે. એ સિવાયની દરેક મેટર વાંચવા અને જીવનમાં ઉતારવા યોગ્ય છે. દરેક લેખકોને અભિનંદન તેમજ સંપાદક મંડળને પણ અભિનંદન.

*ધનજી ભાનુશાલી 'કડક બંગાલી'*
*એડવોકેટ, ભુજ*

---

## દિવ્યાંગ ગેનાભાઈ દરગાભાઈ પટેલને પદ્મશ્રી

(અનુ. : પાના નં.-૪૪ ઉપરથી ચાલુ)

***પ્રશ્ન : દાડમની ખેતી ડીસા પંથક ઉપરાંત ક્યાં ક્યાં કરાવી?***

***ગેનાભાઈ :*** મારા દાડમના સફળ પ્રયોગ અને પ્રયાસથી ગુજરાતમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાનમાં ત્રીસ હજાર હેક્ટરના ખેતરોમાં દાડમની ખેતી થાય છે. વળી પાંચ વીઘા કે નાના ખેડૂતોને દાડમના રોપા, પેસ્ટિસાઇડ્સ વિના મૂલ્યે આપું. ખેડૂતના ખેતરે જઈ માર્ગદર્શન આપું અને ખેડૂતને કહું કે દાડમની ખેતીમાં કમાણી થાય ત્યારે રૂપિયા આપી જજો...!

***પ્રશ્ન : દાડમની વિવિધ જાત અને રોપા ક્યાંથી મળે તે અંગે વાત કરશો?***

***ગેનાભાઈ :*** મૃદુલા, અરાકતા, ગણેશ, રૂબી અને વન્ડરફુલ જેવી દાડમની જાતો થાય છે. પણ ગુજરાત અને રાજસ્થાનમાં તો સિંદૂરી ભગવા જાતના દાડમની ખેતી થઈ રહી છે. ગુજરાતમાં કૃષિ યુનિવર્સિટીઓમાંથી ગુણવત્તાવાળા દાડમના રોપા મળે છે. મહારાષ્ટ્રમાં નાસિક પાસે સટાણાની કૃષિ સંપદા નર્સરીમાંથી પણ દાડમના રોપા મળે. એક રોપાની કિંમત રૂા. ૨૦ હોય છે.

***પ્રશ્ન : દાડમની ખેતી પધ્ધતિ અને ઉત્પાદન અંગે જણાવશો?***

***ગેનાભાઈ :*** એક વીઘામાં દાડમના ૨૫૦ ઝાડ હોય છે. એક ઝાડ પરથી સીઝનમાં ૨૫ કિલો દાડમ ઉતરે. આ વર્ષે કિલોના ૪૦ રૂપિયા ભાવે ખેતર બેઠાં દાડમનું વેચાણ થયું. આમ એક વીઘામાંથી ૬૨૫૦ કિલો દાડમ ઉતરે અને રૂા. ૪૦ના ભાવ લેખે રૂા. ૨,૫૦,૦૦૦/-ની આવક થાય. મજૂરી, પેસ્ટિસાઇડ્સ, ખાતર-દવા પાણી વગેરે ખર્ચના રૂા. ૬૦,૦૦૦/- થાય છે. આમ, સરેરાશ બે લાખની ચોખ્ખી આવક મળે. જો કે અગાઉ કિલોના રૂા. ૬૦થી રૂા. ૬૫ અને વધુમાં વધુ રૂા. ૧૬૧નો ભાવ પણ મળેલો.

***પ્રશ્ન : ખેડૂતો અને દિવ્યાંગોને શું સંદેશો આપશો?***

***ગેનાભાઈ :*** **મનથી ધ્યેય નક્કી કરીએ તો લક્ષ્ય સુધી પહોંચી શકાય છે. નિર્બળ મનના માનવીને રસ્તો જડતો નથી અને અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી...** એ પ્રમાણે મારા જેવા દિવ્યાંગ ભાઈ-બહેનોએ નિરાશ થઈને બેસી રહેવાની જરૂર નથી...

★ ★ ★

પુરસ્કારમાં મળતી રકમ ગેનાભાઈ આજુબાજુની શૈક્ષણિક સંસ્થાઓમાં આપે છે! ખેડૂતોને માર્ગદર્શન અને મદદ કરવાની તેમની ભાવનાને સલામ અને અભિનંદન...

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર હા.સોસાયટી,*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

# વતનના વાવડ

● સંકલન : ભરત ઓઝા ●

## છસરાના અતિથિ બન્યા 'ચાર્લી ચેપ્લિન'

મુંદ્રા તાલુકાના છસરા ગામના પ્રતિષ્ઠિત ફિલ્મ સ્કોલર અને નેશનલ મ્યુઝિયમ ઓફ ઈન્ડિયન સિનેમાના સલાહકાર, ક્યુરેટર તેમજ ચેપ્લિન - ટાઉન તરીકે જગપ્રસિદ્ધ થયેલા આદિપુર શહેર સ્થિત ચાર્લી સર્કલ ફાઉન્ડેશનના અધ્યક્ષ અમૃત ગંગરના આમંત્રણથી ચાર્લી ચેપ્લિનના એકવીસમી સદીના અવતાર સમાન ગણાતા કેનેડાના જેસન એલિને ૧૭મી એપ્રિલના દિવસે મુંદ્રા તાલુકાના છસરા ગામની મુલાકાત લઈ પ્રદક્ષિણા કરી હતી. આદિપુરના ચાર્લી સર્કલના પ્રણેતા અને સ્થાપક ડૉ. અશોક આસવાની કચ્છના ચેપ્લિન ગણાય છે અને તેમની નામના પણ વિશ્વભરમાં પ્રસરી ચૂકી છે. દર વર્ષની ૧૬મી એપ્રિલના દિવસે આદિપુર શહેર 'ચેપ્લિનમય' બની જાય છે. આ દિવસે નીકળતી ચેપ્લિન પરેડે ખૂબ નામના મેળવી છે. સ્વિટ્ઝરલેન્ડમાં જ્યાં ચાર્લી ચેપ્લિન રહેતા હતા એ વવે ગામની મુલાકાત લઈ ચૂકેલા અમૃત ગંગરે ચાર્લી ચેપ્લિન વિશે એક અભ્યાસપ્રદ પરિચય પુસ્તિકા પણ લખી છે. જે ગુજરાતી વાચકોમાં ખૂબ પ્રિય થઈ છે. માથે ડર્બી હેટ જેવો ટોપો, ઢીલું કોથળા જેવું પાટલુન, ટૂંકો સાંકડો કોટ, બેઢંગા કદરૂપા ખાસડા પહેરેલા ને હાથમાં નેતરની વાંકી વળેલી સોટી લઈને પેંગ્વિન પક્ષીની જેમ ડગુમગુ ડગુમગુ ચાલ ચાલતા ચાર્લી ચેપ્લિનને જોઈને છસરાવાસીઓને ખૂબ જ રમૂજ ઉપજી હતી.

## આગામી ચોમાસું કેવું જશે? કચ્છ જ્યોતિષ મંડળ સંશોધન કરશે

કચ્છ જ્યોતિષ મંડળ જન જાણકારી હેતુ નિઃશુલ્ક નવા નવા સંશોધનો કરે છે. વર્ષ ૨૦૧૭નું ચોમાસું કેવું જશે એ વિષય પર વિવિધ પ્રકારે અભ્યાસ કરીને મે માસ સુધીમાં આગાહી કરવામાં આવશે. જેમાં ગુજરાત - કચ્છ પૂરતું જ સંશોધન કરવામાં આવશે. મંડળના અનુભવી તજજ્ઞો ડૉ. શશીકાંત આચાર્ય, નરેન્દ્ર ગોર (સાગર), પ્રતાપરાય જોષી, ચેતન ખત્રી, પ્રવીણ પુરોહિત, ઉર્મિલ શુક્લ, ગિરીશ ગોર હવામાનનો તાગ પામવા પ્રયત્નશીલ રહ્યા છે. આ બાબતે ગ્રહોના પરિભ્રમણ, સૂર્યનક્ષત્ર જોઈને વરતારાની આગાહી કરવામાં આવે છે. હવામાન, સ્થાનિક પરિસ્થિતિમાં ચોક્કસ સમયે ઉષ્ણતામાન, હવાનું દબાણ, ભેજનું પ્રમાણ, પવનની દિશા અને ગતિ વરસાદ જેવા પરિબળોનો નિર્દેશ કરે છે.

## કચ્છની કોમી એકતા થકી જ જવાનોના હોંસલા બુલંદ

દેશની સીમાઓના રખોપા કરવા જવાનોને સ્થાનિક પ્રજાનો સાથ - સહયોગ જરૂરી છે. ખાસ કરીને કચ્છની સરહદના ગામોમાં ભાઈચારો અને કોમી એકતા જવાનોનો હોંસલો બુલંદ બનાવે છે. તેવું લુણા નજીક રામદેવજી વંશજ નારાણપીરના વાર્ષિક મેળા પ્રસંગે હાજીપીર સ્થિત બી.એસ.એફ. કંપનીના કમાન્ડર શ્રી મલેકે કહ્યું હતું. એક દિવસીય આ મેળામાં બન્ની - પચ્છમ વિસ્તારના ભાવિકો પરંપરાગત પોશાકમાં સજ્જ બની ઊમટ્યા હતા. સાંજે પીરનું વાજતે ગાજતે સામૈયું કાઢવામાં આવ્યું હતું. ધાર્મિક વિધિવિધાન અનુસાર નેજો ચડાવવામાં આવ્યો હતો. રાત્રે પાટકોરીના આયોજન પછી આરાધીવાણીના જાણીતા કલાકાર ગોપાલભાઈ નિજાર, બુધુભા જાડેજા, જાલુભા સહિતે આરાધીવાણી રજૂ કરી હતી.

## કાયમને માટે વતનને અલવિદા કરતા પહેલાં માધાપરના દંપતીની અનેરી સખાવત

જીવનનો સંધ્યાકાળ હોય, સંતાનો વિદેશમાં કાયમી વસવાટ કરતા હોય ત્યારે માંદગી જેવા પ્રસંગોએ સારસંભાળ કોણ રાખે? પરિણામે સંતાનો ઈચ્છે કે મા-બાપ પોતાની સાથે જ શેષ જીવન વિતાવે અને વતન છોડતાં વૃદ્ધ દંપતીને હવે તો કદાચ આ ભૂમિમાં આવવાનું શક્ય નહીં બને ત્યારે 'હાથે એટલું સાથે' એ વિચારે કચ્છની સામાજિક સેવાભાવી સંસ્થાઓને દાન આપી માતૃભૂમિ પ્રત્યે પોતાનું ઋણ અદા કરી માધાપરના વૃદ્ધ દંપતી સામબાઈ કુંવરજી મેઘાણીએ કચ્છના વતન પ્રેમને ઉજાગર કર્યો હતો.

## વિનોદ ખન્નાએ ભૂકંપગ્રસ્ત ૧૮૦ પરિવારોની સંભાળ લીધી હતી

હિંદી સિનેમા જગતના દિગ્ગજ કલાકાર અને વર્ષો સુધી

પંજાબના ગુરુદાસપુરના સાંસદ રહી ચૂકેલા વિનોદ ખન્નાના અવસાનના સમાચારે પંચરંગી શહેર ગાંધીધામ સંકુલમાં શોક પ્રસરાવી દીધો હતો. વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ આ અભિનેતાએ મહિના સુધી ગાંધીધામમાં ડેરા – તંબુ નાખીને અંદાજે ૧૮૦ પરિવારોની સારસંભાળ લીધી હતી. ભૂકંપના સમાચારથી તરત મદદમાં દોડી આવેલા વિનોદ ખન્નાએ શહેરના રામલીલા મેદાનમાં એક શિબિર ઊભો કર્યો હતો. જેમાં ૨૦૦ વિશાળ તંબુ નાખ્યા હતા. ચારે તરફ ટીન શેડની બાઉન્ડ્રી બનાવીને તેમણે ઘર ગુમાવી ચૂકેલા પરિવારોને આ તંબુમાં રહેવાની વ્યવસ્થા ઊભી કરી હતી. શરૂમાં ગોપાલપુરી સ્થિત કે.પી.ટી. ગેસ્ટ હાઉસમાં રહેતા આ અભિનેતા પણ પછી જાતે આ જ સ્થળે, તંબુમાં રહ્યા. 'કચ્છમિત્ર'એ તે સમયે તેમના આ તંબુમાં તેમની સાથે બેસીને વાતચીત કરી ત્યારે તેમણે ભૂકંપગ્રસ્તોને બેઠા કરવા સૌથી પ્રથમ જરૂરિયાત ઘરની તથા ભોજનની હોવાથી તેમણે આ શિબિર ઊભો કર્યો હોવાનું કહ્યું હતું. તેમની વ્યવસ્થા પણ ગજબ હતી. તેમણે કોઈને અહીંથી મદદ ઘરે લઈ જવા નહોતી આપી. સો ટકા સાચા ભૂકંપગ્રસ્તોને તેમણે આ સ્થળે જ તંબુ ફાળવી વ્યવસ્થા આપી હતી. ભોજન ઉપરાંત હોસ્પિટલ, શાળા અભ્યાસ, વ્યવસાયિક માર્ગદર્શન વગેરેની વ્યવસ્થા પણ તેમણે કરી હતી. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલીન માનદ્ મંત્રીના જણાવ્યા પ્રમામે અત્યંત પ્રેમાળ વ્યક્તિત્વના ધણી શ્રી ખન્ના ભૂકંપગ્રસ્તોને ગળે લગાવીને આદરપૂર્વક સંભાળ લેતા હતા. ચેમ્બરના પ્રતિનિધિઓ તેમને આ કાર્યમાં સહાયભુત થયા હતા. તેમના અવસાનના સમાચારથી ગાંધીધામ સંકુલે આઘાત અનુભવ્યો છે અને તેમણે કરેલી ભૂકંપગ્રસ્તોની સહાય સદા યાદ રહેશે.

## કચ્છના કલેક્ટરપદે રેમ્યા મોહન

આ વર્ષના અંતે રાજયમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે વહીવટીતંત્રમાં બદલીઓનો દોર શરૂ થઈ રહ્યો હોય એમ કચ્છ સહિત ૧૦ જિલ્લા કલેક્ટરો મળીને ૨૪ આઈ.એ.એસ. અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. રાજ્યના બે મુખ્ય સચિવને પણ બદલાવવામાં આવ્યા હતા. કચ્છના કલેક્ટર એમ.કે. ગાંધીને યુવા સેવા અને સાહિત્યિક પ્રવૃત્તિ – ગાંધીનગરના કમિશનર તરીકે બદલવામાં આવ્યા હતા. તેમના સ્થાને જિલ્લાને મહિલા કલેક્ટર સ્વરૂપે મૂળ કેરળનાં આઈ.એ.એસ. અધિકારી રેમ્યા મોહન મુથાદાસ મળ્યા છે. કચ્છને ૧૯૭૬ બાદ એટલે કે લગભગ ચાર દાયકા બાદ મહિલા કલેક્ટર મળ્યા છે. આ પહેલા ૧૯૭૬માં કચ્છમાં પ્રથમ મહિલા કલેક્ટર તરીકે શ્રીમતી બેનીપ્રસાદની નિમણૂક થઈ હતી.

## ક્રાંતિ તીર્થમાં પિતા-પુત્રના તૈલચિત્રોનું અનાવરણ

જેમણે પોતાના આયુની ક્ષણ-ક્ષણ અને રક્તનો કણ-કણ ભારત માતાની સ્વતંત્રતા કાજે સમર્પિત કર્યા એવા રાજસ્થાન કેસરી કેસરીસિંહ બારહટ (ચારણ) અને એમના પ્રતાપી પુત્ર શહીદ પ્રતાપસિંહ ચારણના તૈલચિત્રોનું અનાવરણ માંડવીની ભાગોળે મસ્કા નજીક આવેલા રાષ્ટ્રીય સ્મારક પંડિત શ્યામજી કૃષ્ણવર્મા ક્રાંતિતીર્થ ખાતે દબદબાભેર કરાયું હતું. ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, ચારણ ગઢવી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન તથા અખિલ કચ્છ ચારણ સભા – માંડવીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા પરિસંવાદના કાર્યક્રમને સંબોધતાં મેઘાણી લોક સાહિત્ય કેન્દ્ર – રાજકોટના અધ્યક્ષ ડૉ. અંબાદાનભાઈ રોહડિયાએ રાષ્ટ્રની સ્વતંત્રતા માટે કેસરીસિંહે આપેલું સમર્પણ ઉત્કૃષ્ટ અને અતુલનીય છે. એમના સમર્પણની પાછળ સાહસ, શૌર્ય અને ધૈર્ય હતા. તેમની ત્રણ પેઢીઓએ આપેલું યોગદાન ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થયું હોવાનું કહી તેમની આગવી અસ્મિતાને કાળનો કાટ કદાપી લોપી નહીં શકે તેવું કહ્યું હતું.

## કચ્છ સંદર્ભે સંશોધન ક્ષિતિજો ઊઘડે છે

કચ્છના ઈતિહાસ – પુરાતત્ત્વ અને આપણી લુપ્ત થતી પરંપરાઓના સંશોધનમાં યુવાપેઢી રસ લેતી થઈ છે. જે કચ્છના સુવર્ણ દિવસોનો અણસાર આપે છે. તાજેતરમાં ભુજ ખાતે પ્રાગમહેલના કચ્છ અભ્યાસ કેન્દ્ર દ્વારા શરૂ કરાયેલા કચ્છ અભ્યાસ સંશોધન મંડળનો વિધિવત્ આરંભ કરાવતાં કચ્છના મહારાવ પ્રાગમલજી ત્રીજાએ પોતાનો આનંદ વ્યક્ત કરી સંશોધકોને ધન્યવાદ આપ્યા હતા. સંશોધન મંડળમાં જોડાયેલા કચ્છના જુદા જુદા વિસ્તારોમાં રહેતા સંશોધકોને પ્રાગમલજીના હસ્તે સંશોધન મંડળમાં જોડાવા અંગેનું પ્રમાણપત્ર તથા ઓળખપત્ર એનાયત કરાયા હતા. આરંભમાં પ્રાગમહેલના કચ્છ અભ્યાસ કેન્દ્ર તથા ગ્રંથાલયના આર્કાવિસ્ટ દલપતભાઈ દાણીધારિયાએ કચ્છ અભ્યાસ કેન્દ્રનો પરિચય આપી, પ્રાગમહેલના ગ્રંથાલયના પ્રાચીન ગ્રંથો, દસ્તાવેજોનું જતન થાય અને સાથે સાથે કચ્છના અભ્યાસ તથા સંશોધનની સર્વાંગી વિગતો એક સ્થળે મળી રહે તેવો હેતુ કચ્છ અભ્યાસ કેન્દ્રનો રહ્યો હોવાનું જણાવી નવરચિત કચ્છ અભ્યાસ સંશોધન મંડળની રચનાની પૂર્વ ભૂમિકા રજૂ કરી હતી.

## થેલેસેમિયા સામે જાગૃતિ લાવવા કચ્છમાં સગર્ભા સ્ત્રીઓનું પરીક્ષણ

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, કચ્છ જિલ્લા શાખા છેલ્લા ઘણા સમયથી કચ્છમાં વિવિધ પ્રવૃત્તિઓ કરી રહી છે. જેમાં મુખ્યત્વે ડિઝાસ્ટર મેનેજમેન્ટ, પ્રાથમિક સારવાર તાલીમ, થેલેસેમિયા પ્રિવેન્શન પ્રોગ્રામ વગેરે ગુજરાત રાજ્ય શાખા દ્વારા ૨૦૦૫થી થેલેસેમિયા જાગૃતિ થઈ રહી છે. કચ્છ જિલ્લા શાખાના ચેરમેનના જણાવ્યા મુજબ ધોરણ-૮ માં અભ્યાસ કરનાર અંદાજિત ૩૦૦૦ બાળકોનું પરીક્ષણ તેમજ ૧થી ૬ માસની અંદાજિત ૩૫૦૦થી વધુ સગર્ભા બહેનોનું થેલેસેમિયા પરીક્ષણ કરાયું છે. ગુજરાત રાજ્ય શાખા માત્ર સગર્ભા બહેનોની નિઃશુલ્ક તપાસ નથી કરતી પરંતુ જો સગર્ભા બહેન થેલેસેમિયા માઈનર આવે તો તરત તેમના પતિની પણ થેલેસેમિયા તપાસ નિઃશુલ્ક કરવામાં આવે છે. જો બંને માઈનર આવે તો ગર્ભમાં રહેલ બાળકની તપાસ જેમાં તે આવનાર બાળક થેલેસેમિયા મેજર છે કે નહીં તે પણ ફ્રી માં કરી આપવામાં આવે છે.

## નાઇરોબીમાં કચ્છી લેવા પટેલ સમાજના અગ્રણી દાતાનું અવસાન

મૂળ વેકરા હાલે નાઈરોબીમાં વસતા કચ્છી લેવા પટેલ સમાજ તથા કચ્છના સાર્વજનિક સેવાના અગ્રદાતા રામજી રત્ના વરસાણીનું કેન્યા ખાતે ૭૨ વર્ષની વયે અવસાન થતાં સંબંધિત વર્તુળોમાં આઘાતની લાગણી ફેલાઇ હતી. કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના વર્તમાન દાતા અરજણભાઈ પીંડોરિયાએ સાચો સમાજસેવક, શિક્ષણપ્રેમી, સાર્વજનિક સેવાનો ભેખધારી, સત્ય વક્તા અને ભુજ સમાજનો પાયાનો પથ્થર ગુમાવ્યાની સંવેદના વ્યક્ત કરી પરિજનોને કચ્છ સમાજ વતી શોક સંદેશો પાઠવી સાંત્વના આપી હતી.

## પ્રસિધ્ધિ અને સમારંભ વગર સેવા માટે શરૂ થયેલો યજ્ઞ ૨૧ વર્ષેય જારી

છેલ્લા ૨૧ વરસથી કોઈપણ જાતની પ્રસિદ્ધિ, ઉદ્‌ઘાટન કે સન્માન સમારંભ વગર ૨૫ ટ્રક જુવારનું ચણ ૨,૦૦,૦૦૦ કિલો જેટલું અબોલ પક્ષીઓ માટે ચણ નિઃસ્વાર્થભાવે મુંબઈ સ્થિત મૂળ કચ્છના ડુમરાના સેવાભાવી મૂળરાજ હંસરાજની કું. તેમજ વાસી સ્થિત દાણાબંદરના વાસી મિત્રમંડળના સહયોગથી આપી રહ્યા છે. જિલ્લાના અંજાર, મુંદ્રા, માંડવી, અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાના ૨૨૫થી વધુ ગામોમાં આવેલા જૈન દેરાસરો તેમજ વિવિધ ધાર્મિક સ્થળોએ આ સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે. ગઢશીશા અંબેધામ, આનંદેશ્વર મહાદેવ મંદિર, માતાના મઢ, પિંગલેશ્વર, અબડા દાદા, લંગાપીર, હમનખુડી, નારાયણ સરોવર, કોટેશ્વર, રાતા તળાવ, આશાપુરા મંદિર સહિતના સ્થાનો પર ગુણવત્તાવાળા જુવારના ચણ સ્વખર્ચે પહોંચતા કરવાનું આ ભગીરથ કાર્ય આ કંપની કરી રહી છે.

## નોટબંધી બાદ કચ્છની બેંકોની થાપણમાં ૨૯૦૦ કરોડનો ઉછાળો

નોટબંધીને પાંચ મહિનાનો સમય વીતી ગયો પણ દેશની બજારમાં હજુય તેના પડઘા પડઘાયા કરે છે. વિમુદ્રીકરણનો નિર્ણય લેવાયો એ ગાળાને આવરી લેતાં ત્રિમાસિક બાદ કચ્છની બેંકોની થાપણોમાં રૂા. ૨૯૦૦ કરોડનો જંગી ઉછાળો નોંધાયો અને કુલ ડિપોઝિટ રૂા. ૩૧,૪૦૦ કરોડ સુધી પહોંચી ગઈ હતી. જો કે બીજી તરફ બિનનિવાસી ભારતીયોની થાપણોમાં ઘટાડો થયો હતો અને અગાઉની તુલનાએ રૂા. ૧૦૦ કરોડના ઘટાડા સાથે એન.આર.આઈ. ડિપોઝીટ રૂા. ૯૪૦૦ કરોડ રહી ગઈ. ૩૧ ડિસેમ્બર બાદ આર.બી.આઈ.ની કચેરીઓમાં જૂનું ચલણ બદલવામાં મોટી સંખ્યામાં વિદેશોમાં વસતા કચ્છના લોકો પરેશાન બન્યા હતા. બીજી તરફ નોટબંધી બાદ રોકડની થયેલી (અથવા કરાયેલી) અછતને પગલે ફરજિયાત રીતે જ કચ્છમાં પણ કેશલેસ અર્થતંત્રમાં ઉછાળો આવ્યો. બેન્કિંગ વર્તુળોના જણાવ્યા અનુસાર અગાઉ પાંચ ટકા લોકો જ નેટ બેન્કિંગ કે મોબાઇલ ફોન દ્વારા બેન્કિંગ વ્યવહારો કરતા હતા, જે હવે વધીને ૧૫થી ૨૦ ટકા થઈ ગયા છે. કચ્છમાં વિવિધ બેંકોની લગભગ ૩૯૦ શાખાઓ છે અને પે-ટીએમ, ભીમ ઍપ કે ખાનગી બેંકોની એપ્લીકેશનો થકી ડિજિટલ બેન્કિંગનું ચલણ હવે વધતું જાય છે. નોટબંધી બાદ કચ્છની બેંકોમાં કુલ ડિપોઝિટ અગાઉના રૂા. ૨૮૫૦૦ કરોડની તુલનાએ વધીને રૂા. ૩૧૪૦૦ કરોડ સુધી પહોંચી ગઈ અને પહેલીવાર થાપણોનો આંક રૂા. ૩૦૦૦ કરોડને પાર કરી ગયો. એ સાથે જ બેંકોએ રૂા. ૧૨૧૦૦ કરોડનું ધિરાણ આપ્યું છે. આમ ક્રેડિટ ડિપોઝિટ રેશિયો (સીડીઆર) ૩૮.૫૩ ટકા નોંધાયો છે જે ધીમે ધીમે વધી રહ્યો છે. એક વર્ષ પહેલાં કચ્છની બેંકોમાં એન.આર.આઈ. ડિપોઝિટ રૂા. ૧૦,૩૩૯ કરોડ હતી, પણ ૩૧ ડિસેમ્બરની સ્થિતિએ તે ઘટીને રૂા. ૯૪૦૦ કરોડ થઈ ગઈ. સમગ્ર ગુજરાતમાં વર્ષો સુધી એન.આર.આઈ. થાપણોના મામલે કચ્છ પહેલા નંબરે હતું. પણ હવે અમદાવાદ જેવા જિલ્લા કચ્છને ઓવરટેક કરી ગયા છે.

(અનુ. : જુઓ પાના નં.-૬૪ ઉપર)

# શબ્દ શોધ : ૬૧

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

• પ્રદીપ જોશી - આદિપુર •

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | ■ | ૫ |
| | ■ | | ■ | ૬ | | | ૭ | |
| | ■ | ૮ | ૯ | | | ■ | | ■ |
| ૧૦ | ૧૧ | ■ | ૧૨ | | ■ | ૧૩ | | |
| ■ | ૧૪ | ૧૫ | ■ | | ■ | ૧૬ | | ■ |
| ૧૭ | | | ■ | ૧૮ | ૧૯ | ■ | ૨૦ | ૨૧ |
| ■ | | ■ | ૨૨ | | | ૨૩ | ■ | |
| ૨૪ | | ૨૫ | | | ■ | | ■ | |
| | ■ | ૨૬ | | ■ | ૨૭ | | | |

## આડી ચાવીઓ

૧. ભરણપોષણ, આજીવિકા (૪)
૩. અભિપ્રાય (૨)
૬. યુધ્ધમાં એકલો લડનારો યોધ્ધો (૫)
૮. પુષ્કળતા, ખૂબ જ ભરાઈ જવું કે ભરી દેવું એ (૪)
૧૦. એક તેજાનો (૨)
૧૨. આદર (૨)
૧૩. બહેરું (૩)
૧૪. શરીર તપી જવાનો રોગ (૨)
૧૬. શિયાળુ પાક (૨)
૧૭. જૂની ફિલ્મોની એક જાણીતી નૃત્યાંગના (૩)
૧૮. પવન (૨)
૨૦. પરમેશ્વર, પરવરદિગાર (૨)
૨૨. સારી રીતે ભળી ગયેલું, એક સરખા રસવાળું (૪)
૨૪. 'કચ્છશ્રુતિ' ક્યાંથી પ્રગટ થાય છે? (૫)
૨૬. ઝાકળ (૨)
૨૭. સૌરાષ્ટ્રનું એક કેન્દ્રવર્તી શહેર (૪)

## ઊભી ચાવીઓ

૧. ભારતનું એક સમૃધ્ધ રાજ્ય (૪)
૨. ગધેડો (૩)
૩. એક રાશિ (૩)
૪. એક તેલીબિયું (૨)
૫. દુશ્મનાવટ, શત્રુતા (૨)
૬. આશરે ૫૦૦ કિલો જેટલું વિશ્વમાં સૌપ્રથમ વજન ધરાવતી ઈજિપ્તની કઈ નારી ભારતમાં સારવાર માટે આવી છે? (૭)
૭. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ બહાદુર (૫)
૯. સુંદર સ્ત્રી (૨)
૧૧. અહીં 'તાજમહેલ' ગમે તેમ છે (૫)
૧૩. 'ઈચ્છા _____ આવવી' એટલે પાર પડવું કે સફળ થવું (૨)
૧૫. જંગલ (૨)
૧૯. ઘા, હુમલો (૨)
૨૧. બળવાન, બળિયું, મજબૂત (૪)
૨૨. પ્રશ્ન (૩)
૨૩. કમળ (૩)
૨૪. આગ (૨)
૨૫. રમતમાં આવતો વારો (૨)

## શબ્દશોધ : ૬૦નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | યો | ગી | આ | દિ | ત્ય | ના | થ | ■ |
| ભુ | જ | ■ | જ | લ | જ | ■ | કા | કા |
| ■ | ક | પૂ | ત | ■ | ની | ર | વ | ■ |
| મા | તા | ■ | ક | મ | ય | ■ | ટ | કો |
| તા | ■ | પ | ■ | ત | ■ | કો | ■ | ત |
| ના | જ | ની | ન | ■ | શ | ક | કા | ર |
| મ | ■ | ર | મ | તા | રા | મ | ■ | કા |
| ટ | ગો | ■ | ન | સી | બ | ■ | ભીં | સ |
| ■ | ત્ર | ણ | ■ | ર | ■ | ના | નું | ■ |

## શબ્દ શોધ : ૫૯/૬૦નો ઉકેલ મોકલાવનારના નામ

- વસંતબેન વજેરામ ગોર - ગાંધીનગર
- રશ્મિ એમ. સાવલા - ભુજ
- મહાભાઈ આર. વોરા - ભુજ
- મનહર જે. વૈષ્ણવ - અમદાવાદ
- કાવ્ય બિહાગ અંતાણી - ગાંધીનગર
- કવન કેતન રાણા - ગાંધીનગર
- કીર્તિ એન. સંઘવી - અંજાર
- દીપક કે. પરમાર - ગાંધીનગર
- નીલેશ વી. શાહ - ભુજ
- રાકેશ કે. ગાંધી - અંજાર

# પુસ્તક પરિચય : "સ્વપ્નાં સેવો"

*– નિખિલ એચ. ઠક્કર*

કચ્છના એક જાણીતા કેળવણીકાર અને નિવૃત્તિ પછી પણ જેઓએ સતત પ્રવૃત્તિમય રહી, પુસ્તકોના અનુવાદો અને અન્ય સાહિત્ય નવલકથા, પ્રેરણાત્મક સાહિત્યના રચનાકર્તા મુ.શ્રી હરેશભાઈ ધોળકિયાએ એક સરસ મજાની પુસ્તિકા લખી છે : "સ્વપ્ના સેવો." આ નાનકડી પુસ્તિકાના પ્રારંભે જ તેઓ એલિનોર રૂઝવેલ્ટનું આ મહાન પ્રેરણાદાયી વાક્ય આપણી સમક્ષ ધરે છે : '**ઉજ્જવળ ભવિષ્ય એ લોકોનું છે, જેઓ પોતાના સ્વપ્નાનાં સૌંદર્યને જોઈ શકે છે.**'

આવા સફળતા માટેના પવિત્ર વાક્યોનો આ નાનકડી પુસ્તિકામાં છાંટણા કરી શ્રી હરેશભાઈ નેપોલિયન હિલના આ અમર શબ્દો આપણને યાદ રાખવા પ્રેરે છે : '**આ જગત પરની બધી જ સિધ્ધિઓ અને સમૃધ્ધિના મૂળિયા એક વિચાર કે સપનામાં રહેલા છે.**'

તેઓ આગળ જણાવે છે : '**મન જે કાંઈ ધારે અને હૃદય તેને સ્વીકારી લે, તો તે તમે સિધ્ધ કરી શકો છો.**' આ માટે આ નાનકડી પુસ્તિકામાં શ્રીમાન લૂ ભાઈનું ઉદાહરણ આપવામાં આવેલ છે. નિષ્ફળ વ્યક્તિ શ્રીમાન લૂ એ પોતાની નિષ્ફળતા પછી પણ સ્વપ્ના જોવાનું અને તેમાં સફળતા પ્રાપ્ત કરવાનું મન અને હૃદયથી નક્કી કર્યું. નોકરીમાંથી છૂટા થઈ ગયેલા આ શ્રીમાન લૂ એ ૧૦૭ સ્વપ્નાની નોંધ કરી, તેમાંથી તેમણે ૯૩ સ્વપ્ના સિધ્ધ કર્યા હતા. કારણકે તેમણે નિરાશાવાદી વિચારને બદલે 'શક્યતાના વિચાર'ને બળ આપી પોતાની સાચી શક્તિ પોતાના સ્વપ્નાઓને સાકાર કરવા તરફ વાળી હતી.

આ પુસ્તિકાના લેખક આગળ લખે છે કે, સ્વપ્નાને સાકાર કરવાના ત્રણ તબક્કા છે. પ્રથમ : તમારે તમારા જીવનમાં જે સ્વપ્ના સાકાર કરવા છે તેના વિશે વિચારો પછી તેની નોંધ કરો. બીજો તબક્કો છે તમારા સ્વપ્નાને જુઓ. સ્વપ્નાને હકીકતમાં બદલવાનો આ સરળ ઉપાય છે. તમે તમારા સ્વપ્નાને 'વિઝન'માં ફેરવો તો તમારી સફળતા બહુ દૂર રહેતી નથી. આ માટે જોનાથન સ્વિફ્ટનું આ વાક્ય સમજવા જેવું છે : '**વિઝન એટલે બીજા માટે જે અદૃશ્ય છે તે બાબતો જોવાની કળા.**' 'વિઝન' એટલે સ્વપ્ન ખરું પણ સ્પષ્ટ સ્વપ્નું. તેને કોઈ ભૂંસી ન શકે. તેને કોઈ ચોરી ન શકે. ત્રીજા તબક્કામાં બાબત છે, તમારા સ્વપ્નાનું આયોજન કરો. આયોજનનો તબક્કો દૃષ્ટાને કર્તા બનાવે છે, મુસાફરને ડ્રાઈવર બનાવે છે. આ પ્રમાણે તબક્કાવાર સ્વપ્નાને મન અને હૃદયથી ધારણ કરવાથી સ્વપ્ના ચોક્કસ હકીકતમાં પલટાઈ જ શકે છે. સ્વપ્ના સાકાર કરવા ત્રણ અગત્યના પગલાં પણ મુ.શ્રી હરેશભાઇ પોતાની આ પુસ્તિકામાં જણાવે છે : (૧) અંગત ધ્યેય લખવું. એટલે કે Mission Statement. દા.ત. લોકમાન્ય ટીળકનું ધ્યેય વાક્ય હતું "સ્વરાજ્ય મારો જન્મસિધ્ધ હક્ક છે." (૨) સ્વપ્નાને ધ્યેયોમાં વહેંચી નાખવું. (૩) દરરોજ કરવાના કાર્યોની યાદી બનાવવી. આ પ્રમાણે નિયમિત રીતે કરવાથી આપણે આપણા સેવેલ ૧૦૦માંથી ૯૦થી ૯૫ ટકા સ્વપ્નાઓ ચોક્કસ સાકાર કરી શકીએ છીએ. **યાદ રાખો : 'તમે જ તમારી પ્રગતિ માટે જવાબદાર છો.'**

છેલ્લે આ લેખક કહે છે : "સ્વપ્ના સેવો.... તેને સાકાર કરો... અને જિંદગીનો, સફળતાનો આનંદ માણો."

*એન-૧૪, 'શ્રી હરિ', મારુતિ પ્લોટ્સ,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ.*

## જીવનનો ઉદ્દેશ

જીવનનો ઉદ્દેશ છે ગુણવિકાસ. ભગવાન સર્વગુણ સંપન્ન છે. દૂધમાં દૂધ ભળી જાય એ રીતે આપણે ભગવાન ભેળા ભળી જવાનું છે. આપણામાં જે કંઈ ગુણ હોય તેનો વિકાસ કરવો અને ભગવાનના ગુણોને ગ્રહણ કરવા.

ગુણગ્રહણ, ગુણવૃદ્ધિ, ગુણશીલન એ જ જીવનનું કર્તવ્ય છે. આખરે આપણે મહાપુરુષોને યાદ કરતી વખતે બીજું શું કરીએ છીએ? મહાપુરુષોમાંના પ્રખર ગુણને જ બિરદાવીએ છીએ ને?

હરિશ્ચંદ્રની સત્યનિષ્ઠા, ભીષ્મની ભીષ્મપ્રતિજ્ઞા, વશિષ્ઠની સૌમ્યતા, વિશ્વામિત્રનો પુરુષાર્થ. આમ, માનવ જીવનનો ઉદ્દેશ ગુણવિકાસ જ છે.

*– વિનોબા ભાવે*

*આંખો બંધ થાય તે પહેલા "ઉઘડી" જાય તો આખો જન્મારો સુધરી જાય.*

# "શબ્દના સૂરજમુખી" કાવ્ય સંગ્રહનું લોકાર્પણ




*રજનીકાંત ઓઝાના કાવ્યસંગ્રહ 'શબ્દનાં સૂરજમુખી'નું લોકાર્પણ કરતાં ધારાશાસ્ત્રી શંકરભાઈ સચદે. સાથે બાબુલાલ ગોર, જયંતિ જોશી 'શબાબ', રજનીકાંત ઓઝા, કમલકાંત ભટ્ટ તથા મદનકુમાર અંજારિયા નજરે પડે છે.*

કચ્છનાં જાણીતા સાહિત્યકાર રજનીકાંત ઓઝા લિખિત કાવ્ય સંગ્રહ "શબ્દનાં સૂરજમુખી"નો લોકાર્પણ સમારોહ જાણીતા યોગ શિક્ષક કમલકાંત ભટ્ટનાં પ્રમુખ સ્થાને તાજેતરમાં ભુજ ખાતે યોજાયો હતો.

પ્રારંભમાં બાબુલાલ ગોરે શાબ્દિક સ્વાગત કરી પ્રસંગ પરિચય આપ્યો હતો. ત્યારબાદ કવિ જયંતિ જોશી 'શબાબ'ના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. કાવ્ય સંગ્રહનો લોકાર્પણ કરતા જાણીતા ધારાશાસ્ત્રી શંકરભાઈ સચદેએ કહ્યું હતું કે કવિ અને કવિતાનું ખૂબ જ મહત્ત્વ છે. કોઈપણ માનવ સમાજ કવિ વિના મૂંગો લાગે છે અને માનવ સંસ્કૃતિ કવિતા વગર સૂની લાગે. શ્રી સચદેએ પ્રેમજીભાઈ ઠક્કર મેમો. ટ્રસ્ટ તથા ડૉ. કવિતા (મીરા) સચદે ટ્રસ્ટ દ્વારા રજનીકાંત ઓઝાનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત સ્તરની કાવ્ય સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવનાર કવિ મદનકુમાર અંજારિયાનું પણ શાલથી સન્માન કરાયું હતું.

કવિ જયંતિ જોશીએ કાવ્ય સંગ્રહ 'શબ્દનાં સૂરજમુખી'નું વિસ્તૃત રસદર્શન કરાવી રજનીભાઈની સાહિત્યિક સેવાને બિરદાવેલ હતી.

પ્રમુખ સ્થાનેથી ઉદ્‌બોધન કરતાં કમલકાંત ભટ્ટે જણાવ્યું હતું કે કાવ્ય સંગ્રહમાં મન ઉપર ઘણાં કાવ્યો છે. યોગ પણ મન આધારિત ક્રિયા છે. આમ આ રચનાઓ મનનાં ભાવો પ્રતિબિંબિત કરે છે, જે મહત્ત્વની વાત છે.

પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતાં રજનીકાંત ઓઝાએ કહ્યું હતું કે મહાનુભાવો અને સાહિત્ય રસિકોની ઉપસ્થિતિમાં મારી અને મારા સર્જનની કદર કરવામાં આવી તે મારા માટે ગૌરવની બાબત છે. આ પ્રસંગે ડૉ. આર.કે. મોઢ ફાઉન્ડેશન દ્વારા કવિ શિવજી મોઢ 'શિવ'ના હસ્તે તથા રમીલાબેન મહેતા સહિત મહિલા સર્જકોએ રજનીભાઈનું શાલ તથા પુસ્તકો અર્પણ કરી સન્માન કર્યું હતું.

***અહેવાલ : બાબુલાલ ગોર - ભુજ***

## મનના સંકલ્પ - વિકલ્પનું શું કહેવું?

એક અકળાયેલા માણસે સંકલ્પ કર્યો : 'જો આ મુસીબતોમાંથી બચી જઈશ તો મારું ઘર વેચીને એના પૈસા હું ગરીબોને આપી દઈશ.'

પછી મુસીબતો દૂર થઈ ગઈ અને સંકલ્પ પૂરો કરવાનો સમય આવ્યો. પણ આટલા બધા પૈસા આપી દેવા માટે તેનું મન માનતું નહોતું. આથી તેણે એક યુક્તિ કરી. તેણે ઘરની કિંમત એક રૂપિયો જાહેર કરી અને સાથે એક બિલાડીની કિંમત દસ હજાર રૂપિયા રાખી. સાથે એવી પણ શરત રાખી કે, ખરીદનારે ઘર અને બિલાડી બંને એકસાથે ખરીદવા પડશે.

એક ગ્રાહકે કિંમત ચૂકવી આપીને ઘર અને બિલાડી બંને ખરીદી લીધા ને પેલા માણસે કોઈ ભિખારીને એક રૂપિયો દાનમાં આપી દઈ પ્રતિજ્ઞા પાળ્યાનો સંતોષ લીધો.

મોટાભાગના લોકોનાં મન આ રીતે જ કામ કરે છે. તેઓ ગુરુની સલાહનું પાલન કરવાનું તો નક્કી કરે છે પણ એ સલાહનો પોતાને લાભ ન થાય એ રીતે મનફાવતો અર્થ ઘટાવે છે. જ્યાં સુધી તેઓ ખાસ સાધના દ્વારા આ ટેવમાંથી છૂટી ન જાય ત્યાં સુધી તેઓ કશું શીખી નથી શકતા.

***– ઇદરીશ શાહ***

# પુસ્તક આલોચના

***સમીક્ષક : દિનેશ આર. મહેતા***

- *વાર્તા સંગ્રહ પુસ્તકનું નામ :* "ગોઠિયા"
- *લેખકશ્રી :* બલવીરસિંહ જાડેજા
  (મૂળ કચ્છના હાલે અમદાવાદ)
  ફોન : (૦૭૯) ૨૭૯૧૧૯૨૭
  મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬
- *પૃષ્ઠ સંખ્યા :* ૧૬ + ૨૨૪ = ૨૪૦
- *કિંમત :* રૂા. ૨૦૦/-
- *પ્રકાશન :* ૨૦૧૭
- *પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :* બલવીરસિંહ જાડેજા
  ૧૨, ઘર આંગણ એપાર્ટમેન્ટ,
  પ્રોફેસર્સ કોલોની સામે, વિજય ચાર રસ્તા પાસે,
  નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

લેખકશ્રીનું આ પ્રથમ વાર્તાસંગ્રહનું પુસ્તક છે. તેમાં ગોઠિયા, ભારત સિવાય આવું ક્યાંય બને?, બાબલી-મમ્મી, મળી અમાનત પાછી, સંન્યાસી, પાછોતરા કંપનોની શ્રેણી (૧-૨), કડવી ફરજ, પસલી, ખીચડીમાં ઘી, સંબંધોના સરવાળા – જેવી ખુલ ૩૬ ખૂબ જ રસિક વાર્તાઓ વાચકવર્ગને જરૂર પ્રભાવિત કરે તેવી છે. તેમની ઘણી વાર્તાઓમાં કચ્છીયતના દર્શન થાય છે.

લેખકશ્રીએ મિકેનિકલ એન્જિનિયરિંગ કર્યું છે. રાષ્ટ્રભાષા હિંદીની પ્રારંભિકથી કોવિદ સુધીના અભ્યાસક્રમો કર્યા છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં સીનિયર મેનેજરથી જનરલ મેનેજરની પદવી નિભાવી ચૂક્યા છે.

શ્રી જાડેજા ઉત્તમ કક્ષાના વાર્તા સર્જક છે. શબ્દોના તેઓ ઊંડા અભ્યાસી છે. તે કારણે તેમના દ્વારા વાર્તાઓનું સર્જન રસપ્રદ બને છે. તેમના આ પુસ્તકની કૃતિઓ પર એક નજર કરતા જ જણાય છે કે તેમના વિચારો અને મૌલિક સર્જનમાં અનેક વિવિધતા છે. દરેક વાર્તાઓના જુદા જુદા વિષયો તથા અલગ પરિભાષાને કારણે આ પુસ્તક ઉત્તમ વાંચન પીરસે છે. તેમની રચનાઓ ઘણા અખબારો તથા સામયિકોમાં અવારનવાર પ્રસિદ્ધ થાય છે.

લેખકની વાર્તાઓમાં એક અલગ નજાકત હોય છે.

પુસ્તકના આગળના ભાગમાં લેખકશ્રીએ જણાવ્યું છે...

*કહેશો નહીં અમે આપને નથી કરતા યાદ*
*આપે પણ કદી એ વિશે નથી કરી ફરિયાદ*
*આજ ફરીથી યાદ કરી વિનવે છે બલવીર*
*ગમે જો આ પ્રસાદી તો કરજો મને ફરી ફરી યાદ.*

લેખકશ્રીના આ પ્રથમ વાર્તા સંગ્રહમાં સમાવિષ્ટ વાર્તાઓમાં ઉલ્લેખ કરાયેલા પાત્રો, સ્થળ અને સમય તેમના પોતાના જીવન દરમિયાન બનેલા પ્રસંગો અને અનુભવો પર આધારિત છે. આ રીતે દરેક વાર્તાઓ માનવજીવન અને લોકભોગ્ય પ્રસંગોને અનુરુપ અનોખી કલ્પનાઓનું પરિણામ છે. તેમની વાર્તાઓમાં અનેક વિષયોને ખૂબીપૂર્વક સાંકળી લેવામાં આવ્યા છે. માતૃભૂમિ, કુદરત, માનવજીવન, કચ્છીયત એમ વિવિધ વિષયોની નજાકત તેમની વાર્તાઓમાંથી મળે છે.

દરેક વાચકવર્ગએ આ પુસ્તક વાંચવા જેવું છે. એટલું જ નહીં પરંતુ પોતાની લાઈબ્રેરીમાં વસાવવા યોગ્ય ઉત્તમ કક્ષાનું પુસ્તક છે. ■

## દુનિયામાં નાસ્તિકોની સંખ્યા

માણસ ધર્મને સ્થાપી શકે છે તો ઉખાડી પણ શકે છે. તેની શરૂઆત પણ થઈ ચૂકી છે. જગતમાં નાસ્તિકોની સંખ્યા વધવા માંડી છે. બે વર્ષ પૂર્વે એક સર્વેમાં ચોંકાવનારા પરિણામો આવતા જણાવાયું છે કે વિશ્વભરની માનવસંખ્યામાં નાસ્તિકો હવે ત્રીજા નંબરે આવી ગયા છે. સંખ્યાની દૃષ્ટિએ સૌથી વધુ સંખ્યા ખ્રિસ્તી સમાજની છે. એ પછી બીજો નંબર મુસ્લિમ સમાજનો આવે છે અને ત્રીજા નંબરે નાસ્તિકોની સંખ્યા આવે છે. ■

★ જે દાન આપી શકે તે જ ધનનો ખરો માલિક છે બાકી તો બધા જ સંપત્તિના વોચમેન છે.

★ દાન કરવાની વૃત્તિ, મધુર પ્રવચન, ધીરજ, યોગ્ય અને અયોગ્યની સમજ – આ ચાર મનુષ્યના સ્વાભાવિક ગુણો છે. તે કેળવી ન શકાય.

★ પરિસ્થિતિ આપણા હાથમાં ન હોય ત્યારે હાલકડોલક થતી નાવમાં સ્થિર બેસી રહેવાથી આપણે સલામત રહી શકીએ. બહુ ઉધામા કરવાથી આપણી જ નાવ ડૂબી જાય.

## બસના કન્ડક્ટર થયા!

શું થયું જગમાં અગર શ્રીમાન કે મિસ્ટર થયા,
જો જરા કડક થયા તો ભાવમાં ગાજર થયા.

જગ કહે કદરૂપા અમને તેનું લગારે દુઃખ નથી,
આયનામાં જોઈને મોહક થયા, સુંદર થયા.

રાતદિન મોટરમાં ફરીએ એ દુઆ માંગી હતી,
એ દુઆ એવી ફળી કે બસના કન્ડક્ટર થયા.

સાથમાં રહીએ તો ઉપરી, હો અલગ તો કંઈ નહિ,
જાણે ગંજીફાના બાવન કાર્ડના જોકર થયા.

આજ એક સાધુની છાપામાં ખબર વાંચી અમે,
ગામની એક રૂપલલના સાથે છૂમંતર થયા.

આમ તો કૉલેજિયનો વીજળી - શા છે ચપળ,
કિંતુ જ્યાં પણ રૂપ જોયું ત્યાં જઈ ગુંદર થયા.

**માનવીઓ કેટલા કૂદે છે પૈસા જોઈને,**
**આવ્યા વાનરમાંથી, એ પાછા ફરી વાનર થયા.**

એક અનોખી બાદશાહી છે, આ કડકાઈ નથી,
મારી વાતો સાંભળીને સેંકડો સદ્ધર થયા.

આમ 'ગોલીબાર' તો પાકા અને હોંશિયાર છે,
કેમ એ પાગલ થયા 'ચક્રમ' થયા ચક્કર થયા?

*– એન. જે. ગોલીબાર*

## આંસુ-વેરો

નજર નહીં પડે
દેશમાં હવે
માણસ કોઈ રડતો;
સાંભળ્યું છે
લેવામાં આવશે હવે
આંસુઓ પર પણ
વેરો

*અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ*

*પ્રલોભનોને ટાળે, પ્રતિકૂળતાઓને સ્વીકારે*
*એ જ પ્રસન્નતાને ટકાવે છે.*

## ચૂંટણી જંગ

ભાન ભૂલતા નેતા કરતા આક્ષેપો પ્રચારમાં
ચૂંટણીના ચકરાવામાં ને ભ્રામક ભરમારમાં
સાઠમારી સત્તાની ને શાખ તાર-તારમાં
ગેંડા ને ગધેડાઓને મૂકી દીધા હારમાં...

કસાબ જેવી વાતો કરતા સમજાવે છે સારમાં
ચૂંટણી ટાણે રેલીઓમાં વચનો વારંવારમાં.
જાતિ-પાતિનું ઝેર ફેલાવે લડાઈ આરપારમાં
જંગે જાણે ચડ્યા એવું લાગે છે લલકારમાં.

નારેબાજી જુમલેબાજી કરતા એ ધરારમાં
મુદ્દા ગોતી ઘેરતા ગણી ગણી ગુણાકારમાં.
જનતાની કંઈ ફીકર નથી ને મત માંગે મતદારમાં
ખાંખત ખાલી ખુરશીની વાયદા જેમ બજારમાં.

શાણા નેતા સમજશો નહીં પ્રજાને ગમારમાં
કંઈક તો વિચારો નેતા દેશના વિચારમાં
સારા નેતા ક્યાંથી કોને ચૂંટવો સરકારમાં
મતદારો મન અવઢવ પણ પ્રજા એ પડકારમાં.

*પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ*
*મો. ૯૮૭૯૭ ૦૦૩૬૯*

## લઘુ કાવ્યો

આમંત્રણ તો દૂરની વાત
હજુ તમને પરવાનગી ક્યાં છે?
ખુદને પુછી શકો છો એટલું?
ચાહી શકો એટલી દીવાનગી ક્યાં છે?

તોડી નાખું?
કે પછી જોડું?
શું કરું?
એ તૂટેલા
તારોનું
જે
મને બાંધીને
બેઠા છે.

હું આપું
કે ન આપું
એટલો તો
શ્રાપ લાગે
હૃદય મારું
જલે એટલું
તનેય એનો
તાપ લાગે.

*અરુણા અરુણ ઠક્કર, ભુજ - કચ્છ*

## સફળતા

સફળતા ઇતરે... જિત હેડી કંગાલતા ન હુવે
મનજા કંગાલ માડુ ન્યારેઓ કરીએં કેડા ખેલ
રોજ મંગે પડોશમ્યાં ઘી ખન ને તેલ.
બીડી જો ભંડલ ગિનેં ભેરો બાકસ કડેં ન ગિનેં
બાકસ મંગેઓ જુડે ઉત બીડી પણ મંગી ગિનેં.
છાપા ચોપડી મેગેઝિન ઇ કડેં ન વિકાંધા ગિનેં
બેંજા ગિની પુસ્તી વિકણેં ને લાટ સાહેભ પ્યા ભનેં.
લેખક ભનેજી લ્હાયમેં બ-બ ફકરા હિત-હુતનું ખણેં,
પા પા ખણી ચાર મિંજાનું ઇં પિંઢજો સજો (લેખ) કરીએં.
બ-પંજ સો ઉધારા ગિનેં મિઢ્ઢી જિભાન મોંતે વહાલ,
પાછા ગુરોં ત ચેં મન ટુંકો ન રખો, આય માલક આંતેં ન્યાલ.
કલા ન્યારી મંગેજી ઇં બુઝેં ગુરૂ ઘંટાલ,
'હરિ' મંગેઓ જુડે જ કીં, નિપટ કરીએં હલાલ.

★

## તરેંતા

*નિંઢા ધંધા ન કરીઓં, વડા અસાંજા વે'વાર;*
*એડી વડાઇયું કંધલ પોય ખેરાત તેં પરેંતા.*
*આવડત વિગરજા ઉઠ લોન બેંક મ્યાં ખણેંતા;*
*વહીવટ વડા કરેને પોય નાધાર ભનેંતા.*
*લંકા સજી ધુખી વિને (તોય) લખણેં ન ભધલેં લાડા;*
*એડા રાવણ રાંકાસ જુકો ફો મેં જ ફિરેંતા.*
*સમૂહમેં વીયાં ન કરીઓં અસીં ભારી ભભકેવારા;*
*એડા ગુમાની ગાંડા સલામૂં સરાફ કે ભરીએંતા.*
*પગ ઇતરાજ લમા કિજે 'હરિ' જિતરી હુએ ચાધર;*
*એડી સમજવારા મધ ધરિયે તરેંતા.*

**હરિદાસ કે. ઠક્કર 'હરિ'**
**નિવૃત્ત ઓફિસ સુપ્રિ. ઉ.મા. શાળા**
**મસ્કા, તા. માંડવી, કચ્છ. મો. ૯૯૨૪૯૯૭૨૨૬**

## અલગ સંપ્રદાયનો માણસ

ધર્મને માનનારો માણસ, નીતિ નિયમોમાં માનનારો માણસ, અધર્મ અને અનીતિના માર્ગે વળીને માણસ જ માણસને મારી નાખે છે. મારનાર પણ માણસ છે અને મરનાર પણ માણસ છે. બંને વચ્ચે ફેર હોય તો તે એટલો જ કે બંને અલગ અલગ સંપ્રદાયના હોય છે.

## વતનનાં વાવડ

(અનુ. : પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)

### કચ્છને મળ્યા વધુ બે રાષ્ટ્રીય ધોરીમાર્ગ

તાજેતરમાં ગુજરાતની મુલાકાતે આવેલા વડાપ્રધાને રાજ્યના અનેક માર્ગોને રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં પરિવર્તિત કરવાની જાહેરાત કરી હતી. આ અંતર્ગત કચ્છના બે રાજ્ય માર્ગોને રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગને સોંપવાની કાર્યવાહી આદરી દેવામાં આવી હોવાના અહેવાલો સાંપડી રહ્યા છે. નવા બે માર્ગો ઉમેરાતાં કચ્છમાં ૭૦૦ કિ.મી.ના માર્ગો રાષ્ટ્રીય ધોરીમાર્ગ બનશે. આ અંગે આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજ્ય ધોરીમાર્ગને રાષ્ટ્રીય ધોરીમાર્ગ જાહેર કરાયા હતા. જેમાં હાલ કામ ચાલું છે અને અત્યંત મહત્ત્વના એવા લખપત તાલુકાના ઘડુલી સાંતલપુર માર્ગ અને ચિત્રોડ રાપર - ધોળાવીરા રાજ્ય માર્ગને રાષ્ટ્રીય ધોરીમાર્ગ જાહેર કરાયા છે. નેશનલ હાઈવે ડિવિઝનના આધારભૂત વર્તુળો પાસેથી મળતી વિગતો મુજબ આ બંને રાજ્ય ધોરીમાર્ગો નેશનલ હાઇવે ડિવિઝનને સુપરત કરવાની કામગીરી આદરી દેવાઈ છે.

### "વિશ્વ વિધાતા માં"ના સર્જક એવા કચ્છી સાહિત્યકારનું અવસાન

મૂળ ભુજના વતની પરંતુ વર્ષોથી મુંબઈ ખાતે સાહિત્યિક અને સમાજસેવા પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા કુલીનભાઈ વોરાનું મુંબઈ ખાતે તાજેતરમાં અવસાન થયું છે. તેમની વય ૮૧ વર્ષની હતી. તેમણે માતૃમહિમા વર્ણવતાં લખેલા પુસ્તક "વિશ્વ વિધાતા માં"ની બીજી આવૃત્તિનું ગઇ ૨૯મી માર્ચે અમદાવાદ ખાતે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. શ્રી વોરાએ બાળકોના ઘડતરમાં મહત્ત્વના પુસ્તકો ત્રણ ભાષામાં લખ્યા છે.

### કચ્છની યુવતીએ મેળવી યોગમાં પીએચડી ની પદવી

કચ્છ ભુજની યુવતી જાનકી અખિલ વિશ્વ ગાયત્રી પરિવારની દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય (ડીએસવીવી) કચ્છમાંથી 'યોગ અને સ્વાસ્થ્ય'માં પીએચડી ની ડિગ્રી મેળવનારી પ્રથમ છાત્રા બની છે. ડૉ. જાનકી ચિંતનકુમાર પટેલે આ વિશ્વ વિદ્યાલયમાં યોગ વિથ એમ.એ.ની ડિગ્રી ૨૦૧૧માં પ્રાપ્ત કરી હતી. ડૉ. જાનકીએ ચાર વખત રાષ્ટ્રીય યોગ સ્તરે પણ ભાગ લીધો હતો. ■

# વર્તમાનપત્રોના આધારે

## 22-yr-old Surati gives new life to 6

***Donor worked in A'bad and was killed in road accident on April-9; heart donated to Ukrainian citizen in a hospital in Mumbai***

A 22-year-old boy from Surat, who succumbed to road accident injuries on April 9, has helped six people begin a new chapter of their lives. Ravi Devani worked in Ahmedabad as a marketing executive with a private insurance company. His liver, kidneys, pancreas, eyes and heart were donated by his family members and transplanted in six people.

On April 6, Devani was driving from his office on CG Road to his rental accommodation in Jivraj Park when his bike was hit by a cow. Devani sustained severe head injuries and after receiving treatment at a city-based hospital for two days, he was shifted to a private hospital in Surat on April 9 where he was declared brain-dead. The doctors convinced his family members to donate the organs. Devani's organs were donated to Surat-based Umang Patel (31), Mahesh Chauhan (36) from Vadodara and Ronak (18) from bhilwara, Rajasthan. All these transplants were done at the Institute of Kidney Disease and Research Center (IKDRC), Ahmedabad. The eyes were donated to a Surat-based hospital.

The heart was given to 27 year-old Ukrainian girl Nataliia Omelchuk. According to Nilesh Mandlewala, president of the Surat-based NGO, Donate Life, "The society needs more people like Ravi's family members who were brave and noble enough to make such a tough decision."

***Ahmedabad Mirror, Dt. 11-4-2017***

## મુંબઈમાં અકસ્માતમાં મૃત્યુ પામેલી કચ્છી મહિલાએ પોતાના અંગો દાન કરતાં પાંચને જીવતદાન

મુંબઈમાં અકસ્માતના બનાવમાં મૃત્યુ પામેલી કચ્છી મહિલાએ પોતાના શરીરના અંગોનું દાન કરીને અનેકને જીવતદાન આપ્યું હોવાનો એક નવતર કિસ્સો સામે આવ્યો હતો.

નવી મુંબઈના કોપરખેરણેમાં રહેતાં મૂળ કચ્છના અબડાસાના નાંગિયા ગામના અને હાલે ઘાટકોપર રહેતા ૪૮ વર્ષના હંસા ભાનુશાલી રોડ અકસ્માતમાં મગજને ઈજા થતાં તેમના પરિવારે હંસાબેનની આંખો, કિડની અને લીવર દાન કર્યા હતા. હંસાબેનના ઓર્ગન ડોનેશનથી પાંચ વ્યક્તિને નવી જિંદગી મળશે.

આ બનાવની માહિતી આપતાં હંસાબેનના પિતરાઈ લહેરી ભાનુશાલીએ કહ્યું હતું કે, હંસાબેન ઘાટકોપરમાં રહેતા તેમના કાકા સસરાના પરિવાર તરફથી યોજવામાં આવેલી ગરુડ પુરાણ કથામાંથી સાંજે કોપરખેરાણે પાછા જઈ રહ્યા હતા. આમ તો તેમને ઈનોવા કારમાં જવાનું હતું, પરંતુ ઈનોવા ફુલ હોવાથી હંસાબેને તેમના દિયર સાથે મોટરબાઈક પર ઘરે જવાનો નિર્ણય લીધો હતો. તેઓ ગોવંડી સિગ્નલ પાસે પહોંચ્યા ત્યાં જ અચાનક બાઈક સ્લીપ થઈ ગઈ હતી. એમાં બાઈક પરથી પડી ગયા હતા અને તેમને માથામાં ગંભીર ઈજા થઈ હતી. તેમને તરત જ સાયન હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ પરિસ્થિતિમાં તેમના શરીરના અવયવનું દાન કરીને અન્ય લોકોને જીવન બક્ષીએ એવો મનમાં વિચાર આવ્યો હતો એમ જણાવતા શ્રી ભાનુશાલીએ કહ્યું હતું કે, આ વિચાર મેં તેમના પતિ શંભુભાઈ તથા તેમના પુત્રો કલ્પેશ અને દિવ્યાંગ સમક્ષ મૂકતાં તેમણે તરત જ હા પાડી હતી. તેમના પુત્રોએ કહ્યું હતું કે, આ જ મમ્મીને સાચી શ્રદ્ધાંજલિ છે. ત્યાર પછી અમે ડોક્ટરને અમારા નિર્ણયની જાણ કરીને હંસાબેનના લીવર, કિડની અને આંખો દાન કર્યા હતા.

***કચ્છમિત્ર, તા. ૭-૪-૨૦૧૭***

## લીવર પુનઃ વિકાસ પામી શકતું હોઇ લોહીની જેમ તેનું દાન કરી શકાય.

લીવર (યકૃત) પુનઃ વિકાસ પામી શકતું હોવાથી તંદુરસ્ત વ્યક્તિ તેના લીવરના ૫૦ ટકા ભાગનું દાન કરી શકે છે કારણકે લીવર પુનઃ વિકાસ પામી શકે છે. આથી રક્ત દાનની જેમ તેનું દાન થઈ શકે છે. જેમ રક્ત દાનથી શરીરની કાર્યક્ષમતામાં કોઈ ફેરફાર થતો નથી તેમ લીવરના દાન પછી પણ વ્યક્તિની કાર્યક્ષમતા યથાવત્ રહે છે તેવું મુંબઈની કોકીલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલના લીવર ટ્રાન્સપ્લાન્ટના નિષ્ણાત ડૉ. વિભા વર્મા અને ડૉ. ગૌરવ મહેતાએ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા લીવર ટ્રાન્સપ્લાન્ટની જાગૃતિ અંગે યોજાયેલા કાર્યક્રમમાં જણાવ્યું હતું.

આ અંગે ડૉ. વિભા વર્માએ વધુમાં જણાવ્યું હતું કે લીવર ખરાબ થવાના મુખ્ય કારણોમાં કમળાનો રોગ (હીપેટાઈટિસ સી વાઈરસના લીધે) થઈ શકે છે. આ ઉપરાંત દારૂના સેવનથી ખેંચ, ટી.વી. જેવી દવાઓના સેવનથી, લીવરમાં વધુ પડતી ચરબીનો ભરાવો થવાથી બાળકોમાં જન્મજાત ખોડ જેવી કે પિત્તની નળી જ નહીં બની હોવાથી લીવર ખરાબ થઈ શકે. આ લીવરની કાર્યક્ષમતા બંધ થઈ જાય તેવી

વ્યક્તિને લીવરની જરૂરિયાત પડે છે. લીવર બંધ થવાથી કિડની, મગજ અને હૃદયની કાર્યક્ષમતા પર ઘણી અસર પડે છે. જો સમયસર લીવર બદલવામાં ન આવે તો દર્દીનું મૃત્યુ ચોક્કસ થઈ શકે છે.

લીવર ટ્રાન્સપ્લાન્ટનો ખર્ચ અંદાજે રૂા. ૨૦થી ૨૫ લાખ જેટલો થાય છે. લીવર ટ્રાન્સપ્લાન્ટના નિષ્ણાત ડૉ. ગૌરવ મહેતાએ જણાવ્યું હતું. ટ્રાન્સપ્લાન્ટ કરાવનાર દર્દીને એક અઠવાડિયું હોસ્પિટલમાં રહેવું પડે છે. ઘરે ઓછામાં ઓછો એક મહિનો આરામ કરવો પડે છે અને પુનઃ કામ પર ત્રણ મહિના પછી જઈ શકે છે. દવા જીવનભર લેવી પડે છે. જેથી ટ્રાન્સપ્લાન્ટ ફેઈલ ન જાય. સફળતાનો દર ૯૦ ટકા જેટલો છે.

ટ્રાન્સપ્લાન્ટ ૬ કલાકમાં થવું જોઈએ. ટ્રાન્સપ્લાન્ટમાં દાતાના શરીરમાંથી લેવાયેલું લીવર ૬ કલાકના સમયગાળામાં દર્દીના શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ થઈ જાય તે જરૂરી છે. વધુ સમય થઈ જાય તો ટ્રાન્સપ્લાન્ટ સફળ થવાના સંજોગો ઘટી જાય છે. જીવિત વ્યક્તિના લીવર લેવાના ફાયદા અનેક હોય છે. દર્દી અને લીવર દાતાનું રક્ત ગ્રુપ એક જ હોવું જોઈએ. બ્રેઈનડેડ વ્યક્તિના લીવરનું દાન લઈ શકાય છે. જો હૃદયના ધબકારા બંધ થઈ જાય તો તેવી વ્યક્તિના લીવરનું દાન લઈ શકાતું નથી. જીવિત વ્યક્તિ પોતાના લીવરનું દાન કુટુંબના વ્યક્તિને જ કરી શકે છે. બ્રેઈનડેડ વ્યક્તિના લીવરનું દાન કોઈ પણ વ્યક્તિને થઈ શકે છે.

લીવરનું દાન કોણ ના કરી શકે? લીવરના ટ્રાન્સપ્લાન્ટના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સગર્ભા મહિલા, દારૂનું નિયમિત સેવન કરનાર અને મેદસ્વી લોકો તેમના લીવરનું દાન કરી શકતા નથી. લીવરનું દાન કર્યા પછી દાતાનું લીવર ત્રણ મહિનામાં જ પહેલાની જેમ સંપૂર્ણપણે વિકસિત પામી કાર્યરત થઈ જાય છે.

ગુજરાતમાં પ્રથમ સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટના વિશ્વવિખ્યાત ડૉ. એચ.એલ. ત્રિવેદી, ડૉ. પ્રાંજલ મોદી અને રાજકોટના ડૉ. કાંત જોગામી, ડૉ. દિવ્યેશ વિરોજા વગેરે નિષ્ણાતોની તબીબી ટીમે કરી છે. જેમણે મોરબીના ખાખરેચી ગામના રમેશભાઈ ફુલતરિયાનો બુઝાતો જીવનદીપ ત્રણ જિંદગીને રોશન કરતા ગયા હતા. આજે હજારો દર્દીઓ લીવર માટે વેઈટિંગ લિસ્ટમાં છે ત્યારે આ મુદ્દે જનજાગૃતિ આવવી જરૂરી છે.

*નોંધ :* લીવર માટે મુખ્યમંત્રીશ્રીની ગ્રાન્ટમાંથી ફંડ મળી શકે તે માટે ધારાસભ્ય મારફતે પ્રયત્ન કરવા જોઈએ.

***કચ્છ ઉમંગ, એપ્રિલ-૨૦૧૭***

## અમીરપેટ : ૫૦૦ ઇન્સ્ટિટ્યૂટ, એક લાખ વિદ્યાર્થી, દેશનું નવું આઈ.ટી. ટ્રેનિંગ હબ

### આઈ.ટી. સાથે જોડાયેલો દરેક કોર્સ, હૈદ્રાબાદના આ અનઓફિશિયલ હબમાં

સવારના ૭.૩૦ વાગી રહ્યા છે. ભીડ સતત વધી રહી છે. નાના નાના રૂમમાં વર્ગ શરૂ થઈ ગયા છે. જાવા કોડિંગથી માંડી ક્લાઉન્ડ હેન્ડલિંગ સુધી અહીં સેંકડો પ્રકારના કોર્સ કરાવાઈ રહ્યા છે. ત્રણથી છ મહિનાના કોર્સની ફી ૨૫ હજાર રૂપિયાથી ઓછી છે. આ અમીરપેટ છે... દેશનું અનઑફિશિયલ આઈ.ટી. ટ્રેનિંગ હબ. આ જાણીને ચોંકી જશો કે અહીં ૫૦૦ કરતાં વધારે ઇન્સ્ટિટ્યૂટમાં રોજ એક લાખ વિદ્યાર્થી અલગ અલગ કોર્સ માટે આવે છે.

હૈદ્રાબાદના અમીરપેટને અનઑફિશિયલ આઈ.ટી. હબ કહેવાના કારણો પણ છે. તમે જેવા આ સ્થાને પહોંચશો તો તમારું સ્વાગત મોટી મોટી અને ઊંચી ઊંચી ઈમારતો કરશે. આ ઈમારતો પર લાગેલા હોર્ડિંગ્સ અને પોસ્ટર આગળની ગાથા જાતે જણાવી દે છે. કોઈ પણ ઈમારતમાં કોઈ સ્થાન એવું નહીં મળે જે ખાલી હોય અને ત્યાં કોઈ હોર્ડિંગ લાગેલું ના હોય. સવારે ૭.૩૦ વાગે વિદ્યાર્થીઓના પહોંચવાનો પ્રવાહ શરૂ થઈ જાય છે, જે રાત સુધી ચાલે છે. આ દશ્ય તમે આખો દિવસ, આખો મહિનો અને સમગ્ર વર્ષ જોઈ શકો છો. અહીં દિવસભર લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ પહોંચે છે. આ ઇન્સ્ટિટ્યૂટ ભલે નાનું હોય, પણ અહીં દરેક પ્રકારના કોર્સ ઉપલબ્ધ છે. તમે જેવા અહીં પહોંચો છો, કાઉન્સિલર કોર્સ વિશે જાણકારી આપવા લાગે છે. અહીં માત્ર હૈદ્રાબાદથી જ નહીં, બીજા રાજ્યોના વિદ્યાર્થીઓ પણ કોચિંગ માટે આવે છે.

બિહારથી આવેલા નીતિન કહે છે કે મેં અમીરપેટને એટલા માટે પસંદ કર્યું છે કારણકે અહીં કોર્સ સસ્તા છે અને સાથે કેરિયર અનુસાર અપડેટ થતાં રહે છે. ઉત્તરપ્રદેશના વિનય કહે છે કે મને તો મારા મિત્ર પાસેથી પહેલીવાર અમીરપેટ વિશે જાણવા મળ્યું હતું. તે બાદ જ હું અહીં પહોંચ્યો હતો. અમીરપેટમાં ઘણા કોચિંગ સેન્ટર તો એવા પણ છે કે જે પ્લેસમેન્ટ સુદ્ધાં અપાવવાનો દાવો કરે છે. હકીકતમાં, આઈ.ટી. ઇન્ડસ્ટ્રીમાં જે ઝડપથી કંપનીઓ ઉપર ચઢી રહી છે, તે તેજીથી ટેકનોલોજી બદલાઈ રહી છે. સોફ્ટવેર પ્રોગ્રામ અથવા તો અપડેટ થઈ જાય છે કે સમાપ્ત જ કરી દેવાય છે. દેશમાં આઉટસોર્સિંગની દિગ્ગજ કંપની ઇન્ફોસિસ અને વિપ્રો પોતાના કર્મચારીઓની દક્ષતા વધારવા માટે અને તેને જાળવી રાખવા માટે ટ્રેનિંગ પ્રોગ્રામ પાછળ ખૂલીને ખર્ચ કરે છે, પણ તમામ જગ્યાએ આમ નથી. જેમણે નોકરી બદલવાની છે, અથવા જલદી પ્રમોશન માટે લાયકાત વધારવાની હોય છે, તેવા નોકરિયાતો પણ અહીં આવે છે. કોર્સ સસ્તા એટલા માટે છે કારણકે અહીં પાઈરેટેડ સોફ્ટવેર જ ઉપયોગમાં લેવાય છે.

**અમીરપેટને જ વિદ્યાર્થીઓ કેમ પસંદ કરી રહ્યા છે?**

**સૌથી જલદી અપડેટ**

અમીરપેટ એવી જગ્યા છે જ્યાં સૌથી પહેલાં કોર્સ અપડેટ થાય છે. હકીકતમાં, આઈ.ટી. સેક્ટરમાં સોફ્ટવેર પ્રોગ્રામ ઝડપથી બદલાય છે અને અમીરપેટની ઇન્સ્ટિટ્યૂટ સૌથી પહેલા કોર્સમાં આ પ્રોગ્રામને સામેલ કરે છે.

**સૌથી સસ્તી ફી**

દેશમાં અન્ય સંસ્થાઓમાં જે ટ્રેનિંગ પ્રોગ્રામ પર લગભગ પોણા ચાર લાખ રૂપિયા સુધીની ફી હોય છે તે અહીં માત્ર ૨૫ હજારથી ઓછી ફી માં ઉપલબ્ધ છે. સસ્તા એટલા માટે પણ કારણકે અહીં પાઈરેટેડ સોફ્ટવેર ઉપયોગમાં લેવામાં આવે છે.

**અન્ય સ્થળો પર અહીં કરતા ૧૫ ગણી વધારે ફી છે**

અલગ અલગ કોર્સ માટે અલગ અલગ ફી. સામાન્ય રીતે

અહીં ૧૨૦૦ રૂપિયાથી શરૂ થાય છે. ૩થી ૬ મહિનાના ઘણા કોર્સ માટે ફી ૨૫ હજાર રૂપિયા જેટલી થાય છે. તે બાકીના સ્થાનોની તુલનામાં ઘણી ઓછી છે. દેશના અન્ય શહેરોમાં આ ફી લગભગ ૧૫ ગણી મોંઘી છે. ખાસ વાત એ છે કે હૈદ્રાબાદ રહેવાની દૃષ્ટિએ પણ સસ્તું છે.

**બેઝિકથી માંડી એડવાન્સ લેવલ સુધીના કોર્સ**

અહીં દરેક પ્રકારના કમ્પ્યુટર કોર્સ થાય છે. બેઝિક એજ્યુકેશનથી માંડી એડવાન્સ લેવલ સુધી. ઓટો કેડ ૨ડી / ૩ડી, ઓટોકેડ સિવિલ, સ્પેશિયલાઇઝેશન, મિકેનિકલ સ્પેશિયલાઇઝેશન, એમએસ પ્રોજેક્ટ, પ્રો એન્જિનિયર, યુનિ ગ્રાફિક્સ, હાઇપર્મેશ જેવા કોર્સ કરાવાય છે. આંધ્ર પ્રદેશના યુવાનો સૌથી વધુ એન્જિનિયરિંગ પ્રોફેશન પસંદ કરે છે.

*દિવ્ય ભાસ્કર, તા. ૯-૪-૨૦૧૭*

## કારણનું મારણ પણ હું જ બનીશ....

ઝઝુમવું અને એ પણ જિજીવિષા સાથે... એ સહેલું તો નથી જ. અધૂરાશ સાથે પણ જીવનને છલકાવી દેવું એ કપરું કામ છે. આવું કામ એક કચ્છી યુવાને કરી બતાવ્યું છે. પોતાને જ બાળપણથી જે સારવારના આશ્રિત બનવું પડ્યું એ જ સારવાર પોતે કરી અને અનેકનાં જીવનમાં પ્રકાશ ફેલાવવાનો દૃઢ સંકલ્પ કરી એણે સમાજમાં દાખલો બેસાડ્યો છે.

નામ એનું રોહન જોબનપુત્રા. મજબૂત મનોબળ એવું અમોઘ શસ્ત્ર છે, જે કોઈ પણ બીમારીને કે અસહ્ય પીડાને પણ ગણકાર્યા વિના સફળતા તરફ દોરી જાય છે. આ જ શસ્ત્રના બળે કચ્છના થેલેસેમિયાપીડિત રોહને ડૉક્ટર બનીને સમાજ, કુટુંબ અને કચ્છનું ગૌરવ વધાર્યું છે.

એમબીબીએસ માં ૬૫ ટકા સાથે ઉત્તીર્ણ થઈ બાવીસ વર્ષીય રોહને તબીબ માતા-પિતા પ્રવીણાબહેન અને હીરેનભાઈ જોબનપુત્રાના વારસાને દીપાવતાં થેલેસેમિયાની લોહીની બીમારીને મટાડવાનો અક્સીર ઇલાજ સમાજને આપવાની મહત્ત્વાકાંક્ષા ચિત્રલેખા સમક્ષ વ્યક્ત કરી છે.

ચાર વર્ષ પહેલાં ધોરણ-૧૨ની પરીક્ષામાં ૯૯.૭૧ ટકા સાથે એ-વન ગ્રેડ મેળવનારો રોહન જોબનપુત્રા ચિત્રલેખાને કહે છે કે મને થેલેસેમિયાની બીમારી - દર્દ હતા જ, જેણે મને તબીબ બનવાની પ્રેરણા આપી. હવે હું સંશોધન કરી આ દર્દનો અક્સીર ઇલાજ શોધવાના પ્રયાસ કરીશ. થેલેસેમિયા મેજરના દર્દીઓની મદદ માટે એક સંસ્થા શરૂ કરવાની પણ મારી મહેચ્છા છે.

રોહનનાં માતા-પિતા કહે છે કે થેલેસેમિયાની જન્મજાત બીમારીનો સામનો કરતા રોહને મહિનામાં બે વાર લોહી બદલ્યા પછી થતી પીડાને પછડાટ આપી છે. આ અમારા જીવનની સૌથી અણમોલ અને આનંદની ક્ષણ છે.

કચ્છમાં નાયબ કલેક્ટર તરીકે નિવૃત્ત થયેલા રોહનના દાદા શંકરભાઈ જોબનપુત્રા ચિત્રલેખાને કહે છે કે રોહનની પ્રતિભા એવા યુવાનો માટે પ્રેરણારૂપ છે, જે આ બીમારીનો શિકાર બન્યા છે. થેલેસેમિયાગ્રસ્ત બાળકો મજબૂત મનોબળ સાથે ચોક્કસ દિશામાં આગળ વધવા માટે મહેનત કરે એવો સંદેશ રોહનની સફળતા આપી જાય છે.

*ચિત્રલેખા, તા. ૨૪-૪-૨૦૧૭*

## લગ્ન પછી સ્ત્રીને પાસપોર્ટમાં નામ બદલવાની જરૂર નથી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તા. ૧૩-૪-૨૦૧૭ના રોજ એક મહત્ત્વની જાહેરાત કરતાં કહ્યું હતું કે, હવે મહિલાઓ લગ્ન બાદ પણ પાસપોર્ટમાં જૂનું નામ જાળવી શકશે. ઇન્ડિયન મર્ચન્ટ ચેમ્બરની લેડિઝ વિંગના કાર્યક્રમને સંબોધિત કરતાં મોદીએ આ જાહેરાત કરી હતી. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, પાસપોર્ટ માટે મહિલાઓએ લગ્ન અને છુટાછેડાના દસ્તાવેજો આપવાની કોઈ જરૂર નહીં રહે. આ સાથે દેશના વિકાસમાં નારી શક્તિના યોગદાનને પણ બિરદાવ્યું હતું અને વિકાસની દરેક યોજનાઓમાં મહિલાઓને અગ્રતા આપવામાં આવે તેવી અપીલ પણ કરી હતી.

પાસપોર્ટના દસ્તાવેજ પર પોતાની સાથે માતા કે પિતાનું નામ રાખવાની પસંદગી કરવાની સ્વતંત્રતા હવે મહિલાઓને મળશે તેવું વડાપ્રધાને ઉમેર્યું હતું.

દેશના વિવિધ ભાગોમાંથી મહિલાઓ તરફથી પાસપોર્ટ કચેરીઓમાં તેમની સાથે ભેદભાવભર્યું અને અપમાનજનક વર્તન કરાતું હોવાની ફરિયાદો અનેક વખત કરી છે. તેવા ટાંકણે મોદીની આ ઘોષણા મહિલાઓના હિતમાં મહત્ત્વ ધરાવે છે.

*કચ્છમિત્ર, તા. ૧૪-૪-૨૦૧૭*

## જેનેરિક અને બ્રાન્ડ નામોવાળી દવાઓમાં માત્ર કિંમતનો જ ફરક હોય છે

દવાઓ જેનેરિક જ હોય છે, પણ કેટલીક દવાઓનું ઉત્પાદન કરતી કંપનીઓ નવા સંશોધન કરીને આ દવાઓની પેટન્ટ કરી, પોતાની બ્રાન્ડના નામ લગાવી દે છે અને ઊંચા ભાવ પણ વસુલતી હોય છે. વાસ્તવમાં જે જેનેરિક દવાઓ છે તે સસ્તી હોય છે પણ તેની પાછળ કંપનીના બ્રાન્ડનું નામ લાગી જવાથી તેના ભાવ વધુ વસુલાતા હોય છે. પરંતુ બંને દવાઓની ક્વોલિટી સરખી જ હોય છે. જે બ્રાન્ડેડ દવાઓ હોય છે તેમાં કલર, ટેસ્ટ, પેકિંગ વગેરેમાં ફેરફાર કરાતા હોય છે પણ તેના તત્ત્વો તો સરખા જ હોય છે. જેનેરિક દવાઓની કોઈ પેટન્ટ નથી હોતી. માત્ર તેના ફોર્મ્યુલેશન પર જ પેટન્ટ કરી શકાય છે, તેની સામગ્રી પર નહીં.

*ગુજરાત સમાચાર, તા. ૨૩-૪-૨૦૧૭*

## ટપાલ ટિકિટ પર પ્રથમ ભારતીય

૧૯૪૭માં આઝાદી મળ્યા પછી ગાંધીજી પહેલા ભારતીય વ્યક્તિ હતા, જેને પોસ્ટલ સ્ટેમ્પ પર સ્થાન આપવામાં આવ્યું હતું. ૧૯૪૮ની ૧૫મી ઓગસ્ટે રૂા. ૧૦ની ગાંધી ટિકિટ બહાર પાડવામાં આવી હતી, જે ભારતની સૌથી વધુ પ્રસિધ્ધ ટપાલ ટિકિટ પણ છે. એ વખતે સરકારે

નક્કી કર્યું હતું કે ટિકિટ વરસોવરસ સુધી સચવાઈ રહે એ માટે ઉત્તમોત્તમ પ્રિન્ટિંગ થવું જોઈએ. એ પછી ટિકિટનું પ્રિન્ટિંગ સ્વિટ્ઝરલેન્ડના પ્રિન્ટિંગ પ્રેસમાં કરવામાં આવ્યું હતું. ભારતે ત્યારે કુલ અઢી લાખ ટિકિટો છપાવી હતી.

ગાંધીજીની ટપાલ ટિકિટો ગાંધીજી જેટલી જ લોકપ્રિય નીવડેલ હતી. બ્રિટન સહિત જગતના ૧૫૦ દેશોએ ગાંધીજીની ટપાલ ટિકિટ બહાર પાડી છે. ગાંધી વિચારોને વેગ આપતા વિષયો પર જગતભરમાં ૮૦૦થી વધુ ટપાલ ટિકિટો પ્રસિધ્ધ થયેલ છે. ભારતમાં ગાંધીજીની ૪૮થી વધુ પ્રકારની ટપાલ ટિકિટો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

*ગુજરાત સમાચાર, તા. ૨૩-૪-૨૦૧૭*

## લંડનમાં ગાંધીજીના ફોટાવાળી ટપાલ ટિકિટો પાંચ લાખ પાઉન્ડમાં વેચાઇ

મહાત્મા ગાંધીના ચિત્રને દર્શાવતી ચાર ટપાલ ટિકિટોનો એક સેટ લંડનમાં યોજાયેલી હરાજીમાં વિક્રમસર્જક કિંમતે એટલે કે પાંચ લાખ પાઉન્ડમાં વેચાયો હતો જે ભારતીય ટિકિટ માટે સૌથી મોટી કિંમતનો એક વિક્રમ છે. હાલમાં ૧૯૪૮ની ગાંધી છાપ દસ રૂપિયાની માત્ર ૧૩ ટિકિટો જ સરક્યુલેશનમાં છે. ચાર ટિકિટોનો સેટ સૌથી ઉંચી બોલી બોલનાર એક ખાનગી ઓસ્ટ્રેલિયન કલેક્ટરને વેચવામાં આવ્યો હતો.

## નોકરી વિનાનું યૌવન

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશને પોતાના નવી દિલ્હીના જનપથ રોડ પરના મથકથી કેટલીક વાતો રીલીઝ કરી છે. કાઉન્સિલ કહે છે કે દેશની ટેકનિકલ કોલેજોમાં ભણીને દર વર્ષે આઠ લાખ એન્જિનિયરો બહાર આવી રહ્યા છે અને તેમાંથી ૬૦થી ૭૦ ટકા યુવાઓને નોકરી મળતી નથી.

ઇ.સ. ૨૦૧૫માં શરૂ થયેલી સ્કીલ ઈન્ડિયા મિશન અંતર્ગત મોદી સરકારે એવો દાવો કર્યો હતો કે આ મિશન હેઠળ આગામી સાત વર્ષમાં ૪૦ કરોડ લોકોને નોકરી મેળવવા માટે કાબેલ બનાવવામાં આવશે. પહેલા વર્ષે આ મિશન અઢારેક લાખ લોકો સુધી પહોંચ્યું. ત્યારબાદ પેલા જે ૧૮ લાખ લોકો સુધી સ્કીલ ઈન્ડિયા મિશન પહોંચ્યું તેમાંથી માત્ર છ લાખ લોકો પાઠ્યક્રમ પૂરો કરી શક્યા અને તેમાંથી ૮૨ હજાર લોકોને જ નોકરી માટે યોગ્ય બનાવી શકાયા. શું આ તંત્ર ૮૨ હજારની વાસ્તવિક્તા અને ૪૦ કરોડના લક્ષ્યાંક વચ્ચેનો ભેદ નહીં સમજી શકે?

સરકારી સંસ્થા લેબર બ્યૂરોએ જાહેર કરેલા નવા આંકડાઓ પ્રમાણે ઇ.સ. ૨૦૧૬માં બેરોજગારીનો દર સૌથી વધુ ઊંચો ગયો છે. જે દેશમાં ઉચ્ચ શિક્ષણ પ્રત્યે વધતી અશ્રદ્ધા અને નિરાશા તરફ ધકેલાતા યૌવન અંગે ચિંતાજનક સંકેત કરે છે.

*ગુજરાત સમાચાર, તા. ૬-૪-૨૦૧૭*

## આ પણ જાણો....

## કાળાં નાણાંધારકો વિરુધ્ધ IT, ED, CBIની કાર્યવાહી

★ છેલ્લા ત્રણ વર્ષમાં રૂા. ૧.૩૭ લાખ કરોડની કરચોરી પકડાયાનો સરકારનો દાવો.

★ છેલ્લા ત્રણ વર્ષમાં રૂા. ૧૩,૩૦૦ કરોડના બોગસ વ્યવહારો કરનારી ૧૦૦૦ શેલ કંપનીઓ પકડાઇ.

★ ૨૦૦૦ અને ૫૦૦ની નવી નોટોના સ્વરૂપમાં રૂા. ૧૪૧.૪૩ કરોડનું કાળું નાણું જપ્ત.

*ગુજરાત સમાચાર, તા. ૮-૪-૨૦૧૭*

## આવકવેરા વિભાગના છેલ્લા બે દિવસમાં ૨૦ સંકુલમાં દરોડા

★ ઉત્તર પ્રદેશના એન્જિનિયર પાસેથી અધધધ... રૂા. ૬૦૦ કરોડની સંપત્તિ મળી.

★ ઉત્તર પ્રદેશ નિર્માણ નિગમના એડિશનલ જનરલ મેનેજર શિવ આશ્રયનું દહેરાદુનમાં ૧૦૦ એકરનું ફાર્મ. પરિવાર પાસે રેન્જરોવર, ઑડી, બીએમડબલ્યુ જેવી વૈભવી કારો.

★ કાનપુરમાં સેલ્સ ટેક્સના કમિશનર પાસેથી ૧૦ કરોડ રોકડા અને ૧૦ કિલો સોનું પકડાયું.

★ પાંચ લાખની કિંમતના ૧૫ એલ.ઈ.ડી. ટીવી પણ મળ્યા.

*ગુજરાત સમાચાર, તા. ૨૧-૪-૨૦૧૭*

## બોગસ કંપનીઓ ઊભી કરી વેટ ચોરી કરનારાઓ પર દરોડા

★ કાગળ પર ઊભી કરેલી કંપનીઓના રૂા. ૧૩૦૦ કરોડના વહેવારો પકડાયા.

★ શેલ કંપનીના ઓપરેટર્સની રૂા. ૭૭ કરોડની વેટ ચોરી પકડાઇ.

*ગુજરાત સમાચાર, તા. ૨૧-૪-૨૦૧૭*

## ટેલેન્ટેડ માણસ

*જે માણસની આસપાસ નફરત અને અદેખાઈના રાફડા ફાટી નીકળે, તે માણસ જરૂર ટેલેન્ટેડ હોવાનો. ટેલેન્ટ એક એવું લોહચુંબક છે, જે ઈર્ષ્યાને આકર્ષે છે અને નિંદા કૂથલીની ઝીણી ઝીણી અસર પામે છે. સૌએ યાદ રાખવું જોઈએ કે તેજસ્વી, મૌલિક અને પરાક્રમી પ્રતિભાની કદર ન કરનારો સમાજ અધોગતિના પંથે જઈ શકે છે. ઓછામાં ઓછું તેની પ્રગતિનો ગ્રાફ તો નીચે જઈ શકે છે.* ■

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.confortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class upto 7000 KVA, Confirming to IS-2026, IS-1180, 2014



OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323 | Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489 | Works 2 (Waghodia - Vadodara)

Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com

M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED • WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER • EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED • HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13

Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com

પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫



॥ જય જલારામ ॥
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે, ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.

પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫, ૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો, લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મઘીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in

A world Class Exterior & Interior Acrylic Paints
Indocem Paints
You Can't buy better even at Higher Price,
Indocem (India) Pvt. Ltd.
(An Iso 9001-2000 Certified Company)
Ahmedabad: 27541226, 27544161, 25743401, Fax. 07927544199,
Bangalore: 080-26758800, 26758028, Baroda: 0265-2412446,2434041
Bhopal: 0755-2556785, Bhuj: 02832-223290, 250959, Goa: 0832-2752582
Hubli: 0836-2251415, Hyderabad: 040-24740401, 55598874
Mangalore: 0824-2410320, 4252325, Mumbai: 022-26858636, 26858639
Nasik : 0253-2511247, Pune: 020-26110951
Rajkot: 0281-2222766, Surat: 0261-2543332

શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦
શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨
Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નર્મ વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.



Gujarat's Leading Electronic Manufacture
(TOTAL EMS SOLUTION)

Innovision Systems & Devices
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

Innovision Systems & Devices Pvt Ltd
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com



જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર
(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦
કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦ ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦




II SHRI HARI II
SHREE SWAMINARAYAN TRAVELS
22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

| | | | |
|---|---|---|---|
| • Bhuj | : 9825804763 | Gandhidham | : 9825804703 |
| • Anjar | : 9099943074 | Mandvi | : 9099943070 |
| • Una | : 9825804253 | Rajula | : 9825804754 |

• Div • Pune • Nasik • Sirdi • Mumbai •

| | | | |
|---|---|---|---|
| • Baroda | : 9275051712 | Vidyanagar | : 9825525732 |
| • Raipur | : 9825804761 | | |

• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in



મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭ ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

શ્રી હરિ ટ્રાવેલ્સ
યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

દર રવિવાર અને પૂનમ
મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ
લક્ઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.

શ્રી હરિ ટ્રાવેલ્સ
પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે, બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
ક્રિષ્ના ટ્રાવેલ્સ





SHREE SAHJANAND TRAVELS
Visit us: www.sst.bookong.com
23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.
M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078
Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi, Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa



FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)
AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS, WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS
FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)
Shivang Institute
C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,
Phone No. 9429609484 / 079-22772031



BLUE EYE
YOUR SPY EYE
ALL TYPE OF CCTV ACCESSORIES AVAILABLE



For import anything from China to India
Please contact on below details
China: +86-13410015894 & India: +91 9601271254
CHINA • INDIA • KENYA
079 666 31712 / +91 96012 71254 / +91 99099 66554
sales@blueeyetech.in / care@blueeyetech.in
FF 119, Super Plaza, Sandesh Press Road, Vastrapur, Ahmedabad - 380015. INDIA

# પરિવાર સમાચાર

## શુભ લગ્ન

- **રવિવાર, તા. ૭-૫-૨૦૧૭**

**ચિ. નિકિતા**

અ.સૌ. જ્યોતિકાબેન તથા મુકેશભાઈ ચૌહાણ (ફતેહગઢ - અમદાવાદ)

**ચિ. જીગર**

રમિલાબેન પ્રભુદાસભાઈ પંચાલ (છાપી - અમદાવાદ)

***નવદંપતિને શુભેચ્છા સાથે આશીર્વાદ.***

## પુત્ર જન્મ

- શ્રીમતી પ્રિયંકા હીરેન મહેન્દ્રભાઈ મોતા (કચ્છ નલીયા - હાલ અમદાવાદ)ને ત્યાં સોમવાર, તા. ૨૪-૪-૨૦૧૭ના રોજ પુત્ર **દૈવિક**નો જન્મ થયો છે. અભિનંદન.

## અવસાન નોંધ

- **ગુરુવાર, તા. ૪-૫-૨૦૧૭**

શ્રી દિનેશ મણિલાલ શીવજીભાઈ શાહ (ઉં.વ.-૭૨)
(ભુજ - અમદાવાદ)

***પ્રભુ સદ્‌ગતશ્રીના આત્માને શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.***

## સંઘવી પરિવારનું નૂતન નિવાસ સ્થાન

### 'મર્લિન ઓપલ'

અમદાવાદ ખાતે નોબલ ઓટો લિન્ક્સ - ઓટોમોબાઈલ્સના ભાગીદાર તથા મર્લિન પ્રોજેક્ટ્સ લિ. (બિલ્ડર્સ - ડેવલપર્સ)ના - ગુજરાત ઓપરેશનના પ્રેસિડેન્ટ અનુક્રમે શ્રી ગિરીશભાઈ ગોપાલજી સંઘવી તથા શ્રી ભૈરવ ગિરીશભાઈ સંઘવી સપરિવાર નવરંગપુરા - અમદાવાદમાં તેમના નૂતન નિવાસ સ્થાન 'મર્લિન ઓપલ'માં રહેવા ગયા છે. અવસરે તા. ૨૯-૪-૨૦૧૭ના વાસ્તુ પૂજન વિધિ વગેરે કાર્યક્રમના સમયે સારી સંખ્યામાં સગાસંબંધીઓ, આમંત્રિત મહેમાનો તથા સમાજના અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સંઘવી પરિવારને ઉપરોક્ત નૂતન નિવાસ સ્થાન માટે ખૂબ ખૂબ અભિનંદન સાથે સર્વે શુભેચ્છા.

***સરનામું :*** 'મર્લિન ઓપલ', સમુદ્ર કોમ્પ્લેક્સની પાછળ, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ રોડ, સી.જી. રોડની સાઈડમાં, નવરંગપુરા, અમદાવાદ.
મો. ૯૩૨૭૦ ૦૪૧૭૦, ૯૮૨૫૦ ૪૭૮૦૪

## સાભાર સ્વીકાર

શ્રીમતી પ્રિયંકા હીરેન મહેન્દ્રભાઈ મોતા (કચ્છ નલીયા - હાલ અમદાવાદ) તરફથી તેમને ત્યાં પુત્ર જન્મની ખુશાલીમાં રૂા. ૫૦૧/- ભેટ મળેલ છે.

***ખૂબ ખૂબ આભાર.***

## ઓલિમ્પિએડમાં ગોલ્ડ મેડલ

અમદાવાદ ખાતેની એ.આઈ.એસ. ઈન્ટરનેશનલ સ્કૂલમાં ક્લાસ-૨ ની વિદ્યાર્થિની **તરાના** (તન્વીબેન - વિશાલભાઈ રંગવાલાની પુત્રી) (ઉં.વ.-૮)એ આંતરરાષ્ટ્રીય સ્તરે લેવાતી અંગ્રેજી ઓલિમ્પિએડમાં પ્રથમ સ્થાને રહીને ગોલ્ડ મેડલ અને સર્ટિફિકેટ પ્રાપ્ત કરેલ છે.

કુ. તરાનાને ખૂબ ખૂબ અભિનંદન તથા શિક્ષણ ક્ષેત્રે હજી વધારે ઊંચા શિખરો સર કરે તેવી શુભેચ્છા.

અત્રે ઉલ્લેખનીય છે કે, કુ. તરાના શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અગ્રણી શ્રીમતી ચારુબેન હરીશભાઈ રંગવાલાની પૌત્રી થાય છે.

## કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહને અભિનંદન

***શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સરસ્વતી સન્માનની યોજનામાં ભાગ લઈ, ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટેનું સૌજન્ય સ્વીકારી, સંસ્થાને રૂા. ૧.૨૧ લાખનું ડોનેશન આપવા બદલ કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહને ખૂબ ખૂબ અભિનંદન.***

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# ઓર્ગન ડોનેશન સેમિનારનો અહેવાલ

ગ્રીન ઓર્ગન ડોનર્સ ફાઉન્ડેશન – ગોડ ફાઉન્ડેશન દ્વારા રવિવાર, તા. ૭-૫-૨૦૧૭ ના રોજ કોન્ફરન્સ હોલ, જૂના સરકીટ હાઉસ, શાહીબાગ ખાતે સવારના ૯.૦૦ કલાકે 'ઓર્ગન ડોનેશન'ના વિષયે એક સેમિનારનું આયોજન ગોઠવવામાં આવેલ હતું કે જ્યારે ૫૦ જેટલી વ્યક્તિની ઉપસ્થિતિ રહેવા પામેલ હતી. ઉપસ્થિત લોકોમાં મોટાભાગના લોકો અમદાવાદ કે ગુજરાતભરમાંથી ઓર્ગન મેળવવાની પ્રવૃત્તિ ચાલુ કરવામાં ખૂબ જ રસ ધરાવતા હતા. ઉપસ્થિત વર્ગમાં ડૉક્ટર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, આર્કિટેક્ટ, સિવિલ એન્જિનિયર્સ, સાયન્ટીસ્ટ, બેંક ઓફિસર્સ, ઉદ્યોગ માલિકો, સમાજસેવકો તથા વિવિધ વ્યાપારી જુથના ૪૦ થી ૬૦ ની વયજૂથના લોકોનો સમાવેશ થયેલ હતો.

ગોડ ફાઉન્ડેશન વતી વેલકમ સ્પીચ શ્રી હિમાંશુભાઈ ઠક્કરે આપી, સહુનું સ્વાગત કરેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ધીરેન શાહે કરેલ હતું.

સૌપ્રથમ રેડ ક્રોસ ઇન્ટરનેશનલ આઈ બેંકના શ્રી દીપકભાઈએ જણાવેલ કે દર વર્ષે ઓછામાં ઓછા ૧,૦૦,૦૦૦ (એક લાખ) ચક્ષુની જરૂરિયાત રહે છે કે જેની સામે માત્ર ૪૦,૦૦૦ ચક્ષુઓ ડોનેશન સ્વરૂપે પ્રાપ્ત થઈ શકે છે. દર વર્ષે ૬૦,૦૦૦ ચક્ષુઓનો તોટો રહે છે કે જેના પરિણામે આપણે ૬૦,૦૦૦ લોકોને દૃષ્ટિ આપી શકતા નથી. આ ખાઈ ખૂબ જ મોટી છે અને તેથી જ ચક્ષુદાન માટે પણ ઝુંબેશ આદરવી ખૂબ જ જરૂરી છે. ૧૯૭૫થી ૧૯૮૦ના ગાળામાં અહીં આઈ બેંકની સ્થાપના થઈ અને ત્યારબાદ ધીરે ધીરે આ પ્રવૃત્તિને વેગ મળ્યો. કોઈના મૃત્યુના સમયે અગર ચક્ષુદાન કરવાનો નિર્ણય લેવાય તો તે અંગેનો, આઈ બેંકમાં ફોન કર્યા બાદ ચક્ષુ લેવા માટે એકાદ કલાકનો ગાળો તો સહેજે નીકળી જાય. એ દરમિયાન મૃતકની આંખના પોપચા ઢાળી રાખવા જોઈએ. આંખ પર ભીના પાણીનો રૂમાલ પાટા સ્વરૂપે મૂકી રાખવો જોઈએ અને એ રૂમનો પંખો બંધ રાખવો જોઈએ. ચક્ષુદાન માટે ફોન એક જ આઈ બેંક પર કરવો જોઈએ, કે જેથી અલગ અલગ આઈ બેંકના પ્રતિનિધિઓને ત્યાં આવવામાં વ્યર્થ તકલીફ ના લેવી પડે. ચક્ષુ લેવાની ક્રિયા માત્ર ૨૦ મિનિટની જ હોય છે અને એ સમયે એ રૂમમાં મૃતકના પરિવારના સભ્યો ઉપસ્થિત ના રહે એ ઇચ્છનીય છે. ચક્ષુ મળ્યા પછી તેને યોગ્ય જગ્યાએ ૨૪ કલાકમાં પહોંચાડવામાં આવે છે અને તેની કોઈ જ પ્રકારની કિંમત લેવામાં આવતી નથી. સામે ચક્ષુની કિંમત પણ ચૂકવવામાં આવતી નથી. કાયદાકીય પણ આ જ પરિસ્થિતિ છે. ચક્ષુને સાચવીને રાખવાનો અને તેને યોગ્ય જગ્યાએ પહોંચાડવાનો ખર્ચ રૂા. ૨૫૦૦/- ચક્ષુદીઠ આવે છે. કે જેની વ્યવસ્થા ચક્ષુબેંક કરી લે છે. ચક્ષુની કીકી પારદર્શક હોય છે અને માત્ર કીકી જ અન્યત્ર મોકલવામાં આવે છે કેમકે અન્ય વ્યક્તિની આંખમાં માત્ર કીકીનું જ પ્રત્યારોપણ કરવામાં આવે છે. ચક્ષુનો સફેદ ભાગ અન્ય ઉપયોગમાં લેવાય છે. કેટરેક્ટ ઑપરેશનવાળા ચક્ષુ કામમાં આવતા નથી પરંતુ મૃતક વ્યક્તિને ઇન્ફેક્શન હોય, કેન્સર વગેરે પ્રકારના રોગો પણ હોય તો પણ તેના ચક્ષુ તો કામ આવે જ છે. મૃત્યુ પછી ૨ થી ૪ કલાકમાં ચક્ષુ મૃતકના શરીરમાંથી કાઢી લેવા જોઈએ. હાલે રેડક્રોસ ઇન્ટરનેશનલ આઇ બેંકને મહિને અંદાજિત ૩૦ જેટલા ચક્ષુ ડોનેશન સ્વરૂપે પ્રાપ્ત થાય છે. આઈ ડોનેશન માટે હેલ્પલાઇન નંબર **૧૯૫૨** છે. આઈ બેંકનો નંબર **૨૭૪૫** છે. તે નંબરો પર ફોન કરવાથી આઈ બેંકના પ્રતિનિધિ

**અમદાવાદમાં નીચે મુજબની આઇ બેંકો 'ચક્ષુદાન' ક્ષેત્રમાં કાર્યરત છે**

| | |
|---|---|
| ૧. સી.એસ. સમારીયા રેડક્રોસ ઇન્ટરનેશનલ આઈ બેંક ....... | ૨૭૪૫ ૦૬૩૩, ૨૭૪૧ ૩૩૩૩ |
| ૨. નગરી આઈ બેંક ........ | ૨૭૪૬ ૬૭૨૪, ૨૭૪૬ ૦૧૭૬, ૨૬૪૬ ૯૫૪૦ |
| ૩. દીવા આઈ ઇન્સ્ટિટ્યૂટ ........ | ૨૬૫૬ ૨૦૦૬, ૨૬૫૬ ૯૫૯૬ |
| ૪. બ્લાઇન્ડ પીપલ એસોસિએશન ........ | ૨૬૩૦ ૪૦૭૦, ૨૬૩૦ ૫૦૮૨ |
| ૫. રોટરી ઇન્ટરનેશનલ આઈ બેંક ........ | ૨૭૪૮ ૪૩૬૯, ૩૦૧૭ ૭૪૦૧, ૯૮૯૮૦ ૫૪૩૨૯ |
| ૬. લાયન શરદ મહેતા આઈ બેંક ........ | ૨૭૪૧ ૩૩૩૩, ૨૭૪૫ ૦૬૩૩ |

આવીને ચક્ષુ લેવાની પ્રક્રિયા પૂરી કરી શકશે. અગાઉ માત્ર ડૉક્ટરો જ ચક્ષુ કાઢી શકે તેવો નિયમ હતો પરંતુ તેટલા પ્રમાણમાં અને જરૂરિયાતવાળા સમયે ડૉક્ટરો આવી શકતા ન હોવાથી તેના માટે કાર્યકરોને ટ્રેઇન્ડ કરવામાં આવે છે અને કાર્યકરની ટ્રેઇનિંગ પૂરી થયે આ કાર્યકરો પણ મૃતકના શરીરમાંથી ચક્ષુ બહાર કાઢી શકે છે. તેઓના સૂચન મુજબ અગર દરેક હોસ્પિટલમાં માત્ર અંગ ડોનેશન માટે એક અલગ ઓફિસ કે કેબિન રાખવામાં આવે તો તે આ પ્રવૃત્તિને આગળ ધપાવવામાં ખૂબ જ ઉપયોગી થઈ શકે.

ત્યારબાદ શરૂ કરવામાં આવેલ આ ઓર્ગન ડોનેશનની પ્રવૃત્તિના પ્રણેતા અને સિમ્સ હોસ્પિટલના કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહે વિસ્તૃતપણે સમજાવેલ કે ઓર્ગન ડોનેશન કોને કહેવાય અને તે શું છે? તેમણે જણાવ્યું કે ઓર્ગનનું ડોનેશન જીવિત વ્યક્તિ કરી શકે કે જેમાં બ્લડ, લીવર, સ્કીન વગેરેનો સમાવેશ થઈ શકે. નેચરલ ડેથમાં હોલ બોડી, આઈ, સ્કીન, બૉન વગેરેનું ડોનેશન થઈ શકે. પરંતુ જીવન અને મૃત્યુની વચ્ચે કોઈ વ્યક્તિનું બ્રેઈન ડેડ થયેલું હોય તો તેવા કિસ્સામાં તેના હાર્ટ સહિતના બધા જ ૧૧ પ્રકારના અંગોનું ડોનેશન થઈ શકે. ૧ દિવસથી ૧૦૦ વર્ષ સુધીની કોઈ પણ વ્યક્તિના ઓર્ગન બરાબર હોય તો તેના અંગો ડોનેટ થઈ શકે. માત્ર હિપેટાઈટીસ બી, હિપેટાઈટીસ સી અને કેન્સરવાળા કિસ્સામાં હાર્ટ ના લઈ શકાય. બીજા અંગોના આધાર ડૉક્ટરના પરીક્ષણ પર રહે છે. આઇનું ડોનેશન દરેક પ્રકારના કિસ્સામાં થઈ શકે છે. જ્યારે મૃતકના શરીરમાંથી ઓર્ગન કાઢવામાં આવે ત્યારે તે પ્રક્રિયા ખૂબ જ ગરિમાપૂર્વક કરવામાં આવે છે. અને સ્વચ્છ કન્ડિશનમાં મૃતકના પરિવારના સભ્યોને ડેડ બોડી સુપરત કરવામાં આવે છે. મૃતક અને તેના પરિવારને ખૂબ જ ઇજ્જત અને માન પણ આપવામાં આવે છે. એક વખત પરિવારના સભ્યો જે તે વ્યક્તિના ઓર્ગન ડોનેશન કરવાનું જાહેર કર્યા બાદ તે પરિવારે કોઈ પણ પ્રકારનો ખર્ચ વેઠવાનો રહેતો નથી અને સાથે સાથે કોઈ પણ પ્રકારના ઓર્ગનના ડોનેશન સામે કોઈ વળતર કે પેમેન્ટ ચૂકવવામાં આવતું નથી. કાયદાકીય રીતે પણ આ પ્રકારની જોગવાઈ કરવામાં આવેલ છે. એક વખત ઓર્ગન ડોનેશન કે હોલ બોડી ડોનેશન માટે ફોર્મ ભરીને આપ્યા પછી જે તે વ્યક્તિના પરિવારજનને ના પાડવી હોય તા ના પાડી શકે છે. તેમાં કોઈ બાધ કે રૂકાવટ નથી. ફોર્મ ભર્યા પછી પણ ઇચ્છા ન હોય તો ઓર્ગન ડોનેશન કરવું જરૂરી નથી. બ્રેઇન ડેડ થાય અથવા તો મૃત્યુ થાય ત્યારબાદ ઓર્ગન ડોનેશન માટે યોગ્ય સ્થળે જાણ કરવામાં આવે અને ત્યારબાદ ઓર્ગન લેવામાં આવે એ પ્રક્રિયા પસાર કરતાં ૭ થી ૮ કલાકનો સમયગાળો જાય છે. હાલે વર્ષમાં ૬,૦૦,૦૦૦ કિડનીની જરૂરિયાત સામે માત્ર ૨,૦૦,૦૦૦ કિડની મળે છે. ૩૦,૦૦૦ લીવરની જરૂરિયાત સામે માત્ર ૧૫૦૦ લીવર મળે છે. જ્યારે ૧૫ લાખ હાર્ટની જરૂરિયાત સામે માત્ર ૫૦,૦૦૦ હાર્ટ મળે છે. તેથી આ ક્ષેત્રે ઘણું કામ થઈ શકે તેમ છે. ભારતમાં દર વર્ષે ૫૦ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ થાય છે. અત્યાર સુધી ટોટલ કદાચ ૨૫૦ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ થયા હશે.

ત્યારબાદ સિમ્સ હોસ્પિટલના ડૉ. ભાગ્યેશ શાહે બ્રેઈન ડેથ અને નેચરલ ડેથ (કાર્ડિયાક ડેથ) વિશેની વિગતો ખૂબ જ સરળ ભાષામાં સમજાવેલ હતી. નેચરલ ડેથને કાર્ડિયાક ડેથ કહેવાય છે. આવા કિસ્સામાં હાર્ટ બંધ થઈ જાય અને હાર્ટનું પમ્પિંગ બંધ થતાં શરીરમાં લોહીનું પરિભ્રમણ બંધ થાય તેને નેચરલ ડેથ અથવા કાર્ડિયાક ડેથ કહેવામાં આવે છે. જ્યારે બ્રેઈન ડેથના કિસ્સામાં માણસનું મગજ કામ કરતું બંધ થઈ જાય અને તેના કારણે ફેફસામાં હવા ન પહોંચતા ફેફસા કામ કરતા બંધ થાય પરંતુ હાર્ટ કામ કરવાનું ચાલુ રાખે અને તેનાથી લોહીના પરિભ્રમણની પ્રક્રિયા ચાલુ રહે. પરંતુ મગજ ક્યારે પણ રીપેર ના થઈ શકે. મગજ ક્યારે પણ ફરીથી કામ કરવાની પરિસ્થિતિમાં ના આવી શકે. ફેફસામાં હવા ના પહોંચવાથી શ્વાસોચ્છવાસની પ્રક્રિયા બંધ થઈ જાય અને તેના કારણે દર્દીને વેન્ટીલેટર પર મૂકવામાં આવે એ પરિસ્થિતિને બ્રેઈન ડેથ કહેવામાં આવે છે. ફરીથી એ વ્યક્તિ ક્યારે પણ પોતાના જીવનની પ્રક્રિયા પાછી શરૂ કરી શકવાની નથી એ નક્કી જ થઈ જાય છે. વેન્ટીલેટર પર પણ દર્દી લાંબો સમય જીવિત રહી ના શકે. ત્યારબાદ તેનું કાર્ડિયાક ડેથ થવાનું જ છે. આ રીતે બ્રેઈન ડેથ અને કાર્ડિયાક ડેથની વચ્ચે જે સમય મળે તે સમયમાં ઓર્ગનના ડોનેશન મેળવવાના શ્રેષ્ઠ પ્રયાસ કરવા જોઈએ. અને આ જ તે માટેનો સાચો સમય છે. બ્રેઈન ડેથ એક્સિડન્ટથી, લકવાથી કે હાઈ પ્રેશરથી થઈ શકે. બ્રેઈન ડેથનું ડેક્લેરેશન સામાન્ય રીતે ન્યુરોલોજિસ્ટ ડૉક્ટર કે ન્યુરો સર્જન કરે છે પરંતુ કેટલાક સાદા પરીક્ષણ કે ઓબ્ઝર્વેશનથી સામાન્ય વ્યક્તિ પણ તે અંગે ચોક્કસપણે અનુમાન કરી શકે છે. તેઓશ્રીએ આ પ્રકારના સાદા ઓબ્ઝર્વેશન્સ પણ વિસ્તૃતપણે સમજાવેલ હતા.

ત્યારબાદ સાઇકોલોજિસ્ટ ડૉ. પ્રશાંત ભીમાણીએ જણાવેલ કે ૧૯૯૯ થી ૨૦૧૨ સુધી તેઓ પોતે આઈ.કે.ડી.આર.સી.ના મેમ્બર હતા. આ ક્ષેત્રના વર્કિંગનો

તેઓશ્રીએ સારો અનુભવ મેળવેલ છે. ઓર્ગન ડોનેશન મેળવવા જેઓ પ્રયાસ કરે છે તે બધા મિત્રોને આપણે 'અંગ મિત્ર' તરીકે ઓળખવા જોઈએ અને તેઓને એ પ્રકારના બેજીસ પણ આપવા જોઈએ કે જે તેમની ઓળખ ઊભી કરે. તેમણે એક સરસ દાખલો આપતા જણાવ્યું કે દાંત એ ઓબ્જેક્ટીવ છે જ્યારે દુ:ખાવો એ સબ્જેક્ટીવ છે. ઓબ્જેક્ટીવને આપણે જોઈ શકીએ છીએ જ્યારે સબ્જેક્ટીવ જોઈ શકાતું નથી. ક્લિનિકલ ડેથ એ ઓબ્જેક્ટીવ છે જ્યારે તેમની યાગદીરી એ સબ્જેક્ટીવ છે. આ પ્રથાને આપણે રીલીજિયસ - ધાર્મિક રીતે પણ સાંકળવી જોઈએ. બધા જ પ્રકારના ધર્મોમાં શરીર અને આત્મા એમ બંને વસ્તુને અલગ અલગ રીતે જોવામાં આવે છે. માણસનું મૃત્યુ થાય પરંતુ આત્મા ક્યારે પણ મરતો નથી એ રીતે મૃત માનવીના અંગો મેળવી બીજા સજીવ માનવમાં બેસાડીએ તો મૃત્યુ પામેલ વ્યક્તિ ક્યાંક જીવિત છે તેવો તેના પરિવારને અહેસાસ થશે. અગર આપણે બધા જ પ્રકારના ધર્મગુરુઓનો સહકાર મેળવી શકીએ અને જો ધર્મગુરુઓ ઓર્ગન ડોનેશન વિશે અપીલ કરે તો મોટાભાગના લોકો – જેઓ પોતાના ધર્મગુરુઓને માનતા હોય – આ હકીકત સહેલાઈથી સ્વીકારી લેશે અને આપણું કામ તેટલા પ્રમાણમાં સરળ બની શકશે. પ્રથમ તો જે પરિવારમાં મૃત્યુ થાય ત્યાં તેના પરિવારના સભ્યો પાસે અંગમિત્રે જવું જોઈએ અને સારી વાતો કરી ત્યાં પોતાનો રેપો બાંધવો જોઈએ. ત્યારબાદ ઉપસ્થિત લોકોમાં જેઓ પોટેન્શિયલ હોય અને ઈન્ફ્લુઅન્શિયલ હોય તેઓ પાસે મૃતકના અંગદાન વિશે વાત કરવી જોઈએ. ઉપસ્થિતોમાં આર્થિક રીતે જે સક્ષમ હોય તેમને પણ આ વિશે વાત કરવી જોઈએ. આ લોકો પરિવારના લોકોને અંગદાન વિશે સારી રીતે સમજાવી શકશે અને તેઓની વાત પણ અસરકારક બની શકશે. પ્રચાર માટે જે મટીરિયલ પ્રિન્ટ કરવામાં આવે તે ગુજરાતી, હિંદી, અંગ્રેજી અને અન્ય ભાષામાં પણ છપાવવું જોઈએ કે જેથી બહોળો વર્ગ તે વાંચી શકે. સોશિયલ મીડિયાનો આ જમાનો હોવાથી તેમાં અને વર્તમાન પત્રો દ્વારા પણ ઓર્ગન ડોનેશન વિશે પ્રચાર કરવો જોઈએ. અંગદાન કરનારનું અને તેમાં સહમતિ આપનાર તેના પરિવારનું પણ જાહેરમાં સન્માન કરવું જોઈએ. આ બધા પ્રયાસો સરવાળે હકારાત્મક પરિણામ લાવી શકશે. અંગદાનનું ડોનેશન થાય તે અગાઉ તમારું કન્સલ્ટિંગ ખૂબ જ જોરદાર હોવું જોઈએ. તમારી વર્તણૂંક પણ તે પરિવારને મદદરૂપ થાય તેવી હોવી જોઈએ. જેઓ સારી રીતે બોલી શકે, સારી લાગણી પેદા કરી શકે અને બૌધ્ધિક રીતે પણ પરિસ્થિતિને પહોંચી વળે તેવા અંગમિત્રો પ્રમાણમાં ખૂબ જ સારું પરિણામ મેળવી શકશે. આ બધી સાઈકોલોજિકલ ટ્રીટમેન્ટને અંગમિત્રોએ સારી રીતે સમજી લેવી જોઈએ.

ત્યારબાદ શરીરદાન વિશે શ્રી કમલેશભાઈ શાહે વિગતવાર માહિતી આપતા જણાવેલ કે કોઈ પણ પરિવારમાં મૃત્યુ થાય ત્યારે આપણે તેમને દેહદાન વિશે તો સમજાવી શકીએ. એક વખત પરિવાર દેહદાન કરવાનું સ્વીકારે તો ત્યારબાદની બધી જ જવાબદારી સ્વીકારી, તે અંગેની હોસ્પિટલ કે કૉલેજમાં આપણે મૃત્યુ પામનારના શરીરને પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. મૃતકના નામ, ઉંમર, મૃત્યુ થયાનું કારણ, ક્યારે મૃત્યુ થયું વગેરે નોંધી, તે અંગેનું ફોર્મ ભરાવવામાં પરિવારને મદદરૂપ થવું જોઈએ. આ ક્ષેત્રે તેમને છેલ્લા દસેક વર્ષનો અનુભવ છે તેવું પણ તેમણે જણાવેલ હતું.

રામચંદ્ર પ્રોટોકલ, કાયદાકીય બાબતો અને ધાર્મિક બાબતો વિશે સમજ આપતા સિમ્સ હોસ્પિટલના ઓર્ગન ડોનેશન માટેના કો-ઓર્ડિનેટર શ્રી નિખિલ વ્યાસે જણાવ્યું હતું કે ઓર્ગન ડોનેશન માટે ૧૯૮૪ થી કાયદો ઘડાયેલ છે પરંતુ વાસ્તવમાં તેનો અમલ ઓછો થાય છે. કેડેવર પ્રોગ્રામ માટે અલગ અલગ પ્રકારના ફોર્મ નં.-૭, ૮, ૯ અને ૧૦ ભરવા જરૂરી છે.

**અમદાવાદમાં નીચેની સંસ્થાઓ દેહદાન સ્વીકારે છે.**

| | | |
|---|---|---|
| ૧. | જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કૉલેજ - સોલા | ૯૯૨૪૮ ૫૭૫૦૯, ૨૭૬૬ ૦૨૭૫, ૨૭૬૬ ૧૧૮૭ |
| ૨. | શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ | ૨૬૫૭ ૮૪૫૨ |
| ૩. | જી.સી.એસ. મેડિકલ કૉલેજ, હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર | ૬૬૦૪ ૮૦૦૦ |
| ૪. | બી. જે. મેડિકલ કૉલેજ | ૨૨૬૮ ૦૦૭૪ |
| ૫. | વી. એસ. હોસ્પિટલ | ૨૬૫૭ ૭૬૨૫, ૨૬૫૭ ૭૬૨૨ |
| ૬. | એલ. જી. હોસ્પિટલ | ૨૫૪૬ ૧૩૮૨ |

**મલ્ટી ઓર્ગન ડોનેશન માટે અમદાવાદમાં નીચેની હોસ્પિટલો કાર્યરત છે**

| | |
|---|---|
| ૧. સિમ્સ હોસ્પિટલ | ૯૭૧૪૬ ૬૬૭૭૩, ૩૦૧૦ ૧૧૦૦, ૩૦૧૦ ૧૦૦૮ |
| ૨. ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર | ૨૨૬૮ ૫૬૦૪ |
| ૩. સ્ટર્લિંગ હોસ્પિટલ | ૪૦૦૧ ૧૧૧૧ |
| ૪. ઝાયડસ હોસ્પિટલ | ૬૬૧૯ ૦૨૦૧ |
| ૫. રાજસ્થાન હોસ્પિટલ | ૨૨૮૫ ૦૨૩૯ |

ઓર્ગન ડોનેશન માટે સહમતિ આપનાર પરિવારજન પાસેથી લેખિત સ્વરૂપે સહમતિ મેળવી લેવી. ઉપસ્થિતોમાંથી શક્ય લોકોની પણ સહી મેળવી લેવી. મૃતકનો ફોટો અને ફોટો આઈ.ડી. મેળવી લેવા. ટ્રાન્સફર માટે ડૉક્ટરનો લેટર મેળવી લેવો. PM રીપોર્ટ અગાઉ કરેલ અંગદાન માટે ડૉક્ટરનું સર્ટિફિકેટ મેળવી લેવું. આ બધી પ્રક્રિયા શાંતિથી પાર પાડવી. ઓર્ગન ડોનેશન માટે ક્યારેય પણ ફોર્સ ના કરવો. સહમતિથી જ કામ કરવું. ડોનર અને લેનારના નામની જાણકારી હોય તો પણ તે સિક્રેટ રાખવા. ક્યારેક એવું બને કે મરણ પામનાર વ્યક્તિનો પુત્ર હા પાડે પણ કાકા ના પાડે તેવા સમયે કાકાની સહમતિ મેળવવા પૂરતા પ્રયાસ કરવા. બધાની સહમતિ ના મળે તો ઓર્ગન મેળવવાના પ્રયાસમાં આગળ ના વધવું. રામચંદ્ર પ્રોટોકોલ પ્રમાણે મૃતકના પરિવારને સૌથી પ્રથમ આઈ ડોનેશન માટે પૂછવું. અગર તેમાં સહમતિ મળે તો બીજા ઓર્ગનની વાત કરવી. સૌપ્રથમ મૃતકનો પરિવાર ઓર્ગન ડોનેશન માટે કબૂલ નહીં થાય. ત્યાર પછી તે ગુસ્સે પણ થાય. તેવા કિસ્સામાં પણ વાત ચાલુ રાખવી. ત્યારબાદ કોઈ પણ પ્રકારની કેશમાં અથવા તો કોઈ વિશેષ ભલામણ સ્વરૂપની (Cash or Kind) બાર્ગેનિંગની વાત આવે કે જેમાં સહમત ના થઈ શકાય. ત્યારબાદ પરિવારમાં ડિપ્રેશન આવે અને છેવટે તેઓ ઓર્ગન ડોનેશન માટે સહમતિ આપે. ઉપરોક્ત બધી હકીકત તેઓશ્રીએ વિસ્તારપૂર્વક સમજાવેલ હતી.

ત્યારબાદ ડૉ. ધીરેન શાહે ઓર્ગન ડોનેશનની પ્રોસેસ માટે જણાવેલ કે અમદાવાદના દરેક વિસ્તારમાં ૪-૫ મિત્રોનું ગ્રુપ હોવું જોઈએ. તેમાં એક સારો ઑરેટર હોવો જોઈએ કે જે આ ગ્રુપનો એમ્બેસેડર બની શકે. દરેક ગ્રુપે ગવર્નમેન્ટ લેવલે, હોસ્પિટલ લેવલે અને કોમ્યુનિટી લેવલે કામ કરવાનું રહેશે. આ માટે સ્કૂલ અને કોલેજોમાં ચર્ચાસભાઓ યોજી શકાય. બ્લડ બેંક પાસેથી પણ વિગતો મેળવી શકાય. સ્મશાનગૃહોમાં હોર્ડિંગ મૂકી શકાય. વિવિધ હોસ્પિટલોમાં બેનર્સ પણ મૂકી શકાય. દરેક હોસ્પિટલને આ માટે એક-એક કેબિન / ઓફિસ ફાળવવા વિનંતી કરી શકાય.

કાર્યક્રમના અંતે સંસ્થા તરફથી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે સહુનો આભાર માન્યો હતો.

સમૂહ ભોજન બાદ સહુ છૂટા પડ્યા હતા.

## 'કચ્છશ્રુતિ'ના અંકો અથવા પોસ્ટ પરત આવ્યાની વિગત

*નીચે જણાવેલ વ્યક્તિઓનું નવું સરનામું અગર તેમના સગા-સંબંધીઓ પાસે હોય, તો અત્રેના કાર્યાલયમાં જણાવવા અનુરોધ છે.*

- શ્રી વાલજીભાઈ પચાણભાઈ ભાવાણી — ગાંધીનગર
- શ્રી ઈબ્રાહીમ લુહાર — ભુજ
- શ્રી તુલસીભાઈ ખીમજીભાઈ પટેલ — અમદાવાદ
- જ્યોત્સનાબેન ડી. વોરા — અમદાવાદ
- શ્રી મહેન્દ્રભાઈ હરજીવન મોરબિયા — અમદાવાદ
- શ્રી રાજેશભાઈ એન. મહેતા — સુરત
- શ્રી કમલેશભાઈ પરસોત્તમદાસ ઠક્કર — ધનેરા
- શ્રી રમેશભાઈ ભવાનભાઈ ઠક્કર — અમદાવાદ
- શ્રી કમલેશ પ્રેમચંદભાઈ — ભુજ
- શ્રી નીરલ મહેન્દ્રભાઈ શાહ — અમદાવાદ

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

# સરસ્વતી સન્માન : ૨૦૧૬-૨૦૧૭

દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા સમાજમાં ઉચ્ચ ગુણ સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવનાર છે. ઉચ્ચ ગુણ સાથે ઉત્તીર્ણ થનાર અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કોઈ પણ કચ્છી વિદ્યાર્થીને સરસ્વતી સન્માનનું ફોર્મ ભરીને સમાજના કાર્યાલય પર ત્વરીતપણે મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

અત્યાર સુધી દર વર્ષે ધોરણ-૧૦, ધોરણ-૧૨, કન્યા પારિતોષિક (ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨માં સમાજમાં પ્રથમ આવનાર કન્યા), ઉચ્ચ શિક્ષણ તથા વિશિષ્ટ પ્રતિભાઓને પારિતોષિક આપવામાં આવતા હતા. પરંતુ ચાલુ વર્ષથી આ યોજનામાં ધોરણ-૧થી ધોરણ-૯ના વિદ્યાર્થીઓને પણ પારિતોષિક આપવામાં આવશે.

તદુપરાંત ડિપ્લોમા કોર્સના વિદ્યાર્થીઓની પણ અમુક નિયમોને આધીન ગણના કરવામાં આવનાર છે.

આથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના દરેક સભ્ય પરિવારને ઉત્તીર્ણ થયેલા તેમના પાલ્યના ફોર્મ ભરીને તરતમાં સમાજની ઓફિસ પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

દરેક ધોરણના પારિતોષિકો નીચે મુજબ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| *૧.* | *ધોરણ-૧૦* | *૭૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર, સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૨.* | *ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)* | *૭૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર, સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૩.* | *ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)* | *૭૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર, સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૪.* | *કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક* | *ધોરણ-૧૦, ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) તથા ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં સમાજમાં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થિનીને.* |
| *૫.* | *ઉચ્ચ શિક્ષણ પારિતોષિક* | *કોઈ પણ ફેકલ્ટીમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૬.* | *વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક* | *કોઈ પણ યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ અથવા સ્પોર્ટસ, કલા, વિજ્ઞાન, આઈ.ટી. તથા અન્ય વિભાગો વગેરે ક્ષેત્રે નોંધપાત્ર સિધ્ધિ મેળવનાર પ્રતિભાને.* |
| *૭.* | *ડિપ્લોમા શ્રેષ્ઠતા પારિતોષિક* | *ડિપ્લોમા કોર્સની કોઈ પણ ફેકલ્ટીમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં દરેક ફેકલ્ટીમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૮.* | *ધોરણ ૧ થી ૪* | *૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને ઈનામ આપવામાં આવશે.* |
| *૯.* | *ધોરણ ૫ થી ૯* | *૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને દરેક ધોરણમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીનું યોગ્ય બહુમાન કરવામાં આવશે.* |

આ રીતે શ્રી કચ્છી સમાજ - અમદાવાદે ચાલુ વર્ષથી સરસ્વતી સન્માનને ખૂબ જ વિસ્તૃત સ્વરૂપ આપેલ છે કે જેથી સમાજમાં અભ્યાસ કરતા કોઈ પણ ધોરણના વિદ્યાર્થી તેમજ ઉચ્ચ અભ્યાસ અને ડિગ્રી તથા ડિપ્લોમાની પદવી મેળવનાર કોઈ પણ વિદ્યાર્થી આ યોજનામાં સામેલ થઈ શકે છે.

વિદ્યાર્થીઓને ભરવાના ફોર્મ અન્યત્ર પ્રસારિત કરવામાં આવેલ છે. એ ફોર્મ વહેલી તકે ભરીને મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે.

**દીપક ચૌહાણ**
**કન્વીનર : શૈક્ષણિક સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# બાકી રહેતી સરસ્વતી સન્માનની યોજનાઓ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે ચાલુ વર્ષથી સરસ્વતી સન્માનની યોજનાને વિસ્તૃત સ્વરૂપ આપી લગભગ દરેક ધોરણ તથા ડિગ્રી અને ડિપ્લોમા કોર્સ સહિત લગભગ દરેક ફેકલ્ટીને આવરી લેતી સન્માનની યોજના દાખલ કરેલ છે.

ઉપરોક્ત નિર્ણયના અનુસંધાને મોટાભાગના પરિવારોના બાળકો આ યોજના અંતર્ગત લાભ મેળવી શકશે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદને પણ અનેક વિદ્યાર્થીઓના સન્માનનો લાભ પ્રાપ્ત થઈ શકશે.

***સરસ્વતી સન્માનની અનેક યોજનાઓના સૌજન્યનો લાભ બાકી રહે છે. નીચે આપેલ વિગત પ્રમાણેના ધોરણોના સન્માનના સૌજન્યનો લાભ લેવા સમાજના ઉદારદિલ સભ્યોને હાર્દિક અપીલ કરવામાં આવે છે.***

| ક્રમ | ધોરણ | સૌજન્યની રકમ (૧૦ વર્ષની અવધિ) | વિગત |
|---|---|---|---|
| ૧. | ધોરણ – ૧ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૨. | ધોરણ – ૨ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૩. | ધોરણ – ૩ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૪. | ધોરણ – ૪ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૫. | ધોરણ – ૫ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૬. | ધોરણ – ૬ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૭. | ધોરણ – ૭ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૮. | ધોરણ – ૮ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૯. | ધોરણ – ૯ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૧૦. | ડિપ્લોમા અભ્યાસક્રમની વિવિધ શાખાઓ | રૂા. ૧.૫૧ લાખ | કોઈ પણ ફેકલ્ટીમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને દરેક ફેકલ્ટીમાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને. |

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે ચાલુ વર્ષથી સરસ્વતી સન્માનની યોજનાના ફલકને વિશાળ સ્વરૂપ આપેલ હોવાથી, આ યોજનામાં સહયોગ આપવા દરેક ઉદારદિલ પરિવારને અપીલ કરવામાં આવે છે.

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

***નોંધ*** : *ધોરણ-૮ તથા ધોરણ-૯ના સૌજન્યના નામો આવી ગયેલ છે.*

*વ્યક્તિ અગર એટલું વિચારી શકે કે એ જ્યાં છે ત્યાં પોતાના કારણે જ છે,*
*તેમાં બીજા કોઈનો હાથ નથી તો તેની અનેક સમસ્યાઓ સહેલાઈથી હલ થઈ શકે.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## નામ - સરનામા - ટેલિફોન ડિરેક્ટરી

## જાહેરાત માટે અપીલ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેની સરનામા - ટેલિફોન ડિરેક્ટરી બહાર પાડવા આગળ વધી રહેલ છે.

અમદાવાદ - ગાંધીનગર જિલ્લાના અંદાજિત ૫,૦૦૦ કચ્છી પરિવારોના વસવાટ સામે અમારી પાસે હાલે ૩૨૦૦ પરિવારની વિગતની નોંધણી થયેલ છે. આ નોંધણીનું કાર્ય હાલે લગભગ પૂર્ણ કરવામાં આવેલ છે. અનેક પ્રયાસો પછી પણ જે પરિવારો પોતાની નોંધણી નથી કરાવી શક્યા તેઓની વિગત આ ડિરેક્ટરીમાં બાકાત રહેવાની શક્યતા છે.

લગભગ ૮૦૦ પેઇજની આ ડિરેક્ટરીને બે વોલ્યુમમાં પ્રસારિત કરવામાં આવશે. દરેક પાના પર ૪ પરિવારની વિગતોનો સમાવેશ થઈ શકશે.

જેઓના નામોનો સમાવેશ આ ડિરેક્ટરીમાં કરવામાં આવેલ છે તેઓને ડિરેક્ટરીનો એક સેટ વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે. અન્યો પાસેથી એક સેટના રૂા. ૫૦૦/- લેવામાં આવશે.

વર્ષ ૧૯૯૧ પછી પ્રથમ વખત આ ડિરેક્ટરી બહાર પાડવામાં આવી રહેલ છે. આ ડિરેક્ટરીને ઓનલાઇન મૂક્વાની તથા એન્ડ્રોઇડ એપ તરીકે મૂક્વાનું પણ આયોજન છે.

ઉપરોક્ત કામગીરી સામે અંદાજે રૂા. ૧૨ લાખના ખર્ચનો અંદાજ છે કે જે સમાજના સભ્યોના વ્યવસાયની તથા શુભેચ્છા જાહેરાત મેળવીને પૂરા કરવાની ગણના રાખવામાં આવેલ છે.

**અમો આપશ્રી પાસેથી પણ વિવિધ જાહેરાતો પૈકી કોઈ અનુકુળ જાહેરાતની અપેક્ષા રાખીએ છીએ. આ પરિપત્ર મળેથી સમયસર સહકારભર્યો પ્રતિભાવ મોકલી આપવા આપશ્રીને વિનંતી કરવામાં આવે છે. અમારા પ્રતિનિધિ આપશ્રીનો સંપર્ક સાધે ત્યારે પણ હકારાત્મક પ્રતિભાવ આપવા વિનંતી. આ ડિરેક્ટરી બહાર પાડવા આપશ્રીનો સહકાર અમૂલ્ય સાબિત થઈ રહેશે.**

***આ ડિરેક્ટરીમાં પ્રસારિત કરવાની વિવિધ જાહેરાતોની વિગત નીચે મુજબ છે.***

**ડિરેક્ટરીમાં જાહેરાતના દર નીચે મુજબ રાખવામાં આવેલ છે :**

- ક્વર પેઈજ નં.-૪ ........................................ રૂા. ૫૦,૦૦૦/- (એક વોલ્યુમના)
- ક્વર પેઈજ નં.-૩ ........................................ રૂા. ૩૦,૦૦૦/- (એક વોલ્યુમના)
- ક્વર પેઈજ નં.-૨ ........................................ રૂા. ૩૦,૦૦૦/- (એક વોલ્યુમના)
- ક્વર પેઈજ નં.-૩ની સામેનું પાનું ......................... રૂા. ૨૫,૦૦૦/- (એક વોલ્યુમના)
- ક્વર પેઈજ નં.-૨ની સામેનું પાનું ......................... રૂા. ૨૫,૦૦૦/- (એક વોલ્યુમના)

| ક્રમ | પ્રકાર | ફુલ પેજ | હાફ પેજ | ક્વાર્ટર પેજ |
|---|---|---|---|---|
| ૧. | અંદરનું પાનું મલ્ટી કલર | ૧૦,૦૦૦/- | ૬,૦૦૦/- | ૩,૫૦૦/- |
| ૨. | અંદરનું પાનું સિંગલ કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦- | ૨,૫૦૦/- |
| ૩. | અંદરનું પાનું બ્લેક એન્ડ વ્હાઇટ | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- |
| ૪. | બોટમ પટ્ટી ૧" સાઈઝ (બ્લેક એન્ડ વ્હાઇટ) | ૧,૦૦૦/- દરેકના | | |

***ડિરેક્ટરીના પાનાની તથા જાહેરાતની સાઇઝ નીચે મુજબ રહેશે.***

| ક્રમ | વિગત | આડી | | ઊભી |
|---|---|---|---|---|
| ૧. | ડિરેક્ટરીના પાનાની સાઇઝ | ૨૯૫ mm | x | ૨૧૦ mm |
| ૨. | ફુલ પાનાની જાહેરાતની સાઇઝ | ૨૬૫ mm | x | ૧૮૦ mm |
| ૩. | અડધા પાનાની જાહેરાતની સાઇઝ | ૧૩૨ mm | x | ૧૮૦ mm |
| ૪. | ૧/૪ પાનાની જાહેરાતની સાઇઝ | ૧૩૨ mm | x | ૮૮ mm |
| ૫. | બોટમ પટ્ટીની સાઇઝ | ૨૬૫ mm | x | ૨૫ mm |

**ભરત ઓઝા**
કન્વીનર : નામ - સરનામા - ટેલિફોન ડિરેક્ટરી સમિતિ
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
(મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩)

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# નોટબુક યોજના

અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજ, કે જેઓ પોતાના સમાજમાં વિદ્યાર્થીઓને નોટબુકોનું વિતરણ કરવાની ઈચ્છા ધરાવતા હોય તેઓને નવનીત બ્રાન્ડની નોટબુકો ખૂબ જ કન્સેશનલ દરે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી આપવામાં આવશે.

*નોટબુકોની વિગતો નીચે મુજબ છે :*

| ક્રમ | બ્રાન્ડ નેઇમ | સાઇઝ | પાના | પ્રિન્ટેડ ભાવ | કન્સેશનલ દર |
|---|---|---|---|---|---|
| ૧. | એ-૪ | ૨૯૭ x ૨૧૦ મિ.મિ. | ૧૪૦ | રૂા. ૫૦/- | રૂા. ૩૦/- |
| ૨. | જમ્બો | ૨૪૦ x ૧૮૦ મિ.મિ. | ૧૭૨ | રૂા. ૪૫/- | રૂા. ૨૬/- |

ઈચ્છા ધરાવનાર કચ્છી ઘટક સમાજોએ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસનો તાત્કાલિક સંપર્ક સાધવા વિનંતી.

***માનદ્, મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# વ્યવસાયિક લોન

**અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારોમાંથી જેઓ પોતાનો વ્યવસાય નાના પ્રમાણમાં કરતા હોય તેમને તેમની જરૂરિયાત અનુસાર રૂા. ૫૦,૦૦૦/- સુધીની વગર વ્યાજની લોન શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી આપવામાં આવશે, કે જે નક્કી કર્યા મુજબના હપ્તેથી પરત ચૂકવવાના રહેશે. જરૂરિયાતવાળા વ્યવસાયકારોએ પોતાની વિગત અને જરૂરિયાતને લગતી વિગતો જણાવી નીચેના સરનામે પત્ર લખી, મોકલી આપવા જણાવવામાં આવે છે.**

*વ્યવસાયિક લોન સમિતિ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ*
*૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*

***મનુભાઇ કોટડિયા, કન્વીનર, વ્યવસાયિક લોન સમિતિ***

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : સરસ્વતી સન્માન - ૨૦૧૬**

**તેજસ્વી છાત્રોએ પોતાના સર્ટીફિકેટ પ્રાપ્ત કરી લેવા અનુરોધ**

***સમાજ દ્વારા આયોજિત સરસ્વતી સન્માન - ૨૦૧૬ના કાર્યક્રમના સમયે જે છાત્રો ઉપસ્થિત રહી શક્યા ન હતા તેવા નીચે જણાવેલ છાત્રોએ પોતાના સર્ટિફિકેટ સમાજના કાર્યાલયમાંથી સમયસર પ્રાપ્ત કરી લેવા આથી અનુરોધ કરવામાં આવે છે.***

- ટાંક યેશા કેતનભાઈ - H.S.C.
- શાહ પૃથ્વી હીરેનભાઈ - H.S.C.
- જૈન ખુશી દિનેશભાઈ - H.S.C.
- શાહ આદિત્ય કૌશલભાઈ - S.S.C.
- ઠક્કર કશ્યપ ભાવિનભાઈ - S.S.C.
- પટેલ વંશિતા હસમુખભાઈ - S.S.C.
- શેઠ ક્રિષ્ના વિરેનકુમાર - S.S.C.
- ગઢવી કૃપાબા મહેશદાન - S.S.C.
- મહેતા મીત અલ્પેશભાઈ - S.S.C.
- પટેલ રૂચિ મહેશભાઈ - S.S.C.

***કન્વીનર : સરસ્વતી સન્માન સમિતિ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## એપ્રિલ / મે - ૨૦૧૭

★ **શનિવાર, તા. ૧-૪-૨૦૧૭**

- ઓર્ગન ડોનેશન અંગેનું બંધારણ શ્રી હરસુખભાઈ પટેલે તૈયાર કરાવડાવી મોકલી આપ્યું. આ બંધારણ કદાચ આપણને કામ નહીં લાગે.
- વર્ષ ૨૦૧૪ની નોટબુક યોજનાના અનુસંધાને વિવિધ કચ્છી ઘટક સમાજોને તથા વિવિધ વ્યાપારી ગૃહોને પત્રો લખવામાં આવ્યા.
- 'દિવ્ય ભાસ્કર'માંથી શ્રા પાર્થ દવે રૂબરૂ આવેલ હતા. 'કચ્છશ્રુતિ'ના પ્રકાશન અંગે ચર્ચા કરવામાં આવી.
- નવનીતમાંથી તેમના સેલ્સ મેનેજર શ્રી સાત્વિક પટેલ ચાલુ વર્ષની નોટબુકના ભાવ આપવા આવેલ હતા.

★ **રવિવાર, તા. ૨-૪-૨૦૧૭**

- આજે સવારમાં ૧૦ વાગે ઈસ્કોન લોહાણા મહાપરિષદના હોલ ખાતે ઓર્ગન ડોનેશનના અનુસંધાને એક મીટિંગ મળેલ હતી. ડૉ. ધીરેન શાહ, ડૉ. હિમાંશુ શાહ, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી અશોક મહેતા, શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી શાંતિલાલ મુળજી સાવલા, શ્રી અશ્વિન સાવલા વગેરે ઉપસ્થિત રહેલ હતા. તેના નવા બંધારણ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી. સંભવિત ટ્રસ્ટ મંડળ વિશે પણ ચર્ચા કરવામાં આવી. શ્રી પી.કે. લહેરી, ડૉ. સુધીર શાહ, શ્રી ભીમજીભાઈ નાકરાણી, શ્રી મનીષ મહેતા, શ્રી પ્રશાંત ભીમાણી, શ્રી નીલય અંજારિયા, શ્રી નિમેષ ફડકે વગેરેનો ટ્રસ્ટ મંડળમાં સમાવેશ કરવા અંગે વિચારણા કરવામાં આવી.

★ **સોમવાર, તા. ૩-૪-૨૦૧૭**

- તા. ૨-૪-૨૦૧૭ના રોજ મળેલ ઓર્ગન ફાઉન્ડેશનની મીટિંગની મિનિટ્સ તૈયાર કરવામાં આવી.

★ **ગુરુવાર, તા. ૬-૪-૨૦૧૭**

- સરનામા - ટેલિફોન ડિરેક્ટરીની ૬૪૦ સભ્યોની ડમી ડિરેક્ટરી અવલોકન અર્થે શ્રી ભરતભાઈ ઓઝા આવીને લઈ ગયા.

★ **રવિવાર, તા. ૯-૪-૨૦૧૭**

- કચ્છનો સર્વાંગી ઈતિહાસ — તેની બીજી આવૃત્તિ તથા અંગ્રેજી અનુવાદ માટે શ્રી દિલીપભાઈ કે. વૈદ્યનો આવેલ અંગ્રેજી અનુવાદ શ્રી હંસરાજભાઈ કંસારાએ અવલોકન કરી તેને કુ. શિવાની ઝવેરી પર ફાઈનલ કોપી તૈયાર કરવા મોકલી આપ્યો. શ્રી દિલીપભાઈ કે. વૈદ્યને પણ પત્ર લખવામાં આવ્યો.

★ **સોમવાર, તા. ૧૦-૪-૨૦૧૭**

- ભુજથી સી.એ. રાજેશ ખંડોલ તથા સી.એ. ત્રિવેદી, ભુજના તા. ૧૫-૪ના લોકગીતના કાર્યક્રમનું આમંત્રણ આપવા આવેલ હતા. તેઓએ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અનેક કાર્યકરોને આમંત્રણ આપ્યા.

★ **મંગળવાર, તા. ૧૧-૪-૨૦૧૭**

- 'ગોડ ફાઉન્ડેશન'ના બંધારણના ફાઈનલ સ્વરુપ માટે શ્રી હરસુખભાઈ પટેલ સાથે ચર્ચા કરવામાં આવી.

★ **બુધવાર, તા. ૧૨-૪-૨૦૧૭**

- સ્પાન ટ્રેડ એસોસિએશનના બંધારણમની મીટિંગ મળેલ હતી. શ્રી અશોક મહેતા, શ્રી કરીમભાઈ લાખાણી, શ્રી નીલેશ કોટક તથા શ્રી જે.બી. શાહ ઉપસ્થિત રહેલ હતા. સ્પાનનું રીવાઈઝ્ડ બંધારણ ફાઈનલ કરવામાં આવ્યું.

★ **ગુરુવાર, તા. ૧૩-૪-૨૦૧૭**

- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદનો A-4 સાઈઝની નોટબુકો ૨૦૦ ડઝન તથા જમ્બો નોટબુકો ૧૦૦ ડઝનનો ઓર્ડર નવનીતના શ્રી સાત્વિક પટેલને આપવામાં આવ્યો.
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના વર્ષ ૨૦૧૬-૨૦૧૭ના એકાઉન્ટ્સ, એકાઉન્ટન્ટ શ્રી રાજુભાઈ શાહ તથા ખજાનચી શ્રી મનુભાઈ કોટડિયાએ સાથે રહીને તૈયાર કર્યા. તેને ફાઈનલ સ્વરુપ આપ્યું. હવે તે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ત્યાં ઑડિટ માટે મોકલી આપવામાં આવશે.

★ **શુક્રવાર, તા. ૧૪-૪-૨૦૧૭**

- સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના બીજા ૬૦૦ નામ સરનામાનું ડી.ટી.પી. વર્ક તૈયાર થઈ શ્રી કનુભાઈને ત્યાંથી આવી ગયું કે જે શ્રી ભરતભાઈ ઓઝાને આપવામાં આવ્યું.

★ **શનિવાર, તા. ૧૫-૪-૨૦૧૭**

- શ્રી કચ્છી વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદે નોટબુકનો જે ઓર્ડર આપેલ તેની ડિલીવરી નવનીત પ્રકાશને આજે તેમને ત્યાં કરી આપી.

★ **ગુરુવાર, તા. ૨૦-૪-૨૦૧૭**

- ઓર્ગન ડોનર્સ ફાઉન્ડેશનના અનુસંધાને આજે રાત્રે એક મીટિંગ ડૉ. ધીરેન શાહને ત્યાં સિમ્સ હોસ્પિટલ ખાતે મળેલ હતી કે જેમાં ડૉ. ધીરેન શાહ, શ્રી અશોક મહેતા, ડૉ. હિતેન્દ્ર શાહ, ડૉ. સૂચિ શાહ, શ્રી કમલેશ શાહ તથા શ્રી નિખિલ વ્યાસ ઉપસ્થિત રહેલ હતા. તા. ૭-૫-૨૦૧૭ના કાર્યક્રમની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.
- **ધોરણ-૮ના સરસ્વતી સન્માનના રૂા. ૧,૨૧,૦૦૦/-ના સૌજન્યનો સ્વીકાર ડો. ધીરેન શાહે આજરોજ કરેલ હતો. તેમને ખૂબ ખૂબ અભિનંદન.**

★ **શુક્રવાર, તા. ૨૧-૪-૨૦૧૭**

- સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના પ્રિન્ટીંગ માટે ૫ અલગ અલગ પાર્ટી પાસેથી ક્વોટેશન્સ મંગાવવામાં આવ્યા. આ પાંચ પાર્ટીઓ નીચે મુજબ છે : (૧) પ્રિન્ટ વિઝન, (૨) મુદ્રા પ્રિન્ટર્સ, (૩) પેપર્સ પ્લાઝા, (૪) ભવાની ગ્રાફિક્સ, (૫) કનુભાઈ જોશી - રાહુલ ગ્રાફિક્સ.
- ટેલિફોન ડિરેક્ટરીની જાહેરાત માટેની અપીલના ૧૦૦૦ પત્રો તૈયાર થઈને આજે પ્રેસમાંથી આવી ગયા. સમાજના વિવિધ મહાનુભાવોને આવતીકાલથી એ પત્રો મોકલવાનું શરૂ કરવામાં આવશે.

★ **સોમવાર, તા. ૨૪-૪-૨૦૧૭**

- ઓર્ગન ડોનેશન્સ માટે જે સંસ્થા ઊભી કરવામાં આવનાર છે તેનું નામ ગ્રીન ઓર્ગન ડોનર્સ ફાઉન્ડેશન (Green Organ Donors Foundation) – ગોડ ફાઉન્ડેશન રાખવાનું ફાઈનલ કરવામાં આવ્યું.

★ **મંગળવાર, તા. ૨૫-૪-૨૦૧૭**

- સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના ૧ થી ૫૮૮ ક્રમાંક સુધીના ડી.ટી.પી. વર્ક કરેલ નામ-સરનામાનું પ્રથમ પ્રૂફ રીડિંગ પૂરું કરવામાં આવ્યું. ઘણા સભ્યોએ પોતાની બધી વિગતો આપેલ નથી. તેથી તે વિગતો મેળવવાની બાકી રહે છે. આ લિસ્ટમાંથી જાહેરાત માટેના પત્રો લખવાના નામ-સરનામાનું લિસ્ટ અલગથી તૈયાર કરવામાં આવ્યું.

★ **બુધવાર, તા. ૨૬-૪-૨૦૧૭**

- સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના ૧૧૦૧ થી ૧૫૦૦ ક્રમાંકના નામ - સરનામાનું ડી.ટી.પી. વર્ક તૈયાર થઈ શ્રી કનુભાઈને ત્યાંથી આવી ગયેલ હોવાથી તેનું પ્રુફ રીડિંગ શરૂ કરવામાં આવ્યું.

★ **ગુરુવાર, તા. ૨૭-૪-૨૦૧૭**

- સ્પાનની ૯૦૧ નંબરની ઓફિસવાળા શ્રી હરનીસભાઈ મોઢ રૂબરૂ આવેલ હતા. તેઓશ્રીએ જી.એસ.ટી. પર એક સેમિનારનું આયોજન ગોઠવવા જણાવ્યું. આ સેમિનારને કન્ડક્ટ કરવાની જવાબદારી તેઓશ્રીએ સ્વિકારી. તેઓએ અન્ય રીતે સહકાર આપવાની પણ તૈયારી દાખવેલ હતી. આ બાબત ટ્રસ્ટ મંડળ વિચારણા કરે ત્યારબાદ ફાઇનલ કરવા અંગે વિચારાયું.

★ **શુક્રવાર, તા. ૨૮-૪-૨૦૧૭**

- શ્રી હંસરાજભાઈ કંસારા સાથે રૂબરૂ મીટિંગ કરી, કચ્છનો સર્વાંગી ઈતિહાસના અનુસંધાને શ્રી હરેશ ધોળકિયા તથા કુ. શિવાની ઝવેરીના આવેલ પત્રો - લેખો વગેરે બાબતે ચર્ચા કરી, આગળ યોગ્ય કાર્યવાહી કરવાની વિગતો નક્કી કરી.

★ **શનિવાર, તા. ૨૯-૪-૨૦૧૭**

- સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના નામ - સરનામાના ક્રમાંક નંબર ૧૫૦૧ થી ૨૦૦૦ના થયેલ ડી.ટી.પી. વર્કનું પ્રુફ રીડિંગ શરૂ કરવામાં આવ્યું.

★ **સોમવાર, તા. ૧-૫-૨૦૧૭**

- આજરોજ નવનીત પબ્લિકેશન્સને નોટબુકોનો અન્ય એક ઓર્ડર નીચે મુજબ આપવામાં આવ્યો :

| *સમાજ / સંસ્થા* | *A4 સાઈઝ* | *જંબો સાઈઝ* |
|---|---|---|
| ૧. જે.આર.જે. ફુડ્સ | ૮૦ ડઝન | ૧૦૦ ડઝન |
| ૨. મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ | ૧૦૦ ડઝન | — |
| ૩. લુહાર સમાજ | ૫૦ ડઝન | – |
| ૪. વાગડ બે ચોવીસી સમાજ | ૧૮ ડઝન | ૧૮ ડઝન |

- સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના નામ - સરનામાના ક્રમાંક ૨૦૦૧ થી ૨૬૦૦ના થયેલ ડી.ટી.પી. વર્કનું પ્રુફ રીડિંગ વર્ક શ્રી ભરતભાઈ ઓઝાને સુપરત કરવામાં આવ્યું.
- તા. ૭-૫-૨૦૧૭ના ઓર્ગન ડોનેશન્સ અંગેની મીટિંગના

સરક્યુલર આજરોજ ગોડ ફાઉન્ડેશનના બધા ટ્રસ્ટીશ્રીઓને મોકલી આપવામાં આવ્યા. તદુપરાંત અંદાજિત ૭૦ વ્યક્તિઓને તે અંગેના SMS પણ કરવામાં આવ્યા.

★ **મંગળવાર, તા. ૨-૫-૨૦૧૭**

- આજરોજ શ્રી નવનીત ભવન પરથી રીટાબેન તથા ભાવનાબેન આવેલ હતા. સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના ફોર્મમાં જે સભ્યોએ અધૂરી વિગતો ભરેલ છે, તેઓને ફોન કરીને બાકી રહેતી વિગત જાણી તેમના ફોર્મ કમ્પ્લીટ કરવાનું કામ તેઓને સુપરત કરવામાં આવ્યું કે જે તેઓએ સહર્ષ સ્વિકાર્યું. સરનામા ક્રમાંક ૧ થી ૫૦૦ તથા ૧૦૦૧થી ૧૫૦૦ એમ બે લિસ્ટ તેઓને જરૂરી વિગતો પૂર્ણ કરાવવા માટે સુપરત કરવામાં આવ્યા.

★ **બુધવાર, તા. ૩-૫-૨૦૧૭**

- તા. ૭-૫-૨૦૧૭ની ગોડ ફાઉન્ડેશનની મીટિંગ અંગે તેની કારોબારી સમિતિના સભ્યો તથા તેના ટ્રસ્ટ મંડળના સભ્યોને સભામાં ઉપસ્થિત રહેવા માટે એક અન્ય SMS કરવામાં આવ્યા.
- ડિરેક્ટરી પ્રિન્ટીંગ માટે જે પાંચ પાર્ટીઓના ક્વોટેશન્સ મંગાવવામાં આવેલ હતા, એ સહુના ક્વોટેશન્સ આવી ગયેલ હોવાથી તેનું કમ્પેરેટીવ સ્ટેટમેન્ટ બનાવવામાં આવ્યું.
- શ્રી હરસુખભાઈ પટેલ રૂબરૂ આવ્યા હતા તથા શ્રી હિમાંશુભાઈ ઠક્કર સાથે ફોન પર વાત કરી ગોડ ફાઉન્ડેશનના સંભવિત હોદ્દેદારો માટે વિચારણા કરવામાં આવી.

★ **શુક્રવાર, તા. ૫-૫-૨૦૧૭**

- નવનીત ભવન પરથી કવિતાબેન સતરા તથા અન્ય એક બહેન રૂબરૂ આવેલ હતા. તેઓને સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના ફોર્મમાં જે સભ્યોએ અધૂરી વિગતો ભરેલ છે, તેઓને ફોન કરીને બાકી રહેતી વિગત જાણી તેમના ફોર્મ કમ્પ્લીટ કરવાનું કામ તેઓને સુપરત કરવામાં આવ્યું, કે જે તેઓએ સહર્ષ સ્વીકાર્યું. ક્રમાંક ૧૫૦૧ થી ૧૮૦૪નું લિસ્ટ પૂર્ણ કરાવવા માટે તેમને સુપરત કરવામાં આવ્યું. ■

---


## ડી.એન. પોલીટેકનિક એજ્યુકેશન ટ્રસ્ટ, દહેગામ - ગાંધીનગરનું

### • નવું સોપાન •

દહેગામ - ગાંધીનગર ખાતેનું ડી.એન. પોલીટેકનિક એજ્યુકેશન ટ્રસ્ટ ૧૯૭૫થી કાર્યરત છે.

સંસ્થા હાલે નીચે જણાવેલ વિવિધ ક્ષેત્રોમાં પ્રવૃત્તમય છે.

★ ટેકનિકલ વોકેશનલ એન્ડ ઈડીપી ટ્રેનિંગ

★ વિમેન એમ્પાવરમેન્ટ

★ રુરલ ડેવલપમેન્ટ

★ ઈન્કમ જનરેશન

★ કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સિબિલિટી

★ બ્લડ ડોનેશન કેમ્પ

સંસ્થાના મુખ્ય સંચાલકો અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સક્રિય કાર્યકરો નાનાલાલ ડી. ચૌહાણ અને દીપક એન. ચોહાણની આગેવાની હેઠળ તા. ૨૩-૪-૨૦૧૭ના રોજ એક વધારાના નવા સોપાન સ્વરુપે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સ્કીલ એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ યુનિટનું મંગલમય આરંભ કરવામાં આવ્યું છે. જેમાં સામાજિક સેવાકીય કાર્યો સાથે વિવિધ રૂપે કૌશલ્ય, કલા કારીગરી અને ઔદ્યોગિક સાહસક્ષેત્રની વધારે પ્રવૃત્તિઓ કરવામાં આવશે. જેના એક હિસ્સા તરીકે અનેક લોકો તે યુનિટમાં યોગ્ય તાલીમ મેળવીને ધંધાકીય રીતે પોતાના પગભર થઈ શકશે.

*નવા સાહસ બદલ અભિનંદન સાથે સર્વે શુભેચ્છા.*

***સરનામું :*** ૪૦૧-૪૦૪, નીલકંઠ આર્કેડ, એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, દહેગામ, ગાંધીનગર. મો. ૯૮૭૯૫ ૪૯૭૬૫

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## સરસ્વતી સન્માન : ૨૦૧૬-૧૭

છાત્રની તસવીર

**Name of the Student :** **Father / Husband's Name** **Surname**
છાત્રનું પૂરું નામ : ____________ પિતા / પતિનું નામ : ____________ અટક : ____________

**Address** / સરનામું : ____________

____________

**Mobile / Contact No.** / મોબાઈલ / સંપર્ક નંબર : ____________

**E-mail** / ઈ-મેઈલ : ____________

**Gnati & Samaj's Name**
જ્ઞાતિ અને સમાજનું નામ : ____________

**Date of Birth :** જન્મ તારીખ : ____________ **Age** / ઉંમર : ____________

**Last Academic Degree :**
છેલ્લા અભ્યાસક્રમની / ડિગ્રીની વિગત : (૧) ધોરણ ૧ થી ૯ અથવા ધોરણ-૧૧ માંથી ____________
(૨) ધોરણ ૧૦ અને ૧૨ માંથી ____________
(૩) ડિગ્રીની વિગત ____________
(૪) ડિપ્લોમાની વિગત ____________

**Name of University / College / School**
યુનિવર્સિટી / કૉલેજ / શાળાનું નામ : ____________

**Result :** **Year of Passing**
પરિણામ ____________ ઉત્તીર્ણ થયાનું વર્ષ : ____________

**Total Marks :** **Obtained Marks** **Percentage / Grade**
કુલ માર્કસ : ____________ મેળવેલા માર્કસ : ____________ ટકાવારી / ગ્રેડ : ____________

**Details of other Professional Courses or any special achievement, if done.**
અન્ય કોઈ પ્રોફેશનલ કોર્સ કર્યો હોય અથવા કોઈ ક્ષેત્રમાં ખાસ ઍવોર્ડ / સન્માન / મેડલ પ્રાપ્ત કર્યા હોય તો તેની વિગત

____________

____________

____________

- ઉપરોક્ત લાભ લેવા અર્થે પરિવારના કોઈ સભ્ય સમાજના નોંધાયેલા સભ્ય હોવા જરૂરી છે.
- આપના પરિવારમાંથી નોંધાયેલ સભ્યનું પૂરું નામ કચ્છમાં ગામ નોંધણીનું વર્ષ વગેરે વિગત આપવી.

  સભ્યનું પૂરું નામ : ____________ કચ્છમાં ગામ : ____________ નોંધણીનું વર્ષ : ____________
- સમાજ દ્વારા પ્રકાશિત થતા માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"ના આપ સભ્ય છો? હા / ના.

***Applicant's Sign.*** / વિદ્યાર્થીની સહી ***Parent/Guardian's Sign.*** / પેરેન્ટ ગાર્ડિયનની સહી

# સૂચના

૧. એક ઘરમાં એકથી વધુ વિદ્યાર્થી હોય તો સૌપ્રથમ ફોર્મની ઝેરોક્ષ કરાવવી અને ત્યારબાદ દરેક વિદ્યાર્થીના અલગ અલગ ફોર્મ ભરવા.

૨. ફોર્મમાં જણાવેલ વિગત સંપૂર્ણ અને સારી રીતે લખવી.

૩. યોગ્ય કિસ્સામાં માર્કશીટ / રીઝલ્ટની ફોટો નકલ, ફોર્મ સાથે અવશ્ય મોકલાવવી.

૪. ફોર્મની વિગત બરાબર તપાસીને શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ના સરનામા સાથે સમાજના કાર્યાલય પર મોકલાવી આપશો.

૫. શૈક્ષણિક ક્ષેત્રે કોઈ ઉચ્ચત્તમ સ્થાન મેળવીને મેડલ / ઍવોર્ડ મેળવેલ હોય તો તેની વિગત અલગ પત્રમાં જણાવવી.

૬. શિક્ષણ સિવાય અન્ય કોઈ ક્ષેત્રમાં કોઈપણ સ્થળે માન, સન્માન, ઍવોર્ડ, મેડલ વગેરે મેળવેલા હોય તો તેની વિગત પણ અલગથી જણાવવી.

૭. સંપૂર્ણ વિગત અને જરૂરી બિડાણ સાથે ફોર્મ સમાજના કાર્યાલય પર **તા. ૧૫-૦૬-૨૦૧૭ સુધી** મોકલાવી આપવું.

૮. આપના પરિવારમાંથી કોઈપણ એક સદસ્ય આ સમાજમાં નોંધાયેલા સભ્ય હોવા જરૂરી છે.



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

HOME DESIGN
FURNITURE
Showroom & Mfg. of Wooden Furniture

Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

INDOTEX
PAINTS
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)
ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ
સુગર બ્રોકર :
મોમાઈ સુગર કોર્પોરેશન - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
મહાકાલ સુગર સપ્લાયર્સ - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

H. Patel & Associates
Chartered Accountant
Contact:
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584
80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta,
Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982

આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે
ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,
ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ
વિલમોર પ્લાય પ્રા.લિ.
All Products
ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com
સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦



AMBICA TIMBER MART
logs. lumber. select veneers.
THE AARYAN (Construction Company)
FORESTRY PRODUCTS (Export and Import)
ALL NATURAL (Agro and Mineral Products)
Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com

Available on HIRE
- Gas Engine Driven Generators
Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

We Provide
- Complete equipment
Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
Deep Industries Limited
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
Deep Industries Limited
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

MAHESHBHAI M. : 92272 11715
SWASTIK
GUM INDUSTRIES (INDIA)
MANUFACTURERS & EXPORTERS OF
Guar Gum Refined Splits,
Powder & All Types of Textile Thickners,
Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs
328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062
Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017 • R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ • ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India

A WORLD OF PRECISION
The cage making business is all about precision engineering
Precisely what our customers need to set the ball rolling !
TAPER ROLLER BEARING CAGES • SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES • BALL BEARING CAGES
POLYAMIDE CAGES • STAMPED AUTO COMPONENTS
HARSHA ENGINEERS
ISO/TS 16949:2002 CERTIFIED
Harsha Engineers Limited
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle,
Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર
કરી લો ઘર આપના પોકેટમાં
વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.
श्री विष्णुधारा @ Gota. HOMES
1 & 2 BHK Apartments
સાઈટ ઓફીસઃ
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસઃ બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ,
સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯
ઉપલબ્ધ સુવિધાઓઃ
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ
યાદગાર પ્રસંગોએ
સ્વજનો-મિત્રોને ભેટ
આપવા જેવાં પુસ્તકો

ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો રૂમ
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કોલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259
ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252 68759
ઇમેલ : gurjarprakashan@gmail.com

फ्रुटी भी, ज्युसी भी और मिल्की भी
सब' मस्त है!

MICHI'S
Candies & Toffees
Manufacturer & Marketer of Confectionery Products
JRJ FOODS PVT. LTD.
#314 / 315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com facebook.com/MichisTreats

The Name Says its all
II Radha Vallabh Group

Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719
Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849
Aryan Agency
Chamanbhai : 9925070719
Jaya Marketing
Hirenkumar : 9879997777
Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad
on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/-